# સ્વાધ્યાય

જન્માષ્ટમી
વિ. સં. ૨૦૨૪

પુસ્તક ૫, અંક ૪



'બાલગોપાલ સ્તુતિ'ની પંદરમા શતકની પ્રાચીન પ્રતિનું એક પાનું

વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી

સ્વાધ્યાય અને
સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસન્તપંચમી અંક, અક્ષ તૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલ ખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ્ અમેરિકા માટે ...૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....૨૨ શિલીંગ

૩. આખા વર્ષના ગ્રાહકો વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદર

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથ સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શકય હો તો લેખ ટાઈપ કરી મોકલવા વિનંતી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
**વડોદરા.**

**સંપાદક**

મુદ્રક: શ્રી રમણલાલ જીવણલાલ પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ્ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. ઑગસ્ટ, ૧૯૬૮.

स्वाध्याय

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૨૪ પુસ્તક ૫

ઑગસ્ટ, ૧૯૬૮ અંક ૪

# પ્રિયકામ શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

દૂતકાર્ય કરીને સંજય હસ્તિનાપુર પાછો ગયો. એના ગયા પછી પાંડવોની મંત્રણા-પરિષદ મળી. એ સભામાં યુધિષ્ઠિરે સાત્વતશ્રેષ્ઠ શ્રીકૃષ્ણને હવે પછી શું કરવું તે અંગે સલાહ માગતાં વિનંતી કરી: 'જનાર્દન! હવે મિત્રોએ મને મદદ કરવાનો સમય આવી ગયો છે અને અમને આપત્તિમાંથી તારે એવો આપના સિવાય બીજો કોઈ (નિકટતમ) મિત્ર મને દેખાતો નથી. માધવ! તમારા આશરે જ અમે નિર્ભયપણે, મોહદર્પિત દુર્યોધન અને તેના મંત્રીઓ પાસે અમારો ભાગ માગીએ છીએ. અરિંદમ! જેમ તમે વૃષ્ણિઓનું સર્વ આપત્તિઓમાંથી રક્ષણ કરો છો, તેવી જ રીતે તમારે પાંડવોનું પણ રક્ષણ કરવું જોઈએ. અમને આ મહાભયમાંથી ઉગારો.' (૫–૭૦–૧ થી ૪).

શ્રીકૃષ્ણે સ્નેહપૂર્વક ઉત્તર આપ્યો: 'મહાબાહો! હું આ રહ્યો. તમારે જે કહેવું હોય તે કહો. તમે જે કહેશો તે હું કરીશ જ.'[1] (૫–૭૦–૫).

શ્રીકૃષ્ણનો પ્રેમનીતરતો જવાબ મળતાં ધર્મરાજ તટસ્થતાથી પોતાની વર્તણૂકની અને ધૃતરાષ્ટ્રસહિત કૌરવોની લોભી વર્તણૂકની સમીક્ષા કરતાં બોલ્યા: 'કૃષ્ણ! સંજયે (દુર્યોધનાદિ) પુત્રો સહિત ધૃતરાષ્ટ્રનો અભિપ્રાય કહ્યો તે તમે સાંભળ્યો છે. પાપી ઇરાદાથી, અસમાનતાથી (અન્યાયથી) વર્તતા લોભી ધૃતરાષ્ટ્ર અમને રાજ્ય આપ્યા વિના જ સંધિ કરવા માગે છે! ધૃતરાષ્ટ્રની આજ્ઞાથી અમે બાર વર્ષ વનમાં ગાળ્યાં, અને એક વર્ષ ગુપ્તવાસ વેઠ્યો. ધૃતરાષ્ટ્ર એમનું વચન પાળશે એમ ધારીને અમે અમારી પ્રતિજ્ઞાનો ભંગ ન કર્યો. બ્રાહ્મણો (શ્રેષ્ઠ પુરુષો) પણ આ હકીકત જાણે છે. પરન્તુ વૃદ્ધ ધૃતરાષ્ટ્ર સ્વધર્મ જોતા નથી. અથવા જોતા હોય તો પુત્રલોભને લીધે (આવેલા અંધાપાથી) એ મૂર્ખ દુર્યોધનને અનુસરે છે. અમારા પ્રત્યે મિથ્યા વર્તે છે. આને લીધે હું મારી માતાનું કે મિત્રોનું ય પોષણ કરી શકતો નથી. આનાથી મોટું દુઃખ શું હોય? મને આપની તથા કાશી, ચેદિ, પાઞ્ચાલ અને મત્સ્યના રાજાઓની (પ્રતાપી) મદદ છે, છતાં મેં માત્ર

---

1 अयमस्मि महाबाहो ब्रूहि यत्ते विवक्षितम्।
करिष्यामि हि तत्सर्वं यत्त्वं वक्ष्यसि भारत ॥ ५–७०–५.

પાંચ જ ગામ માગ્યાં છે, જેથી ભરતોનો નાશ ન થાય.[1] પણ દુષ્ટાત્મા દુર્યોધન પોતાને રાજ્યનો એકલો માલિક માને છે અને આટલું (અલ્પ) પણ આપવા તૈયાર નથી એનાથી ભારે દુઃખ કયું? કુલીન અને વૃદ્ધ (વિદ્વાન) મનુષ્ય પણ પરધનમાં ગૃદ્ધિ રાખે તો તેનાથી (બન્નેના કે બેમાંથી એકના) અનુક્રમે પ્રજ્ઞા, હ્રી, ધર્મ અને શ્રી, એ ગુણોનો નાશ થાય છે. એમ શ્રી જતાં માણસ મરી જાય છે, કારણ દારિદ્રય એ જ મરણ છે. પક્ષીઓ જેમ ફળફૂલ વિનાના વૃક્ષનો ત્યાગ કરે છે એમ નિર્ધનને સૌ ત્યજી દે છે. (એટલે ધૃતરાષ્ટ્રના લોભથી નિર્ધન થયેલા) મને સ્નેહીસંબંધીઓ પણ પતિતની (ધર્મભ્રષ્ટની) જેમ ત્યજી દેશે, આ તો એક જાતનું મૃત્યુ થયું. (નયવેત્તા) શંબરે તો કહ્યું છે કે, 'જે દશામાં આજના અને કાલ સવારના ભોજનનું ઠેકાણું ન હોય તેનાથી વધુ દુઃખદાયક દશા બીજી કોઈ નથી. (એટલે વિચક્ષણ પુરુષો) ધનને જ પરમધર્મ કહે છે, કારણ ધનના આધારે જ બધું ટકેલું છે. ધનવાનો જ આ જગતમાં ખરું જીવે છે, નિર્ધનો તો મરેલા જ છે.[2] (૫-૭૦-૬ થી ૨૩.) એ પછી ધર્મરાજે દારિદ્રયમાંથી ઊપજતા દોષોઃ મોહ, અર્થદાસત્વ અને અધઃપાતની લંગાર દર્શાવી દરિદ્રીને શાસ્ત્રો પણ (દુઃખમાંથી) તારી શકતાં નથી, એ વર્ણવ્યું.

પરિણામે દરિદ્રી મનુષ્ય ક્રૂર બને છે, સંકરને (સત્ અસત્‌ના ગોટાળાને) પોષે છે, અને આ પાપોની પરાકાષ્ઠારૂપે નરકમાં જાય છે વગેરે વિશદ કર્યું.[3] એ પછી આવા અધઃપતનમાંથી પણ પ્રજ્ઞાચક્ષુ પ્રજ્ઞાવડે હ્રીમૂલક ઉત્થાન પામે છે તે[4]; અને તેમાંથી મળતી ન્યાયી લક્ષ્મીના પ્રતાપે દેવ, પિતૃ અને પોતાનું પરિપાલન હ્રીમાન્ (અને શ્રીમાન્) પુણ્યકર્મની પરાકાષ્ઠારૂપ અમૃતત્વને પ્રાપ્ત કરે છે વગેરે વર્ણવીને શ્રીકૃષ્ણને કહ્યું, 'મધુસૂદન! તમે મારી હ્રીમાન્ અને શ્રીમાન્ સ્થિતિ

---

૧ આ પાંચ ગામ તે કુશસ્થલ, વૃકસ્થલ, માસન્દી, વારણાવત અને પાંચમું કોઈ એક ગામ. ૫-૭૦-૧૫; = ક્રે. ૫-૩૧-૧૯; ૮૦-૭ ગઘ, ૮ કખ.

૨ (૧) દારિદ્રય, અર્થદાસત્વ અને પ્રાચીન કાળથી ચાલી આવતી અન્યાયી અર્થવ્યવસ્થા વગેરે માટે જુઓ, 'ભારત-રત્ન' (ઉ. જ. સાંડેસરા), બીજી આવૃત્તિ, ૧૯૬૭, 'અર્થદોષ', પ્રકરણ ૮, પૃ. ૩૨૩ થી.

(૨) ૫-૭૦-૨૨: ૧૩૨-૧૨.

૩ पापकर्मात्यया चैव संकरं तेन पुष्यति ।
संकरो नरकायैव सा काष्ठा पापकर्मणाम् ॥ ५-७०-३३

સર° વિષણ્ણ અર્જુનના શબ્દો :

स्त्रीषु दुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः ।
संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ॥ ६-२३-४१ ગઘ; ૪૨ કખ

(ગીતા. ૧-૪૧ ગઘ; ૪૨ કખ)

'વાર્ષ્ણેય! કુલસ્ત્રીઓ દૂષિત થવાથી વર્ણસંકર થાય છે તથા સંકરથી કુલઘાતકો અને કુલ નરકમાં જાય છે.' મ. ભા. ના. કવિને જાતિગત વર્ણો માન્ય નથી, એમને તો પ્રકૃતિ કે કર્મગત માન્ય છે, તે નોંધવું અહીં પ્રસ્તુત છે.

૪ ૫-૭૦-૩૪, ૩૫. 'પ્રજ્ઞાચક્ષુ'ના વિવેચન માટે જુઓ 'ભારત-રત્ન' બીજી આવૃત્તિ, પૃ. ૧૨ થી ૧૭ અને પૃ. ૭૮ થી ૮૦. અહીં ટાંકેલા શ્લોકોના ઉદ્ઘાટન માટે જુઓ એજન પૃ. ૧૬ અને ૭૯.

પ્રત્યક્ષ જોઈ છે. રાજ્યથી ભ્રષ્ટ થઈને કેવી રીતે આવી કષ્ટમય હાલતમાં રહું છું તે પણ તમે જાણો છો. તેથી અમારે કોઈ પણ ન્યાય પ્રમાણે (કાયદા કે દષ્ટિબિંદુ પ્રમાણે) (અમારી હકની) લક્ષ્મીને છોડવી ન જોઈએ અને તેને મેળવવાનો યત્ન કરતાં કદાચ અમે માર્યા જઈએ તો તે પણ પ્રશસ્ત છે.' (૫-૭૦-૨૪ થી ૪૧). એ પછી (૧) સુલેહશાન્તિથી કૌરવો પાસેથી (પાંચ ગામ જેટલી અલ્પતમ રાજ્ય-)લક્ષ્મી મેળવવી કે (૨) રૌદ્રકર્મથી એમનો વધ કરીને (સંપૂર્ણ) રાજ્ય મેળવવું-એ બેમાંથી એક માર્ગનું અનુસરણ કરવું જોઈએ, એવું સૂચવતાં દયાળુ ધર્મરાજા આગળ બોલ્યા: 'કૌરવોનો નાશ કરીને રાજ્ય લેવું એ તો રૌદ્રકર્મની પરમ અવધિ કહેવાય. અનાર્ય, શત્રુ અને સંબંધ વગરનાઓનો પણ વધ ન કરવો જોઈએ; તો પછી આર્ય, અશત્રુ અને સંબંધીઓનો વધ કેમ થાય? યુદ્ધમાં ખરેખર શું સારું છે? આ ક્ષાત્રધર્મ પાપી છે. તેમાંય (સ્વજનો સાથે લડવા ઉદ્યુક્ત થયા છીએ તેથી) અમે અધમ ક્ષત્રિય છીએ. (વિરોધી ક્ષત્રિયને મારવાનો) આ અમારો સ્વધર્મ હોય કે અધર્મ હોય પણ અમારે માટે બીજી રીતની આજીવિકા નિંદનીય છે ક્ષત્રિય ક્ષત્રિયને, માછલું માછલાને અને કૂતરું કૂતરાંને મારીને જીવે છે એ પરંપરાગત ધર્મ તો જુઓ! વળી યુદ્ધમાં કાયમ કલિ (કુસંપ, અનીતિ) જ હોય છે. લડાઈમાં પ્રાણની હાનિ થાય છે. નીતિમાત્રમાં બળ રહેલું છે (કારણ તેનાથી શાન્તિ થાય છે). જ્યારે **હઠમાં (પરાણે લાદેલા યુદ્ધમાં)** જય અને પરાજય રહેલાં છે. (એમાં ન્યાયી પોતાની ઇચ્છાનુસાર જીતે એવું કંઈ નથી.)[1] એવી રીતે પ્રાણીઓને જીવનમરણ પણ પોતાની ઇચ્છાનુસાર પ્રાપ્ત નથી થતાં. યુદ્ધમાં કોઈ વખત એક પુરુષ ઘણાને મારે છે, ઘણા એકને મારે છે. શૂરવીરોને કાયરો અને યશસ્વીઓને અયશસ્વીઓ હણી નાખે છે! યુદ્ધ સર્વથા પાપરૂપ છે. એમાં કયો હણનારો પોતે હણાતો—

---

૧ युद्धे कृष्ण कलिर्नित्यं प्राणाः सीदन्ति संयुगे।
बलं तु नीतिमात्राय हठे जयपराजयौ॥ '५-७०-४९

ત્રીજા ચરણનું દક્ષિણની વાચના સહિત કેટલીક પ્રતોનું પાઠાંતર **बलं तु नीतिमास्थाय।** વધુ સારું છે.

દુર્યોધન પાંચ ગામ પણ ન આપે તો **હઠ** અર્થાત્ પાંડવો ઉપર યુદ્ધ લદાઈ જાય. (અહીં નિર્દેશેલ 'હઠ'ને શ્રી ઝીણાએ શરૂ કરેલા અને બ્રિટિશ સરકારના તથા ઝીણાના ફરજંદ પાકિસ્તાને ચાલુ રાખેલા હઠીલા, અસમાધાનકારી, યુદ્ધખોર માનસ સાથે સરખાવી શકાય, જેને પરિણામે અને તા. ૫-૮-૧૯૬૫ થી ૬-૯-૧૯૬૫ સુધીનાં પાકિસ્તાની દુરાચરણોને લીધે, શાન્તિ અને સમાધાનપ્રિય શ્રી લાલબહાદુર શાસ્ત્રીને **હઠમાં** (પરાણે લાદેલા યુદ્ધમાં) ખેંચાવું પડયું હતું. (અને ભવિષ્યમાં કયારે શું થશે તે કંઈ કહી શકાય એવું નથી.) મહાભારતનું યુદ્ધ એ હિંસક યુદ્ધ હતું. વેદવ્યાસનો અસંદિગ્ધ મત એ છે કે હિંસક યુદ્ધમાં તો બન્ને પક્ષે અનીતિ જ હોય અને એટલે કોઈ પણ પક્ષ ન્યાયી હોય તો પણ જો તે યુદ્ધકળાની કોઈ પણ આવડતમાં ઓછો ઊતરે તો હારે.

એ છતાં વ્યાસે यतो धर्मस्ततो जयः ની કાર્યકારણભાવના નિયમ અનુસારની વિધિનિર્મિત દૈવી નિયમની શોધ તો કરી જ હતી; પણ તેની ગડ હિંસક યુદ્ધનાં પરિણામો જોતાં બેસતી નહોતી. જગતના સદ્ભાગ્યે ગાંધીજીએ આ વિજ્ઞાનને આગળ ધપાવી, સત્યાગ્રહના અહિંસક પ્રતિકારની શોધ કરી, નીતિવાળું યુદ્ધ કરવા પ્રબળ પુરુષાર્થ કર્યો. એમાં સફળતા અને નિષ્ફળતા બન્ને પ્રાપ્ત કર્યાં તથા ભવિષ્યના કોઈ 'ગાંધીજી' માટે વિશેષ બળવતી શોધ કરવાનું બાકી રાખ્યું. શુદ્ધ અહિંસાથી જે પ્રતિકાર કરવામાં આવે **તેમાં અનીતિ હોય જ નહિ એટલે તે સદા વિજયી હોય.**

નથી? અને માર્યા ગયેલાને તો હ્રષીકેશ! જય-પરાજય સરખા છે![1] પરાજિત થયા પછી જીવતા રહેવું એ તો મરણથીય ભૂંડું છે. યુદ્ધમાં શ્રેષ્ઠ વીરો જ માર્યા જાય છે અને હલકી કક્ષાના બચે છે. વળી વિજેતાને પણ એવું ભારે નુકસાન થાય છે કે એને જીવન ઉપર કંટાળો આવી જાય છે. જય વૈરને ઉત્પન્ન કરે છે. પરાજિત પુરુષને દુઃખ થાય છે. પ્રશાન્ત પુરુષ જય-પરાજય છોડી દઈને સુખે સૂએ છે. કેશવ! વૈરથી વૈર શમતું જ નથી. કૃષ્ણ! એ તો હવિષ હોમવાથી (ઘી હોમવાથી) અગ્નિ જેમ વધુ પ્રજ્વલિત થાય છે તેમ (વૈરથી વૈર) વધે છે.[2] (આમ વૈર-પ્રતિવૈરનું વિષચક્ર ચાલ્યા જ કરે છે.) શત્રુનો સમૂલ ઉચ્છેદ કરવાથી આનો (વૈર-પ્રતિવૈરના વિષચક્રનો) અંત આવી શકે; પણ એવો મૂલઘાત ક્રૂરતર કાર્ય છે. (બીજી બાજુ) અમે (ન્યાયી) રાજ્ય(નો હક) છોડીએ તો શાન્તિ થાય પણ એ તો મૃત્યુ જ ગણાય. આમ અમે રાજ્ય છોડવા માગતા નથી તેમ કુલક્ષય પણ ઇચ્છતા નથી. એટલે જો નમવાથી શાન્તિ થતી હોય તો ઘણું સારું, પણ સર્વથા યુદ્ધ ટાળવાનો પ્રયત્ન ભાંગી પડશે તો અમારે યુદ્ધમાં પરાક્રમ દેખાડવું પડશે. શાન્તિના પ્રયત્ન તૂટી પડતાં દારુણ યુદ્ધ શરૂ થાય છે. (એ કેવું ઘૃણાપાત્ર છે!) પંડિતો યુદ્ધને નેસડામાંનાં કૂતરાંની લડાઈની ઉપમા આપે છે. (ધ્વજા ફરકાવવી તે) પૂંછડી હલાવવી, (ઈર્ષ્યાવૃત્તિથી ઝેરી નજરે જોવું તે) દાંતિયાં કરવાં, (પરનિન્દા અને આત્મશ્લાઘા તે) ઘૂરકાટ–પ્રતિરાવ, (વ્યૂહરચના કરવી તે) વિવર્તન, અને (સિંહનાદ કરવો તે) દાંત દેખાડીને ભસવું એવાં (શ્વાનયુદ્ધનાં) લક્ષણો સાથે (માનવ)યુદ્ધ ચાલુ થાય છે! એ યુદ્ધમાં જેમ બળવાન કૂતરો નબળાંનું માંસ ખાઈ જાય છે, એ જ પ્રમાણે મનુષ્યોના યુદ્ધમાં બળવાન

---

१ सर्वथा वृजिनं युद्धं को घ्नन्न प्रतिहन्यते।
हतस्य च हृषीकेश समौ जयपराजयौ ॥ ५–७०–५३

પ૩ક સાથે સર° યુધિષ્ઠિરે અગાઉ કહેલું વાક્ય :

किं नु युद्धेऽस्ति शोभनम्। ५–७०–४५घ

२ जयो वैरं प्रसृजति दुःखमास्ते पराजितः।
सुखं प्रशान्तः स्वपिति हित्वा जयपराजयौ ॥ ५–७०–५९

= કે. 'ધમ્મપદ' ૨૦૧.

न चापि वैरं वैरेण केशव व्युपशाम्यति।
हविषाग्निर्यथा कृष्ण भूय एवाभिवर्धते ॥ ५–७०–६३

સર° 'ધમ્મપદ' ૫, = 'દીધિતિ જાતક' જાતક ૩૭૧, ગાથા ૬.

સર° 'શાન્તિપર્વ' અ. ૧૩૭, 'બ્રહ્મદત્તપૂજની સંવાદ'માં પૂજની ચકલીની 'વૈર શમે જ નહિ' એવી દલીલો. 'શાન્તિપર્વ'ના આ અધ્યાય સાથે 'હરિવંશ' ૧–૨૦–૮૦ અને 'કુત્તની જાતક' જાતક નં. ૩૪૩ સરખાવો.

આ બન્ને શ્લોકોના અર્થોદ્‌ઘાટન માટે જુઓ 'ભારત-રત્ન' બીજી આવૃત્તિ, ૧૯૩૭, પૃ. ૪૦૫ થી ૪૧૧.

નબળાનું આમિષ (ધન) ખાઈ જાય છે. એમાં જરાય ફરક પડતો નથી ![1] 'બળવાને દુર્બળનો સર્વથા અનાદર અને વિરોધ (યુદ્ધ) કરવો ઉચિત છે (પણ કૌરવોના અનાદરથી રાજ્ય નથી મળતું અને વિરોધ અર્થાત્ યુદ્ધથી કુલક્ષય થાય છે) અને નમવાથી દુર્બળતા દેખાય છે! (એટલે શું કરવું?) જનાર્દન! ધૃતરાષ્ટ્ર રાજા અને વૃદ્ધ છે તેથી સર્વથા પૂજ્ય અને માન્ય છે; પરન્તુ એ પુત્રસ્નેહથી પુત્રને વશ થઈ ગયા છે એટલે મારા પ્રણામને (નમવાને) તરછોડશે. માટે માધવ! અમને એવી સલાહ આપો કે અમે અર્થ અને ધર્મથી ભ્રષ્ટ થઈએ નહિ (યુદ્ધથી કુલક્ષય ન થાય, નમવા છતાં 'નમનાર દુર્બળ છે' એવો દોષ અમારા ઉપર આવે નહિ અને રાજ્યપ્રાપ્તિ થાય). હે પુરુષોત્તમ! મધુસૂદન! આવી અત્યંત ભારે વિપત્તિમાં મારે તમારા વિના બીજા કોને પૂછવું? તમો અમને પ્રિય છો, **પ્રિયકામ છો,** (અમારું અને પ્રાણીમાત્રનું ભલું ઇચ્છનારા છો, સર્વના સુહૃદ્ છો,) સર્વ કર્મની ગતિના જ્ઞાતા છો. તમારા જેવો સર્વનિશ્ચયને જાણનાર અમારે બીજો કોણ સુહૃદ્ છે?'[2] (૫-૭૦-૪૨ થી ૭૮)

અજાતશત્રુ યુધિષ્ઠિરનાં નિર્વૈર, ન્યાયી અને સુલેહની ઉત્કણ્ઠા દર્શાવતાં વચનોનો પ્રત્યુત્તર આપતાં શ્રીકૃષ્ણ બોલ્યા : 'હું તમારા બન્ને પક્ષના લાભ માટે કુરુસંસદમાં (વાટાઘાટ કરવા) જઈશ. રાજન્! તમારા પ્રયોજનને નુકસાન કર્યા વિના જો હું ત્યાં સંધિ કરાવી શકું તો મેં મહાફલદાયી મહાન પુણ્યકર્મ કર્યું ગણાશે. કારણ કે ધૂંઆપૂંઆ (સંરબ્ધ) થઈ ગયેલા કૌરવ-સૃઞ્જયો અને પાંડવ-ધાર્તરાષ્ટ્રોને તથા આ સમગ્ર પૃથ્વીને (સુલેહદ્વારા) મેં મૃત્યુપાશમાંથી મુક્ત કરી હશે.'[3]

---

१ प्रतिघातेन सान्त्वस्य दारुणं संप्रवर्तते ।
तच्छुनामिव गोवादे पण्डितैरुपलक्षितम् ॥ ५-७०-७०

लाङ्गूलचालनं क्ष्वेडः प्रतिरावो विवर्तनम् ।
दन्तदर्शनमारावस्ततो युद्धं प्रवर्तते ॥ ५-७०-७१

तत्र यो बलवान्कृष्ण जित्वा सोऽत्ति तदामिषम् ।
एवमेव मनुष्येषु विशेषो नास्ति कश्चन ॥ ५-७०-७२

२ तत्र किं मन्यसे कृष्ण प्राप्तकालमनन्तरम् ।
कथमर्थाच्च धर्माच्च न हीयेमहि माधव ॥ ५-७०-७६

ईदृशे ह्यर्थकृच्छ्रेऽस्मिन्कमन्यं मधुसूदन ।
उपसंप्रष्टुमर्हामि त्वामृते मधुसूदन ॥ ५-७०-७७

प्रियश्च प्रियकामश्च गतिज्ञः सर्वकर्मणाम् ।
को हि कृष्णास्ति नस्त्वादृक्सर्वनिश्चयवित्सुहृत् ॥ ५-७०-७८

३ उभयोरेव वामर्थे यास्यामि कुरुसंसदम् ॥ ५-७०-७९ गध
शमं तत्र लभेयं चेद्युष्मदर्थमहापयन् ।
पुण्यं मे सुमहद्राजंश्चरितं स्यान्महाफलम् ॥ ५-७०-८०

શ્રીકૃષ્ણનો વિષ્ટિ માટે જવાનો પ્રસ્તાવ સાંભળીને કૌરવોની કપટલીલાથી ગભરાતા યુધિષ્ઠિરે એમને હસ્તિનાપુર જવાની ના પાડી: ‘કૃષ્ણ! તમે કૌરવો પાસે જાઓ એને મારી અનુમતિ નથી. તમે અત્યંત સારી વાત કહેશો તોપણ સુયોધન માનવાનો નથી. દુર્યોધનને અધીન રાજાઓ ભેગા થયા હોય, ત્યાં તમે જાઓ એ મને પસંદ નથી. (ત્યાં કૌરવો કપટ કરીને શ્રીકૃષ્ણને કેદ કરે અથવા બીજી રીતે અપમાને એનો ખ્યાલ કરીને કહે છે) માધવ! તમારો અવરોધ થતો હોય તો અમને દ્રવ્ય, દેવત્વ કે સર્વ દેવોનું ઐશ્વર્ય પણ મીઠું ન જ લાગે, તો પછી સુખ કેવી રીતે મીઠું લાગે?’[1] (૫-૭૦-૮૨ થી ૮૪)

યુધિષ્ઠિરની સ્નેહજન્ય અધીરાઈ પારખીને શ્રીકૃષ્ણે આશ્વાસન આપતા હોય એમ પોતાનો નિર્ણય કહ્યો: ‘મહારાજ! હું દુર્યોધનની આ પાપી મનોદશા જાણું છું, પણ જો હું સંધિ માટે પ્રયત્ન કરવા જઈશ તો જગતના રાજાઓ આપણને કંઈ કહી શકશે નહિ. (બાકી તમે ડરશો નહિ.) કોપાયમાન સિંહની સામે જેમ બીજાં મૃગલાંઓ ઊભાં રહી શક્તાં નથી. એમ બધા રાજાઓ ભેગા મળીને પણ મને પહોંચી શકે એમ નથી. એમ છતાં કદાચ તેઓ મારી તરફ કંઈક અયોગ્ય વર્તન ચલાવશે તો હું સર્વ કૌરવોને બાળીનાખીશ એવો મારો નિરધાર છે. પાર્થ! મારું ત્યાં જવું કદી પણ નિરર્થક થવાનું નથી, કારણ કે કદાચિત્ (યુદ્ધ વિના જ) આપણી અર્થસિદ્ધિ થાય. છેવટે આપણી અપકીર્તિ તો નહિ થાય.’ (૫-૭૦-૮૫ થી ૮૮).

શ્રીકૃષ્ણના સાન્ત્વનથી યુધિષ્ઠિર સ્થિર થયા. હસ્તિનાપુર જવા અનુમતિ આપતાં બોલ્યા: ‘કૃષ્ણ! તમને રુચે એમ કરો. તમે સુખેથી કૌરવો પાસે જાઓ અને કાર્ય સફળ કરીને ક્ષેત્રકુશળ પાછા આવો. વિષ્વક્સેન! (જેનો પ્રભાવ સર્વત્ર છે,) કૌરવોની પાસે જઈને એમને શાન્ત કરજો, જેથી અમે નિર્મળ મનથી આનંદપૂર્વક સાથે વસીએ. તમે અમારા ભાઈ છો,

---

मोचयेयं मृत्युपाशात्संरब्धान्कुरुसृञ्जयान् ।
पाण्डवान्धार्तराष्ट्रांश्च सर्वां च पृथिवीमिमाम् ॥ ५-७०-:१

સર્વના પ્રિયકામ શ્રીકૃષ્ણના કર્મયોગનો આચારપરિણત સિદ્ધાંત આવા શબ્દોદ્વારા એમણે વારંવાર વ્યક્ત કર્યો છે. જુઓ ૫-૨૯-૪૧, ૪૨; ૫-૭૫-૧૫, ૧૬; ૫-૯૧-૧૯; સર° ૫-૭૧-૩૨.

૧ न हि नः प्रीणयेद्द्रव्यं न देवत्वं कुतः सुखम् ।
न च सर्वामरैश्वर्यं तव रोधेन माधव ॥ ५-७०-८४

जानाम्येतां महाराज धार्तराष्ट्रस्य पापताम् ।
अवाच्यास्तु भविष्यामः सर्वलोके महीक्षिताम् ॥ ५-७०-८५

न चापि मम पर्याप्ताः सहिताः सर्वपार्थिवाः ।
क्रुद्धस्य प्रमुखे स्थातुं सिंहस्येवेतरे मृगाः ॥ ५-७०-८६
= ફે. ૫-૯૧-૨૧.

अथ चेत्ते प्रवर्तेरन्मयि किंचिदसांप्रतम् ।
निर्दहेयं कुरून्सर्वानिति मे धीयते मतिः । ५-७०-८७

न जातु गमनं तत्र भवेत्पार्थ निरर्थकम् ।
अर्थप्राप्तिः कदाचित्स्यादन्ततो वाप्यवाच्यता ॥ ५-७०-८८

સખા છો, અર્જુનને અને મને પ્રિય છો. આપનું સૌહાર્દ શંકાથી પર છે. તમે અમારી ઉન્નતિ માટે ખુશીથી પધારો. કૃષ્ણ! તમે અમને જાણો છો, પેલા કૌરવોને જાણો છો, (આપણા) અર્થને (અભિલાષા) જાણો છો, (શું, કેવું, ક્યારે) બોલવું તે જાણો છો. માટે તમે સુયોધનને આપણા હિત માટે જે કહેવું ઠીક લાગે તે કહેજો. યુદ્ધ કે શાન્તિ માટે જે જે ધર્મયુક્ત સંગત અને કલ્યાણકારી હોય તે તમે કહેજો.[૧] (૫-૭૦-૮૯ થી ૯૩)

શ્રીકૃષ્ણે જવાબ આપ્યો: 'મેં સંજય અને આપનું કહેવું સાંભળ્યું છે તેમ જ આપનો અને કૌરવોનો સર્વ અભિપ્રાય પણ હું જાણું છું. (સંક્ષેપમાં કહું તો) તમારી બુદ્ધિ ધર્માશ્રિત છે અને પેલાઓની વૈરાશ્રિત છે. યુદ્ધ કર્યા વિના જે કંઈ (ઓછુંવત્તું) મળે તેને તમે ઘણું માનવા તૈયાર છો. પરન્તુ હે રાજા! 'આજીવન બ્રહ્મચર્ય પાળીને ભિક્ષા માગવી એ ક્ષત્રિય માટે વિહિત નથી' એમ બધા આશ્રમવાળા કહે છે.[૨] 'સંગ્રામમાં જય અથવા મૃત્યુ' આ ક્ષત્રિયનો સનાતન સ્વધર્મ ધાતાએ નક્કી કર્યો છે. કૃપણતાને (દીનતાને સ્વધર્મ તરીકે) માન્ય કરી નથી. કારણ કે યુધિષ્ઠિર! કૃપણ રહીને (દીન રહીને) આજીવિકા ચલાવી શકાતી નથી. માટે મહાબાહો! અરિંદમ! પરાક્રમ કરીને શત્રુઓનો સંહાર કરો.[૩] ધૃતરાષ્ટ્રના છોકરાઓ અતિલોભી છે, દીર્ઘકાળ સુધી (બીજા રાજાઓની) સાથે રહીને સ્નેહથી મિત્રો કર્યા છે, સેના સજ્જ કરી છે (તમારી પાસે મુકાબલે અલ્પ સેના છે). વળી ભીષ્મ, દ્રોણ, કૃપ વગેરેને લીધે એ સેનાને (તેના મિત્રો વધુ) બળવાન માને છે. એટલે તેઓ સંધિ કરે એવો કોઈ માર્ગ (જણાતો) નથી. જ્યાં સુધી તમે માર્દવથી વર્તશો ત્યાં સુધી તેઓ તમારું રાજ્ય દબાવી જ રાખશે. દયા, કૃપણતા, ધર્મ અથવા અર્થના કારણથી પણ કૌરવો તમારી મનકામના પૂરી કરવાના નથી. (રાજ્ય પડાવી લઈને) તમને

---

૧ भ्राता चासि सखा चासि बीभत्सोर्मम च प्रियः ।
सौहृदेनाविशङ्क्योऽसि स्वस्ति प्राप्नुहि भूतये ॥ ५–७०–९१

* * *

यद्यद्धर्मेण संयुक्तमुपपद्येद्धितं वचः ।
तत्तत्केशव भाषेथाः सान्त्वं वा यदि वेतरत् ॥ ५–७०–९३

२ न च तन्नैष्ठिकं कर्म क्षत्रियस्य विशां पते ।
आहुराश्रमिणः सर्वे यद्भैक्षं क्षत्रियश्चरेत् ॥ ५–७१–३

आश्रमिण:=(१) ધર્મપંથવાળા. જુઓ શાન્તિ. ૨૭૬–૮. અહીં ધર્મપંથોને માટે 'આશ્રમ' શબ્દનો ઉપયોગ કરેલો છે તે નોંધપાત્ર છે. વળી જૂના સમયમાં કેટલાક મતો એક જ આશ્રમ, બે જ આશ્રમ કે ચારે આશ્રમોમાં માનનારા હતા તેનો ઉલ્લેખ પણ ત્યાં હોઈ શકે. જુઓ 'ભારત-રત્ન' (૨જી આવૃત્તિ, ૧૯૬૭), પૃ. ૪૭૦ થી.

(૨) આશ્રમમાં વસનારા ત્યાગીઓ.

(૩) બ્રહ્મચર્યાદિ ચાર આશ્રમ જેમાં છે એવો ધર્મ પાળનારા.

३ जयो वधो वा संग्रामे धात्रा दिष्टः सनातनः ।
स्वधर्मः क्षत्रियस्यैष कार्पण्यं न प्रशास्यते ॥ ५–७१–४
न हि कार्पण्यमास्थाय शक्या वृत्तिर्युधिष्ठिर ।
विक्रमस्व महाबाहो जहि शत्रूनरिंदम ॥ ५–७१–५

લંગોટી પહેરાવીને દુષ્કર વનવાસ કરાવીને પણ એમને પ્રસ્તાવો નહોતો થયો, તે આનું ઉદાહરણ છે. દાનશીલ, મૃદુ, સંયમી, ધર્મપ્રેમી અને ધર્માચરણી એવા તમને જેણે પિતામહ ભીષ્મ, દ્રોણ, બુદ્ધિમાન વિદુર અને તત્ત્વતઃ બધા મુખ્ય કૌરવોની સમક્ષ કપટથી દ્યૂતમાં છેતર્યા હતા, છતાં એ નૃશંસ પાપીને આ કામની જરાય લાજ નથી. આવા દુઃશીલ ઉપર તમે પ્રીતિ ન કરો. આ લોકો તમારા હાથે તો શું પણ સર્વ લોકોના હાથે પણ મરવા લાયક છે. (દ્યૂતસભામાં) એ ભાઈઓની સાથે હર્ષોન્મત્ત થઈને વીંધી નાખતી હલકટ વાણી બોલતો હતો : 'હવે આ જગતમાં પાંડવોનું કંઈ જ રહ્યું નથી. તેમનાં નામ અને ગોત્ર પણ રહેશે નહિ. (વનવાસના) લાંબા કાળથી એમનો પરાભવ થશે, અને પ્રકૃતિ નષ્ટ થવાથી[1] તેઓ પણ પ્રકૃતિને પામશે (મરી જશે)! તમે વનમાં ગયા તે પછી પણ દુર્યોધન સંબંધીઓની વચ્ચે આ અને આવી કઠોર વાણી ઉચ્ચારીને પોતાની વડાઈ ગાતો હતો. (દ્યૂત ખેલાયું) એ વખતે તમને નિર્દોષને જોઈને સભામાં આવેલા માણસો ગળગળા કંઠે રુદન કરતાં હતાં અને બ્રાહ્મણો તથા રાજાઓ તેના વખાણ નહિ કરતાં નિન્દા કરતા હતા. અમિત્રકર્શન! કુલીન પુરુષો માટે નિન્દા એ વધ જ છે. અરે, જીવતરને કુત્સિત કરનારી નિન્દા કરતાં તો મૃત્યુ અતિશય સારું છે. (એટલે ભલે તે દેખીતો બલવત્તર હોય પણ) હે રાજન્! જ્યારે એ નિર્લજ્જ, જગતના રાજાઓમાં નિન્દાયો ત્યારે જ એ માર્યો ગયો હતો (એમ સમજો). **જેનું ચરિત્ર્ય આવું (નિન્દિત) હોય છે તેને તો ટેકાના આધારે ઊભેલા જડમૂળથી ઊખડી ગયેલા વૃક્ષને જેમ સહેલાઈથી પાડી શકાય એમ સહેલાઈથી હણી શકાય.[2] નાલાયક** દુર્બુદ્ધિવાળો તો સર્પની જેમ વધ્ય છે. માટે અમિત્રઘ્ન રાજન્! તમે કંઈ શંકા વિના એનો નાશ કરો. (જો કે) તમે ભીષ્મ પિતાને નમો છો તે સર્વથા યોગ્ય છે અને મને રુચે છે.

---

(૧) ૫-૭૧-૪૬ સાથે સર૰ ગાંધીજીની વિખ્યાત ઘોષણા 'કરેંગે યા મરેંગે'.

(૨) દૈન્ય શ્રીકૃષ્ણને રુચતું નથી. દૈન્યથી કેવળ દુર્ગુણો પોષાય છે. કેટલીય વખત દયા, અનુકંપા અને અહિંસાના લેબાશમાં જાણે સદ્‌ગુણોની વૃદ્ધિ થતી હોય એવું કે 'કરી હોય' એવું જણાય છે. પરન્તુ ખરેખર તો ક્રૂરતા અને કાયરતાની અભિવૃદ્ધિ કરી હોય છે. અહીં શ્રીકૃષ્ણ કેવળ પાંચ ગામ લઈને સમાધાન કરવા ઇચ્છતા યુધિષ્ઠિરને દૈન્યનો ત્યાગ કરવા સૂચવતા જણાય છે.

(૩) સર૰ कार्पण्यदोषोपहतस्वभावः। ગીતા. ૨-૭૬. દૈન્યથી જેનો 'સ્વભાવ' (મર્દાનગી) દબાઈ ગયો હતો, એવા અર્જુનને પામરતા ત્યજીને ઊભો થવા અનુરોધ કરતા શ્રીકૃષ્ણના શબ્દો. ૬-૨૪-૨, ૩. (ગીતા ૨-૨, ૩)

(૪) ૫-૭૧-૫ધ સાથે સર૰ जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम्। ૬-૨૫-૪૩ ગધ (ગીતા. ૩-૪૩ ગધ).

'મહાબાહો! કામરૂપી દુરાસદ શત્રુનો સંહાર કર.'

૧ कालेन महता चैषां भविष्यति पराभवः।
प्रकृतिं ते भजिष्यन्ति नष्टप्रकृतयो जनाः॥ ५-७१-१६

રાજાની સાત પ્રકૃતિઓ : રાજા, અમાત્ય, પુર, રાજ્ય, કોશ, દંડ (અર્થાત્ સૈન્ય), અને મિત્રો (જુઓ મનુ. ૯-૨૯૪ થી ૨૯૬). પાંડવોની આ પ્રકૃતિ નાશ પામવાથી તેઓ પણ નાશ પામશે એવો ભાવ છે.

૨ कुलीनस्य च या निन्दा वधश्चामित्रकर्शन।
महगुणो वधो राजन्न तु निन्दा कुजीविका॥ ५-७१-२०

'રાજન્ ! હું તો હસ્તિનાપુર જઈને જેઓને દુર્યોધનની દુષ્ટતા અંગે દ્વિધાભાવ છે (તેણે અન્યાય ન પણ કર્યો હોય એવો ભાવ છે) તેમની એ શંકાને નિર્મૂળ કરીશ. ત્યાં રાજાઓની વચ્ચે તમારા (સજ્જન) પુરુષના ગુણોનું દર્શન કરાવીશ અને કૌરવોના દુર્ગુણો ઉઘાડા પાડીશ. મારાં ધર્મ-અર્થવાળાં હિતકારી વચનો સાંભળીને જુદા જુદા જનપદોના સર્વે રાજાઓ તમને ધર્માત્મા અને સત્યવચની તરીકે અને પેલા (દુર્યોધન)ને લોભથી (સાચું ખોટું ગમે એવું) વર્તન રાખનારો છે એમ બરાબર ઓળખી લેશે. વળી (અહીંથી જતાં આવતાં રસ્તામાં) નગરોમાં અને જનપદોમાં જ્યાં જ્યાં વૃદ્ધ-બાળકો સહિત ચાતુર્વર્ણ્યનાં માણસો એકઠાં થશે ત્યાં (અર્થાત્ સભાઓ મળશે તેમાં) હું તેની ગર્હણા કરીશ (એના આ દોષો સમજાવીશ). તમે તો સુલેહની માગણી કરો છો એટલે તેમાં ધર્મલોપ થતો નથી. પણ (સત્ય વસ્તુસ્થિતિ જાણવાથી) રાજાઓ (અને પ્રજા) કૌરવો તથા ધૃતરાષ્ટ્ર ઉપર દોષારોપ કરશે. આમ લોકો એમનો (મનથી) પરિત્યાગ કરશે એટલે દુર્યોધન મરી જશે (મરણતોલ થશે). આમ એ મરણતોલ થતાં કયું કાર્ય કરવાનું બાકી રહેશે ? આવી રીતે હું તમારા હિતને નુકસાન કર્યા સિવાય શાન્તિ કરવા માટે પ્રયત્ન કરીશ,[1] અને સાથે જ તમારા જય માટે કૌરવોની યુદ્ધ અંગેની તૈયારી અને હિલચાલ જાણી લઈને પાછો ફરીશ (૫–૭૧–૧ થી ૩૩).

'શત્રુઓ સાથે ચોક્કસ યુદ્ધ થશે જ એવું હું ધારું છું, અને બધાં ચિહ્નો એવાં જ જણાય છે.[2] માટે શસ્ત્રો, વાહનો, કવચ, રથ, હાથી, ધ્વજાઓ વગેરેનો સંગ્રહ કરીને તમારા બધા યોદ્ધાઓને સરસ તાલીમ આપો અને એ યોદ્ધાઓ હાથી, ઘોડા, રથ વગેરેમાં (–ના ઉપયોગમાં) સાવધાન રહો. અને નરેન્દ્ર ! બધી યુદ્ધસામગ્રી મેળવી રાખો. પાંડવમુખ્ય નૃપતિ ! પૂર્વે દ્યૂતમાં પડાવી લીધેલા તમારા સમૃદ્ધ રાજ્યને દુર્યોધન હવે પોતાના જીવતાં પાછું આપે એ તદ્દન અશક્ય છે.' (૫-૭૧-૩૪ થી ૩૭)

---

સર૦ ગીતા. ૨-૩૫, ૩૬. 'જે મહારથીઓ તને માન આપે છે, તેઓ તું ભયભીત થઈને રણમાંથી નાઠો એમ માનશે અને તને તુચ્છ ગણશે અને તારા દુશ્મનો તારા સામર્થ્યને નિન્દતાં નહિ બોલવાના ઘણા બોલ બોલશે એનાથી વધારે દુ:ખકારક બીજું શું હોય ?'

तदैव निहतो राजन्यदैव निरपत्रपः ।
निन्दितश्च महाराज पृथिव्यां सर्वराजसु ॥ ५–७१–२१

ईषत्कार्यो वधस्तस्य यस्य चारित्रमीदृशम् ।
प्रस्कम्भनप्रतिस्तब्धश्छिन्नमूल इव द्रुमः ॥ ५–७१–२२

લોભમૂલક કુસંપ અને નિન્દામાં રાચતા કોઈ પણ સમાજ કે વ્યક્તિએ શ્રીકૃષ્ણના આ અનુભૂત શબ્દોની પાછળ રહેલા ભયને પિછાનીને લોભ અને નિન્દારસને દૂરથી જ નમસ્કાર કરી શક્તિ કેળવવી જોઈએ. હાલના સંયોગોમાં ભારતે તો ખાસ.

૧ યા વા चाहं कुरुन्सर्वान्युष्मदर्थमहापयन् । ૫–૭૧–૩૨ કખ

જુઓ ઉપર પૃ. ૪૪૧ પર નોંધ ૩

૨ નિમિત્તવર્ણન : સંધ્યાકાળે પશુપક્ષીઓ ભયંકર અવાજ કરે છે. હાથી-ઘોડા ઘોરરૂપવાળા દેખાય છે. અગ્નિ પણ ભયંકર રૂપવાળા અનેક રંગ ધારણ કરે છે. જો મનુષ્યલોકનો ક્ષય કરનારો કાળ ન આવ્યો હોય તો આવાં ચિહ્ન થાય નહિ. ૫-૭૧-૩૫.

ભગવાન શ્રીકૃષ્ણે તટસ્થ સમીક્ષાદ્વારા યુદ્ધ લગભગ અનિવાર્ય છે એમ દર્શાવ્યું ત્યારે ક્રોધી અને દુઃશાસન-દુર્યોધન ઉપર ભયંકર વૈર લેવાની પ્રતિજ્ઞા કરી ચૂકેલા ભીમે, મનુષ્યસ્વભાવની વિલક્ષણતા દર્શાવતાં, શ્રીકૃષ્ણને સંધિ અને કોઈ પણ રીતે કેવળ સંધિ જ કરી લાવવા વિનંતી કરતાં કહ્યું : 'મધુસૂદન! જે રીતે કૌરવોમાં (કારવપાંડવોમાં) શાન્તિ થાય તે રીતે જ તમે ત્યાં બોલજો. એમને યુદ્ધની ધમકી આપી બિવડાવશો નહિ. શ્રેયોદ્વેષી અને નિત્યક્રોધી દુર્યોધનને ઉગ્ર શબ્દો નહિ કહેતાં સમજાવીને કામ લેજો. ટૂંકી દૃષ્ટિનો, અનીતિમાન, પાપાત્મા દુર્યોધન મરે તોય મમત મૂકે એવો નથી. એવા સાથે સુલેહ કરવી મહાદુષ્કર છે. તેની સેના, શીલ, સ્વભાવ, બલ અને પરાક્રમ બધું તમે જાણો છો. પૂર્વે અમે અને કૌરવો હળીમળીને આનંદથી રહેતા હતા, પણ હવે શિયાળો જતાં અગ્નિથી જેમ જંગલ બળીને સાફ થઈ જાય એમ દુર્યોધનના ક્રોધથી ભરતો બળી જશે. અગાઉના વખતમાં સગાં, સંબંધી સુહૃદોનો સંહાર કરનારા અઢાર કુલાંગાર રાજાઓ થયા હતા.[1] એમની જેમ આ હલકટ, કુલાંગાર, પાપપુરુષ દુર્યોધન કાળની પ્રેરણાથી કૌરવકુળનો નાશ કરનારો છે (પણ કૌરવકુળ બચવું જોઈએ), એટલે તમે ઉગ્ર શબ્દો ન બોલશો પરન્તુ ધર્મ-અર્થવાળાં અને સુખદાયી મૃદુ વચનો નરમાશથી કહેજો! અમે બધા દુર્યોધનની આણ સ્વીકારીને નમ્રતાથી (હજૂરિયાની જેમ) તેની પાછળ પાછળ ચાલીશું, પણ ભરતોનો નાશ ન થાય, એમનાથી અલગ ઉદાસીનવૃત્તિથી રહેવાનું થાય અને કૌરવોને અનય (યુદ્ધથી થતા પ્રણાશની અનીતિ) ન સ્પર્શે એવું કરજો. કૃષ્ણ! તમે વૃદ્ધ ભીષ્મ પિતામહ અને સભાસદોને કહેજો કે, 'ભાઈઓમાં સરસ ભાઈચારો સ્થપાઓ અને દુર્યોધન શાન્ત પડો.' હું તો આમ કહું છું. રાજા યુધિષ્ઠિર આને જ (સુલેહને જ) વખાણે છે, અને અર્જુનમાં તો ઘણી દયા છે એટલે એ પણ યુદ્ધાર્થી નથી!' (૫-૭૨-૧ થી ૨૩)

ભીમસેનના અભૂતપૂર્વ (વિષાદથી સભર) માર્દવવાળા શબ્દો સાંભળતાં કેશવના મોં પર સ્મિત ફરકી ગયું. શાર્ઙ્ગધન્વા શ્રીકૃષ્ણને એનાં વચનો પર્વતમાં લઘુતા અને અગ્નિમાં શીતળતા જેવાં વિપરીત લાગ્યાં! એટલે પ્રેમાર્દ્ર હૈયાથી અગ્નિને સતેજ કરતા પવનની જેમ ભીમને ઉત્તેજિત કરવા લાગ્યા : 'ભીમસેન! તમે આડે દિવસે તો ક્રૂર કૌરવોને કચડી નાખવા માટે યુદ્ધની પ્રશંસા કરો છો. (આ કારણે તો તમે) ઊંઘતા નથી પણ પથારીમાં પાસાં ઘસ્યા કરો છો. નિરંતર ઘોર અને રોષભરી ક્ષુબ્ધ વાણી બોલો છો. ક્રોધને લીધે ઉન્મત્ત ચિત્તથી ધુમાડાવાળા અગ્નિ જેવા ગરમ લાંબા નિસાસા મૂકો છો. બોજો ઉપાડીને દુઃખી થતા દુર્બળ (મજૂર)ની જેમ તમે એકાન્તમાં પડચા પડચા રાડો પાડો છો અને નિસાસા નાખો છો. એટલે આ (કૌરવો ઉપરના રોષના) કારણથી અજ્ઞાન લોકો તમને ગાંડા થઈ ગયેલા ધારે છે! વૃક્ષોને ધમરોળતા હાથીની જેમ તમે પગથી ભૂમિને ધમધમાવતા અને ગર્જના કરતા દોડો છો! તમે લોકો સાથે હળતામળતા નથી, રાત્રે કે દહાડે કોઈનું સ્વાગત કરતા નથી અને એકાન્તમાં સમય ગાળો છો! એકાન્તમાં તમે કોઈ

---

૧ અઢાર કુલાંગાર રાજાઓ : અસુરોમાં બલિ, હૈહયોમાં ઉદાવર્ત, નીપોમાં જનમેજય, તાલજંઘોમાં બહુલ, કૃમિઓમાં ઉદ્ધત વસુ, સુવીરોમાં અજબિન્દુ, સુરાષ્ટ્રોમાં કુશર્દ્ધિક, બલીહોમાં અર્કજ, ચીનાઓમાં ધૌતમૂલક, વિદેહોમાં હયગ્રીવ, મહૌજસોમાં વરપ્ર, સુન્દરવેગોમાં બાહુ, દીપ્તાક્ષોમાં પુરૂરવા, ચેદિમત્સ્યોમાં સહજ, પ્રચેતાઓમાં બૃહદ્બલ, ઐન્દ્રવત્સોમાં ધારણ, મુકુટોમાં વિગાહન અને નન્દિવેગોમાં શમ. ૫-૭૨-૧૧ થી ૧૭.

વાર રડવા જેવા થઈ જાઓ છો અને કોઈ વાર ઢીંચણમાં માથું ખોસીને આંખો બંધ કરીને ક્યાંય સુધી બેસી રહો છો ! વળી તમે ક્રોધમાં આવી જઈને ભ્રૂકુટી ચઢાવીને વારંવાર હોઠ કરડો છો ! વળી તમે ભાઈઓની વચ્ચે ગદા ઉપાડીને સત્ય (પ્રતિજ્ઞા) કરતા હતા કે: 'કિરણવાળો સૂર્ય દરરોજ પૂર્વમાં ઊગીને પ્રકાશ પાથરે છે અને પશ્ચિમમાં અસ્ત પામે છે એ જેમ નિશ્ચિત છે, એમ હું આ સત્ય વાણી ઉચ્ચારું છું કે, 'સંગ્રામમાં દુર્યોધનનો મેળાપ થતાં હું એને ઠાર મારીશ એ પણ નિશ્ચિત છે.' તમારી આ (વીર) બુદ્ધિ શું આજે સુલેહમાં ઠરી છે? અહો ! આ તો યુદ્ધકાળ આવતાં તમે શત્રુઓને મિત્ર જેવા જુઓ છો ! કે પછી ડર લાગ્યો છે ? ! અથવા તમે ઊંઘતાં કે જાગતાં અવળાં નિમિત્તો (અપશુકનો) જુઓ છો એટલે સમાધાન ઇચ્છો છો ? કે પછી તમે નપુંસકની જેમ પોતાનામાં મરદાઈ જોતા નથી ? મોહને લીધે તમારું મન વિકૃત થઈ ગયું છે ? અથવા તમારું મન બહુ કમ્પે છે, મન અત્યંત ખેદ પામે છે અને ઊરુસ્તમ્ભ (જેમાં બન્ને સાથળ ઝલાઈ જાય એવો લકવો) થયો છે એટલે શાન્તિ ઇચ્છો છો ? ખરેખર ! મનુષ્યનું ચિત્ત પવનથી ડોલતી શીમળાની ડોડી જેવું અસ્થિર અને ચંચળ છે. ગાય મનુષ્યની વાચા બોલે એના જેવી જ તમારી આ બુદ્ધિ વિકૃત છે, અને (સમુદ્રમાં) નૌકા તૂટી પડતાં મનુષ્યો ડૂબી જાય એમ પાંડવોનાં મનને (નિરાશામાં) ડુબાડનારી છે. ભીમસેન ! તમે આ જે અણછાજતા શબ્દો બોલ્યા તે જાણે ડુંગર ડોલતો હોય એવા મહા આશ્ચર્યકારક છે ! માટે તમે (ક્ષત્રિય) કુલના જન્મ અને સ્વકર્મ તરફ નજર રાખીને ઊભા થાઓ, વિષાદ ન કરો અને હે વીર ! સ્થિર થાઓ ! અરિંદમ ! ગ્લાનિ તમને શોભે નહિ. ઓજસ્થી (પરાક્રમથી) ન મળે તેને ક્ષત્રિય ભોગવતો નથી.'[1] (૫-૭૩-૧ થી ૨૩)

શ્રીકૃષ્ણનાં પ્રેમાળ છતાં ઉત્તેજક વચનોથી અસહનશીલ ભીમસેન પાણીદાર ઘોડાની જેમ જુસ્સામાં આવી ગયો અને બોલ્યો : 'અચ્યુત ! મારો કહેવાનો આશય જુદો છે, અને તમે કંઈ જુદું સમજો છો ! હું સત્યપરાક્રમી અને યુદ્ધમાં અત્યંત પ્રીતિવાળો છું, એ તમે સારી રીતે

---

૧ (क) 'ઉદ્યોગપર્વ'ના ૭૨ અને ૭૩મા અધ્યાય સાથે સર૰ સામાન્ય રીતે આખી ભગવદ્ગીતા, તેમાંય ખાસ અ. ૧, ૨. ઉદાહરણ તરીકે

उत्तिष्ठस्व विषादं मा कृथा वीर स्थिरो भव ॥ ५–७३–२२ ગદ્ય

સાથે સર૰ क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥ ६–२४–३ (ગીતા ૨-૩)

(ख) વિવિધ પ્રકારના માનવોને એવો જ વિવિધ પ્રકારનો વિષાદ થાય છે, અને સર્વને અનુરૂપ આશ્વાસન પણ મળે છે.

જેમ કે (૧) ભીમસેનનો પ્રસ્તુત વિષાદ અને શ્રીકૃષ્ણનું આશ્વાસન. (૨) દ્રૌપદીનો વિષાદ અને શ્રીકૃષ્ણનું આશ્વાસન. 'આરણ્યક' अ. ૧૩; 'ઉદ્યોગ' अ. ૮૦. (૩) દુર્યોધનનો વિષાદ અને દૈત્ય-દાનવોએ આપેલું આશ્વાસન. આરણ્યક' अ. ૨૪૦. (૪) કુન્તીનો શોક અને શ્રીકૃષ્ણનું આશ્વાસન. 'ઉદ્યોગ' अ. ૮૮. (૫) યુધિષ્ઠિરનો વિષાદ અને અર્જુને કરેલું સાન્ત્વન 'ભીષ્મ' अ. ૨૧. (૬) અર્જુનવિષાદ અને શ્રીકૃષ્ણે ઉપદેશેલું ગીતાશાસ્ત્ર. 'ભીષ્મ' अ. ૨૩ થી ૪૦.

જાણો છો. અથવા જેમ ઊંડા ધરામાં તરનારો, નહિ તરનારાની જેમ જ એનો તાગ પામી શકતો નથી એમ તમે મને જાણતા નથી માટે જ મને મૂરખ ઠરાવો છો!' અને પછી પોતાના અમાપ બળ માટે મગરૂરી વ્યક્ત કરતાં 'કદાચ આકાશ અને પૃથ્વી ઘંટીનાં પડની જેમ ભેગાં થઈ જાય તો પણ હું તેમને ભેગાં થતાં રોકી શકું એમ છું... હું પાંડવોના ઉપર ચઢી આવનાર તમામ આતતાયી ક્ષત્રિયોને ભોંય પર પછાડીને તેમના ઉપર પગ મૂકીને ઊભો રહીશ...તમે ઊગતા સૂર્યની પ્રભા જેવા (સંગ્રામમાં વધતા જતા) મારા પરાક્રમને નહિ જાણતા હો તો હવેના ભીષણ યુદ્ધમાં જાણશો. તમે શા માટે સોયથી ઘા ખોતરતા હો એમ મને કઠોર વાણીથી તિરસ્કારો છો? હું મારી બુદ્ધિ પ્રમાણે કહું છું કે મારું પરાક્રમ આ હું કહું છું તેનાથીય અધિક છે.' વગેરે કહીને ભીમસેને સમારોપ કર્યો: 'મારી મજ્જા! સીદાતી નથી, મારું મન ધ્રૂજતું નથી. આખું જગત ક્રોધે ભરાય તોપણ મને ડર લાગતો નથી; પરન્તુ મધુસૂદન! શું કરીએ તો ભરતોનો નાશ ન થાય એવી દયા અને સૌહાર્દથી જ આ સર્વ કલેશોને હું સહી લઉં છું. (૫-૭૪-૧ થી ૧૮)

શ્રીકૃષ્ણની ધારણા પ્રમાણે ભીમ ઉત્તેજિત થયો. એ ખેદ છોડીને તૈયાર થયો. એટલે એને સાન્ત્વન આપતાં શ્રીકૃષ્ણે કહ્યું: 'મેં તમને જે કંઈ કહ્યું તે પ્રેમથી તમારો મનોભાવ જાણવા કહ્યું છે. તમારા ઉપર આક્ષેપ કરવા, (મારી) પંડિતાઈ દેખાડવા, ક્રોધથી કે કહેવા ખાતર કહ્યું નથી. હું તમારી મહત્તા, બળ અને કર્મો જાણું છું, એટલે હું તમારું અપમાન કરતો નથી. પાંડુપુત્ર! તમે તમારામાં જેટલા સદ્ગુણ ધારો છો, એનાથીય હજારગણા હું તમારામાં ધારું છું. સર્વ રાજાઓ, બંધુઓ અને સુહૃદોએ સત્કારેલા જે કુલમાં તમે જન્મ્યા છો, તેને માટે તમે સુયોગ્ય છો. (એમ છતાંય) વૃકોદર! મનુષ્યો સંદિગ્ધ ધર્મને (દૈવ અને પુરુષાર્થને) જાણવાની ઇચ્છા કરે છે; પણ તેઓ દૈવ અને માનુષધર્મ (પુરુષાર્થ) એના નિયમનો નિર્ણય કરી શકતા નથી. (જેમ કે) પુરુષની અર્થસિદ્ધિમાં જે કર્મ કારણ બને છે, તે જ તેના વિનાશનુંય કારણ બને છે. માટે પુરુષાર્થનું ફળ સંદિગ્ધ છે. કર્મોમાં રહેલા દોષને જોનારા જ્ઞાનીઓએ કોઈ કાર્ય માટે એક રીતે નિર્ણય કર્યો હોય છે પણ વંટોળિયાથી જેમ બધું ઊલટપાલટ થઈ જાય એમ એનું પરિણામ ઊલટું જ આવે છે! સારી રીતે મન્ત્રણા કરીને, સુનીતિથી અને ન્યાયપૂર્વક કરેલું મનુષ્ય કર્મ (પુરુષાર્થ) દૈવયોગે વિરુદ્ધ પરિણામ લાવે છે, જ્યારે દૈવે કરેલાં ટાઢ, તાપ વરસાદ, ભૂખ અને તરસ વગેરે કર્મોને પણ પુરુષાર્થથી દૂર કરી શકાય છે. દિષ્ટભાવ (૧. મૃત્યુ ૨. પ્રારબ્ધ) સિવાયનાં માણસે કરેલાં બીજાં કર્મોનો અવરોધ દૂર કરી શકાય છે. એનો ત્યાં (શાસ્ત્રમાં) નિર્દેશ છે (માટે પુરુષાર્થ કરવો જ). પુરુષાર્થ વિના (કેવળ દૈવથી) લોકોની આજીવિકા ચાલતી નથી. (દૈવ અને પુરુષાર્થ) બન્નેના સમન્વયથી ફળ મળે છે એવો નિશ્ચય કરવો.[૧] જે આવો કૃતબુદ્ધિ

---

૧ जिज्ञासन्तो हि धर्मस्य संदिग्धस्य वृकोदर ।
पर्यायं न व्यवस्यन्ति दैवमानुषयोर्जनाः ॥ ५-७५-५

स एव हेतुर्भूत्वा हि पुरुषस्यार्थसिद्धिषु ।
विनाशेऽपि स एवास्य संदिग्धं कर्म पौरुषम् ॥ ५-७५-६

अन्यथा परिदृष्टानि कविभिर्दोषदर्शिभिः ।
अन्यथा परिवर्तन्ते वेगा इव नभस्वतः ॥ ५-७५-७

છે તે કર્મ કરે જ છે, અને નિષ્ફળ જતાં દુઃખી થતો નથી, તથા સફળ થતાં હર્ષિત થતો નથી. ભીમસેન! મેં તમને આ અર્થમાત્રા (અર્થપ્રાપ્તિનો સાર) કહી. કૌરવો સાથેના સંઘર્ષમાં આપણો એકાન્ત વિજય થશે એમ માનશો નહિ. (જીત થતાં) તમે અતિપ્રણીતરશ્મિ (ખૂબ અભિમાની) ન થાઓ અને (કદાચ) ઊલટી બીના બને તો (હારો તો) વિષાદ કે ગ્લાનિવશ થાઓ માટે આ કહું છું.[1] કાલે હું ધૃતરાષ્ટ્ર પાસે જઈશ અને તમારા હિતને હાનિ પહોંચાડચા વિના સંધિ કરવા પ્રયત્ન કરીશ. જો તેઓ સંધિ કરશે તો મને અનન્ત યશ મળશે. તમારી (યુદ્ધ વિના સમૃદ્ધિ મેળવવાની) કામના પૂર્ણ થશે અને પેલાઓનું ઉત્તમ કલ્યાણ થશે.[2] પરન્તુ જો કૌરવો એમના

---

सुमन्त्रितं सुनीतं च न्यायश्चोपपादितम् ।
कृतं मानुष्यकं कर्म दैवेनापि विरुध्यते ॥ ५–७५–८

दैवमप्यकृतं कर्म पौरुषेण विहन्यते ।
शीतमुष्णं तथा वर्षं क्षुत्पिपासे च भारत ॥ ५–७५–९

[illegible] पुरुषस्य स्वयंकृतम् ।
तस्मादनवरोधश्च विद्यते तत्र लक्षणम् ॥ ५–७५–१०

लोकस्य नान्यतो वृत्तिः पाण्डवान्यत्र कर्मणः ।
एवं बुद्धिः प्रवर्तेत फलं स्यादुभयान्वयात् ॥ ५–७५–११

१ य एवं कृतबुद्धिः सन्कर्मस्वेव प्रवर्तते ।
नासिद्धौ व्यथते तस्य न सिद्धौ हर्षमश्नुते ॥ ५–७५–१२

तत्रेयमर्थमात्रा वै भीमसेन विवक्षिता ।
नैकान्तसिद्धिर्मन्तव्या कुरुभिः सह संयुगे ॥ ५–७५–१३

नातिप्रणीतरश्मिः स्यात्तथा भवति पर्यये ।
विषादमर्छेद् ग्लानिं वा एतदर्थं ब्रवीमि ते ॥ ५–७५–१४

સર° (क) सुखदुःखे समे कृत्वा लाभालाभौ जयाजयौ ।
ततो युद्धाय युज्यस्व...... ॥ ६–२४–३८ કખગ (ગીતા २–३८ કખગ)

(ख) समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते ॥ ६–२६–२२ ગઘ (ગીતા ४–२२ ગઘ)

(ग) सिद्धयसिद्धयोः समो भूत्वा समत्वं योग उच्यते ॥ ६–२४–४८ કખ (ગીતા २–४८કખ)

(घ) सिद्धयसिद्धयोर्निर्विकारः कर्ता सात्त्विक उच्यते ॥ ६–४०–२६ ગઘ (ગીતા १८–२६ ગઘ)
हर्षशोकान्वितः कर्ता राजसः परिकीर्तितः ॥ ६–४०–२७ ગઘ (ગીતા १८–२७ ગઘ)
विषादी दीर्घसूत्री च कर्ता तामस उच्यते ॥ ६–४०–२८ ગઘ (ગીતા १८–२८ ગઘ)

२ यतिष्ये प्रशमं कर्तुं युष्मदर्थमहापयन् ॥ ५–७५–१५ ગઘ
शमं चेत्ते करिष्यन्ति ततोऽनन्तं यशो मम ।
भवतां कृतः कामस्तेषां च श्रेय उत्तमम् ॥ ५–७५–१६

જુઓ ઉપર પૃ. ૪૪૧ પરની નોંધ ૩.

દુરાગ્રહને ચીટકી રહીને મારાં વચનોનો અસ્વીકાર કરશે તો યુદ્ધરૂપી રૌદ્ર કર્મ થશે જ' અને પછી ભીમસેનને મહત્ત્વ આપતાં ઉપસંહાર કર્યો કે: 'આ યુદ્ધનો બધો ભાર (રથ જેવા) તમારા ઉપર મૂકેલો છે. અર્જુન (અશ્વની જેમ) ધુરા વહન કરશે અને બીજા માણસોને આપણે ઉપાડવાના છે (ટકાવવાના છે). યુદ્ધ થશે તો હું બીભત્સુનો સારથિ થઈશ. કારણ ધનંજયની એવી ઇચ્છા છે. બાકી મને લડવાની ઇચ્છા નથી એવું નથી. આ તો (તમારી હતાશ વાણીથી) મને તમારી (૬૮) નિર્ણયબુદ્ધિમાં શંકા થઈ એટલે તમારા તેજને આ વીર વાણીથી પ્રજ્વલિત કર્યું છે.'[૧] (૫-૭૫-૧ થી ૨૦).

ભીમસેન સાથેની મંત્રણા પૂરી થતાં અર્જુને શ્રીકૃષ્ણ સાથે વિચારવિનિમય કરવા માંડચો: 'જનાર્દન! યુધિષ્ઠિર સાથેની આપની વાતચીત સાંભળી મને સમજાયું છે કે, ધૃતરાષ્ટ્રના (રાજ્ય) લોભથી અથવા અમારા દૈન્યથી (દૈન્ય દુષ્ટતાનું પોષક છે તેથી) સંધિ થવી સુકર નથી એમ તમે માનો છો. વળી તમે (કેવળ) પુરુષનું પરાક્રમ (પુરુષાર્થ) અફળ છે અને બીજાં કર્મો (દૈવ) વિના (એકલા) પુરુષાર્થથી ફલોદય થતો નથી એમ માનો છો.[૨] જો કે તમે કહ્યું તેમ હોવા છતાં એમ નથીયે હોતું. એટલે આ ઉપરથી કોઈ વસ્તુ અસાધ્ય જ છે એમ ધારવું જોઈએ નહિ. જેમનાં શુભ કર્મોનો ઉદય નથી હોતો તેમનાં કર્મ નાશ પામે છે. એટલે શું અમારા (કૌરવપાંડવોના) પાપોદયથી આ (યુદ્ધ)સંકટ આવેલું માનો છો? પરન્તુ પ્રભો! સમ્યક્ પ્રકારે કરેલું કાર્ય સફળ થાય છે. માટે તમે પણ શત્રુ સાથે સમાધાન થાય એમ

---

૧ (૧) अहं हि यन्ता बीभत्सोर्भविता संयुगे सति।
धनंजयस्यैष कामो न हि युद्धं न कामये ॥ ५-७५-१९

तस्मादाशङ्कमानोऽहं वृकोदर मतिं तव।
तुदन्नक्लीबया वाचा तेजस्ते समदीपयम्। ५-७५-२०

અર્જુનની મનોકામના પૂર્ણ કરવા શ્રીકૃષ્ણ એમના સારથિ થયા હતા અને લડવાનું વિચાર્યું નહોતું. અહીં સૂચન છે કે પુરુષાર્થી ભગવાનને તકલીફ આપવાનો ખ્યાલ રાખતો નથી પણ તેમના માર્ગદર્શન નીચે રહીને સમત્વબુદ્ધિથી કર્મયોગ આચરવાનું વિચારે છે.

(૨) સર૦ 'સહાયક શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'સ્વાધ્યાય', ફેબ્રુઆરી, '૧૯૬૮માં પૃ. ૧૪૫ ઉપર ૫-૭-૩૨ થી ૩૪ના સંદર્ભો અને તે ઉપરની નોંધ ૧.

૨ अफलं मन्यसे चापि पुरुषस्य पराक्रमम्।
न चान्तरेण कर्माणि पौरुषेण फलोदयः ॥ ५-७६-१

સર૦ કર્મની સફળતા માટે શ્રીકૃષ્ણનો નિર્ણય:

पञ्चैतानि महाबाहो कारणानि निबोध मे।
सांख्ये कृतान्ते प्रोक्तानि सिद्धये सर्वकर्मणाम् ॥ ६-४०-१३ (ગીતા ૧૮-૧૩)

अधिष्ठानं तथा कर्ता करणं च पृथग्विधम्।
विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥ ६-४०-१४ (ગીતા ૧૮-૧૪)

'શાન્તિ' ક્ષેપક ૮૯૮. એ પછીનો શ્લોક શાન્તિ ૩૩૫-૮૩, ૬-૪૦-૧૩ (ગીતા ૧૮-૧૩) સાથે સર૦.

કરો. પ્રજાપતિ જેમ દેવ અને અસુરોના પરમ સુહૃદ છે તેમ તમે પાંડવ-કૌરવોના પરમ સુહૃદ છો. માટે તમે પાંડવ-કૌરવોનું ભલું કરી આપો. અમારું (કૌરવ-પાંડવોનું) હિત કરવું તમારે માટે મુશ્કેલ નથી એમ હું માનું છું. જનાર્દન! એમ ઉચિત રીતે કરશો તો ત્યાં જવા માત્રથી જ (સંધિના) કાર્યને પાર પાડશો જ. બાકી તમે દુરાત્મા દુર્યોધન માટે બીજું કંઈ ધાર્યું હશે તો તો અમારી ધારણા પ્રમાણે જ થશે. કૌરવો સાથે સંધિ થાઓ કે ન થાઓ, અથવા તમે જેમ ધાર્યું હોય તેમ થાઓ. કૃષ્ણ! તમે જે સંકલ્પ વિચાર્યો હોય તે જ અમારે પ્રમાણ છે. (૫-૭૬-૧ થી ૧૧)

'ધર્મરાજ યુધિષ્ઠિરની શ્રી જેનાથી દેખી ગઈ નહિ, તે દુર્યોધને ધર્મિષ્ઠ ઉપાય નહિ જડવાથી, કપટદ્યૂત જેવા ઉપાયથી એ લક્ષ્મીને હરી લીધી. આવો નૃશંસ દુર્યોધન પુત્રપરિવારસહિત વધપાત્ર થયો છે...એટલે તમે મિત્ર માટે (રાજ્યપ્રાપ્તિનું) મુખ્ય કાર્ય કોમળ ઉપાય કે બીજા (યુદ્ધ જેવા) ઉપાયથી સિદ્ધ કરવા ધારો એમાં કંઈ આશ્ચર્ય નથી. અથવા તમને એમનો વધ કરવો વધુ સારો લાગતો હોય તો તત્કાળ એમ જ કરો, એમાં બીજું વિચારશો જ નહિ. પાપબુદ્ધિ દુર્યોધને સભામાં દ્રૌપદીને જે પરિક્લેશ આપ્યો હતો તેને અમે સહન કરી લીધો છે, પણ આવો માણસ પાંડવોની સાથે સમ્યક્ પ્રકારે વર્તે એ તો મારી સમજ પ્રમાણે ઊષર ભૂમિમાં બીજ ઉગાડવા જેવું અશક્ય છે. માટે (સંક્ષેપમાં) તમને જે કાર્ય યોગ્ય અને પાંડવોનું હિતકારી લાગતું હોય અને હવે પછી જે કરવાનું હોય તે (પુરુષાર્થથી) આજે જ તત્કાળ કરો.' (૫-૭૬-૧૨ થી ૨૦)

પુરુષાર્થથી અર્થસિદ્ધિ થાય જ એમ માનતા, ગમે એમ કરીને સુલેહ-શાન્તિ ઇચ્છતા, એ સાથે દ્વિધામાં ગડમથલ કરતા આત્મીય મિત્ર અર્જુનને શ્રીકૃષ્ણે કાર્યસિદ્ધિ માટે પુરુષાર્થ અને દૈવના પ્રભાવની સમીક્ષા કરતાં ઉત્તર આપ્યો: 'મહાબાહો! તું કહે છે એમ જ છે. (સંધિ કે વિગ્રહ) એ બન્ને કાર્ય મારે અધીન છે. (એમ છતાં દૃષ્ટાંત તરીકે) જો રસાળ ખેતર હોય, (નિષ્ણાત) ખેડૂતે તેને (ખેડ-ખાતર વગેરેથી) તૈયાર કર્યું હોય, પણ કૌન્તેય! વરસાદ ન પડે તો તેમાંથી કદી ફલપ્રાપ્તિ થતી નથી. આ સ્થિતિમાં પણ પ્રયત્નપૂર્વક સિંચાઈ કરીને પાક લેવો એને (પુરુષાર્થ-વાદીઓ) પૌરુષ કહે છે, પણ ત્યાંય દૈવયોગે (કોઈ વખત સિંચાઈ માટેનું જળાશય) સુકાઈ જાય છે! એટલે પૂર્વના મહાપુરુષોએ બુદ્ધિપૂર્વક નિર્ણય કર્યો છે કે, **'દૈવ અને પુરુષાર્થના સંયુક્ત આધારે લોકવ્યવહાર ચાલે છે.' તેથી હું સુલેહ માટે ભારે પુરુષાર્થ કરીશ જ, પરન્તુ હું દૈવનું કાર્ય કોઈ રીતે કરી શકીશ નહિ (અથવા દૈવને હું કોઈ રીતે ફેરવી શકીશ નહિ)!** (કારણ કે) પેલો દુર્બુદ્ધિ દુર્યોધન ધર્મ અને સત્યને વેગળાં મૂકીને ફરે છે અને આવાં (દુષ્કાર્યો) માટે તેને સંતાપ થતો નથી. વળી શકુનિ, સૂતપુત્ર કર્ણ અને ભાઈ દુઃશાસન જેવા મન્ત્રીઓ તેની પાપિષ્ઠ બુદ્ધિને વધાર્યા જ કરે છે. તે દુર્યોધન પરિવાર સાથે માર્યા ગયા સિવાય તમને રાજ્ય આપીને શાન્તિ કરે એમ જ નથી. તેમજ ધર્મરાજ પણ પ્રણામ કરીને (પોતાનો સર્વ રાજ્યભાગ) છોડવા ચાહતા નથી, અને પેલો દુર્મતિ માગવાથી રાજ્ય આપવાનો પણ નથી![1] એટલે મને લાગે છે કે (સુલેહના) પ્રયોજનથી (માત્ર પાંચ ગામ લઈને દીનતાપૂર્વક સંધિ

---

१ एवमेतन्महाबाहो यथा वदसि पाण्डव ।
सर्वं त्विदं समायत्तं बीभत्सो कर्मणोर्द्वयोः ॥ ५-७७-१

કરવાનો ) યુધિષ્ઠિરનો સંદેશો તેને કહેવો જોઈએ નહિ. જો કે એ પાપી દુર્યોધન એ પ્રમાણે ( પણ) કરવાનો નથી. એટલે એટલું પણ નહિ સ્વીકારવાથી એ જગતમાં વધપાત્ર ગણાશે. એણે બાળપણથી જ તમને સૌને ( અન્યાયથી ) દુઃખ દીધું છે. એટલે તે મારે માટે અને જગત માટે પણ વધપાત્ર બન્યો છે. યુધિષ્ઠિરની શ્રી જોઈને એ ધગી ઊઠે છે, અને તેથી એ નૃશંસે તમારું રાજ્ય ઓળવ્યું છે. પાર્થ ! તારી અને મારી વચ્ચે ભેદ પડાવવા એણે વારંવાર પ્રયત્ન કર્યો છે, પણ મેં એની પાપી ધારણા સફળ કરી નથી. મહાબાહો ! તું એનું સાચું ધ્યેય જાણે છે અને ધર્મરાજાનું પ્રિય ઇચ્છનારા મને પણ જાણે છે. આમ તું મારી અને એની અંતરની ઇચ્છાને જાણે છે, છતાં આજે અજાણ્યો થઈને કારણ વિના શા માટે શંકા કરે છે? વળી જે (કાર્યકારણભાવના) નિયમ મુજબ નક્કી થયેલું પરમ દિવ્ય છે તે પણ તું જાણે છે ( તો એ ઉપરથી તું સમજ ) કે શત્રુઓ સાથે કેવી રીતે સુલેહ થઈ શકે?[1] પાંડવ ! વાણી અને મનથી મારાથી બનશે તેટલો

---

क्षेत्रं हि रसवच्छुद्धं कर्षकेणोपपादितम् ।
ऋते वर्षं न कौन्तेय जातु निर्वर्तयेत्फलम् ॥ ५-७७-२

तत्र वै पौरुषं ब्रूयुरासेकं यत्नकारितम् ।
तत्र चापि ध्रुवं पश्येच्छोषणं दैवकारितम् ॥ ५-७७-३

तदिदं निश्चितं बुद्धया पूर्वैरपि महात्मभिः ।
दैवे च मानुषे चैव संयुक्तं लोककारितम् ॥ ५-७७-४

अहं हि तत्करिष्यामि परं पुरुषकारतः ।
दैवं तु न मया शक्यं कर्म कर्तुं कथंचन ॥ ५-७७-५

स हि धर्मं च सत्यं च त्यक्त्वा चरति दुर्मतिः ।
न हि संतप्यते तेन तथारूपेण कर्मणा ॥ ५-७७-६

तां चापि बुद्धिं पापिष्ठां वर्धयन्त्यस्य मन्त्रिणः ।
शकुनिः सूतपुत्रश्च भ्राता दुःशासनस्तथा ॥ ५-७७-७

स हि त्यागेन राज्यस्य न शमं समुपेष्यति ।
अन्तरेण वधात्पार्थः सानुबन्धः सुयोधनः ॥ ५-७७-८

न चापि प्रणिपातेन त्यक्तुमिच्छति धर्मराट् ।
याच्यमानस्तु राज्यं स न प्रदास्यति दुर्मतिः ॥ ५-७७-९

१ न तु मन्ये स तद्वाच्यो यद्युधिष्ठिरशासनम् ।
उक्तं प्रयोजनं तत्र धर्मराजेन भारत ॥ ५-७७-१०

तथा पापस्तु तत्सर्वं न करिष्यति कौरवः ।
तस्मिंश्चाक्रियमाणेऽसौ लोकवध्यो भविष्यति ॥ ५-७७-११

मम चापि स वध्यो वै जगतश्चापि भारत ।
येन कौमारके यूयं सर्वे विप्रकृतास्तथा ॥ ५-७७-१२

બધો પ્રયત્ન કરીશ. એમ છતાં હું શત્રુઓ સાથે સમાધાન થવાની આશા રાખતો નથી. ગયે વર્ષે (વિરાટની) ગાયોનું હરણ કર્યા પછી પાછાં વળતાં માર્ગમાં ભીષ્મે શાન્તિ કરવાની માગણી કરી હતી, તે એણે કયાં માની હતી ? (જો કે) તેં જ્યારથી એમને હરાવવાનો નિશ્ચય કર્યો છે ત્યારથી જ તેઓ હારી ચૂકયા છે. દુર્યોધન એક ક્ષણ (=૪ મિનિટ) કે લવ (=૬/૧૦ સેકન્ડ) માટે સંતોષ પકડતો નથી. (એમ છતાં પણ) મારે સર્વથા ધર્મરાજની આજ્ઞા પ્રમાણે વર્તીને દુરાત્મા દુર્યોધનના પાપી કર્મને સાવધાનપણે ફરી ચકાસી લેવું જોઈએ.[1] (અર્થાત્ કદાચ રસ્તો નીકળે તો કાઢવા માટે વિષ્ટિ કરવા જવું જોઈએ.) (૫–૭૭–૧ થી ૨૧)

હવે અર્જુન સાથેની મન્ત્રણા પૂરી થતાં નકુલે કોઈ શાણા માણુસની જેમ અભિપ્રાય આપ્યોઃ 'પુરુષોત્તમ ! તમે ધર્મરાજ, ભીમસેન અને અર્જુનના મત સાંભળ્યા, પણ આપ તો આ બધી વાતો વેગળી રાખીને કૌરવોનો અભિપ્રાય જાણ્યા પછી જેમ સમયોચિત લાગે તેમ કરજો. જ્યારે જેવું નિમિત્ત હોય એવો મત બંધાય છે. એટલે મનુષ્યે સમયોચિત કાર્ય કરવું જોઈએ. મનુષ્યે

---

विप्रलुप्तं च वो राज्यं नृशंसेन दुरात्मना ।
नचोपशाम्यते पापः श्रियं दृष्ट्वा युधिष्ठिरे ॥ ५–७७–१३

असकृच्चाप्यहं तेन त्वत्कृते पार्थ भेदितः ।
न मया तद्गृहीतं च पापं तस्य चिकीर्षितम् ॥ ५–७७–१४

जानासि हि महाबाहो त्वमप्यस्य परं मतम् ।
प्रियं चिकीर्षमाणं च धर्मराजस्य मामपि ॥ ५–७७–१५

स जानंस्तस्य चात्मानं मम चैव परं मतम् ।
अजानन्निव चाकस्मादर्जुनाद्याभिशङ्कसे ॥ ५–७७–१६

यच्चापि परमं दिव्यं तच्चाप्यवगतं त्वया ।
विधानविहितं दिव्यं कथं शर्म भवेत्परैः ॥ ५–७७–१७

૫–૭૭–૧૭માં દર્શાવેલા 'વિધાનવિહિત પરમ દિવ્ય' અથવા કાર્યકારણભાવના દૈવી નિયમ માટે જુઓ (૧) ઉપર પૃ. ૪૩૯ નોંધ ૧. (૨) સજ્જનસંરક્ષણ, દુષ્ટોના વિનાશ અને ધર્મના સંસ્થાપન માટે અવતાર લેવાનું કાર્ય. ૬–૨૬–૭, ૮. (ગીતા ૪–૭, ૮).

१ यत्तु वाचा मया शक्यं कर्मणा चापि पाण्डव ।
करिष्ये तदहं पार्थ न त्वाशंसे शमं परैः ॥ ५–७७–१८

कथं गोहरणे ब्रूयादिच्छञ्शर्म तथाविधम् ।
याच्यमानोऽपि भीष्मेण संवत्सरगतेऽध्वनि ॥ ५–७७–१९

तदैव ते पराभूता यदा संकल्पितास्त्वया ।
लवशः क्षणशश्चापि न च तुष्टः सुयोधनः ॥ ५–७७–२०

सर्वथा तु मया कार्यं धर्मराजस्य शासनम् ।
विभाव्यं तस्य भूयश्च कर्म पापं दुरात्मनः ॥ ५–७७–२१

કોઈ કાર્ય અમુક રીતે કરવાનું વિચાર્યું હોય પણ ફરીથી ઊલટી સ્થિતિ આવી જાય છે. જગતમાં મનુષ્યોની બુદ્ધિ અસ્થિર હોય છે. જેમ કે અમે વનવાસમાં હતા ત્યારે અમારો વિચાર જુદો હતો, ગુપ્તવાસમાં જુદો હતો અને ફરી પ્રકટવાસમાં કંઈ જુદો જ છે! વનવાસમાં અમને રાજ્ય ઉપર અત્યાર જેવો રાગ નહોતો. હવે આપની મહેરબાનીથી અમારે માટે સાત અક્ષૌહિણી સેના સજ્જ થઈને ખડી છે, ત્યારે એમને જોઈને કોના છક્કા ન છૂટી જાય? (એટલે અમારામાં હિંમત આવી છે!) તેથી મને લાગે છે કે આપના ત્યાં જવા માત્રથી જ ધર્મરાજનું ઇષ્ટ સિદ્ધ થશે જ. ત્યાં તમારી વાત સમજે એવા વિદુર, ભીષ્મ, દ્રોણ અને બાહ્લિક જેવા માણસો છે. તમારી વાત સમજીને એ લોકો ધૃતરાષ્ટ્ર અને પાપી દુર્યોધનને સમજાવશે! વિદુર જેવા (પ્રાજ્ઞ) શ્રોતા છે અને વક્તા જનાર્દન! તમે છો, તો પછી ઘાંચમાં પડતા (ગાડા)ને તમે કેમ રસ્તે નહિ ચઢાવી શકે?!' (જાણે કે દુર્યોધન વિદુરના કહ્યામાં ન હોય!) (૫-૭૮-૧ થી ૧૮)

નકુલ બોલી રહ્યા પછી, બધા મોટા ભાઈઓની કોઈ પણ રીતે કેવળ સુલેહ કરવાની ઢીલીપોચી વાતો સાંભળીને અકળાઈ ગયેલા સર્વથી નાના (પંડિત) સહદેવે શ્રીકૃષ્ણને કહ્યું: 'અરિંદમ! રાજા યુધિષ્ઠિરે તો ('યુદ્ધમાં સદાય અનીતિ છે') એવો સનાતન ધર્મ કહ્યો છે; પરન્તુ તમે તો યુદ્ધ થાય એ રીતે જ વર્તજો, કૌરવો શાન્તિ ઇચ્છે તોપણ. કારણ કે સભા વચ્ચે પાંચાલીની અવદશા જોઈને મને જે ક્રોધ ચઢયો છે તે સુયોધનને મારી નાખ્યા વિના શી રીતે ઊતરે? કદાચ ભીમ, અર્જુન અને ધર્મરાજ 'ધાર્મિક' થશે (નહિ લડે) તોપણ હું તો (એ સંધિ કરવા રૂપી કાયર, દીન) 'ધર્મ'ને તરછોડીને સંગ્રામમાં લડવાનો.' (૫-૭૯-૧ થી ૪)

એટલે સાત્યકિએ સહદેવના મતનું સમર્થન કરી પાંડવોને વલ્કલ અને ચામડાંનાં વસ્ત્ર પહેરીને વિચરતા જોઈને સ્વયં શ્રીકૃષ્ણને જ કેવો ક્રોધ ચઢયો હતો તે યાદ કરાવીને [ જુઓ 'સખા શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા) 'શારદાપીઠ પ્રદીપ' દ્વારકા, ૧૯૬૭, પૃ. ૧ ઉપરના ૩-૧૩-૫, ૬, ૮ના સંદર્ભો ઇત્યાદિ.] જાહેર કર્યું કે, 'સહદેવના મત સાથે બધા યોદ્ધાઓ સંમત છે.' (૫-૭૯-૫ થી ૭)

સાત્યકિની હાકલથી પાંડવ સેનાના વીર યોદ્ધાઓ એને અનુમતિપૂર્વક ઉત્સાહ આપતાં 'શાબાશ, શાબાશ'ના પોકાર કરીને ગર્જવા લાગ્યા!' (૫-૭૯-૮, ૯)

વિષ્ટિ માટે જતા શ્રીકૃષ્ણને ધર્મરાજ, ભીમસેન અને અર્જુને સુલેહ કરાવવા માટે આવી રીતે ભાર દઈને કહ્યું. નકુલે બંન્ને તરફી શાણી વાત કરી. એનાથી દ્રૌપદીને ખૂબ લાગી આવ્યું. એણે સહદેવ અને સાત્યકિનું સન્માન કરીને પોતાના ગૌરવની અને કૌરવોએ કરેલા પોતાના ઘોર અપમાનની યાદ તાજી કરી અશ્રુપૂર્ણ આંખે શ્રીકૃષ્ણ આગળ વેદના ઠાલવી: 'મધુસૂદન! દુર્યોધને કેવાં કેવાં કપટ કરીને પાંડવોને દુઃખી કર્યા છે તે તમે જાણો છો. ધૃતરાષ્ટ્રે સંજય મારફત યુધિષ્ઠિર ઉપર ગુપ્ત સંદેશો મોકલ્યો હતો તેય જાણો છો. યુધિષ્ઠિરે 'કુશસ્થલ વગેરે માત્ર પાંચ જ ગામ લઈને સંધિ કરવા તૈયાર છીએ' એવો સંદેશો દુર્યોધનને મોકલ્યો હતો, પરંતુ દુર્યોધને તે પણ માન્યું નથી.[1] આ બધું તમે જાણો છો. માટે જો દુર્યોધન (ઇન્દ્રપ્રસ્થનું) રાજ્ય આપ્યા સિવાય

---

૧ યુધિષ્ઠિરના આ સંદેશાનો પાંડવોને કંઈ પણ જવાબ મળ્યો નથી એટલે દ્રૌપદી તર્કથી આ યોગ્ય અનુમાન તારવે છે.

જ સંધિનો પ્રસ્તાવ કરે તો તમારે સંધિ કરવી નહિ. કારણ કે પાંડવો સૃંજયોની મદદથી કૌરવોને પહોંચી વળે એવા બલવાન છે. કૌરવો સામ અને દામથી માને એવા નથી જ, માટે તમારે એમના ઉપર દયા ન કરવી.' (૫-૮૦-૧ થી ૧૨) એમ કહીને જાણે કે મહાયુદ્ધ એટલે સામાન્ય પ્રજાજનને એકતરફી દંડવા જેટલું સહેલું હોય એ રીતે એણે કેશવને યુદ્ધ કરી પાપી દુર્યોધન અને દુઃશાસનને શિક્ષા કરવા જોરદાર વિનંતી કરી: 'જે શત્રુઓ સામ કે દામથી ન માને તેના ઉપર દંડપ્રયોગ કરવો (એ નીતિ છે). માટે અચ્યુત! પાંડવો અને સૃંજયોની સાથે (તેમની મદદમાં) તમારે કૌરવો ઉપર સત્વર મહાદંડનો પ્રહાર કરવો જોઈએ. એ કાર્ય પાંડવોને હિતકારી, તમને યશસ્કર અને ક્ષત્રિયોને સુખાવહ થશે. સ્વધર્મનિષ્ઠ ક્ષત્રિયે લોભી ક્ષત્રિય કે અક્ષત્રિયનો નાશ કરવો જ જોઈએ. જનાર્દન! અવધ્યનો વધ કરવાથી જે દોષ લાગે છે, તે જ દોષ વધ્યનો વધ ન કરવાથી લાગે છે, એવું ધર્મવેત્તાઓ જાણે છે.[૧] માટે તમે પાંડવો અને સૃંજયોની સહાયથી એવું કરો કે તમને આ દોષ લાગે નહિ.' અને પછી શ્રીકૃષ્ણ ઉપરના અનન્ય વિશ્વાસથી એણે અગાઉ કહેલી વાત ફરીથી કહીઃ 'પૃથ્વી ઉપર મારા જેવી કોઈ સોહાગણ હશે? હું દ્રુપદરાજની પુત્રી, યજ્ઞવેદીમાંથી હું જન્મી, ધૃષ્ટદ્યુમ્નની બહેન, કૃષ્ણ! તમારી સખી, અજમીઢ કુલના પાંડુની પુત્રવધૂ, પાંચ ઇન્દ્ર જેવા પાંડવોની પટરાણી, પાંચ મહારથી પુત્રોની માતા, સગાઈની દૃષ્ટિએ અભિમન્યુની જેમ એ પણ ધર્મ મુજબ તમારા ભાણેજ, આવી (ગૌરવશાળી) હું તેને પાંડવોના દેખતાં અને કેશવ! તમે જીવો છો છતાં, પાંડવો જેવા (પરાક્રમી) પાંચાલો અને વૃષ્ણિઓ પણ જીવે છે છતાં, સભામાં ઢસડીને મારો ચોટલો ચૂંથવામાં આવ્યો! પાપીઓની સભામાં દાસી બની, અને નિષ્ક્રિય તથા અક્રોધી રહીને પાંડવો જોઈ રહ્યા! ત્યારે 'ત્રાહિ મામ્! ગોવિન્દ!' એવું મેં તમારું મનમાં આશા સાથે ચિંતન કર્યું હતું. (વળી કંઈક સદ્ભાગ્યે) સસરા ધૃતરાષ્ટ્રે મને વર આપી પાંડવોને દાસભાવથી મુક્ત કરી વનવાસ માટે મોકલ્યા હતા! અમને પડેલાં આવાં આવાં દુઃખો તમે જાણો છો. માટે પુંડરીકાક્ષ! પતિઓ, સંબંધીઓ અને બાંધવો સાથે મારું રક્ષણ કરો!' વળી ઊભરો ઠાલવ્યો, 'ધર્મ પ્રમાણે હું ધૃતરાષ્ટ્ર અને ભીષ્મ બન્નેની પુત્રવધૂ છતાં મને દાસી બનાવી! ધિક્કાર છે ભીમસેનના બળને અને ધિક્કાર છે અર્જુનના ધનુર્ધારીપણાને, કારણ દુર્યોધન એક મુહૂર્ત પણ જીવવા પામ્યો છે. કૃષ્ણ! જો હું તમારા અનુગ્રહને યોગ્ય હોઉં અને જો તમારી મારા ઉપર કૃપા હોય તો તમે કૌરવો ઉપર થાય એટલો કોપ કરો!' અને પછી પોતાનો સુંદર નીલ કેશપાશ ડાબા હાથમાં પકડી શ્રીકૃષ્ણને બતાવી બોલી: 'જ્યારે

---

૧ (૧) यथावध्ये भवेद्दोषो वध्यमाने जनार्दन ।
स वधस्यावधे दृष्ट इति धर्मविदो विदुः ॥ ५-८०-१८

શ્રીકૃષ્ણ જેવા મહાપ્રતાપી પુરુષને દ્રૌપદી કે જે એક સ્ત્રી છે તે આ પ્રાચીન યુગમાં ખરેખર ન્યાય શું છે એ અંગે હિંમતથી ધર્મપ્રમાણ આપે છે, તે વેદવ્યાસની સૂચક દૃષ્ટિનું દર્શન કરાવે છે.

(૨) ગાંધીજીના ૧૬-૮-'૩૩ના બીજા હરિજન ઉપવાસ પ્રસંગે પૂ. કસ્તુરબા જેલમાં મુલાકાત લઈ ગયાં. તે પછી ગાંધીજીએ લખ્યું: 'બાની બહાદુરીને મણા નથી.'

એના ઉપર નોંધ કરતાં મહાદેવભાઈએ લખ્યું છે: 'બાની બહાદુરીને માટે દ્રૌપદી જેવાનાં પ્રાચીન દૃષ્ટાંત યાદ કરવાં પડે છે, અને એ બધાના મૂળમાં બાની અપ્રતિમ પતિપરાયણતા અને બ્રહ્મચર્ય!'

'મહાદેવભાઈની ડાયરી', પુ. ત્રીજું, પૃ. ૩૬૩-૬૪.

શત્રુઓ સાથે સંધિ કરવા ઇચ્છો ત્યારે દુઃશાસને વીંખેલા આ ચોટલાને યાદ કરજો ! કૃપણ ભીમ-અર્જુન હમણાં સંધિ ઇચ્છે છે. રહી રહીને ભીમ હવે ધર્મને ઓળખવા માંડ્યા છે ! (ભલે, એમને સંધિ કરવા દો.) મારા વૃદ્ધ પિતા, તેમના મહારથી પુત્રો અને મારા **પાંચ મહાપરાક્રમી પુત્રો અભિમન્યુને આગેવાન કરીને લડી લેશે.** જ્યાં સુધી દુઃશાસનના એ કાળા કર્મ કરનારા હાથને હું ધૂળમાં રગદોળાતો નહિ જોઉં ત્યાં સુધી મારા હૃદયને કયાંથી શાન્તિ મળશે ? × ×'[1] (૫–૮૦–૧ થી ૪૩)

શોકકર્ષિત શૂરી ક્ષત્રિયાણી દ્રૌપદીએ રડતાં રડતાં, થરથર કંપતા સ્વરે, શ્રીકૃષ્ણને સંધિ નહિ પણ વિગ્રહ કરીને કૌરવોનું નિકંદન કાઢી નાખવા માટે પ્રેર્યા. ત્યારે શ્રીકૃષ્ણે એને બહુ આશ્વાસન આપ્યું: 'કૃષ્ણા ! તું થોડા સમયમાં જ ભરતોની સ્ત્રીઓને રડતી જોઈશ. હે ભામિની (ક્રુદ્ધ મહિલા) ! જેમના ઉપર તું ક્રોધે ભરાઈ છે તેઓ જ્ઞાતિ, બાન્ધવો, મિત્રો અને સૈન્યો સહિત માર્યા જતાં, એમની સ્ત્રીઓ આ જ પ્રમાણે રુદન કરશે. યુધિષ્ઠિરની આજ્ઞાથી અને દૈવે કરેલા વિધિનિયમ (કાર્યકારણભાવના નિયમ) અનુસાર હું ભીમ, અર્જુન, નકુલ અને સહદેવની સાથે મળીને મેલાઓનો નાશ (=કૌરવોનો નાશ) કરીશ. કાળથી પરિપકવ થયેલા કૌરવો મારાં (સર્વહિતકારી ન્યાય્ય) વચનો નહિ સાંભળે તો કૂતરાં-શિયાળનાં ભોજન બનીને ભૂમિ પર સૂશે. હિમાલય ચળે, પૃથ્વીના સેંકડો ટુકડા થાય અને નક્ષત્રો સહિત આકાશ તૂટી પડે તો પણ મારુ વચન મિથ્યા નહિ થાય. કૃષ્ણા ! આંસુઓને રોક. તારી આગળ સત્ય પ્રતિજ્ઞા કરું છું કે તું અલ્પ સમયમાં જ તારા પતિઓને શત્રુઓને નાશ કરીને (રાજ્ય)શ્રીવાળા થયેલા જોઈશ.'[2] (૫–૮૦–૪૪ થી ૪૯)

મન્ત્રણાનું સમાપન કરતાં અર્જુને **સર્વના પ્રિયકામ શ્રીકૃષ્ણને** વિષ્ટિનો દોર સોંપી દીધો: 'તમે સર્વ કૌરવોના અનુત્તમ સુહૃદ છો, બન્ને પક્ષના સંબંધી અને સદાય પ્રીતિપાત્ર છો. માટે પાંડવ-કૌરવ વચ્ચે સંપ કરાવો. સંપ કરાવવા માટે તમે સંપૂર્ણ યોગ્ય છો. અમિત્રહન્ પુંડરીકાક્ષ ! તમે ક્રોધી દુર્યોધનને શાન્તિ માટે કહેવા જેવું કહેજો. તમારી ધર્મ-અર્થવાળી, કલ્યાણકારી, નિર્દોષ અને હિતકારી વાણીને જો બાલિશ દુર્યોધન સ્વીકારશે નહિ તો પછી એ દિષ્ટને (કાર્યકારણભાવના સનાતન નિયમ અનુસાર આદિષ્ટ સર્વનાશને) વશ થશે.' (૫-૮૧-૧ થી ૪)

* * *

---

૧ સર° દ્રૌપદીના શબ્દો ૩-૧૩-૪૨ થી ૧૧૩ અને તે ઉપરની નોંધો. જુઓ 'સખા શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'શારદાપીઠ પ્રદીપ', ફેબ્રુઆરી ૧૯૬૭, પૃ. ૪૦ થી ૪૩ અને નોંધ ૧૪ થી ૧૯. વળી સર° વસ્ત્રહરણના નિષ્ફળ પ્રયત્ન પછીનાં દ્રૌપદીનાં વચન ૨-૬૨-૪ થી ૧૩. આ પ્રસંગમાં દ્રૌપદીનો ઓરમાન પુત્ર અભિમન્યુ ઉપરનો સ્નેહ અને અનુભૂત વિશ્વાસ જે રીતે વ્યક્ત થાય છે તે મનનીય છે.

૨ सत्यं ते प्रतिजानामि कृष्णे बाष्पो निगृह्यताम् ।
हतामित्राञ्छ्रिया युक्तानचिराद्द्रक्ष्यसे पतीन् ॥ ५-८०-४९

૫–૮૦–૪૪ થી ૪૯ના શ્રીકૃષ્ણના શબ્દો સાથે સર° 'આરણ્યકપર્વ' ૧૩–૧૧૪ થી ૧૧૭. ત્યાં પણ શ્રીકૃષ્ણે દ્રૌપદીનું સાન્ત્વન કરતાં આવા જ શબ્દો ઉચ્ચાર્યા છે. જુઓ 'સખા શ્રીકૃષ્ણ' (ઉ. જ. સાંડેસરા), 'શારદાપીઠ પ્રદીપ' દ્વારકા, ફેબ્રુઆરી ૧૯૬૭, પૃ. ૪૩, ૪૪ માં ૩–૧૩–૧૧૪ થી ૧૧૭નો સંદર્ભ અને નોંધ ૨૦. જે જેવી ભાવના રાખે છે, પરમાત્મા શ્રીકૃષ્ણ તેવી ભાવના સફલ કરે છે.

મન્ત્રણા પરિષદમાં પ્રથમ દયાળુ રાજા યુધિષ્ઠિરે અર્થહ્રાસત્વ, દારિદ્રય અને સ્વધર્મની સમીક્ષા કરી. યુદ્ધની નિરર્થકતા, યુદ્ધ એટલે અનીતિ જ, પરાણે લાદેલું યુદ્ધ (હઠ) આવી પડે તો પરિણામે ચાલનારું વૈર-પ્રતિવૈરનું વિષચક્ર, વિગ્રહમાં મનુષ્ય મનુષ્યત્વ ખોઈને કૂતરા જેવો બને છે વગેરે વિશદ કરી, કૃપણતા દર્શાવ્યા વિના, નમ્રતાથી લડાઈ કર્યા વિના રાજ્યનો એક ટુકડો પણ પાછો મેળવીને સુલેહ રાખવા શું કરવું તેની **નિશ્ચયજ્ઞ પ્રિયકામ** શ્રીકૃષ્ણ પાસે સલાહ માગી.[1]

એ પછી ભીમસેને એના સ્વભાવથી વિપરીત રીતે ગમે તેમ કરીને સંધિ કરી લાવવા વિનંતી કરી. પુરુષાર્થી અર્જુને પુરુષાર્થથી સર્વ કાર્યો સિદ્ધ થાય જ છે એવું પ્રતિપાદન કરી સુલેહ ઉપર ભાર મૂકયો. નકુલ, સહદેવ, સાત્યકિએ પણ પોતાના અભિપ્રાય આપ્યા, અને દ્રૌપદીએ શ્રીકૃષ્ણ સાથેના સખ્યના દાવે તેર તેર વર્ષથી હૃદયમાં સંઘરી રાખેલો વૈરનો દાવાનળ ખુલ્લો કર્યો.

વિષ્વક્સેન (સર્વતોમુખી પ્રભાવવાળા) શ્રીકૃષ્ણે આ મન્ત્રણામાં પોતાનાં મંતવ્યો દર્શાવ્યાં. શાન્તિપૂર્વક થોડું મળે તો તેને ઘણું માનવાની ધર્મરાજની વૃત્તિ[2] અને પારકું હજમ કરીને કંઈ પણ પાછું આપવું જ નહિ એવી દુર્યોધનની વૃત્તિ વચ્ચેનો ભેદ દર્શાવ્યો દીનતાથી કાર્ય સિદ્ધ ન જ થાય. માટે પરાક્રમ કરવા તૈયાર રહેવાનો અનુરોધ કર્યો. (શિષ્ટોથી) નિન્દિત ચારિત્ર્ય-વાળાથી બીવું નહિ, કારણ હીન ચરિત્ર્યવાળા મૂળમાંથી ઊખડી ગયેલા જ હોય છે. તેમનું પતન અધરું નથી. એમ છતાં ન્યાયી પક્ષને નુકસાન કર્યા કે દૈન્ય વિના શાન્તિ કરવાની (સાચી શાન્તિની) પોતાની અંતરની અભિલાષા વ્યક્ત કરી. એ અભિલાષા કાર્યકારણભાવના સનાતન દૈવી નિયમને અનુસરીને પાર પાડવી અતિ-અતિ મુશ્કેલ છે[3] એ જાણવા છતાં,

---

૧ અર્થાત્ યુધિષ્ઠિરે સ્વયં ભગવાનને સલાહકાર રાખીને આ વિશિષ્ટ કોયડાનો ઉકેલ કરવાનો ભાર એમના ઉપર નાખ્યો.

દરેક દાખલામાં ભગવાન (અર્થાત્ પોતાનું સ્થિતપ્રજ્ઞ અંતઃકરણ, કે જેનું અંતઃકરણ સ્થિરપ્રજ્ઞ થયું હોય તેવી વ્યક્તિ) સલાહકાર રહે એવું કવિનું સૂચન છે.

२ तव धर्माश्रिता बुद्धिस्तेषां वैराश्रिता मतिः ।
यद्युद्धेन लभ्येत तत्ते बहुमतं भवेत् ॥ ५–७१–२

સર૦ એક જાણીતું સુભાષિત :

अकृत्वा परसन्तापमगत्वा खलनम्रताम् ।
अनुत्सृज्य सतां मार्गं यदल्पमपि तद्बहु ॥

બીજાઓને સન્તાપ્યા વિના, દુર્જનોને નમ્યા વિના અને સજ્જનોના માર્ગ (શિષ્ટાચાર)ને છોડચા વિના (આજીવિકા અથવા બીજા કાર્ય માટે) જે થોડું પણ મળે છે તે (પૂરતું હોવા ઉપરાંત) ઘણું બધું છે.

૩ સર૦ 'સત્ય એ જ ઈશ્વર છે' (ગાંધીજી, ૧લી આવૃત્તિ, ૧૯૫૭) એ પુસ્તકમાંનાં ગાંધીજીનાં કેટલાંક વચનો :

સફળતા અને નિષ્ફળતાને સમાન ગણી,[1] કદાચિત્ સફળ થવાય તો જગત મૃત્યુના જડબામાંથી છૂટે અને પોતાને મહાન પવિત્ર કાર્ય કર્યાનો યશ મળે, એ માટે એમણે પોતાની સર્વ શક્તિથી પુરુષાર્થ કરવાનો દૃઢ નિશ્ચય દર્શાવ્યો. દૈવ (૧. કાર્યકારણભાવનો દૈવી નિયમ. ૨. પ્રારબ્ધ) અને પુરુષાર્થ બન્નેના સમન્વયથી કાર્ય કેવી રીતે સફળ થાય. છે તે વિશદ કર્યું, અને આવા નિષ્કામ પ્રબલ પ્રયત્ન છતાં મહાયુદ્ધ (લગભગ) અનિવાર્યપણે આવી પડવાનું છે, એટલે તે માટે દૃઢ સંકલ્પથી સાવધાન રહેવાનો આદેશ આપ્યો. વિગ્રહમાત્રમાં (ભૌતિક કે આત્મિક) દૃઢ સંકલ્પ અનિવાર્ય છે.

વિગ્રહ કે શાન્તિ જેવી અતિમહત્ત્વની મન્ત્રણામાં ભીમસેનને યથાયોગ્ય ઉત્તેજક શબ્દો કહેતા શ્રીકૃષ્ણ, એને એ શબ્દો સ્નેહથી કહે છે. આક્ષેપ કરવા, પોતાની પંડિતાઈનો ડોળ દેખાડવા કે એને હલકો પાડવાના આશયથી કંઈ કહેતા નથી, પરન્તુ એનામાં રહેલા અનેક સદ્‌ગુણોની મુક્ત પ્રશંસા કરીને કહે છે :

यथा चात्मनि कल्याणं संभावयसि पाण्डव ।
सहस्रगुणमप्येतत्त्वयि संभावयाम्यहम् ॥ ૫–૭૫–૩ ઇત્યાદિ.

*　　　*　　　*

---

(પૃ. ૨૧ ઉપર) ખુદ ઈશ્વરે પોતાના કાનૂનોમાં સુધારાવધારો કરવાનો અધિકાર રાખ્યો નથી અને તેને એવી જાતનો સુધારોવધારો કરવાની જરૂર પણ નથી. તે સર્વશક્તિમાન અને સર્વજ્ઞ છે.

**'યંગ ઇન્ડિયા'** ૨૫–૧૨–'૨૬

(પૃ. ૨૩ ઉપર) ઈશ્વરને હું વ્યક્તિ તરીકે જોતો નથી. મારે સારુ સત્ય એ જ ઈશ્વર છે અને જે અર્થમાં એક દુન્યવી રાજા અને તેના કાનૂન બે જુદી જુદી વસ્તુ અગર હકીકત છે તે રીતે ઈશ્વર અને તેનો કાનૂન જુદી વસ્તુ અગર હકીકત નથી. એનું કારણ એ કે ઈશ્વર તત્ત્વ છે, કાનૂન છે, પોતે જ છે. તેથી ઈશ્વર પોતાના કાનૂનનો ભંગ કરે એવી કલ્પના કરવી અશક્ય છે. એટલે તે આપણી ક્રિયાઓ પર હકૂમત ચલાવી આઘો રહેતો નથી. આપણાં કામો પર તે શાસન ચલાવે છે એવું કહેવામાં આપણે કેવળ માણસોને સમજાય એવી આપણી ભાષા વાપરી તેના પર મર્યાદા મૂકવાની કોશિશ કરીએ છીએ. બાકી ખરું જોતાં તે અને તેનો કાનૂન સર્વ સ્થળે ચાલે છે અને સર્વનું શાસન કરે છે. આપણી દરેક માગણી પૂરેપૂરી વિગતે તે પૂરી પાડે છે એમ મને લાગતું નથી પણ તે આપણી ક્રિયામાત્રનો શાસક છે અને તેની ઇચ્છા વગર તૃણનો અંકુર સરખો ઊગતો કે હાલતો નથી એ વાત હું અક્ષરશઃ માનું છું. આપણે જે સ્વતંત્ર ઇચ્છાનો ઉપભોગ કરીએ છીએ તે ભીડમાં વહાણના તૂતક ઉપર મુસાફરી કરનારા પ્રવાસીની ઇચ્છાથીયે ઓછી સ્વતંત્ર છે.

**'હરિજન'** ૨૩–૩–'૪૦.

(પૃ. ૭ ઉપર) જેને તાબે રહીને જીવનમાત્ર નભે છે ને ચાલે છે તે કાનૂન ઈશ્વર છે. અહીં કાનૂન અને તે કાનૂનનો ઘડનારો બન્ને એક જ છે. એ કાનૂન અને તેના ઘડનારા વિશે મને નહીં જેવું જ્ઞાન હોય તેટલા જ કારણે મારાથી તે કાનૂનનો કે તેના ઘડનારનો ઇન્કાર ન થાય.........

**'યંગ ઇન્ડિયા'** ૧૧–૧૦–'૨૮.

૧ જુઓ ૬–૨૪–૨૮ (ગીતા ૨–૨૮); ૬–૨૪–૪૮ (ગીતા ૨–૪૮); ૬–૨૪–૫૭ (ગીતા ૨–૫૭); ૧૨–૨૭૭–૩૭ વગેરે. જુઓ ઉપર નોંધ ૨૩.

૫-૭૧-૨૫ થી ૩૧માં શ્રીકૃષ્ણે જનસમાજનો સંપર્ક સાધી દુર્યોધનના કુત્સિત ચારિત્ર્યને ખુલ્લું પાડીને જનમત કેળવવાનું વિધાન કર્યું છે, તે એમની અને લોકોની વચ્ચેના પરસ્પર વિશ્વાસ, સૌહાર્દ અને આત્મીયતાનું દ્યોતક છે. સાથે હીન ચારિત્ર્યમાં દુર્બળતા છે અને શક્તિ અથવા સત્તા (અં. Power)નું ઉદ્‌ગમસ્થાન ચારિત્ર્યશીલ જનસમાજ છે એવા શ્રીકૃષ્ણના સિદ્ધાંતનું નિદર્શન કરાવે છે.

*        *        *

ભગવાન શ્રીકૃષ્ણે જે સંકલ્પબળ, પડકાર, મહાનુભાવિતા અને સર્વથી વધુ તો આદિથી અંત સુધી જે પ્રિયકામપણાથી મહાભારત યુદ્ધનું સંચાલન કર્યું, તેને સમજ્યા વિના અજ્ઞાનથી, અશ્રદ્ધાથી, વિદેશી અને વિધર્મી વિરોધી પ્રચારથી તથા ચોક્કસ પ્રકારની અસંયમી અધીરાઈથી એ મહાન વિભૂતિને યુદ્ધખોર કહીને વગોવવામાં આવે છે. હિંસક યુદ્ધ એ અનેક મૂર્ખાઈઓમાંથી ઊભું થાય છે (જેમ કે દ્યૂતખેલનમાં યુધિષ્ઠિરનું બાઘાપણું) અને તેમાં કેવળ નીતિ હોતી નથી, બલ્કે અનીતિ મોટા પ્રમાણમાં હોય છે એવો વેદવ્યાસ, શ્રીકૃષ્ણ, યુધિષ્ઠિરથી માંડીને આજ સુધીના પણ તમામ નયનિષ્ણાતોનો મત છે, છતાંય તે તરફ અંધદૃષ્ટિ રાખીને શ્રીકૃષ્ણને કપટી રાજપુરુષ (મેકિયાવેલિ પ્રકારના) કહેવામાં આવે છે. તેમાં એ વિભૂતિનું કંઈ બગડતું નથી, પરન્તુ ટીકાખોરોનું પતન તો અવશ્ય રહેલું છે.

ગાંધીજી જેવા મહાન વીરની ક્ષમાશીલ આચારપરિણત અહિંસા નહિ પરન્તુ કાલ્પનિક 'અહિંસા'ની પકડમાં રહીને, વિશાળ હૃદય અને દીર્ઘ દૃષ્ટિ રાખ્યા વિના કાયરતાને સહિષ્ણુતા અને અહિંસાના નામે ઉપાસતા ઘણા બધા ભારતીય જનો એ વિરાટ ઊંચાઈ ધરાવતા મહાનુભાવની પોતાના અસંત ટૂંકા માપદંડથી માપણી કરવા જાય છે અને પોતે કેવું 'માપ' કાઢ્યું એમ માનીને ખુશી થાય છે! ખાસ કરીને આવા મનુષ્યો માટે બીજા વિશ્વયુદ્ધના પ્ર-નેતા અને વિજેતા ચર્ચિલ જે બન્ને પ્રલયંકર વિશ્વયુદ્ધોના (two supreme cataclysms) સક્રિય ઉચ્ચ કાર્યકર્તા હતા તેમના પુસ્તકમાંથી કેટલાંક ઉપયુક્ત અવતરણ અહીં મૂકયાં છે.

બીજા વિશ્વયુદ્ધનો કડીબદ્ધ અહેવાલ આપતા એમના બૃહદ્ ગ્રંથનું નામ છે: *The Second World War.*[૧] એ ગ્રંથના છયે છ ભાગની શરૂઆતમાં પહેલે પાને શ્રી ચર્ચિલે ગ્રંથતાત્પર્ય આ રીતે લખ્યું છે:

| | |
|---|---|
| **Moral of the work :** | ગ્રંથતાત્પર્ય |
| **In War : Resolution** | સંગ્રામમાં દૃઢ સંકલ્પ |
| **In Defeat : Defiance** | પરાભવમાં વીર-પ્રતિકાર |
| **In Victory : Magnanimity.** | વિજયમાં મહાનુભાવિતા |

---

૧ આ ગ્રંથના છ ભાગ છે. દરેક ભાગ ૬૦૦ થી ૮૦૦ પાનાંનો છે. છ ભાગનાં નામ : **(1) The Gathering Storm, (2) Their Finest Hour, (3) The Grand Alliance, (4) The Hinge of Fate, (5) Closing the Ring, (6) Triumph and Tragedy.**

**In Peace : Goodwill** શાન્તિમાં સૌહાર્દ અર્થાત્ પ્રિયકામત્વ.[1]

યુદ્ધની નિરર્થકતા અંગે પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં ચર્ચિલે લખ્યું છે: One day President Roosevelt told me that he was asking publicly for suggestions about what the war should be called. I said at once: " the unnecessary war "( અનાવશ્યક યુદ્ધ ). ( Preface : p. x. )

યુદ્ધની કારણમીમાંસા કરતા પહેલા ભાગનો વિષય ( **Theme of the Volume** ) ચર્ચિલે નીચેના શબ્દોથી પ્રદર્શિત કર્યો છે :

*How the English-speaking peoples through their unwisdom,*
*Carelessness and good nature allowed the wicked to rearm.*

તથા પુસ્તકના પ્રથમ પ્રકરણનું નામ **The Follies of the Victors 1919-1929** રાખ્યું છે!

અને બીજા વિશ્વયુદ્ધમાંની અનીતિની સમીક્ષા કરતાં જર્મનોની અભૂતપૂર્વ જંગાલિયતનો મિત્રરાજ્યોએ કેવી રીતે વીસ ગણો બદલો આપ્યો તેનું કરાળ વર્ણન :

In the Second World War every bond between man and man was to perish. Crimes were committed by the Germans under the Hitlerite domination to which they allowed themselves to be subjected which find no equal in scale and wickedness with any that have darkened the human record. The wholesale massacre by systematised processes of six or seven millions of men, women and children in the German execution camps exceeds in horror the rough-and-ready butcheries of Cenghis Khan, and in scale reduces them to pigmy proportions. Deliberate extermination of whole populations was contemplated and pursued by both Germany and Russia in the Eastern war. The hideous process of bombarding open cities from the air, once started by the Germans, was repaid twenty-fold by the ever-mounting power of the Allies, and found in the use of the atomic bombs which obliterated Hiroshima and Nagasaki. ( *The Second World War Vol. I, p. 32* )

---

૧ સર° विपदि धैर्यमथाभ्युदये क्षमा
सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ
प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥

ભર્તૃહરિકૃત ' નીતિશતક ' ૬૩.

વિપત્તિમાં ધૈર્ય, અભ્યુદયમાં ક્ષમા, સભામાં વાક્પાટવ, યુદ્ધમાં પરાક્રમ, યશમાં અભિરુચિ, શાસ્ત્રાધ્યયનમાં નિમગ્ન રહેવું, આટલું ખરેખર મહાત્માઓમાં સ્વભાવસિદ્ધ હોય છે.

બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટિશ સામ્રાજ્ય અને રાષ્ટ્રસમૂહના[૧] વિગ્રહ અને રાજ્યનીતિના પ્રમુખ જવાબદાર ઘડવૈયા તરીકે પોતાના પુસ્તકનું ઇતિહાસમાં શું સ્થાન હશે એ વિશે ચર્ચિલ લખે છે :

I do not describe it as history, for that belongs to another generation. But I claim with confidence that it is a contribution to history which will be of service to the future. (*The Second World War Vol. I, Preface*, p. ix).

મહાભારત એ મૂળભૂત રીતે ધર્મખોજનો ગ્રંથ છે. ચર્ચિલનું પુસ્તક એ વિશ્વયુદ્ધનો, એક વિચક્ષણ નયવેત્તાનો અનુભવસમૃદ્ધ વૃત્તાંત છે. ચર્ચિલ યુદ્ધના રાગદ્વેષોથી અવલિપ્ત એવો યુદ્ધનો નેતા છે. વેદવ્યાસ પૌત્રોના કલહને તટસ્થતાથી આલેખતા સમકાલીન સ્થિતપ્રજ્ઞ ઋષિ છે, અને શ્રીકૃષ્ણ આવા સ્થિતપ્રજ્ઞ ઋષિના પણ પ્રેરણાદાતા છે. બન્ને ગ્રંથોમાં આ તાત્ત્વિક ફરક હોવા છતાં, બન્નેની પીઠિકા પોતપોતાના યુગનું વિશ્વયુદ્ધ હોઈને, યુદ્ધના સફળ સંચાલન તથા તેનાં સારાં-માઠાં પરિણામ અંગે, અત્યંત ભિન્ન દેશ-કાલ અને ભિન્ન પ્રજાઓ વગેરે હોવા છતાં અનેક મુદ્દાઓ ઉપર આચારનું સામ્ય પણ દેખાય છે. તેથી 'ઇતિહાસ'નો કેટલાક આધુનિક વિદ્વાનો અર્થ કરે છે, તે અર્થમાં પ્રાગૈતિહાસિક સમયની કથાઓનો સંગ્રહ, જે ખરેખર તો તેના સાચા અર્થમાં ઇતિહાસ જ છે, તે **મહાભારત**; અને જે ૧૯૩૯ થી ૧૯૪૫નાં ૭ વર્ષ દરમિયાન જગતમાં સૌથી મોટા પાયા ઉપર લડાયેલા વિશ્વયુદ્ધનો વૃત્તાંત 'જે સમય વીતતાં ઇતિહાસમાં પરિણમશે' તે *The Second World War*; એ બન્નેમાંનાં કેટલાંક ઉપયોગી સમાન તત્ત્વોની મર્યાદિત તુલના પણ સંકુચિત વિચારફલકને વધુ સહેલાઈથી વિશાળ બનાવી શકે.

* * *

પ્રિયકામત્વ અર્થાત્ સૌનું ભલું ઇચ્છવું એ અત્યંત દુષ્કર કાર્ય છે. એકનું ભલું ઇચ્છતાં જાણ્યે-અજાણ્યે બીજાનું ભૂંડું ઇચ્છી જવાય છે. એકને માટે સારું એ બીજાને માટે ખરાબ હોઈ શકે છે. ન્યાયી વર્તનમાંય એકને ન્યાય કરવા જતાં બીજાને ભલે અન્યાય ન કર્યો હોય, પરન્તુ એનું બૂરું ચિંતવન થવાનું ભયસ્થાન તો ઊભું રહે જ છે, જેમાંથી અનેક અનર્થપરંપરાઓ સર્જાય. સર્વ પ્રત્યે સૌહાર્દભાવ રાખવો એ અશક્ય નહિ તો અશક્યવત્ મુશ્કેલ હોવા છતાં શ્રીકૃષ્ણ 'બન્ને પક્ષના અનુત્તમ સુહૃદ, સંબંધી અને સદાય પ્રીતિપાત્ર'[૨] બની રહ્યા હતા. નીતિ અનુસાર વર્તતા

---

૧ કોઈને એમ લાગે કે બીજા વિશ્વયુદ્ધ વખતે 'રાષ્ટ્ર સમૂહ' ક્યાં હતો ? પરન્તુ ચર્ચિલે પોતાને માટે '...One who bore the chief responsibility for the war and policy of the British Empire and Commonwealth'. (*The Second World War Vol. I, Preface*, p. ix) તથા એ રીતે બીજા વૉલ્યૂમની દસ લીટીની ટૂંકી પ્રસ્તાવનામાં પણ 'British Commonwealth and Empire' એવો નિર્દેશ કર્યો છે તે કૅનેડા, ઑસ્ટ્રેલિયા વગેરે સ્વતંત્ર સંસ્થાનોને ઉદ્દેશીને જણાય છે.

૨ ન્સર° વિષ્ટિ માટે જવાની વિનંતી કરતા અર્જુનના શબ્દો '

करुणामय सर्वेषां भवान्सुहृदनुत्तमः ।
संबन्धी दयितो नित्यमुभयोः पक्षयोरपि ॥ ५–८१–१ .

પક્ષને નુકસાન પહોંચાડ્યા વિના અનીતિમાન પક્ષને મૃત્યુના જડબામાંથી છોડાવી શકાતો હોય તો તે માટે પરમ પુરુષાર્થ કરવા ઉદ્યુક્ત થયા હતા. (પછી એમણે એવો ભારે પ્રયત્ન કર્યો પણ ખરો.) શક્તિના ઉદ્દ્ભવસ્થાનના, શક્તિના વિનાશના અને શક્તિધારણના સંપૂર્ણ જ્ઞાતા હતા તેથી ભાવિભાવ—કૌરવોનો પ્રણાશ તેમને જણાતો હોવા છતાં, અને નિષ્કામ હતા છતાં પ્રિયકામત્વના કારણે "સૌ કોઈ સર્વનાશમાંથી ઊગરી જાય તો સારું" આવી ઉત્કટ આકાંક્ષાથી શ્રીકૃષ્ણે વિષ્ટિનું તન-મનને કસી નાખનારું, બહુવિધ જોખમી કાર્ય વહન કરવાનું નક્કી કર્યું હતું.

પ્રિયકામત્વ અને નિષ્કામત્વ, ભાવાત્મક અને અભાવાત્મક, એ બન્નેના સમન્વયથી શ્રીકૃષ્ણનું પરમપુરુષાર્થી, યુક્તતમ, કર્મયોગી જીવન ઉજ્જવલ હતું અને છે.

---

સર° રાજદૂત શ્રીકૃષ્ણને કેદ કરવાની દરખાસ્ત કરતા દુર્યોધનને ધૃતરાષ્ટ્રે અટકાવીને કહ્યું તે :

दूतश्च हि हृषीकेशः संबन्धी च प्रियश्च नः ।
अपापः कौरवेयेषु कथं बन्धनमर्हति ॥ ५-८६-१८

# ભાગવત ધર્મ અને પાંચરાત્ર સંપ્રદાય

કેશવરામ કા. શાસ્ત્રી

શ્રીમદ્ ભગવદ્‌ગીતાનું વાચન કરતાં એક વસ્તુ તરત જ સ્પષ્ટ થઈ જાય છે કે એમાં ભગવાન પુરુષોત્તમ કૃષ્ણ એ સર્વોપરિ તત્ત્વ છે. ગીતામાં જ આપણને 'અવ્યક્ત અક્ષર'નો પણ ખ્યાલ મળે છે, અને આ 'અવ્યક્ત અક્ષર' કરતાં પુરુષોત્તમ પર છે એવું સ્પષ્ટ સૂચન મળે છે. क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् (૧૨-૫)—અવ્યક્તમાં જેમનું ચિત્ત છે તેવા સાધકને વધુ પડતો શ્રમ પડે છે એમ કહી ગીતાએ અવ્યક્ત અક્ષરની ઉપાસનાના માર્ગ કરતાં પુરુષોત્તમની ભક્તિનો માર્ગ સરળ અને ઉત્તમ છે એમ સ્પષ્ટ પ્રતિપાદિત કરી અનન્યતરણમાર્ગની હિમાયત કરી છે. આનો આશય સ્પષ્ટ છે કે ત્રિગુણાત્મક વેદે નિર્દેશેલા દ્રવ્યયજ્ઞો તરફ સંપૂર્ણ અરુચિ વ્યાપક થઈ ચૂકી હતી તેવા સમયે ગીતામાં નિર્દિષ્ટ ભક્તિમાર્ગનો વિકાસ થયો હતો અને કામ્ય નાશવંત ફળો મેળવવાને માટે યોજાતા મોટા મોટા યજ્ઞોમાં સમય અને શક્તિ વેડફી ન નાખતાં અનાસક્તિપૂર્વક જગતમાંનાં નિત્ય નૈમિત્તિક કર્મો કરતા રહીને ભગવાનના અનન્ય શરણની ભાવનાને વિકસાવી, સરળતાથી અનુપદ્રવ રીતે ભગવાનની સાથે એકરૂપતા પ્રાપ્ત કરી જન્મમરણના ફેરામાંથી મુક્ત થવાનો રાહ ચીંધવામાં આવ્યો હતો. ગીતામાં 'કર્મમાર્ગ', 'જ્ઞાનમાર્ગ', 'ભક્તિમાર્ગ' કે 'ભાગવતમાર્ગ' એવી સંજ્ઞાઓ એ જ શબ્દોમાં મળતી નથી. આમાંનો ભક્તિ-માર્ગ એ જ એ યુગમાં 'ભાગવતમાર્ગ' કે 'ભાગવતધર્મ' તરીકે જાણીતો થયેલો હતો. भगवतः अयं भागवतः। આ ભગવાનને લગતો–ભગવાન—વિષયક માર્ગ કે ધર્મ હોવાને કારણે 'ભાગવત', અને ભગવાનના ભક્તો તે પણ આ જ રીતે 'ભાગવત'. ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં ગુપ્તવંશના રાજાઓ ભાગવતમાર્ગના અનુયાયીઓ અને એને ભારે વેગ આપનારા હોઈ એમના યુગના ઉત્કીર્ણ લેખોમાં 'પરમ ભાગવત'નું એક વિશેષણ એઓના નામની આગળ આપવામાં આવતું. એ પૂર્વે શુંગવંશના રાજ્યકાળમાં પણ આ સંજ્ઞા જાણીતી હતી. ભીલસામાં આવેલા 'ગરુડસ્તંભ'ના સંસ્થાપક વૈષ્ણવ બનેલા ગ્રીક દૂત હેલિયોડોરસના ત્યાંના લેખમાં એને 'પરમ ભાગવત' કહ્યો છે. શાંતિપર્વ (મહાભારત)ના મોક્ષધર્મપર્વના 'નારાયણીય ઉપાખ્યાન'માં આ ભાગવતધર્મનાં મૂલ તત્ત્વો બતાવવામાં આવ્યાં છે ત્યાં આ જ માર્ગની 'પંચરાત્ર' એવી સંજ્ઞા જાણવામાં આવી છે; જેમ કે:

'इदं महोपनिषदं चतुर्वेदसमन्वितम्।
सांख्ययोगकृतं तेन पञ्चरात्रानुशब्दितम्॥ १००॥

नारायणमुखोद्गीतं नारदोऽश्रावयत्पुनः।
ब्रह्मणः सदने तात यथा दृष्टं यथा श्रुतम्॥ १०१॥

(શાંતિપર્વ-પૂના, અ. ૩૨૬)

—આ મહાઉપનિષદ્—જેમાં ચારે વેદોનો આશય સમાયેલો છે તેવું, સાંખ્ય અને યોગના સિદ્ધાંત સાચવી રાખતું હોવાને કારણે **'પંચરાત્ર'** સંજ્ઞા પામેલું છે. એ નારાયણ ભગવાનના મુખથી ગવાયેલું તે જ નારદે જેવું જોયું હતું અને સાંભળ્યું હતું તેવું બ્રહ્મલોકમાં ફરી સંભળાવ્યું."

આની પહેલાં જ શાંતિપર્વ 'ધર્મ' તરીકે સંજ્ઞા આપતાં એક વિશિષ્ટ સંજ્ઞા તરફ ધ્યાન દોરે છે કે "नारायणः सात्वतधर्मगोप्ता (૩૨૨-૫)—ભગવાન નારાયણ 'સાત્વતધર્મ'ના રક્ષક છે. ઉપરિચરવસુએ પોતાના સમુદ્ધારને માટે જે વિધિનો આશ્રય લીધો તેની સંજ્ઞા પણ 'સાત્વત' કહેવામાં આવી છે (૩૨૨-૧૯ અને ૨૩)—અને એને ત્યાં જે મહાત્માઓ હતા તે પણ पञ्चरात्रविदः (૩૨૨-૨૪)—'પંચરાત્ર' (ધર્મ)ના જ્ઞાતાઓ હતા. વળી આગળ જતાં શ્વેતદ્વીપના નિવાસી ભક્તોને "एकान्तभावोपगताः (૩૨૩-૨૪) અને एकान्तिनस्ते पुरुषाः (૩૨૩-૨૬)—એકાંતભાવને પામેલા અને એકાંતી પુરુષો" કહ્યા છે.

આમ વધુમાં 'સાત્વત ધર્મ' અને 'એકાંતીઓનો ધર્મ' એવી રૂઢ તેમ જ અરૂઢ સંજ્ઞાઓ પણ મળે છે. ગીતામાં एकान्त શબ્દ પ્રયોજાયેલો છે, પરંતુ એ ત્યાં "एकान्तमनश्नतः (૬-૧૬)—કેવળ યા સંપૂર્ણપણે અનશન કરનાર" એવા અર્થમાં સમજાય છે; જો કે અહીં એમ કહી શકાય એમ છે કે ભક્ત કિંવા સાધકને યોગની સાધનામાં 'એકાંત' સ્થાન જરૂરી હોય છે તેવા સ્થાનમાં એ ભૂખ્યો રહે તો એ વગેરેથી એને યોગ સિદ્ધ થાય નહિ. આ રાજયોગની દિશાનું સૂચન છે. વળી "सुखस्यैकान्तिकस्य च (૧૪-૨૭)—એકાંતને લગતું—અગણિત ભજનાનંદરૂપ સુખ" એમ ऐकान्तिक શબ્દ અહીં પણ સાદો અર્થ આપતો લાગે છે; પણ 'નારાયણીય ઉપાખ્યાન'માં એનો જે સૂચક પ્રયોગ થયો છે તે જો ગીતાના एकान्त—ऐकान्तिक શબ્દને ખ્યાલમાં રાખી થયો હોય તો સંભવ છે કે ગીતામાં પણ 'ભાગવતમાર્ગ'ને અભીષ્ટ અર્થ હોય. તો 'ઐકાંતિક માર્ગ' એવી સંજ્ઞા પણ આમાંથી આપણને ગીતાસમર્થિત મળી આવે.

પાંચરાત્ર સંહિતાઓ—પૌષ્કર, વારાહ, બ્રાહ્મી અને એ ત્રણે સંહિતાઓનો ઉલ્લેખ કરનારી સાત્વત સંહિતા--નો હજી ઉદ્ભવ નહોતો થયો તે પૂર્વેનો મહાભારત-શાંતિપર્વનો આ નિર્દેશ છે. આ પ્રાચીન ધર્મ-સંપ્રદાયમાં વિષ્ણુ-નારાયણ-વાસુદેવ એ ભગવાન છે, અને એની ભક્તિ એ આ માર્ગનો પ્રાણરૂપ સિદ્ધાંત છે. જોવાનું એ છે કે વિષ્ણુભક્તિના આ માર્ગનાં મૂળ ક્યાં સુધી ઊંડે જાય છે અને અતિ પ્રાચીનકાળમાં 'સાત્વતમાર્ગ' 'ઐકાંતિકમાર્ગ' 'ભાગવતમાર્ગ' કે 'પાંચરાત્ર-માર્ગ' એવી સંજ્ઞાઓ જાણવામાં આવી તે પૂર્વે કોઈ અન્ય સંજ્ઞા કે સંજ્ઞાઓ હતી કે નહિ.

પ્રકૃતિનાં ભિન્ન ભિન્ન તત્ત્વોનાં દેવતાત્મકતાની ભાવનાથી ગવાયેલાં અનેક સૂક્તો ઋગ્વેદમાં મળે છે. એ તત્ત્વોમાંના સૂર્યને લક્ષ્યમાં રાખી 'વિષ્ણુ'ની સ્તુતિનાં પણ સંખ્યાબંધ સૂક્તો મળે છે: "इदं विष्णुर्विचक्रमे त्रेधा निदधे पदम् । समूढमस्य पांसुरे ॥ (ઋ. ૧-૨૨-૧૭). વિષ્ણુએ આ ઓળંગવાનું કર્યું. એણે ત્રણ રીતે ડગલું ભર્યું. આ ધૂળથી આચ્છાદિત આકાશમાં ઊંચે ગયું." અહીં સૂર્યની આપણે નજરે અનુભવાતી પ્રક્રિયા ગાવામાં આવી છે. એ જ વિષ્ણુનું એક પરમપદ—સ્થાન છે જેનાં જ્ઞાની પુરુષો દર્શન કરે છે: "तद् विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः ॥ (ઋ. ૧-૨૨-૨૦) બ્રાહ્મણ ગ્રંથોમાં ઐતરેય બ્રાહ્મણ (૬-૩-૧૫) અને શતપથ બ્રાહ્મણ (૧-૯-૩-૯)માં વિષ્ણુને સર્વોચ્ચ દેવ અને અસુરોથી પૃથ્વીનું રક્ષણ કરનાર બતાવ્યા છે. ગીતામાં आदित्यानामहं विष्णुः

(૧૦-૨૧) એમ આદિત્યોમાં 'વિષ્ણુ' નામના આદિત્ય—સૂર્ય ભગવાનની વિશિષ્ટ વિભૂતિરૂપ છે એમ સૂચના મળી આવે છે. અગિયારમા અધ્યાયમાં તો અર્જુનના મુખમાં ભગવાન કૃષ્ણના વિશેષણ તરીકે પણ બે વાર (૧૧-૨૪ અને ૩૦) विष्णो પ્રયોગ થયેલ છે. 'વિષ્ણુ', 'નારાયણ', 'વાસુદેવ', 'કૃષ્ણ' એ ચારેય એક જ પરમતત્ત્વનાં નામ હોઈ એ તત્ત્વની ઐકાંતિક ભક્તિનો બોધ શાંતિપર્વના 'નારાયણીય ઉપાખ્યાન'માંથી મળે છે. આવી ઐકાંતિક કે એને મળતી કોઈ શાસ્ત્ર-સંજ્ઞા કેટલી જૂની મળે છે એ તપાસવા જેવું છે. છાંદોગ્ય ઉપનિષદના સાતમા અધ્યાયના આરંભમાં નારદ જ્યારે સનત્કુમાર પાસે જાય છે ત્યારે સનત્કુમારની સમક્ષ ભિન્ન ભિન્ન વિદ્યાઓનો ઉલ્લેખ કરે છે; સનત્કુમાર એ વિદ્યાઓની ઉપાસના કરવાનું કહે છે; જેમ કે नाम वा ऋग्वेदो यजुर्वेदः सामवेद आथर्वणश्चतुर्थः इतिहासपुराणः पञ्चमो वेदानां वेदः पित्र्यो राशिर्दैवो निधिर्वाकोवाक्यमेकायनं देवविद्या ब्रह्मविद्या क्षत्रविद्या नक्षत्रविद्या सर्वदेवयजनविद्या नामैवैतन्नामोपास्वेति ॥ (છાં. ૭-૧-૧). આ વિદ્યાઓનું છાંદોગ્યના આ સાતમા અધ્યાયમાં વિશેષવાર આવર્તન થયેલું છે. આમાં एकायन પણ એક વિદ્યા છે. શ્વેતાશ્વતર ઉપનિષદનું આ વાક્ય અહીં યાદ આવ્યા વિના નહિ રહે.

"वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात् ।
तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ॥" (અ. ૩, શ્લો. ૮):

—તમસૂની પાર રહેલા આદિત્યવર્ણના એ મહાન પુરુષને હું જાણું છું. માનવ એનું જ જ્ઞાન પ્રાપ્ત કરીને મૃત્યુને તરી જાય છે; अयन—ગતિ કિંવા ઉદ્ધાર કે મોક્ષને માટે આ પ્રકારના જ્ઞાન સિવાય બીજો કોઈ માર્ગ નથી."

શ્વેતાશ્વતર આવા વિભુને શરણે જવાનું કહે છે એ પણ સૂચક છે

यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ।
तं ह देवमात्मबुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥ (અ. ૬, શ્લો. ૧૮):

—પૂર્વે જે બ્રહ્માને ઉત્પન્ન કરે છે અને પછી એ બ્રહ્માની પાસે વેદોને જે મોકલી આપે છે તે આત્માની બુદ્ધિને પ્રકાશ આપનારા દેવને શરણે મોક્ષાર્થી હું જાઉં છું." અને અંતે

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यै ते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ (અ. ૬, શ્લો. ૨૩):

—જેને આ પરમ પરમાત્મ-દેવ વિષે શ્રેષ્ઠ કોટિની ભક્તિ છે, જેવી એ દેવમાં તેવી ગુરુમાં, તેવા મહાત્માને ઉપનિષદમાં કહેલા આ અર્થોનો પ્રકાશ થાય છે."

શ્વેતાશ્વતર ઉપનિષદમાં આ પ્રમાણે જેનું શરણ લેવાનું છે, જેની ભક્તિ કરવાની છે, તેવા પરમ તત્ત્વ વિશેની એક માત્ર ગતિ તે આ एकायनविद्या છે એ આનાથી સ્પષ્ટ થશે, અને ગીતા આવા જ પરમ તત્ત્વની एकभक्तिની પ્રશસ્તિ કરે છે (અ. ૧૭, શ્લો. ૧૭): "तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते ॥—ચાર પ્રકારના ભક્તોમાં મારામાં નિત્ય પરોવાઈ રહેલો, એક માત્ર મારી જ ભક્તિ કરનારો જ્ઞાની તે ઉત્તમ છે."

વેદની કોઈ एकायन શાળા હતી કે નહિ એનો પત્તો લાગતો નથી પરંતુ પાંચરાત્ર સિદ્ધાંતના પ્રાચીન ગ્રંથોમાં एकायनને 'વેદ' કહેવામાં આવેલ છે. ઈશ્વરસંહિતામાં "एष एकायनो वेदः प्रख्यातः सर्वतो भुवि (૧-૪૬)" અને શ્રી પ્રશ્નસંહિતામાં "वेदमेकायनं नाम वेदानां शिरसि स्थितम्। तदर्थकं पाञ्चरात्रं मोक्षदं तत्क्रियावताम् ॥" એમાં પાંચરાત્ર સિદ્ધાંતની મૂલ પ્રગતિમાં આદિમાં एकायन वेद સ્વીકારવામાં આવેલ છે. આ વેદનું નામ एकायन શા માટે એનો પણ ખ્યાલ ઈશ્વરસંહિતામાં આપવામાં આવ્યો છે; જેમ કે (૧-૧૮)

"मोक्षायनाय वै पन्था एतदन्यो न विद्यते।
तस्मादेकायनं नाम प्रवदन्ति मनीषिणः ॥"

—મોક્ષગતિને માટે આના સિવાય બીજો કોઈ માર્ગ નથી, માટે બુદ્ધિશાળી લોકો આ માર્ગને एकायन નામ આપે છે."

આ વસ્તુ જ 'પાંચરાત્ર સંપ્રદાય'નું પ્રાચીનતમ નામ 'एकायन માર્ગ' હોવાનું સ્પષ્ટ કરી આપે છે. આમાં છાંદોગ્ય ઉપનિષદની एकायन विद्या મૂળમાં રહી હોવા વિશે શંકા રહેતી નથી, એટલે પ્રાચીન ઉપનિષદોના સમયમાં આ પ્રકારનો અનન્ય શરણાગતિનો માર્ગ અસ્તિત્વમાં હતો જ, જેને જરા મોડેથી થયેલા શ્વેતાશ્વતર ઉપનિષદનો પણ ટેકો છે જ.

આ જ एकायन માર્ગનું નામ પાડ્યા સિવાય ગીતા પરમ તત્ત્વની અનન્ય ભક્તિનો પ્રબળ રીતે ઉપદેશ આપે છે અને ત્યાં પરમ તત્ત્વ તરીકે पुरुषोत्तम છે, જેની શ્રીકૃષ્ણ સાથે ગીતામાં અનન્યતા છે. પરંતુ મોડેથી 'મહાભારત'માં શાંતિપર્વમાં છેડે ઉમેરાયેલા 'નારાયણીય ઉપાખ્યાન'માં 'નારાયણ'ને કેંદ્રમાં રાખીને सात्वतमार्ग કિંવા पाञ्चरात्र मार्गનો પરિચય સુલભ કરવામાં આવ્યો છે. આમ 'નારાયણીય ઉપાખ્યાન' એ 'પાંચરાત્ર સિદ્ધાંત'નું પ્રાચીનતમ શાસ્ત્ર કહી શકાય, જ્યાં નારાયણ-વાસુદેવની અનન્યતા અને વાસુદેવ-સંકર્ષણપ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચારે મૂર્તિ (વ્યૂહ)નાં પ્રથમ વાર દર્શન થાય છે, જેનું ગીતામાં જરા જેટલું પણ સૂચન નથી; એટલે શુદ્ધ સ્વરૂપમાં 'ભાગવત માર્ગ' આપણને ગીતામાં મળે છે, જ્યારે ચતુર્મૂર્તિ (ચતુર્વ્યૂહ)ની માન્યતાવાળો 'સાત્વતમાર્ગ' કિંવા 'પાંચરાત્ર સંપ્રદાય' 'નારાયણીય ઉપાખ્યાન'માં સ્ફુટ થાય છે. મહાભારત-શાંતિપર્વના 'નારાયણીય ઉપાખ્યાન'ના બે ખંડ પડી જાય છે: ૧લો ખંડ—અ. ૩૨૧ (ભાંડારકર પ્રાચ્યવિદ્યા મંદિરનું પ્રકાશન)થી ૩૨૬મા અધ્યાય સુધીનું નિરૂપણ—જે ભીષ્મ અને યુધિષ્ઠિરના ચાલ્યા આવતા સંવાદનો આંતર્ગત ભાગ છે; ૨જો ખંડ—અ. ૩૨૭થી ૩૩૯ સુધીનો છે, જેમાં ભીષ્મ-યુધિષ્ઠિરના સંવાદનો કાંઈ પણ ઇશારો નથી, ૩૪૦મો અધ્યાય આવતાં જ પાછો ભીષ્મ-યુધિષ્ઠિર સંવાદ શરૂ થાય છે. આમ આ બીજો ખંડ સ્પષ્ટ રૂપે પાછળથી ઉમેરાયેલો પકડી શકાય છે. ભાગવત ધર્મનાં ઉત્તર બે રૂપોમાંનું પહેલું રૂપ, અ. ૩૨૧ થી ૩૨૬માં છે તેમાં એનું તત્ત્વજ્ઞાન ૩૨૬મા અધ્યાયમાં છે. અ. ૩૨૧માં નારાયણની પાસેથી નારદજીને સાંખ્યમૂલક જ્ઞાન મળે છે, જેમાં 'ક્ષેત્રજ્ઞ'ની વિશિષ્ટતા બતાવી "ઐકાંતિક" ભક્તોની મહત્તા કહી છે. ૩૨૨મા અધ્યાયમાં નારાયણનું એક વિશેષણ सात्वतधर्मगोप्ता (શ્લો. ૫) છે અને રાજા ઉપરિચરવસુએ સિદ્ધિ મેળવી તે सात्वतविधिથી. ૩૨૩મા અધ્યાયમાં એ રાજાએ કરેલા અશ્વમેધ યજ્ઞમાં પશુઘાત ન કરતાં અહિંસક યજ્ઞ કર્યાનો નિર્દેશ છે. ૩૨૬મા અધ્યાયમાં

एकान्तिक श्रेष्ठ ભક્ત સિવાય પોતાના દર્શન શકય નથી એમ બતાવી નારાયણે નારદજીની સમક્ષ પોતાના સ્વરૂપનો ખ્યાલ આપતાં ચોક્કસ પ્રકારનું તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું છે તે હકીકતે सात्वतधर्म કિંવા ભાગવત ધર્મમાં જે સ્વીકારવામાં આવેલું તે છેઃ જેને આંખથી જોઈ શકાય એમ નથી, જેને સ્પર્શેંદ્રિયથી સ્પર્શ કરી શકાય એમ નથી, જેને ઘ્રાણથી સૂંઘી શકાય એમ નથી, જે રસથી વિવર્જિત છે, જેનો સત્ત્વ, રજસ્ અને તમસ્ ગુણો આશ્રય કરતા નથી (અર્થાત્ નિર્ગુણ છે), જેની સર્વત્ર ગતિ છે અને લોકનો જે સાક્ષી છે તેને 'આત્મા' કહે છે. પંચ મહાભૂતનાં શરીરોનો નાશ થતાં એ નાશ પામતો નથી તેવો એ 'અજ,' 'નિત્ય,' 'શાશ્વત,' 'નિર્ગુણ' અને 'નિષ્કલ' છે. ચોવીસ તત્ત્વોથી જાણીતો એ પચીસ-સ્વરૂપનો પુરુષ 'નિષ્ક્રિય' અને 'માત્ર જ્ઞાનથી દેખાય' તેવો કહેવામાં આવ્યો છે. જેમાં પ્રવેશ કરીને સાધકો મુક્ત બને છે તે સનાતન પરમાત્મા 'વાસુદેવ' જાણવા (શ્લો. ૨૦ થી ૨૪). આને શુભ અને અશુભ કર્મો બાધ કરતાં નથી (શ્લોક. ૨૫). સત્ત્વ, રજસ્ અને તમસ્, એ ત્રણ ગુણો બધાં શરીરોમાં છે અને ફર્યા કરે છે. આ ગુણોનો 'ક્ષેત્રજ્ઞ' ભોગ કરે છે, પરંતુ એ ગુણો એનો ભોગ કરી શકતા નથી; એ 'નિર્ગુણ' 'ગુણોનો ભોક્તા,' 'ગુણોના સર્જક' અને 'ગુણોથી આગળ વધી ગયેલો' છે (શ્લો. ૨૬-૨૭). જગતમાં પ્રતિષ્ઠિત એવી પૃથ્વીનો જલતત્ત્વમાં લય થાય છે, જલનો તેજ તત્ત્વમાં લય થાય છે. તેજ તત્ત્વનો વાયુમાં અને વાયુનો આકાશ તત્ત્વમાં લય થાય છે. આકાશનો મનમાં લય થાય છે. પરમ ભૂતમનનો 'અવ્યક્ત'માં લય થાય છે અને 'અવ્યક્ત'નો 'નિષ્ક્રિય' એવા પુરુષમાં લય થાય છે. સનાતન પુરુષની ઉપર બીજું કોઈ જ નથી. (શ્લો. ૨૮-૩૦). એક સનાતન પુરુષ વાસુદેવ સિવાયનાં સ્થાવર—જંગમ—ભૂતમાત્ર જગતમાં નિત્ય નથી. મહાબળવાન વાસુદેવ બધા ભૂતોનો આત્મા છે (શ્લો. ૩૧).

પૃથ્વી, વાયુ, આકાશ, જલ અને તેજ એ પાંચ તત્ત્વોનું શરીર કહેવાય છે. ધાતુઓના સંધાન વિના શરીર થતું નથી અને જીવ વિના ધાતુઓ ચેષ્ટા કરી શકતી નથી. પેલા શરીરમાં અદશ્ય અને ટૂંકી ગતિવાળો જીવ પ્રવેશ કરે છે; પ્રભુત્વવાળો એ ઉત્પન્ન થતાંવેંતને શરીરને ચેષ્ટાયુક્ત કરે છે. આ જીવને શેષ અને 'સંકર્ષણ' પણ કહે છે. જે મનમાં સર્વ ભૂતમાત્ર મૃત્યુ-વખતે પ્રલીન થઈ જાય છે તે સર્વ ભૂતોના મનને 'પ્રદ્યુમ્ન' કહેવામાં આવે છે. એમાંથી જે કર્તા કાર્ય અને કારણરૂપે જન્મ પામે છે અને જેમાંથી બધું સ્થાવર—જંગમ જગત પ્રગટે છે તે 'અનિરુદ્ધ' છે, એ ઇશાન અને સર્વ કર્મમાં વ્યક્તિરૂપ છે. હવે જે નિર્ગુણાત્મક ક્ષેત્રજ્ઞ છે તે ભગવાન 'વાસુદેવ' છે; 'પ્રદ્યુમ્ન'માંથી જે 'અનિરુદ્ધ' પ્રગટે છે તે 'અહંકાર' (શ્લો. ૩૨ થી ૩૯).

નારાયણ કહે છે કે—સ્થાવર—જંગમાત્મક બધું, અક્ષર અને ક્ષર, સત્ અને અસત્, મારામાંથી ઉત્પન્ન થાય છે. મારામાં પ્રવેશ કરીને મારા ભક્તો મુક્ત થાય છે. પંચવિંશ-સ્વરૂપવાળો નિષ્ક્રિય, નિર્ગુણ, નિષ્કલ, નિર્દ્વંદ્વ, નિષ્પરિગ્રહ જે પુરુષ તે હું છું (શ્લો. ૪૦ થી ૪૨).

ભૂતસમૂહમાં રહેલો હું સર્વત્ર ગતિવાળો છું; આ ભૂતસમૂહાત્મક શરીરો નાશ પામતાંય હું નાશ પામતો નથી (શ્લો. ૪૬). આ પછી આ અધ્યાયમાં શ્લો. ૪૭ થી પોતામાં સ્થિત વિવિધ વિભૂતિઓનો ખ્યાલ આપી પોતે બ્રહ્માદિનું સર્જન કરે છે એ વગેરે સૃષ્ટિવિકાસ કહ્યો છે.

શ્લો. ૬૧માં प्रादुर्भावगतश्चाहं सुरकार्येषु नित्यदाथी દેવોનાં કાર્યો કરવા જરૂરી બનતાં પોતે અવતાર ધારણ કરે છે એમ અવતારવાદનો ખ્યાલ આપે છે, અને કપિલ, હિરણ્યગર્ભ, વરાહ, નરસિંહ, અદિતિપુત્ર (વામન), (પરશુ)રામ, રામ, કંસહંતા (કૃષ્ણ)—આ અવતારોનાં ચરિત કહે છે. (શ્લો. ૯૬ સુધીમાં).

ભીષ્મે નારાયણે નારદને આપેલા આ ઉપદેશને महोपनिषद् કહી पञ्चरात्रानुशब्दित કહ્યો છે. અર્થાત્ પાંચરાત્ર સંપ્રદાયનું બીજ આ પ્રમાણે અહીં નખાયેલું જોવા મળે છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ વિચારતાં ગીતામાં આપણને 'વાસુદેવ,' 'સંકર્ષણ,' 'પ્રદ્યુમ્ન' અને 'અનિરુદ્ધ' એમ નારાયણના ચતુર્મૂર્તિ સ્વરૂપનો જરા જેટલો પણ ખ્યાલ મળતો નથી, જ્યારે આ 'નારાયણીય ઉપાખ્યાન'ના ૩૨૬મા અધ્યાયમાં એ સ્પષ્ટ થાય છે. ગીતામાં બીજા અધ્યાયમાં વર્ણિત હકીકતે 'જીવ' જ છે. ગીતામાં આગળ જતાં 'પુરુષ' અને 'પ્રકૃતિ'ના વિષયમાં કહેવામાં આવ્યું છે ત્યાં 'પુરુષ' સાંખ્ય સિદ્ધાંતનો જીવાત્મક પુરુષ સમજાય છે; જોકે બે પ્રકારની 'પ્રકૃતિ' કહી 'પરા' પ્રકૃતિને 'જીવરૂપ' કહી છે; હકીકતે જીવરૂપ પ્રકૃતિ એ 'પુરુષ' જ છે. પરંતુ ૧૫મા અધ્યાયમાં ભગવાનના અંશરૂપે કહેવામાં આવેલો જીવ એ 'ક્ષર'માં સમાવિષ્ટ છે. 'અક્ષર' એ 'નિર્ગુણ' અવ્યક્ત સ્વરૂપ છે, અને 'પુરુષોત્તમ' એ સર્વોચ્ચ પુરુષ છે, જ્યારે 'નારાયણીય ઉપાખ્યાન'માં ગીતાની જેમ 'ક્ષર' 'અક્ષર,' અને 'પુરુષ' એવો ભેદ બનાવીને 'પુરુષ'ને નિષ્ક્રિય 'નિર્ગુણ' નિષ્કલ કહેલ છે. આ વસ્તુ ગીતામાંથી પકડાતી નથી. આમ તત્ત્વજ્ઞાનક્ષેત્રે ભાગવતમાર્ગમાં ચોક્કસ પ્રકારની વિચારસરણી વિકસી તેનાં દર્શન 'નારાયણીય ઉપાખ્યાન'માં થાય છે.

સૂચક તો આ ઉપાખ્યાનમાં આપેલી ગુરુપરંપરા છે. નારાયણના મુખમાંથી ગવાયેલ આ મહોપનિષદ નારદે બ્રહ્માના સદનમાં સંભળાવી, બ્રહ્માએ એ સૂર્યને સંભળાવી (અહીં આને वेदसंमित पुराण કહ્યું છે). સૂર્યે છાસઠ હજાર ઋષિઓને સંભળાવી..એ ઋષિઓએ મેરુ પર્વતમાં એકઠા થયેલા દેવોને અને દેવોએ અસિતને, અસિતે મારા પિતૃઓને, અને મારા પિતા શંતનુએ મને (ભીષ્મને) સંભળાવી.

ગીતામાં આપેલી પરંપરા આનાથી જુદી છે અને ત્યાં ભગવાને સૂર્યને, સૂર્યે મનુને, મનુએ ઇક્ષ્વાકુ રાજાને, અને પરંપરાએ રાજાઓને એનું જ્ઞાન મળેલું. એ યોગ નષ્ટ થવાથી ભગવાને એને પુનર્જીવિત કરી અર્જુનને 'યોગ' કહ્યો. હકીકતે 'ભાગવત માર્ગ'ની પરંપરા વિશે જ આ નિર્દેશ છેઃ અનાસક્તિપૂર્વક કર્મો કરતાં રહી ભગવાનનું અનન્ય શરણ રાખી જીવન ચલાવવું એ.

ભાગવતધર્મનું આદ્ય સ્વરૂપ આમ ગીતામાં વ્યક્ત થયા પછી એના ઉત્તર સ્વરૂપનું પહેલું રૂપ–પાંચરાત્ર સંપ્રદાયનો જેમાં આરંભ થઈ ચૂક્યો છે—હકીકતે ચતુર્મૂર્તિસ્વરૂપ (પાછળથી 'ચતુર્વ્યૂહ' તરીકેનું સ્વરૂપ)ની માન્યતાવાળું 'નારાયણીય ઉપાખ્યાન'ના અ. ૩૨૧ થી ૩૨૬માં એમાં પણ અ. ૩૨૬માં જ નિરૂપિત થયેલું જોવા મળે છે. બીજું રૂપ અ. ૩૨૭ થી ૩૨૯માં છે. આમાં હવે व्यूह શબ્દ રૂઢ રૂપે જાણવામાં આવે છે; જેમકે (અ. ૩૩૬, શ્લો. ૫૩):—

"एक व्यूहविभागो वा क्वचिद् द्विव्यूहसंहितः ।
त्रिव्यूहश्चापि संख्यातश्चतुर्व्यूहश्च दृश्यते ॥"

ક્યાંક એક વ્યૂહના રૂપમાં, ક્યાંક બે વ્યૂહ તરીકે, ક્યાંક ત્રણ વ્યૂહના રૂપમાં તો વળી ક્યાંક ચાર વ્યૂહના રૂપમાં દેખાય છે. "

'ચાર વ્યૂહ'થી વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ અભિપ્રેત છે. અ. ૩૨૭માં વ્યાસજી પોતાના સુમંતુ જૈમિનિ પૈલ, અને વૈશંપાયન એ ચાર શિષ્યોને પરતત્ત્વના સ્વરૂપનો ખ્યાલ આપે છે: સાંખ્ય અને યોગના જ્ઞાતાઓ જેને પરમાત્મા કહે છે તે પોતાના કર્મથી 'મહાપુરુષ' સંજ્ઞા પામે છે. એમાંથી 'અવ્યક્ત' પ્રધાન પ્રગટ થયું છે. એ 'અવ્યક્ત' ઈશ્વરમાંથી લોક સરજવા 'વ્યક્ત' (જગત) ઉત્પન્ન થયું છે. લોકમાં 'અનિરુદ્ધ'ને 'મહાન આત્મા' કહેવામાં આવે છે. જે આ વ્યક્ત સ્વરૂપ પામ્યો અને પિતામહને પ્રગટ કર્યા તે સર્વ તેજોમય 'અહંકાર' કહેવાય છે. પૃથ્વી, વાયુ, આકાશ, જલ અને પાંચમું તેજ એ મહાભૂતો 'અહંકાર'માંથી પ્રગટ થયાં છે. મહાભૂતોને સરજ્યા પછી એના ગુણોનું નિર્માણ કર્યું: એ મહાભૂતોમાંથી મૂર્તિમાન મરીચિ, અંગિરા, અત્રિ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, વસિષ્ઠ અને સ્વાયંભુવ મનુ એ આઠ પ્રગટ થયા. જે આઠ પ્રકૃતિ છે અને જેમાં લોકો સ્થિતિ કરી રહેલા છે (શ્લો. ૨૪થી ૨૯). એ આઠ પ્રકૃતિમાંથી આ સમગ્ર જગત ઉત્પન્ન થયું છે (શ્લો. ૩૦). અને અંતે વ્યાસે ઉપાસનાનો કેટલોક ખ્યાલ આપી सेव्यतां हरिरीश्वरः (શ્લો. ૯૮) એવી શીખ આપી છે.

અ. ૩૨૮માં ભગવાનના મુખે કેટલાંક નામોની નિરુક્તિ અને અ. ૩૨૯માં કેટલીક નાની નાની આખ્યાયિકાઓ ઉપનિષદોના જેવા ગદ્યમાં આપી અ. ૩૩૦માં सात्वत ધર્મનો આછો ખ્યાલ આપ્યો છે. અ. ૩૩૧ના આરંભમાં જન્મેજય એક લાખ શ્લોકપૂર 'ભારતાખ્યાન'માંથી તારવેલા આ કથાનકના શ્રવણનો આનંદ અનુભવી શ્વેતદ્વીપમાંથી પાછા ફરેલા નારદજીને નર-નારાયણ ઋષિઓએ શું કહ્યું એ વિશે પ્રશ્ન કરતાં વૈશંપાયન એ સંક્ષેપમાં કહી બતાવે છે. અ. ૩૩૨માં એ આગળ વધે છે, સાધકો પ્રથમ 'અનિરુદ્ધ'માં, એ પછી 'પ્રદ્યુમ્ન'માં, ત્યાંથી 'સંકર્ષણ'માં, અને અંતે નિર્ગુણ ક્ષેત્રજ્ઞ 'વાસુદેવ'માં પ્રવેશ કરે છે (શ્લો. ૧૫ થી ૧૭) એમ एकान्तभावની પ્રશસ્તિ કરે છે. અ. ૩૩૩માં એ સંવાદ આગળ વધે છે, જેમાં નરનારાયણ ઋષિઓ 'નારાયણ'ને પરમ તત્ત્વ કહે છે; જેમ કે (શ્લો. ૨૫)

" अन्तर्गतः स भगवान् सर्वसत्त्वशरीरगः ।
समः सर्वेषु भूतेषु ईश्वरः सुखदुःखयोः ।
महान् महात्मा सर्वात्मा नारायण इति श्रुतः ॥ "

—અંદર રહેલા એ ભગવાન બધાં પ્રાણીઓનાં શરીરોમાં જઈ રહેલા, બધાં ભૂતમાત્રમાં સમાનતાએ રહેલા, સુખ અને દુઃખના શાસક મહાન મહાત્મા સર્વાત્મા તે 'નારાયણ' એમ સાંભળવામાં આવ્યા છે. "

एकान्तित्व અત્યંત ભક્તિથી પ્રાપ્ત થાય છે અને એ નારદને પ્રાપ્ત થયું એવું અ. ૩૩૪ના આરંભમાં જ સૂચન છે. વૈશંપાયન આ જ અધ્યાયમાં 'आत्मा हि ज्ञेयो' 'विष्णु :......' (શ્લો. ૭) આત્માને 'વિષ્ણુ' જાણવો " એમ કહે છે. અ. ૩૩૫માં વ્યાસજી યુધિષ્ઠિરને આ માર્ગનું તત્ત્વજ્ઞાન સમજાવે છે, જેમાં સૃષ્ટિને ક્રમિક ઉત્પત્તિ કહી છે. આમાં 'નારાયણ' એ જ સર્વોપરી તત્ત્વ છે

એ સ્પષ્ટ કર્યું છે ( શ્લો. ૭૫ થી ૮૯ ) જેમાં **सर्वेषामाश्रयो विष्णुः** અને **सर्वभूतकृतावासो वासुदेवः** ( શ્લો. ૮૭ ) એમ સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

અ. ૩૩૬માં **एकान्तधर्म**નું માહાત્મ્ય સૂચવાયું છે, જે ધર્મ **नारायणप्रियः** ( શ્લો. ૪ ) છે. આ અધ્યાયમાં વૈશંપાયન ભગવાન કૃષ્ણે ગીતામાં આપેલા ઉપદેશનું અનુસંધાન બતાવી **हरिगीता**માં કહેલો વ્રતીઓનો ધર્મ નારદે ( નારાયણ પાસેથી ) સરહસ્ય મેળવ્યો ( શ્લો. ૪૮-૪૯ ) એમ કહી **एवमेष महान्धर्म आद्यो राजन्सनातनः** ( શ્લો. ૫૧ ) એને **આદ્ય ધર્મ** કહ્યો છે જેને સાત્વત ભક્તો ધારણ કરી રહ્યા છે. આમા અહિંસાધર્મની પ્રધાનતા છે એ પણ એટલું જ સૂચક છે ( શ્લો. ૫૨ ). એકથી લઈ ચાર વ્યૂહ આ જ નારાયણ છે. આગળ જતાં વૈશંપાયન આ ધર્મનું માહાત્મ્ય બનાવતાં કહે છે કે "**सांख्ययोगेन तुल्यो हि धर्म एकान्तसेवितः** ( શ્લો. ૬૯ ). આ એકાંત ભક્તોએ સેવેલો ધર્મ સાંખ્યયોગ-ધર્મની સમ કક્ષાનો છે." આ જ **सात्वत धर्म** છે ( શ્લો. ૭૮ ). નારાયણ અને કૃષ્ણની અનન્યતા શ્લો. ૮૨માં સ્પષ્ટ છે, જ્યાં કૃષ્ણને જ લોકોનો સર્જક, મોહ કરનાર, સંહારક અને કારણ રૂપ કહેવામાં આવેલ છે ( શ્લો. ૮૨ ).

અ. ૩૩૭ના આરંભમાં 'સાંખ્ય', 'યોગ', 'પંચરાત્ર' અને 'વેદારણ્યક' એ ચાર પ્રકારનાં જ્ઞાન છે તે એક જ પરમ તત્ત્વના વિષયનાં છે કે ભિન્ન ભિન્ન વિષયનાં છે એવો જનમેજયે પ્રશ્ન કર્યો છે. આમ આ સ્થળે 'પંચરાત્ર' પ્રકારના જ્ઞાન પણ મુખ્ય જ્ઞાનોમાં ગણત્રી છે એ સૂચક છે. આ અધ્યાયમાં પરાશરના પુત્ર વ્યાસ નારાયણના પણ પુત્ર હતા એ કથા વૈશંપાયન આપે છે; એ માનસપુત્ર છે એવું અનુસંધાન કરી આપે છે. વૈશંપાયન આ અધ્યાયમાં 'સાંખ્ય', 'યોગ', 'પંચરાત્ર' અને 'વેદ' ઉપરાંત 'પાશુપત' જ્ઞાનનો પણ નિર્દેશ કરે છે ( શ્લો. ૫૯ ), જ્યાં સાંખ્યજ્ઞાનના વક્તા કપિલ, યોગજ્ઞાનના જ્ઞાતા હિરણ્યગર્ભ, વેદજ્ઞાનન આઅપાન્તરતમા— અથવા પ્રાચીન ગર્ભ પણ અન્ય મતે એમ કહી 'પાશુપતે' જ્ઞાનના વક્તા બ્રહ્માના પુત્ર ઉમાપતિ ભૂતપતિ શ્રીકંઠ શિવ હોવાનું કહે છેઃ અને 'પંચરાત્ર જ્ઞાન'ની વાત કરતાં **पञ्चरात्रस्य कृत्स्नस्य वेत्ता तु भगवान्स्वयम्** ( પાઠાંતરથી **वक्ता नारायणः स्वयम्**—શ્લો. ૬૩ ) એમ 'પંચરાત્ર' જ્ઞાનને પાંચે જ્ઞાનમાં ભગવાને ખુદે કહેલું હોઈ સર્વોચ્ચ કોટિનું કહે છે, અને એ સાગ્રહ જણાવે છે કે ( શ્લો. ૬૭ )—

"पञ्चरात्रविदो ये तु यथाक्रमपरा नृप ।
एकान्तभावोपगतास्ते हरिं प्रविशन्ति हि ॥

—ચોક્કસ પ્રકારના ક્રમ 'એકાંતભાવ'ને પામેલા, 'પંચરાત્ર' જ્ઞાન ધરાવનારા જે ભક્તો છે તે હરિમાં ચોક્કસ પ્રવેશ પામે છે."

અ. ૩૩૮માં બ્રહ્મા અને રુદ્ર વચ્ચેનો સંવાદ છે, જેમાં સાંખ્ય-યોગની રીતે વિચાર કરનારાઓ અને ૬ 'પુરુષ' હોવાનું કહે છે એનો સમન્વય સાધવામાં આવ્યો છે. ઘણા પુરુષોનો જન્મદાતા પુરુષ છે, જે નિર્ગુણ અને સનાતન છે—( એ જ નારાયણ ) ( શ્લો. ૨૫ ). અ. ૩૩૯માં એ એક 'પુરુષ'ના સ્વરૂપનો વિચાર બ્રહ્માજીના મુખથી આપવામાં આવ્યો છે, પરંતુ આ એક પુરુષ ગીતાના બીજા અધ્યાયમાં નિરૂપાયો છે તેવો જીવાત્મા છે અને એ ગુણમય શુભાશુભ

સર્વકર્મોનો તેમ જ સત્ય અને અનૃત બંનેનો ત્યાગ કર્યા પછી નિર્ગુણ થઈ સર્વાત્મા નારાયણ પુરુષની સાથે એકાત્મક થઈ જાય છે. આ નીચે મુજબ તદ્દન સ્પષ્ટ છે. (શ્લો. ૧૪–૧૫):

" तत्र यः परमात्मा हि स नित्यं निर्गुणः स्मृतः ।
स हि नारायणो ज्ञेयः सर्वात्मा पुरुषो हि सः ।
न लिप्यते फलैश्चापि पद्मपत्रमिवाम्भसा ॥

कर्मात्मा त्वपरो योऽसौ मोक्षबन्धैः स युज्यते ।
ससप्तदशकेनापि राशिना युज्यते हि सः ।
एवं बहुविधः प्रोक्तः पुरुषस्ते यथाक्रमम् ॥ "

—આમાં જે પરમાત્મા છે તે નિત્ય-નિર્ગુણ છે, એને જ નારાયણ જાણો, એ સર્વાત્મા પુરુષ છે, પાણી તથા કમળપત્રની જેમ એને કર્મનાં ફળનો લેપ થતો નથી. બીજો જે કર્માત્મા છે તેને મોક્ષ અને બંધન છે. સત્તર (તત્ત્વાત્મક) સમૂહ એને લાગુ પડે છે. આ પ્રમાણે પુરુષના અનેક પ્રકાર છે.

આમાંથી એક મહત્ત્વની વાત તરી આવે છે કે ગીતામાં નિરૂપિત પુરુષોત્તમ તે શ્રીકૃષ્ણ છે અને એ નારાયણ છે એવું એમાંથી ફલિત થતું નથી, જ્યારે 'નારાયણીય ઉપાખ્યાન' પ્રમાણે પ્રધાન તત્ત્વ નારાયણ છે અને એનું બીજુ નામ વાસુદેવ છે, જેમાંથી ઉત્તરોત્તર ત્રણે વ્યૂહોનો વિકાસ છે. આમ ગીતામાં શુદ્ધ 'ભાગવતધર્મ' શ્રીકૃષ્ણમૂલક છે, જ્યારે 'નારાયણીય ઉપાખ્યાન'-માં 'સાત્વત' કિંવા 'પાંચરાત્ર' સંપ્રદાય શ્રીનારાયણમૂલક છે. એ શ્રીકૃષ્ણ અને એ શ્રીનારાયણ બંને 'વાસુદેવ' ખરા, પરંતુ પહેલા વસુદેવાત્મજ છે જ્યારે બીજા માત્ર વાસુદેવ છે, એટલું જ કે ચારે વ્યૂહનાં નામ યાદવવંશમાં જાણીતાં વાસુદેવ–સંકર્ષણ (બલરામ)–પ્રદ્યુમ્ન અનિરુદ્ધ છે, એટલે 'સાત્વત' કિંવા 'પાંચરાત્ર' સંપ્રદાયમાં સ્વીકૃત આ ચારે નામો ભગવાન શ્રીકૃષ્ણ, બલરામ સંકર્ષણ, શ્રીકૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ન અને પ્રદ્યુમ્નપુત્ર અનિરુદ્ધનાં જ સ્વીકારી લઈ એને સ્વતંત્ર રીતે જુદી પરિભાષામાં સ્વીકારી 'વાસુદેવ' એ નારાયણ પરમતત્ત્વા 'સંકર્ષણ' એ 'પુરુષ' કિંવા 'જીવ', પ્રદ્યુમ્ન એ 'મન', અને અનિરુદ્ધ એ 'અહંકાર' એ સેશ્વર સાંખ્યની પરિભાષાને વ્યૂહનામોથી અપનાવી લીધી છે અને એની પાછળનો હેતુ તો શ્રીકૃષ્ણ બલરામ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ યાદવકુળના ગમે તેવા ઉચ્ચ કોટિના પણ માનવો હતા અને એમને લોકોત્તર કોટિના ગણવામાં આવતાં 'ઈશ્વરત્વ'નો વિરોધીઓ તરફથી અનાદર થાય, એમાંથી બચવા 'નારાયણ'ને પરમ તત્ત્વ તરીકે ગણવાનો વાદ આપણને શાંતિપર્વ'ના 'નારાયણીય ઉપખ્યાન'માં સ્થાપિત થયેલો જોવા મળે છે. 'નારાયણીય ઉપાખ્યાન'ના ભીષ્મ-યુધિષ્ઠિર સંવાદમાંના અધ્યાયોમાં આમ 'ઐકાંતિક-સાત્વત-પાંચરાત્ર' સંપ્રદાયનાં બીજ નખાય છે અને સેશ્વર સાંખ્ય સાથે એના તત્ત્વસિદ્ધાંતનો મેળ 'ઇચ્છાદ્વૈત' ઉપર મેળવવામાં આવે છે. આમાંનું 'ઇચ્છાદ્વૈત' એ બૃહદારણ્યક ઉપનિષદના स द्वितीयमैच्छत્નો જ વિકાસ છે અને વૈષ્ણવાચાર્યોમાં શ્રીવલ્લભાચાર્યજીએ પોતાના વેદાંતસિદ્ધાંતમાં એ 'ઇચ્છાદ્વૈત'નો સ્વીકાર કર્યો છે. ચતુર્વ્યૂહવાદ તો શ્રીરામાનુજાચાર્ય અને શ્રીવલ્લભાચાર્ય બંને માન્ય રાખે છે, પરંતુ શ્રીરામાનુજાચાર્ય 'નારાયણ'ને પર તત્ત્વ સ્વીકારે છે, શ્રીવલ્લભાચાર્ય 'શ્રીકૃષ્ણ'ને દોષવર્જિત પરમતત્ત્વ તરીકે સ્વીકારે છે.

પરંતુ ભારતીય ધાર્મિક સંસ્કૃતિને મોટું પ્રદાન તો જીવ-જગત-પરમાત્માના સત્યત્વના સિદ્ધાંતની સાથોસાથ મંત્રશાસ્ત્ર-યંત્રશાસ્ત્ર-માયાયોગ-યોગ-મંદિરનિર્માણ-પ્રતિષ્ઠાવિધિ-સંસ્કારવિધિ-વર્ણાશ્રમધર્મ અને ઉત્સવોના વિષયમાં કર્યું છે તે છે. મંદિરનિર્માણ અને મૂર્તિપ્રતિષ્ઠાએ છેલ્લાં બે-અઢી હજાર વર્ષોમાં કરેલી પ્રગતિ સમગ્ર જગતના ઇતિહાસમાં અદ્‌ભુત છે. પાંચરાત્રસંહિતાઓમાં કોઈમાં કોઈ એક યા વિશેષ ઉપરના વિષયો સમાવવામાં આવ્યા છે. જૂનામાં જૂની પાંચેક સંહિતાઓ મળે છે તેમાંની જૂની ત્રણમાંની 'પૌષ્કરસંહિતા'માં યાગને માટે ભૂમિપરીક્ષા, દિક્‌સિદ્ધિલક્ષણ, યાગમંડપલક્ષણ, સર્વતોભદ્ર વગેરે ૨૫ પ્રકારનાં મંડલ, ચતુર્વ્યૂહન્યાસ, ચક્ર ઉપર પુરુષાકૃતિ-ભગવદ્રૂપનું પૂજન, બિંબ(મૂર્તિ)લક્ષણ, લક્ષ્મ્યાદિપરિવારલક્ષણ, આયતન-(મંદિર)વિચાર, પ્રતિષ્ઠાવિધિ, પ્રાસાદપ્રતિષ્ઠા, મૂર્તિપ્રતિષ્ઠા વગેરે વિષયો અપાયા છે; ગ્રંથ અપૂર્ણ છે. 'જયાખ્યસંહિતા'માં પુરાણ પ્રકારે બ્રહ્મસર્ગ, પ્રાધાનિકસર્ગ અને શુદ્ધસર્ગનો ખ્યાલ આપતાં સૃષ્ટિની ઉત્પત્તિનો વિચાર આપવામાં આવ્યો છે. પ્રાધાનિક સર્ગનું નિરૂપણ કરતાં અનાદિ અજ અવ્યક્ત ગુણત્રયાત્મક પ્રધાન(પ્રકૃતિ)માંથી સાંખ્યને ક્રમે સૃષ્ટિની ઉત્પત્તિ બતાવી છે જે જડાત્મક છે. એમાં ચેતનાનો યોગ થતાં જીવતત્ત્વનો વિકાસ કહ્યો છે: "**चिद्रूपमात्मतत्त्वं यदभिन्नं ब्रह्मणि स्थितम्। तेनैतच्छुरितं भाति अचिच्चिन्मयवद् द्विज ॥** (૩-૧૪)—બ્રહ્માને અભિન્ન ચિદ્રૂપ આત્મતત્ત્વ રહેલું છે તેનાથી વ્યાપ્ત આ અચિત્ ચેતનાત્મક દેખાય છે." શ્રીરામાનુજાચાર્યના સૂક્ષ્મ ચિત્-અચિત્ અને સ્થૂલ ચિત્-અચિત્‌નો સિદ્ધાંત આમાં જોવા મળે એમ છે. જીવનું સ્વરૂપ આપતાં "**अनादिवासनायुक्तो जीवोऽयं वै चिदात्मकः** (૩–૧૭)—અનાદિવાસનાવાળો આ જીવ ચિદાત્મક છે" એમ અનાદિવાસનાવાળો જીવને કહ્યો છે. માયા શબ્દનો પ્રયોગ આ સિદ્ધાંતમાં છે, પરંતુ એ ભ્રમાત્મક નહોતાં, ભગવાનની શક્તિ છે. શુદ્ધસર્ગના નિરૂપણમાં બ્રહ્મનું સ્વરૂપ આપતાં કહ્યું છે કે (૪–૨, ૩):

> "**यत्सर्वव्यापकं देवं परमं ब्रह्म शाश्वतम् ।**
> **चित्सामान्यं जगत्यस्मिन्परमानन्दलक्षणम् ।**
> **वासुदेवादि (? द) भिन्नं तु वह्न्यर्केन्दुशतप्रभम् ।**
> **स वासुदेवो भगवान्... ॥**

—સર્વવ્યાપક દિવ્ય શાશ્વત ચિન્મય પરમાનંદાત્મક પરમ બ્રહ્મ છે તે વાસુદેવથી અભિન્ન અને સેંકડો અગ્નિ-સૂર્ય-ચંદ્રની કાંતિવાળું છે. એ ભગવાન વાસુદેવ છે.

પુરુષ એ છે અને એ જ સર્વ દેવોમાં અંતર્યામી છે (શ્લો. ૮). લોકનું રક્ષણ કરનારા અવતાર તે બધા એના અંશ છે (શ્લો. ૧૧). સ્થૂલ, સૂક્ષ્મ અને પર એ રીતે ત્રણ પ્રકારનું બ્રહ્મ-સ્વરૂપ છે. (શ્લો ૨૩, ૨૪). મોક્ષનું સ્વરૂપ આપતાં જણાવવામાં આવ્યું છે કે

> "**अनादिवासनायुक्तो यो जीव इति कथ्यते ।**
> **तस्य ब्रह्मसमापत्तिर्याऽपुनर्भवता च सा ॥**" (શ્લો. ૫૧, ૫૨):

—અનાદિવાસનાવાળા જીવની બ્રહ્મની સાથે એકરૂપતા તેનું નામ મોક્ષ."

જયાખ્યસંહિતાએ પરબ્રહ્મનું નિરૂપણ કર્યું છે તે શ્રીવલ્લભાચાર્યજીએ અવિકૃતપરિણામાત્મક બ્રહ્મવાદ (શુદ્ધાદ્વૈત) સિદ્ધાંતમાં છે તે પ્રકારનું જ છે; જેમ કે

" आनन्दभक्षणं ब्रह्म सर्वहेयविवर्जितम् ॥ ६०
स्वसंवेद्यमनौपम्यं परा काष्ठा परा गतिः ।
सर्वक्रियाविनिर्मुक्तं सर्वेषामाश्रयं प्रभुः ॥ ६१ ॥ ×××
अनादि तदनन्तं च न सत्तन्नासदुच्यते ।
सर्वत्र करवाक्पादं सर्वतोऽक्षिशिरोमुखम् ॥ ६३ ॥
सर्वतःश्रुतिमद्विद्धि सर्वमावृत्य तिष्ठति ।
सगुणैश्चिन्द्रियैः सर्वैर्भासितं चैव वर्जितम् ॥ ६४ ॥ ××
भूतेभ्यश्चाविभक्तं तद्विभक्तमुपलभ्यते ।
स भावभूतभृच्च स्यात्संहर्तापि सृजत्यपि ॥ ६५ ॥ (શ્લો. ૬૦ થી ૭૧ ).

—બ્રહ્મ આનંદાત્મક, સર્વ ત્યાજ્ય વસ્તુઓ વિનાનું, પોતાથી વેદ્ય, કોઈની સાથે સરખાવી ન શકાય તેવું, છેલ્લામાં છેલ્લા સ્થાનરૂપ, છેલ્લામાં છેલ્લી ગતિરૂપ સર્વ ક્રિયાઓ વિનાનું, બધાના આશ્રય રૂપ, સમર્થ, અનાદિ, અનંત, નહિ સત્ કે નહિ અસત્, ચારેગમ હાથ, વાણી, ચરણ, આંખ, માંથા અને મુખવાળું, ચારેગમ કાનવાળું, બધાંને વીંટળાઈને રહેલું, સગુણ ઇંદ્રિયોથી દેખાતું છતાં એવી સગુણ ઇંદ્રિયો વિનાનું, પંચમહાભૂતાત્મક ભૂતોથી એકાત્મક છતાં ભિન્ન, એ ભાવો અને ભૂતોનું ભરણ કરનાર, એ જ સંહારક અને એ જ સર્જક.....વગેરે. "

આ સંહિતાએ મંત્રશાસ્ત્રનો પણ સારો ખ્યાલ આપ્યો છે. મંત્રો પછી મુદ્રાઓ વિષે આપી સ્નાનના પ્રકાર આપ્યા છે. એ પછી ધ્યાન, મંત્રન્યાસ માનસયાગ, બાહ્યયાગ, જપવિધિ, કુંડાદિના અગ્નિનો વિધિ, યાગનાં ઉપકરણો, દીક્ષાવિધિ, શિષ્યત્વ, અભિષેકવિધિ, બિંબાદિનો પ્રતિષ્ઠાવિધિ, પવિતરાંનો વિધિ વગેરે વિસ્તારથી આપ્યા પછી વૈષ્ણવોના આચારનું લક્ષણ આપ્યું છે. અહીં યતિઓ, એકાંતીઓ અને વૈખાનસોનું લક્ષણ આપી આપ્ત, અનાપ્ત, આરંભિક, અંજલિકારી, સંપ્રવર્તી, યોગી, જપનિષ્ઠ, તાપસ, શાસ્ત્રજ્ઞ, શાસ્ત્રધારકનાં લક્ષણ પણ આપ્યાં છે. આ પછી શ્રાદ્ધવિધિ પ્રેતસંસ્કાર અને પ્રાયશ્ચિત્તવિધિ આપી મૂળમંત્રસાધન-શક્તિમંત્રસાધના-અંગમંત્રસાધના-વક્ત્રમંત્રસાધના-પરિકરમંત્રસાધના વગેરે સાધનાઓ આપવામાં આવી છે. આ રીતે જયાખ્યસંહિતા પાંચરાત્રસંપ્રદાયનો માહિતીપૂર્ણ ગ્રંથ છે.

'જયાખ્યસંહિતા' પછી પાંચરાત્રસંપ્રદાયનો બીજો મહત્ત્વનો ગ્રંથ 'અહિર્બુધ્ન્ય-સંહિતા' છે. એમાં તત્ત્વજ્ઞાન વિષયક ચર્ચા ખૂબ જ ઓછી હોવા છતાં વધુ સ્પષ્ટ છે. બ્રહ્મનું સ્વરૂપ જણાવતા પ્રથમ ટૂંકમાં કહેવામાં આવ્યું છે કે

"अनाद्यन्तं परं ब्रह्म यत्तदक्षरमव्ययम् । "
अनामरूपसंभेद्यमवाङ्मनसगोचरम् ।
सर्वशक्ति समस्ताख्यषाड्गुण्यमजरं ध्रुवम् ॥ ( २–६, ७ ):

અનાદિ અનંત અક્ષર અવ્યય, નામરૂપે જેને ભેદી શકે નહિ તેવું, વાણી અને મનને અગોચર, સર્વશક્તિમત્, (છતાં) સમસ્તનામાત્મક છ-ગુણોવાળું, જરારહિત સ્થિર એવું પર બ્રહ્મ છે." એનો જ વધુ વિસ્તાર ( ૨–૨૨ થી ૨૬ ):

" एकं निर्दुःखनिःसीमसुखवानुभवभक्षणम् ।
अनाद्यन्तं परं ब्रह्म नारायणमनामयम् ।
सर्वभूतकृतावासं सर्वं व्याप्य व्यवस्थितम् ।
निरवद्यमविक्षिप्तमतरंगार्णवोपमम् ।
अप्राकृतगुणस्पर्शमप्राकृतगुणास्पदम् !
भवोदधेः परं पारं निष्कलङ्कं निरञ्जनम् ।
आकाराद्देशतः कालादनवच्छेदयोगतः ।
पूर्णं नित्योदितं व्यापि हेयोपादेयतोज्झितम् ।
इदमीदगियत्ताभिरपरिच्छेद्यमञ्जसा ॥ "

—એક, દુઃખ અને સીમા વિનાના સુખનો અનુભવ કરાવનારું, અનાદિ-અનંત, નારાયણ-રૂપ, નીરોગ, બધાં ભૂતો જેમાં રહેલાં છે તેવું, બધામાં વ્યાપીને રહેલું, નિર્દોષ, વિક્ષેપહીન, સ્થિર મહાસાગર જેવું, પ્રાકૃત, સત્ત્વ, રજસ્, તમસ્ એ ગુણોનો સ્પર્શ નથી તેવું, (છતાં) અપ્રાકૃત (છ) ગુણોના સ્થાનરૂપ, ભવસાગરના પેલે પાર રહેલું, કલંકહીન, અચલ, આકારથી દેશથી, કાલથી અને એકાત્મકતાથી પૂર્ણ, નિત્ય પ્રકાશિત, વ્યાપક, તજવાનું અને સ્વીકારવાનું જેને કાંઈ નથી તેવું, આ આવું છે એવા માપનું કશું સ્વયં જ જ્યાં નથી તેવું પર બ્રહ્મ છે."

પરમાત્મા, ભગવાન, અવ્યક્ત, પ્રધાન, અનંત, અક્ષર, અચ્યુત, સમ, અચિંત્ય, પ્રભવ, અવ્યય, બ્રહ્મ, કપિલ, હિરણ્યગર્ભ, અપાન્તરતપા, શિવ એ વગેરે નામોથી 'તત્ત્વ' કહેવાય છે (શ્લો. ૨૬ થી ૪૦)." આગળ જતાં કહ્યું છે કે "બધાં દ્વંદ્વો વિનાનું, બધી ઉપાધિઓ સિવાયનું, છ ગુણોથી યુક્ત, બધાં કારણોનું કારણ એ પરબ્રહ્મ છે (શ્લો. ૫૩)." આ છ ગુણોને જ્ઞાન, શક્તિ, ઐશ્વર્ય, બલ, વીર્ય અને તેજ. આમાં શક્તિ વગેરે પાંચને 'જ્ઞાન'ના ગુણ કહ્યા છે અને (શ્લો. ૬૨):

" ज्ञानमेव परं रूपं ब्रह्मणः परमात्मनः ।
षाड्गुण्यं तत्परं ब्रह्म स्वशक्तिपरिबृंहितम् ।
बहु स्यामिति संकल्पं भजते तत्सुदर्शनम् ॥ "

—પરમાત્મરૂપ બ્રહ્મનું જ્ઞાન એ જ પરરૂપ છે. છ ગુણોવાળું એ પરબ્રહ્મ પોતાની શક્તિઓથી મહાન થયેલું છે. સુદર્શનાત્મક એ બ્રહ્મ 'હું બહુ થાઉં' એ પ્રકારની ઇચ્છા કરે છે."

અને લક્ષ્મી એ વિષ્ણુશક્તિ અને વિષ્ણુપત્ની કહી છે (૩-૧૧). શક્તિમાનથી આ શક્તિ અભિન્ન છે (૩-૨૪). આ શક્તિના ક્રિયા અને ભૂતિ એવા બે પ્રકાર છે તેમાં "क्रियाख्यो योऽयमुन्मेष स भूतपरिवर्तकः (૩-૨૯). ક્રિયા નામનો જે ઉન્મેષ તે પંચમહાભૂતોને ઉત્પન્ન કરનારો છે, અને "सोऽयं सुदर्शनं नाम संकल्पः स्पन्दनात्मकः । विभज्य बहुधा रूपं भावे भावेऽवतिष्ठते । (૩-૩૯)—સ્પંદનાત્મક 'સુદર્શન' નામથી જાણીતો સંકલ્પ (ઇચ્છા), તે રૂપને અનેક પ્રકારે કરી પ્રત્યેક ભાવમાં સ્થિર થઈ રહે છે."

લક્ષ્મીશક્તિના ઉન્મેષથી "व्यनक्ति विविधान्भावान् शुद्धाशुद्धान् समूर्तिकान् । (૫-૬) શુદ્ધ (દૈવી) અને અશુદ્ધ (આસુરી) એવા મૂર્ત ભિન્ન ભિન્ન ભાવોને એ શક્તિ સ્પષ્ટ કરે છે." આમાં કોઈ પણ

સ્થળે 'માયા' જેવા કોઈ પદાર્થનું વ્યવધાન સ્વીકારવામાં આવ્યું નથી. આ પૂર્વે પાંચરાત્ર સિદ્ધાંતમાં એક વ્યૂહ, દ્વિવ્યૂહ, ત્રિવ્યૂહ અને ચતુર્વ્યૂહની સ્પષ્ટતા કરી છે તેમાં ત્રિવ્યૂહ વિશે આ સંહિતા વધુ સ્પષ્ટતા આપે છે. પરવાસુદેવ, વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એકએકમાં વિકસ્યા છે એ પણ બતાવવામાં આવ્યું છે.

'જયાખ્યસંહિતા'માં તત્ત્વજ્ઞાન વિષયક જેટલો વિસ્તાર છે તેનાથી 'અહિર્બુધ્ન્ય-સંહિતા'માં આમ ઓછો છે પણ વધુ સ્પષ્ટ છે. આ શાસ્ત્ર વેદત્રયીનું સંમાન કરે છે અને એની પાસે અથર્વવેદ પણ છે જ, ઉપરાંત કલ્પ વ્યાકરણ શિક્ષા નિરુક્ત જ્યોતિષ અને છંદ એ છ વેદાંગ પણ છે જ. એને પૂર્વમીમાંસા, ધર્મશાસ્ત્ર, ઇતિહાસ-પુરાણ, વાસ્તુવેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ, આયુર્વેદ એ પાંચ ઉપવેદો; દંડનીતિ અને વાર્તા એ બે વિદ્યા પણ છે. કપિલ ઋષિ પાસેથી મળેલ સાંખ્યદર્શન પણ એ જાણે છે. જે યોગશાસ્ત્ર અને પાશુપતશાસ્ત્રને પણ જાણે છે, પરંતુ એ બધાંથી સર્વોત્કૃષ્ટ 'પાંચરાત્ર' છે એમ કહે જ છે (૮–૪૪), જેના દસ પ્રકાર એણે વર્ણવ્યા છે. હકીકતે 'અહિર્બુધ્ન્યસંહિતા' પંચરાત્ર સિદ્ધાંતનું વધુ સરળતાથી અને લાઘવથી નિરૂપણ કરનારો ગ્રંથ છે અને સાધનોનું નિરૂપણ કરે છે. બધાં જ અંગોનું નિરૂપણ કરનાર તો ઉપર બતાવ્યું તેમ, 'જયાખ્યસંહિતા' જ છે જે મંદિરનિર્માણ મૂર્તિપ્રતિષ્ઠાન, અર્ચાવિધાન અને વૈષ્ણવાદિનાં લક્ષણોની સાથોસાથ શ્રાદ્ધ-પ્રાયશ્ચિત્તાદિ વિધિનો પણ ખ્યાલ આપી દે છે.

પાંચરાત્ર સંપ્રદાય અવતારવાદમાં દૃઢતાથી માને છે અને અવતારોની 'વિભવ' સંજ્ઞા આપે છે. આ વિભવોના બે પ્રકારમાં એક 'પ્રાથમિક' છે, બીજા 'દ્વૈતીયિક' છે. પ્રાથમિક અવતારો મોક્ષદાયક છે, જ્યારે દ્વૈતીયિક અવતારો ધન, સત્તા વગેરે લૌકિક કામના સિદ્ધ કરી આપનારા છે. 'વિશ્વક્સેન' સંહિતામાં 'બુદ્ધ'નો પણ સમાવેશ છે. આ બધા અવતારોનો વિકાસ 'અનિરુદ્ધ વ્યૂહ'માંથી છે, પરંતુ પાદ્મતંત્ર પ્રમાણે વાસુદેવમાંથી મત્સ્ય. કૂર્મ અને વરાહ, સંકર્ષણમાંથી નરસિંહ, વામન, પરશુરામ અને રામ, પ્રદ્યુમ્નમાંથી બલરામ, અને અનિરુદ્ધમાંથી કૃષ્ણ અને કલ્કિ કહ્યા છે. અનિરુદ્ધ વ્યૂહ **नियन्ता सर्वदेहिनाम्** છે. મોક્ષદશામાં જીવને વિભુત્વ પ્રાપ્ત થાય છે. એક વસ્તુ સૂચક છે કે જીવ અને પરબ્રહ્મનો આત્યંતિક અભેદ છતાં 'પાંચરાત્ર' સિદ્ધાંત ગીતાની જેમ જ દ્વૈતભાવનો વિરોધી નથી, અને માયાવાદનો તો 'પાંચરાત્ર' સિદ્ધાંતમાં સર્વથા અભાવ છે.

'પાંચરાત્ર' સંપ્રદાયનું મૂળ મહાભારત-શાંતિપર્વના 'નારાયણીય ઉપાખ્યાન'માં છે જ, પરંતુ 'નારાયણ', 'વાસુદેવ' આ નામો છેક 'તૈત્તિરીય આરણ્યક (૧૦મા પ્રપાઠક)માં પણ મળે છે, જ્યાં 'વિષ્ણુગાયત્રી' આપતાં **नारायणाय विद्महे, वासुदेवाय धीमहि, तन्नो विष्णुः प्रचोदयात्** એવો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો છે, તેથી જ છાંદોગ્યોપનિષદમાં નિર્દિષ્ટ વેદની એકાયન શાળા સાથે આ સિદ્ધાંતનો સંબંધ સ્વીકારવામાં આવ્યો છે. તાત્ત્વિક રીતે વિચારતાં તો 'ગીતા'માં 'પાંચરાત્ર' સિદ્ધાંતનો કોઈ ખ્યાલ નથી, જે 'નારાયણીય ઉપાખ્યાન'માં ખડો થાય છે. એટલું ખરું કે, ડૉ. ભાંડારકર કહે છે તેમ, બુદ્ધના જન્મ પહેલાં જ 'નારાયણીય ઉપાખ્યાન' અસ્તિત્વમાં આવી ગયેલું હતું જ. આ સંપ્રદાયનો વિકાસ સાત્વત યાદવોએ ઉત્તરમાં કરેલો તે જ સાત્વતો પાછળથી દક્ષિણમાં ગયા અને ત્યાં 'સાત્વત' સંપ્રદાય—'વૈષ્ણવ' સંપ્રદાય—'પાંચરાત્ર' સંપ્રદાયનો એમને હાથે પ્રબળ વિકાસ થયો. ગીતાનો 'ભાગવત ધર્મ' પરંપરાએ 'પાંચરાત્ર સંપ્રદાય'ના રૂપમાં આમ વિકસ્યો.

શ્રીશંકરાચાર્યજીએ વ્યૂહવાદ અને જીવોત્પત્તિવાદનો વિરોધ કર્યો છે તે 'પાંચરાત્ર સંપ્રદાય'ને લક્ષમાં રાખીને, જે 'પાંચરાત્ર સંપ્રદાય'ની સારી એવી પ્રાચીનતાને બળ આપે છે. ધ્યાનમાં રાખવા જેવું છે કે 'શતપથબ્રાહ્મણ' (૧૩–૬–૧)માં 'પાંચરાત્ર સત્ર'નો ઉલ્લેખ છે જેનો વિકાસ 'નારાયણ'થી બતાવ્યો છે; 'નારા. ઉપા.'માં તો બતાવાયું છે કે ચિત્ર શિખંડી નામથી જાણીતા મરીચિ, અત્રિ, અંગિરા, પુસસ્ત્ય, પુલહ, ક્રતુ અને વસિષ્ઠ એ સાત ઋષિઓએ વેદમાંથી નિષ્કર્ષ કાઢીને 'પાંચરાત્ર સંપ્રદાય' વ્યાપક કર્યો (શાંતિપર્વ ૩૨૨–૨૬ થી ૨૮) અને ઐતરેય બ્રાહ્મણ સાત્વતો દક્ષિણના વાસી હતા એમ કહે છે (૮–૩–૧૪). આમ ઈ. સ. પૂ. દસમી સદી સુધી 'પાંચરાત્ર સંપ્રદાય'નાં મૂળ જાય છે. નાચ. ઉપ. બતાવે છે તે પ્રમાણે આ સંપ્રદાય વૈદિકી હિંસાનો સાંખ્યમતની જેમ જ વિરોધી છે; એણે દ્રવ્યયજ્ઞોનો જ સમાદર કર્યો છે. (જુઓ 'ઉપરિચરવસુ'ની વાતમાં અ. ૩૨૩–૧૦ વગેરે).

એ સ્પષ્ટ છે કે 'પાંચરાત્ર સંપ્રદાયમાં 'નારાયણ'ની સાથે એકાત્મક 'મોક્ષ' એ અંતિમ અભીષ્ટ છે અને એ પ્રાપ્ત કરવાને અર્ચાપ્રધાન 'ઉપાસના' સાધન છે. વૈખાનસ આગમ પણ આ પ્રકારમાં માને છે, પરંતુ ભેદ 'મૂર્તિનિર્માણ પૂરતો છે; વૈખાનસ આગમ 'પૂજા'માં માને છે, શ્રીરામાનુજાચાર્યે વૈખાનસ આગમને માન આપ્યું છે, અને એ આગમમાંના પૂજાપ્રકારને બદલે પાંચરાત્રિક અર્ચા પ્રકારને અપનાવ્યો છે. આમ રામાનુજ સંપ્રદાય વૈખાનસ વૈષ્ણવ આગમ અને પાંચરાત્ર વૈષ્ણવ સંપ્રદાયની પ્રણાલીને અપનાવી વિકસ્યો છે; પછી પછીના સંપ્રદાયોએ અર્ચા પ્રકારને ત્યજી પાંચરાત્ર સંપ્રદાયના તત્ત્વજ્ઞાનને અપનાવી પોતપોતાના વિશિષ્ટ મતોની સંસ્થાપના કરી છે; પરંતુ એ હકીકત છે કે બધા જ વૈષ્ણવ સંપ્રદાયના મુળમાં 'પાંચરાત્ર સંપ્રદાય' પડચો છે.

'વૈષ્ણવો'ને માટે 'ભાગવત' શબ્દ મહાભારતના પ્રામાણિક ભાગોમાં મળતો નથી, પરંતુ 'નારાયણીય ઉપાખ્યાન'માં ભીષ્મ-યુધિષ્ઠિરના સંવાદથી બહાર જે અધ્યાયો પાછળથી ઉમેરાયેલા છે તેમાં જરૂર મળી આવે છે. **विशन्ति विप्रप्रवराः सांख्या भागवतैः सह** (૩૩૨-૧૬). પદ્યુમ્નમાંથી મુક્ત થયેલા સાંખ્યસંજ્ઞક બ્રાહ્મણો એવા 'ભાગવતો'ની સાથે જીવાત્મક 'સંકર્ષણ' વ્યૂહમાં પ્રવેશ કરે છે અને પછી સત્ત્વ, રજસ્ તમસથી વર્જિત થઈ ક્ષેત્રજ્ઞ નિર્ગુણ, સર્વાવાસ, પરમાત્મા વાસુદેવ (વ્યૂહ)માં પ્રવેશ કરે છે (શ્લો. ૧૭ સુધી). આ અધ્યાયો 'પાંચરાત્ર સંપ્રદાય'ના સંપૂર્ણ વિકાસ પછીના છે, તેથી એની પ્રાચીનતા સંદિગ્ધ છે, છતાં ૧લી સદી જેટલો તો આ શબ્દ જૂનો હોવામાં શંકા નથી જ, કેમકે 'શુંગ' વંશના રાજાઓ 'પરમ ભાગવત' કહેવાય જ છે, અને ભાગવત તો 'ભાગવતપ્રધાન' શબ્દોથી વૈષ્ણવો જ એ છે એમ કહે છે (૧૧- - ). વિશિષ્ટતા એ છે કે 'પાંચરાત્ર સંપ્રદાય'ના અનુયાયીઓ 'વૈષ્ણવ' કહેવાય છે. 'જયાખ્યસંહિતા' ૧લી સદી આસપાસની છે તેમાં 'પાંચરાત્રિક વૈષ્ણવો'નો સ્પષ્ટ નિર્દેશ મળે છે; જેવો કે '**आचार्यस्तोषयेत्पश्चाद्वैष्णवान् पाञ्चरात्रिकान्** (૧૬-૩૪૨)—દીક્ષા આપીને પાંચરાત્રિક વૈષ્ણવોને આચાર્યે ભોજન અને ધનથી સંતોષ આપવો." એ પૂર્વે જ "**वैष्णवानां परा भक्तिरात्रार्याणां विशेषतः** (૧૬-૩૦૭)—દીક્ષિતે વૈષ્ણવોની અને એમાં પણ આચાર્યોની પરાભક્તિ કરવી." વૈષ્ણવોની સાથે વ્રતોદ્યાપનાદિમાં જાગરણ વગેરે કરવાનું પણ ત્યાં કહ્યું છે (શ્લો. ૩૧૩).

'જયાખ્યસંહિતા'માં વૈષ્ણવોના જુદા જુદા પ્રકાર કહ્યાં છે ને ૧. યતિ, ૨. એકાંતી, ૩. વૈખાનસ, ૪. કર્મસાત્વન અને ૫. શિખી. આ જુદી જુદી કક્ષાઓ છે. આમાંના 'કર્મ-સાત્વત' એ સંસારી ગૃહસ્થો છે. (૨૨-૬ થી ૧૯)

આજના બધા જ વૈષ્ણવ સંપ્રદાયોના મૂળમાં આ 'ભાગવત-સાત્વત-પાંચરાત્ર સંપ્રદાય' રહેલો છે એ વિષયમાં અને એમાં પણ ખાસ કરીને 'પાંચરાત્ર સંપ્રદાય' વિશે નિરૂપણ આપનારા ગ્રંથોના વિષયમાં તો બધા વૈષ્ણવ સંપ્રદાયોમાં સંપૂર્ણ અજાણપણું છે. વૈષ્ણવ સંપ્રદાયોના વિકાસમાં ઐતિહાસિક દૃષ્ટિએ એ સંપ્રદાયના મહત્ત્વના ગ્રંથોનું જ્ઞાન ખૂબ જ જરૂરી છે એમ ભારપૂર્વક કહી શકાય એમ છે. આ સંપ્રદાયની થોડી જ સંહિતાઓ પ્રસિદ્ધ થઈ છે; જે થઈ છે તે પણ ખૂબ જ મહત્ત્વની છે. પૌષ્કરસંહિતા તૂટક પ્રસિદ્ધ થઈ છે, જે મંદિરનિર્માણ અને મૂર્તિવિધાનને માટે મહત્ત્વની છે; 'જયાખ્યસંહિતા' તો 'પાંચરાત્ર સંપ્રદાય'ના જ્ઞાનકોશની ગરજ પૂરી પાડે તેવો ગ્રંથ છે, જ્યારે 'અહિર્બુધ્ન્યસંહિતા' ઉપાસનાવિધિ માટે મહત્ત્વની છે, 'નારદ-પંચરાત્ર' એક કલકત્તાથી 'બિબ્લિઓથિકા ઇન્ડિકા' ગ્રંથમાળામાં પ્રસિદ્ધ થયેલ છે, બીજું મુંબઈના 'લક્ષ્મી વેંકટેશ્વર પ્રેસ'નું છે; બંને મોડાનાં અને ગૌણ કોટિનાં છે; પ્રાચીન 'નારદ-પંચરાત્ર' હજી હાથ લાગ્યું નથી. અમને વિશ્વાસ છે કે માત્ર 'જયાખ્યસંહિતા'નું અધ્યયન કરવામાં આવે તો 'પાંચરાત્ર સંપ્રદાય' વિશે સંપૂર્ણ ખ્યાલ આવે. ગુજરાતી ભાષામાં આ ગ્રંથનો અનુવાદ થાય તો કેવો ઉપકારક નીવડે !

# પશ્ચિમી ક્ષત્રપોની સાલવારી

રસેશ જમીનદાર

પ્રાક્-ગુપ્તકાલ દરમિયાન ભારતની રાજકીય સ્થિતિ અનેકતાવાળી હતી; કોઈ મજબૂત કેન્દ્રસ્થ સત્તાનો અભાવ હતો. મૌર્ય સત્તાનો અસ્ત થતાં સમગ્ર ભારત નાનાંમોટાં અનેક રાજ્યોમાં વહેંચાઈ ગયું. ઈસુના આરંભનાં વર્ષો દરમિયાન ઉત્તર ભારત ઉપર કુશાનવંશી રાજાઓની સત્તા હતી, દક્ષિણ ભારતના મોટા ભાગના પ્રદેશો ઉપર સાતવાહન રાજાઓ સત્તાધીશ હતા; ત્યારે પશ્ચિમ ભારત અને ઉત્તર તેમ જ દક્ષિણ ભારતને જોડતી પટ્ટી( એટલે હાલના મધ્યપ્રદેશનો મધ્ય ભાગ)વાળા પ્રદેશ ઉપર વિદેશી શક જાતિના ક્ષત્રપ રાજાઓ રાજ્ય કરતા હતા. મુખ્યત્વે તેમનો કાબૂ પશ્ચિમ ભારત ઉપર હોઈ આ રાજાઓ ઇતિહાસમાં પશ્ચિમી ક્ષત્રપો તરીકે જ્ઞાત છે.

પશ્ચિમી ક્ષત્રપ રાજાઓએ ગુજરાત, પશ્ચિમ માળવા, દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને ઉત્તર મહારાષ્ટ્ર ઉપર લાંબા સમય સુધી રાજ્ય કર્યું. સમયે સમયે રાજસ્થાન, માળવા અને મહારાષ્ટ્રના પ્રદેશો ઉપરનો એમનો કાબૂ ઓછો થતો ગયો ત્યારે ય ગુજરાત ઉપરનો એમનો કાબૂ છેક સુધી રહ્યો હતો. આ રાજાઓએ ઈ. સ. ૮૪ થી ૩૯૮ સુધી ગુજરાતની સત્તા સંભાળી. ગુજરાતના ઇતિહાસમાં ક્ષત્રપો–શાસિત આ સૌ પ્રથમ દીર્ઘકાલીન રાજ્ય હતું.

આ ક્ષત્રપોનો ઇતિહાસ જાણવા માટે એક માત્ર મુખ્ય સાધન છે એમણે પડાવેલા અને ખૂબ જ મોટી સંખ્યામાં પ્રાપ્ત થતા ચાંદીના સિક્કાઓ. આ સિક્કાઓ બે રીતે મહત્ત્વના છે: (૧) સિક્કા પડાવનાર રાજાએ પોતાના નામ અને હોદ્દા સાથે પોતાના પિતાનું નામ અને હોદ્દો પણ કોતરાવ્યાં છે. આથી આ રાજાઓની સળંગ વંશાવળી તૈયાર કરવામાં ઇતિહાસવિદોને સરળતા સાંપડી છે. (૨) આ રાજાઓએ સિક્કા પાડયાનું વર્ષ પણ સિક્કા ઉપર કોતરાવ્યું છે, જેથી એમની સળંગ સાલવારી તૈયાર થઈ શકી છે. અલબત્ત, આરંભના કેટલાક રાજાઓના સિક્કા વર્ષ વિનાના છે, પરન્તુ એમાંના કેટલાકના શિલાલેખો પ્રાપ્ત થયા છે, જેમાં વર્ષનો ઉલ્લેખ હોવાથી એમનો સમય નિશ્ચિત કરવામાં સુગમતા પ્રાપ્ત થઈ છે.

આ રાજાઓએ પડાવેલા સિક્કાઓ બે પ્રકારના છે: ક્ષત્રપ તરીકેના અને મહાક્ષત્રપ તરીકેના. ઘણી વાર એક જ વર્ષના ક્ષત્રપ અને મહાક્ષત્રપ ઉભયના સિક્કા મળે છે. આથી એવું અનુમાની શકાય કે ક્ષત્રપ સિક્કાઓ યુવરાજના હોય અને મહાક્ષત્રપ બિરુદવાળા સિક્કાઓ રાજાના હોય. આથી એક સરળતા એ પ્રાપ્ત થાય છે કે કયો રાજા ક્યારે અને ક્યાં સુધી ક્ષત્રપપદ ઉપર રહ્યો અને ક્યારે તે મહાક્ષત્રપપદ પામ્યો. અહીં એક પ્રશ્ન વિચારવો રહ્યો. આ સિક્કાઓ ઉપર 'રાજા મહાક્ષત્રપ' એવું લખાણ કોતરેલું હોય છે. આમાં 'રાજા' બિરુદ બન્નેમાં છે, તેથી કોણ યુવરાજ અને કોણ મહારાજ તે ભેદ દર્શાવવા યુવરાજ માટે ક્ષત્રપ બિરુદ અને મહારાજ માટે મહાશત્રપ બિરુદ પ્રયોજ્યું એવું અનુમાન થઈ શકે.

ઉપલબ્ધ સિક્કાઓને આધારે ક્ષત્રપ રાજાઓની સાલવારી સૌ પ્રથમ તૈયાર કરી પંડિત ભગવાનલાલ ઇંદ્રજીએ અને એનાં પરિણામો એમણે 'જર્નલ ઑફ ધી રૉયલ એશિયાટિક સોસાયટી'ના ૧૮૯૦ના અંકમાં અને તે પછી 'ગેઝેટિયર ઑફ ધી બૉમ્બે પ્રેસિડેન્સી'ના પ્રથમ પુસ્તકના પ્રથમ ભાગમાં (૧૮૯૬) પ્રકાશિત કર્યાં. આના આધારે બીજો પ્રયત્ન કર્યો પ્રોફેસર એડવર્ડ જેમ્સ રેપ્સને; જેની માહિતી 'જર્નલ ઑફ ધી રૉયલ એશિયાટિક સોસાયટી'ના ૧૮૯૯ના અંકમાંથી પ્રાપ્ત થાય છે. તે પછી એનો વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક અભ્યાસ કરી એનાં વિપુલ પરિણામો પ્રો. રેપ્સને 'કેટલૉગ ઑફ કૉઈન્સ ઑફ ધી આંધ્ર ડાયનેસ્ટી, ધી વેસ્ટર્ન ક્ષત્રપસ, ધી ત્રૈકૂટક ડાયનેસ્ટી ઍન્ડ ધી બોધી ડાયનેસ્ટી' નામના આ પુસ્તકમાંની માહિતી અદ્યપર્યંત ઇતિહાસવિદોને અતિ ઉપયોગી થઈ પડી છે. અલબત્ત પ્રો. રેપ્સનના સમય પછી તો ક્ષત્રપ સિક્કાઓના ઘણા નવા ખજાના (Hoards) મળી આવ્યા છે અને સામયિકોમાં એનાં પરિણામો તેમ જ માહિતી પ્રસિદ્ધ થતાં રહે છે, છતાં પ્રો. રેપ્સનના અભ્યાસનું મહત્ત્વ ઘટયું નથી.

'ધી કાર્દમકસ ક્ષત્રપસ ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા'એ નામના 'બુલેટિન ઑફ ધી પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમ' (૧૯૫૩-૫૪, અંક-૪)માં છપાયેલા લેખમાં ડૉ. પરમેશ્વરીલાલ ગુપ્તાએ ચાષ્ટનથી વિશ્વસેન સુધીના રાજાઓ વિશે લખતાં સાલવારીનો ઉલ્લેખ કર્યો છે અને કયાં કયાં વર્ષોના સિક્કાઓ મળ્યા નથી તે પણ નોંધ્યું છે. અલબત્ત આ સાલવારી વર્ષવાર નથી; જે તે રાજાની ઉપલી અને નીચલી જ્ઞાત મર્યાદાઓ સૂચવે છે. તે પછી ૧૯૫૬માં 'ધી ક્રૉનોલૉજી ઑફ ધી વેસ્ટર્ન ક્ષત્રપસ' (ગુજરાત યુનિવર્સિટીનું અર્ધવાર્ષિક 'વિદ્યા', પુ. ૧, અંક-૧) લેખમાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ કોષ્ટકરૂપે ક્ષત્રપોની સાલવારી આપી છે. એમણે પણ જે તે રાજાના આરંભ અને અંતનાં વર્ષોનો જ ઉલ્લેખ કર્યો છે અને લેખના અંતભાગમાં ખૂટતાં વર્ષોની યાદી આપી છે.

૧૯૬૧માં 'ક્ષત્રપકાલીન ગુજરાત' વિશે મેં સંશોધનકાર્ય હાથ ધર્યું ત્યારે એ મિષે મારે ક્ષત્રપ સિક્કાઓ તપાસવાની જરૂર ઊભી થઈ. ૧૯૬૨ થી ૧૯૬૪નાં વર્ષો દરમ્યાન કચ્છ મ્યૂઝિયમ (ભૂજ); જૂનાગઢ મ્યૂઝિયમ, વૉટ્સન મ્યૂઝિયમ (રાજકોટ); ગાંધી સ્મૃતિ સંગ્રહાલય (ભાવનગર); પિકચર ઍન્ડ આર્ટ ગૅલેરી (વડોદરા); પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમ (મુંબઈ); ડિપાર્ટમેન્ટ ઑફ આર્કિયૉલૉજી (મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા); આર્કિયૉલૉજિકલ મ્યૂઝિયમ (ઇન્દોર અને ગ્વાલિયર)—આ બધામાં સંગૃહીત સિક્કાઓની આ લેખકે જાત-તપાસ કરી હતી. આ ઉપરાંત શ્રી સદાશંકર શુકલ (મુંબઈ) અને શ્રી રૂપચંદ નારણદાસ ટેકચંદાની (વડોદરા)ના અંગત સંગ્રહમાંના ક્ષત્રપ સિક્કાઓની જાત-તપાસ પણ કરી હતી, અને વ્યક્તિગત સિક્કાઓની વિગતવાર નોંધ તૈયાર કરી હતી. પ્રોફેસર રેપ્સને આપેલી સાલવારી, ત્યાર બાદ પ્રાપ્ત થયેલા ક્ષત્રપ સિક્કાઓના ખજાના અને તેનાં પ્રકાશિત થયેલાં પરિણામો તેમ જ મ્યૂઝિયમ અને અંગત સંગ્રહોમાંના સિક્કાઓના આધારે પ્રસ્તુત લેખમાં ક્ષત્રપોની વિગતવાર સાલવારી આપવાનો પ્રયત્ન કર્યો છે. સંભવ છે કે પ્રસ્તુત લેખકનો આ પ્રયત્ન વિદ્વાનોને ઉપયોગી થઈ પડશે :

## સંક્ષેપ સમજૂતી

| | | |
|---|---|---|
| ૧ | આર્કિ. ડીપા. | ઍન્યુઅલ રિપૉર્ટ ઑફ ધી આર્કિયૉલૉજિકલ ડીપાર્ટમેન્ટ, બરોડા સ્ટેટ, ૧૯૩૫-૩૬, પૃ. ૫૪-૫૬ અને ૬૧-૬૬ અને ૧૯૩૬-૩૭, પૃ. ૧૮-૨૦ |

| | | |
|---|---|---|
| ૨ | આરઈરી | આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, ઍન્યુઅલ રિપૉર્ટ, પાર્ટ સેકન્ડ. |
| ૩ | કચ્છ | કચ્છ મ્યૂઝિયમ, ભૂજ |
| ૪ | ગાંધી સ્મૃતિ | ગાંધી સ્મૃતિ સંગ્રહાલય, ભાવનગર. |
| ૫ | જન્યુસોઈ | જર્નલ ઑફ ધી ન્યુમિસ્મેટિક્સ સોસાયટી ઑફ ઇન્ડિયા |
| ૬ | જબૉબ્રારૉએસો | જર્નલ ઑફ ધી બૉમ્બે બ્રાન્ચ ઑફ રૉયલ ઍશિયાટિક સોસાયટી |
| ૭ | જરોએસો | જર્નલ ઑફ ધી રૉયલ ઍશિયાટિક સોસાયટી |
| ૮ | જૂમ્યુ | જૂનાગઢ મ્યૂઝિયમ, જૂનાગઢ |
| ૯ | ટેકચંદાની | રૂપચંદ નારણદાસ ટેકચંદાની( વડોદરા )ના ખાનગી સંગ્રહના સિક્કા ( પ્રાપ્તિસ્થાન, અનિલા અને અનાડિયા ). |
| ૧૦ | દેવની મોરી | ઍક્સકેવેશન ઍટ દેવની મોરી, વડોદરા, ૧૯૬૬ ( લેખક : ડૉ. મહેતા અને ડૉ. ચૌધરી ) |
| ૧૧ | ન્યુ. સપ્લી. | ન્યુમિસ્મેટિક્સ સપ્લીમેન્ટ, સિલ્વર જ્યૂબિલી નં. ૪૭, પૃ. ૯૫-૯૮ ( સોનપુર, જૂનાગઢ અને વસોજ નિધિઓ ) |
| ૧૨ | પ્રિવેમ્યુ | પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમ ઑફ વેસ્ટર્ન ઇન્ડિયા, મુંબઈ |
| ૧૩ | બૉગે | ગેઝેટિયર ઑફ ધી બૉમ્બે પ્રેસિડન્સી |
| ૧૪ | મહાનિબંધ | "ક્ષત્રપકાલીન ગુજરાત : ઇતિહાસ અને સંસ્કૃતિ"ની હસ્તપ્રત |
| ૧૫ | રેપ્સનનો નંબર | કૅટલૉગ ઑફ કૉઈન્સ ઇન બ્રિટિશ મ્યૂઝિયમ( ૧૯૦૮ )માં આપેલ નંબર, પૃ. ૬૬ થી. |
| ૧૬ | વમ્યુ | પિક્ચર ઍન્ડ આર્ટ ગેલેરી, વડોદરા |
| ૧૭ | વૉટ્સન | વૉટ્સન મ્યૂઝિયમ, રાજકોટ |
| ૧૮ | શુક્લ | શ્રી સદાશંકર શુક્લ( મુંબઈ )ના અંગત સંગ્રહના સિક્કા |
| ૧૯ | સર્વાણિયા | આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, ( પાર્ટ ૬, ૧૯૧૩-૧૪ પૃ. ૨૨૭ થી )માં સર્વાણિયામાંથી પ્રાપ્ત ક્ષત્રપ નિધિના સિક્કાનો વિગતવાર અહેવાલ. |
| ૨૦ | સાંચી | કૅટલૉગ ઑફ ધી મ્યૂઝિયમ ઑફ આર્કિયોલૉજી ઍટ સાંચી, ભોપાલ સ્ટેટ, ૧૯૨૨. |
| ૨૧ | (?) | સંભવતઃ, પ્રાયઃ |
| ૨૨ | ( ) | આ કૌંસમાંના આંકડા જે તે મ્યૂઝિયમ કે અંગત સંગ્રહમાંના સિક્કાઓનો રજિસ્ટરમાંનો ક્રમ નંબર કે કવર પરનો ક્રમ નંબર સૂચવે છે. |
| ૨૩ | [ ] | કૌંસમાંના આંકડા જે તે પુસ્તકના પૃષ્ઠાંક સૂચવે છે. |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૦(૧) | — | રુદ્રસિંહ-૧લો | — | સર્વાણિયા (?) [ ૨૩૧ ] |
| ૨ | ૧૦૨ | રુદ્રસિંહ-૧લો | — | ૨૯૫ | મહાનિબંધ [ ૧૫૩–૧૫૭ ] |
| ૩ | ૧૦૨ | — | રુદ્રસિંહ-૧લો | — | પ્રિવેમ્યુ ( ૨૨૪૭૦ ) |
| ૪ | ૧૦૩ | — | ,, | ૨૯૬–૩૦૦ | વૉટ્સન ( ૩૭ ); ટેકચંદાની ( અનિલા, ૧ ) |
| ૫ | ૧૦૪ | — | ,, | — | વૉટ્સન ( ૩૮ ) (?); પ્રિવેમ્યુ ( ૨૨૪૭૧ ). |
| ૬ | ૧૦૫ | — | ,, | — | સર્વાણિયા (?) [ ૨૩૧ ] |
| ૭ | ૧૦૬ | — | ,, | ૩૦૧ | — |
| ૮ | ૧૦૭ | — | ,, | ૩૦૨ (?) | — |
| ૯ | ૧૦૯ | — | ,, | ૩૦૩–૩૦૪, ૩૦૫ (?) | ટેકચંદાની ( ૧/૨ ) |
| ૧૦ | ૧૧૦ | રુદ્રસિંહ-૧લો | — | ૩૧૩–૩૧૪ | મહાનિબંધ [ સદર ] |
| ૧૧ | ૧૧૦ | — | રુદ્રસિંહ-૧લો | ૩૦૬–૩૧૦ | પ્રિવેમ્યુ ( ૨૨૪૭૪ ) |
| ૧૨ | ૧૧૧ | — | ,, | — | જૂમ્યુ ( ? ) ( ૫ ) |
| ૧૩ | ૧૧૨ | રુદ્રસિંહ-૧લો | — | ૩૧૫–૩૧૬ | — |
| ૧૪ | ૧૧૨ | — | રુદ્રસિંહ-૧લો | — | જન્યુસોઈ, પુ. ૧૭ [૯૪] |
| ૧૫ | ૧૧૩ | — | ,, | ૩૧૭–૩૧૮ | મહાનિબંધ [ સદર ] |
| ૧૬ | ૧૧૪ | — | રુદ્રસિંહ-૧લો | ૩૧૯ | સર્વાણિયા [ ૨૩૧ ]; પ્રિવેમ્યુ ( ૨૨૪૭૩ ) અને ( ૧૫૪૨૩ તાંબુ, ગોળ, પૃષ્ઠ ભાગ ) |
| ૧૭ | ૧૧૫ | — | ,, | ૩૨૦ | — |
| ૧૮ | ૧૧૬ | — | ,, | ૩૨૧–૩૨૨ | જૂમ્યુ (૪); ટેકચંદાની (૩/૪); પ્રિવેમ્યુ ( ૫૯૭૪ ) |
| ૧૯ | ૧૧૭ | — | ,, | — | જૂમ્યુ (૩); ન્યુ. સપ્લી. (જૂનાગઢ) |
| ૨૦ | ૧૧૮ | — | ,, | ૩૨૩ | — |
| ૨૧ | ૧૧૯ | — | ,, | — | ન્યૂ. સપ્લી. ( વસોજ ); જૂમ્યુ (૨); પ્રિવેમ્યુ ( ૧૫૨૪, તાંબુ, ગોળ, પૃષ્ઠ ભાગ ) |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૨૨ | ૧૧૯ | — | જીવદામા | ૨૮૯ (ચાંદી) ૨૯૩(પોટીન) | — |
| ૨૩ | ૧૨૦ | — | ,, | ૨૯૧ | — |
| ૨૪ | ૧૨૧ | રુદ્રસેન-૧લો | — | ૩૨૮ | જરોએસો, ૧૮૯૯ [ ૩૮૦ ]; સર્વાણિયા [ ૨૩૨ ] |
| ૨૫ | ૧૨૪ | — | રુસેદ્રન-૧લો | — | પ્રિવેમ્યુ ( ૧૫૪૧૮ ) |
| ૨૬ | ૧૨૫ | — | ,, | ૩૩૧-૩૩૩ | — |
| ૨૭ | ૧૨૬ | — | ,, | ૩૩૪ | ટેકચંદાની ( ૩/૭ ) |
| ૨૮ | ૧૨૭ | — | ,, | — | ન્યૂ. સપ્લી. ( વસોજ ) |
| ૨૯ | ૧૨૮ | — | ,, | ૩૩૫ | — |
| ૩૦ | ૧૩૦ | — | ,, | — | જબોબ્રારોએસો, ૧૮૯૯ [ ૨૦૪ ]; ટેકચંદાની ( ૪/૮ ); શુકલ ( ૧૬૮ ) |
| ૩૧ | ૧૩૧ | — | ,, | ૩૩૬ (ચાંદી) ૩૭૪(પોટીન) | પ્રિવેમ્યુ ( ૧૧૫૧૫, તાંબું, ગોળ, પૃષ્ઠ ભાગ). |
| ૩૨ | ૧૩૨ | — | ,, | ૩૩૮ | વૉટસન (૪૩); પ્રિવેમ્યુ (૩૭૪૮, તાંબું, ગોળ, પૃષ્ઠ ભાગ). |
| ૩૩ | ૧૩૩ | — | ,, | ૩૩૯ (ચાંદી) ૩૭૫(પોટીન) | જબોબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૪]; પ્રિવેમ્યુ ( ૧૧૫૦૦ ) |
| ૩૪ | ૧૩૪ | — | ,, | ૩૪૧-૩૪૬ | પ્રિવેમ્યુ ( ૨૨૪૭૬ ) |
| ૩૫ | ૧૩૫ | — | ,, | ૩૪૭-૩૫૧ | સર્વાણિયા ( ૨૩૨ ); કચ્છ (૨૩); ગાંધી સ્મૃતિ (૧૪૮); પ્રિવેમ્યુ ( ૧૫૨૪૦ ) |
| ૩૬ | ૧૩૬ | — | રૂદ્રસેન-૧લો | ૩૫૨-૩૫૩ | ગાંધી સ્મૃતિ (૧૫૨); પ્રિવેમ્યુ ( ૩૭૪૭, તાંબું, ગોળ, પૃષ્ઠ ભાગ) અને (૨૨૪૭૭ ચાંદી ?); આર્કિ. ડીપા. ૧૯૩૫-૩૬, અમરેલી, (પોટીન) [ ૬૧ ]; વમ્યુ ( નંબર નથી). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૩૭ | ૧૩૭ | — | ,, | ૩૫૬ | — |
| ૩૮ | ૧૩૮ | — | ,, | ૩૫૭-૩૫૮ | પ્રિવેમ્યુ ('૧૫૪૨૫, ૧૯૫૧૪, તાંબું', ગોળ, પૃષ્ઠ ભાગ) (?) |
| ૩૯ | ૧૩૯ | — | ,, | ૩૬૨ | સર્વાણિયા [ ૨૩૨ ] |
| ૪૦ | ૧૪૦ | — | ,, | ૩૬૫-૩૬૬ | ટેકચંદાની (૬/૧૦); શુક્લ-(૧૬૯). |
| ૪૧ | ૧૪૧ | — | ,, | ૩૬૮ | વૉટ્સન (૪૪); પ્રિવેમ્યુ (૨૨૪૭૮-૭૯) (૧૧૫૧૪, તાંબું, ગોળ, પૃષ્ઠ ભાગ). |
| ૪૨ | ૧૪૨ | — | ,, | ૩૬૯ | સર્વાણિયા [ ૨૩૨ ]; ટેકચંદાની (૭/૧૧); પ્રિવેમ્યુ (૨૨૪૮૦, ૪૮૯૬) |
| ૪૩ | ૧૪૪ | પૃથિવીષેણ | — | ૩૭૭ | જરોએસો, ૧૮૯૯ [ ૩૮૩, પટ્ટ-૬ ]; શુક્લ (૧૭૧) |
| ૪૪ | ૧૪૪ | — | સંગદામા | ૩૭૮ | જરોએસો, ૧૮૯૦ [ ૬૫૨, પટ્ટ-૯ ], ૧૮૯૯ [ ૩૮૨ ]; જબૉબ્રારોએસો, ૧૮૬૮ [ ૫, પટ્ટ-૭ ]; સર્વાણિયા (?) [ ૨૩૨ ]. |
| ૪૫ | ૧૪૫ | — | ,, | — | ઓગે, પુ. ૧, ભા. ૧ [ ૪૪ ] |
| ૪૬ | ૧૪૫ | — | દામસેન | ૩૭૯ | શુક્લ (૧૭૨). |
| ૪૭ | ૧૪૬ | — | ,, | ૩૮૦(?) | પ્રિવેમ્યુ (૨૨૪૮૩). |
| ૪૮ | ૧૪૭ | — | ,, | ૪૦૨-૪૦૬ (પોટીન નામ વિનાના) | ન્યૂ. સપ્લી. (સોનપુર); પ્રિવેમ્યુ (૧૫૪૨૮ તાંબું, ગોળ, પૃષ્ઠ ભાગ.) |
| ૪૯ | ૧૫૦ | — | ,, | — | સર્વાણિયા [ ૨૩૩ ]; પ્રિવેમ્યુ (૧૫૨૪૩). |
| ૫૦ | ૧૫૧ | — | ,, | ૩૮૨-૩૮૪ | વૉટ્સન (૫૧); પ્રિવેમ્યુ (૫૯૬૩). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૫૧ | ૧૫૨ | — | ,, | ૩૮૫ | સર્વાણિયા [૨૩૩], ટેકચંદાની (અનિલા–૪). |
| ૫૨ | ૧૫૩ | — | ,, | ૩૮૮ (ચાંદી) ૪૧૧-૪૧૨ (પોટીન નામ વિનાના) | જરોએસો, ૧૮૫૦ [ ૬૨ ]; વમ્યુ ( ૧૩-૭૬, તાંબું, નામ વગર ); પ્રિવેમ્યુ ( ૧૫૪૩૧, ૩૨, તાંબું, ગોળ, પૃષ્ઠ ભાગ ). |
| ૫૩ | ૧૫૪ | દામજદશ્રી-રજો | — | ૪૨૧–૪૨૪ | — |
| ૫૪ | ૧૫૪ | — | દામસેન | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૪]; સર્વાણિયા (?) [૨૩૩]; પ્રિવેમ્યુ ( ૧૧૫૧૨, તાંબું, ગોળ, પૃષ્ઠ ભાગ ? ) |
| ૫૫ | ૧૫૫ | દામજદશ્રી-રજો | — | — | જરોએસો, ૧૮૮૨, [૩૭૩], ૧૮૯૯ [૩૮૩]; સર્વાણિયા [૨૩૩]. |
| ૫૬ | ૧૫૫ | — | દામસેન | ૩૯૧–૩૯૨ | સર્વાણિયા [૨૩૩] |
| ૫૭ | ૧૫૬ | વીરદામા | — | ૪૨૬ | — |
| ૫૮ | ૧૫૬ | — | દામસેન | ૩૯૩ | ટેકચંદાની (૩/૧૪); પ્રિવેમ્યુ- (૫૯૬૪, ૨૨૪૮૬). |
| ૫૯ | ૧૫૭ | વીરદામા | — | — | ન્યુ. સપ્લી. (સોનપુર); આર્કિ. ડીપા. ૧૯૩૬-૩૭ [ ૧૮ પોટીન ]. |
| ૬૦ | ૧૫૭ | — | દામસેન | ૩૯૪ | સર્વાણિયા [૨૩૩]. |
| ૬૧ | ૧૫૮ | વીરદામા | — | — | સર્વાણિયા [૨૩૩]; આર્કિ. ડીપા. ૧૯૩૬-૩૭ (પોટીન) [૧૮]. |
| ૬૨ | ૧૫૮ | — | દામસેન | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૪]. |
| ૬૩ | ૧૫૯ | વીરદામા | — | — | સર્વાણિયા [ ૨૩૩ ]; પ્રિવેમ્યુ, (૧૫૨૪૫, ૨૨૪૯૦). |
| ૬૪ | ૧૬૦ | ,, | — | ૪૫૩ | સર્વાણિયા [ સદર ]. |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૬૫ | ૧૬૦ | યશોદામા-૧લો | — | ૪૮૦-૪૮૧ | સર્વાણિયા [ સદર ]; પ્રિવેમ્યુ (૨૨૪૯૫, ૫૦૨૫). |
| ૬૬ | ૧૬૦ | વિજયસેન | — | ૪૮૮-૪૯૧ | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૫]; સર્વાણિયા [૨૩૪]; પ્રિવેમ્યુ (૧૫૨૪૮). |
| ૬૭ | ૧૬૦ | — | યશોદામા-૧લો | — | સર્વાણિયા [ ૨૩૩ ]. |
| ૬૮ | ૧૬૧ | વિજયસેન | — | — | સર્વાણિયા (?) [ ૨૩૪ ]. |
| ૬૯ | ૧૬(૧) | વીરદામા | — | — | વસોજ નિધિના એક સિક્કા ઉપર ગિ. વ. આચાર્યે આ અનુમાન કરેલું ( ન્યૂ. સપ્લી. પૃ. ૯૭ ); પરંતુ આ વાચન બરાબર નથી. |
| ૭૦ | ૧૬૧ | — | યશોદામા-૧લો | ૪૮૫-૪૮૬ | — |
| ૭૧ | ૧૬૧ | — | વિજયસેન | — | સર્વાણિયા [ ૨૩૪ ]; પ્રિવેમ્યુ ( ૨૨૪૯૮-૯૯ ). |
| ૭૨ | ૧૬૨ | — | ,, | ૪૯૫ | સર્વાણિયા [ સદર ]; પ્રિવેમ્યુ (૨૨૫૦૧, ૨૪૨૨૨ ); ટેકચંદાની ( ૪/૨૩ ). |
| ૭૩ | ૧૬૩ | — | વિજયસેન | ૪૯૭–૫૦૧ | સર્વાણિયા [સદર]; ટેકચંદાની (૫/૨૪), પ્રિવેમ્યુ (૫૯૬૬) |
| ૭૪ | ૧૬૪ | — | ,, | ૫૦૮–૫૧૪ | સર્વાણિયા [સદર]; વૉટ્સન ( ૭૭–૮૦ ); ટેકચંદાની ( ૬/૨૫ ); ગાંધી સ્મૃતિ- (૧૮૩); પ્રિવેમ્યુ (૨૨૫૦૪, ૧૫૨૫૦); શુક્લ (૫૦૧-૫૦૨) |
| ૭૫ | ૧૬૫ | — | ,, | ૫૧૭–૫૨૦ | સર્વાણિયા [સદર]; પ્રિવેમ્યુ (૨૨૫૦૬); જન્યુસોઈ, પુ. ૨૩ [ ૩૩૬ ]. |
| ૭૬ | ૧૬૬ | — | ,, | ૫૨૧–૫૨૭ | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૮૩), ટેકચંદાની (૮/૨૭); પ્રિવેમ્યુ ( ૨૨૫૦૩ ). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૭૭ | ૧૬૭ | — | ,, | ૫૨૮–૫૩૧ | સર્વાણિયા [સદર]; ટેકચંદાની-(૯/૨૮); પ્રિવેમ્યુ (૨૨૫૦૮); શુકલ (૧૮૧). |
| ૭૮ | ૧૬૮ | — | ,, | ૫૩૨–૫૩૩ | સર્વાણિયા [સદર]; ટેકચંદાની-(૧૦/૨૯]; પ્રિવેમ્યુ (૧૫૨૫૨). |
| ૭૯ | ૧૬૯ | — | ,, | ૫૩૪–૫૩૭ | સર્વાણિયા [સદર]; કચ્છ (૨૨); પ્રિવેમ્યુ (૨૨૫૧૧, ૨૨૫૧૩). |
| ૮૦ | ૧૭૦ | — | વિજયસેન | ૫૪૧-૫૪૯ | સર્વાણિયા [ સદર ]; વૉટ્સન-( ૧૧૦ ); જૂમ્યુ ( ૩૯ ); ટેક-ચંદાની ( ૧૨/૩૧ ); પ્રિવેમ્યુ (૨૨૫૧૫, ૧૫૨૫૫, ૫૯૬૭); ગાંધી સ્મૃતિ ( ૧૫૮, ૩૩૦ ). |
| ૮૧ | ૧૭૧ | — | ,, | ૫૫૦-૫૫૩ | સર્વાણિયા [ સદર ]; જૂમ્યુ ( ૫૭ ); પ્રિવેમ્યુ ( ૯૮૮૭, ૧૫૨૫૬, ૨૨૫૧૪ ); શુકલ (૧૮૫) |
| ૮૨ | ૧૭૨ | — | ,, | ૫૫૪ | જર્બોબ્રારોએસો, ૧૮૯૯ [ ૨૦૫ ]; સર્વાણિયા [સદર]; જૂમ્યુ ( ૫૧ ); ટેકચંદાની-( ૧૪/૩૩ ) ( અનિલા–૭ ); શુકલ ( ૧૮૬, ૫૦૩ ). |
| ૮૩ | ૧૭૨ | — | દામજદશ્રી-૩ | ૫૫૬-૫૫૭ (?) | સર્વાણિયા (?) [૨૩૫]; વૉટ્સન ( ૧૧૯ ); રેપ્સન પાદનોંધમાં '૧૭૩'નો સંભવ રજૂ કરે છે. |
| ૮૪ | ૧૭૩ | — | ,, | — | સર્વાણિયા [ સદર ] |
| ૮૫ | ૧૭૪ | — | ,, | ૫૫૮-૫૬૦ | સર્વાણિયા [ સદર ]; જૂમ્યુ (?) ( ૭૬ ); પ્રિવેમ્યુ ( ૪૮૯૮ ) |
| ૮૬ | ૧૭૫ | — | ,, | ૫૬૧-૫૬૪ | સર્વાણિયા [ સદર ]; પ્રિવેમ્યુ ( ૨૨૫૨૬ ) |
| ૮૭ | ૧૭૬ | — | ,, | ૫૬૫-૫૬૬ | સર્વાણિયા [ સદર ]. |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૮૮ | ૧૭૭ | — | દામજદશ્રી-૩ | — | સર્વાણિયા [સદર]; ટેકચંદાની-(૪/૩૭) (અનિલા-૧૮); પ્રિવેમ્યુ (૨૨૫૨૭, ૧૫૨૬૪, ૪૯૧૮); આસઈરી, ૧૯-૧૨-૧૩ [૨૩૬] |
| ૮૯ | ૧૭૮ | — | રુદ્રસેન-૨ | — | સર્વાણિયા [૨૩૬]; ટેકચંદાની-(૨/૩૯) (અનિલા-૯) |
| ૯૦ | ૧૭૯ | — | ,, | — | સર્વાણિયા [સદર]; ટેકચંદાની (૩/૪૦); પ્રિવેમ્યુ (૨૨૫૩૨). |
| ૯૧ | ૧૮૦ | — | ,, | ૫૮૩ | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૧૩૦); જૂમ્યુ (૯૫); પ્રિવેમ્યુ (૪૯૩૩). |
| ૯૨ | ૧૮૧ | — | ,, | ૫૮૫ (?) | સર્વાણિયા (?) [સદર]; ટેકચંદાની (૫/૪૨); પ્રિવેમ્યુ (૧૫૩૧૭). |
| ૯૩ | ૧૮૨ | — | ,, | — | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૧૩૨, ૧૯૭); જૂમ્યુ (૧૬૩); પ્રિવેમ્યુ (૨૨૫૪૩, ૧૫૨૮૬, ૯૮૮૯); શુક્લ (૧૯૭). |
| ૯૪ | ૧૮૩ | — | ,, | ૫૮૬ | શુક્લ (૧૯૮) |
| ૯૫ | ૧૮૪ | — | રુદ્રસેન-૨જો | ૫૮૮-૫૮૯ | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૧૩૮); શુક્લ (૧૯૯-૨૦૧) |
| ૯૬ | ૧૮૫ | — | ,, | — | સર્વાણિયા [સદર]; શુક્લ (૨૦૨). |
| ૯૭ | ૧૮૬ | — | ,, | ૫૯૦-૫૯૧ (?) | સર્વાણિયા [સદર]; જૂમ્યુ (૧૬૨); ગાંધી સ્મૃતિ (૨૯૯); પ્રિવેમ્યુ (૪૯૨૧, ૨૨૫૩૫); શુક્લ (૨૦૩). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૯૮ | ૧૮૭ | — | ,, | ૫૯૨-૫૯૩ (?) | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૧૪૫-૧૪૮); જૂમ્યુ (૮૧, ૯૪); ટેકચંદાની (૬/૪૩); ગાંધી સ્મૃતિ (૨૧૮); પ્રિવેમ્યુ (૪૯, ૨૪); શુકલ (૨૦૬, ૪૬૫). |
| ૯૯ | ૧૮૮ | — | ,, | ૫૯૪-૫૯૯ | સર્વાણિયા [સદર]; ગાંધી સ્મૃતિ (૨૯૪); પ્રિવેમ્યુ (?) (૨૨૫૩૭); શુકલ (૨૧૧); દેવની મોરી (૬) [૧૦૭], (૭) [૧૦૮] (?). |
| ૧૦૦ | ૧૮૯ | — | રુદ્રસેન-રજો | ૬૦૦ | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૧૫૮-૧૬૧); જૂમ્યુ (૮૩-૮૫; ૯૮, ૧૦૩, ૧૬૬); ગાંધી સ્મૃતિ (૨૧૯); પ્રિવેમ્યુ (૧૫૨૭૩, ૧૫૨૭૭, ૨૨૫૪૧); શુકલ (૨૧૪, ૨૧૬ બ, ૪૬૬, ૪૭૦). |
| ૧૦૧ | ૧૯૦ | વિશ્વસિંહ | — | — | વૉટ્સન (૨૬૬). |
| ૧૦૨ | ૧૯૦ | — | રુદ્રસેન-૨જો | — | સર્વાણિયા [સદર]; પ્રિવેમ્યુ (૫૦૨૯); શુકલ (૨૧૭). |
| ૧૦૩ | ૧૯૧ | — | ,, | — | સર્વાણિયા [સદર]; જૂમ્યુ (?) (૯૨); પ્રિવેમ્યુ (૨૨૫૪૪, ૪૯૪૧). |
| ૧૦૪ | ૧૯૪ | — | ,, | — | જરૉએસો, ૧૮૯૯ [૩૯૧, ૫૮-૮]; સર્વાણિયા [સદર]. |
| ૧૦૫ | ૧૯૫ | — | ,, | — | ન્યૂ. સપ્લી. (સોનપુર). |
| ૧૦૬ | ૧૯૬ | — | ,, | ૬૧૨ | વૉટ્સન (૧૮૨); જૂમ્યુ (૧૦૮). |
| ૧૦૭ | ૧૯૭ | વિશ્વસિંહ | — | — | સર્વાણિયા [૨૩૭]; સાંચી (સી. ૮૪૩) (?) [૬૧]; પ્રિવેમ્યુ (૨૨૫૬૧). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧૦૮ | ૧૯૭ | — | રુદ્રસેન-૨જો | — | સર્વાણિયા [ ૨૩૬ ]; વૉટ્સન (૧૮૬ ); પ્રિવેમ્યુ (૨૨૫૪૬ ). |
| ૧૦૯ | ૧૯૮ | વિશ્વસિંહ | — | — | સર્વાણિયા [ ૨૩૭ ]; પ્રિવેમ્યુ ( ૨૨૫૬૩ ). |
| ૧૧૦ | ૧૯૮ | — | રુદ્રસેન-૨જો | — | સર્વાણિયા [ ૨૩૬ ]; પ્રિવેમ્યુ ( ? ) ( ૧૫૨૬૮ ) |
| ૧૧૧. | ૧૯૯ | વિશ્વસિંહ | — | ૬૨૭-૬૨૮ | સર્વાણિયા [ ૨૩૭ ]; જૂમ્યુ (૧૯૦, ૧૯૮ ) પ્રિવેમ્યુ (૨૨૫૬૦ ). |
| ૧૧૨ | ૧૯૯ | — | રુદ્રસેન-૨જો | — | ન્યૂ. સપ્લી. (સોનપુર); પ્રિવેમ્યુ (૨૨૫૪૭ ); શુક્લ ( ૪૯૬ ). |
| ૧૧૩ | ૧૯૯ | ભર્તૃદામા | — | — | સાંચી ( સી. ૮૪૫ ) ( ? ) |
| ૧૧૪ | ૨૦૦ | વિશ્વસિંહ | — | ૬૩૪-૬૩૮ | સર્વાણિયા [ સદર ]; શુકલ- (૨૩૦, ૨૩૩ ). |
| ૧૧૫ | ૨૦૦ | ભર્તૃદામા | — | — | સર્વાણિયા [ ૨૩૮ ]. |
| ૧૧૬ | ૨૦૦ | — | વિશ્વસિંહ | — | સદર; ટેકચંદાની ( અનિલા—૧૦ ); પ્રિવેમ્યુ (૨૨૫૬૯). |
| ૧૧૭ | ૨૦૧ | ભર્તૃદામા | — | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૬]; સર્વાણિયા [૨૩૮]. |
| ૧૧૮ | ૨૦૧ | — | વિશ્વસિંહ | — | પ્રિવેમ્યુ ( ? ) ( ૨૨૫૭૧ ). |
| ૧૧૯ | ૨૦૨ | ભર્તૃદામા | — | — | સર્વાણિયા [ સદર ]; શુકલ (૨૩૬ ); ગાંધી સ્મૃતિ (૨૩૭) (?). |
| ૧૨૦ | ૨૦૩ | ,, | — | ૬૭૧ | — |
| ૧૨૧ | ૨૦૪ | ,, | — | — | જરોએસો, ૧૮૯૯ [૩૯૪]; સર્વાણિયા [ સદર ]; પ્રિવેમ્યુ (૪૯૮૭); શુકલ (૨૩૭). |
| ૧૨૨ | ૨૦૪ | — | ભર્તૃદામા | — | સર્વાણિયા [૨૩૯]. |
| ૧૨૩ | ૨૦૫ | વિશ્વસેન | — | — | પ્રિવેમ્યુ (૫૦૦૮) ( ? ). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧૨૪ | ૨૦૫ | — | ભર્તૃદામા | — | સર્વાણિયા [ સદર ]. |
| ૧૨૫ | ૨૦૬ | વિશ્વસેન | — | — | સર્વાણિયા (?) [૨૪૦]; પ્રિવેમ્યુ (૨૨૬૦૬) |
| ૧૨૬ | ૨૦૬ | — | ભર્તૃદામા | — | સર્વાણિયા [ ૨૩૯ ]; પ્રિવેમ્યુ (૨૨૫૮૧); શુકલ (૨૩૮). |
| ૧૨૭ | ૨૦૭ | — | ,, | — | સર્વાણિયા [ સદર ]; વૉટ્સન (૮૬૪); પ્રિવેમ્યુ (૨૨૫૮૨) |
| ૧૨૮ | ૨૦૯ | — | ,, | — | સર્વાણિયા [ સદર ]; વૉટ્સન (૩૫૮, ૮૬૭); પ્રિવેમ્યુ (૨૨૫૮૩–૨૨૫૮૫) |
| ૧૨૯ | ૨૧૦ | — | ,, | — | સર્વાણિયા [ સદર ]; વૉટ્સન (૩૪૧); ટેકચંદાની (અનિલા-૧૧) પ્રિવેમ્યુ (૨૨૫૮૬, ૧૯૪૯૧). |
| ૧૩૦ | ૨૧૧ | — | ,, | ૬૭૮-૬૭૯ | સર્વાણિયા [ સદર ]; જૂમ્યુ (૨૭૩); સાંચી (સી. ૮૪૭) (?) [૬૧]; ટેકચંદાની (૧/૪૭); પ્રિવેમ્યુ (૪૯૯૧). |
| ૧૩૧ | ૨૧૨ | — | ભર્તૃદામા | ૬૯૦ | સર્વાણિયા [ સદર ]; વૉટ્સન. (૩૫૫); જૂમ્યુ (૨૭૨). |
| ૧૩૨ | ૨૧૩ | — | ,, | ૬૯૧ | સર્વાણિયા [ સદર ]; વૉટ્સન (૩૨૪, ૩૫૯); શુકલ (૨૩૯). |
| ૧૩૩ | ૨૧૪ | વિશ્વસેન | — | — | શુકલ (૨૫૫). |
| ૧૩૪ | ૨૧૪ | — | ભર્તૃદામા | ૬૯૮ | સર્વાણિયા [ સદર ], વૉટ્સન (૩૫૩); જૂમ્યુ (૨૭૧) (?); ગાંધીસ્મૃતિ (૨૭૩); પ્રિવેમ્યુ (૧૭૭૩૬, ૨૪૨૩૬). |
| ૧૩૫ | ૨૧૫ | વિશ્વસેન | — | — | સર્વાણિયા [ ૨૪૦ ]; પ્રિવેમ્યુ (૨૨૬૦૭, ૨૨૬૦૯); દેવની મોરી (૨૧) [૧૧૧] |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧૩૬ | ૨૧૫ | — | ભર્તૃદામા | — | સર્વાણિયા [ ૨૩૯ ]; પ્રિવેમ્યુ ( ૨૨૫૯૦ ) |
| ૧૩૭ | ૨૧૬ | વિશ્વસેન | — | ૭૧૯ | સર્વાણિયા [ ૨૪૦ ]; દેવની મોરી ( ૧૯–૨૦ ) (?) [૧૧૦]; શુક્લ (૨૬૫–૨૬૬) |
| ૧૩૮ | ૨૧૬ | — | ભર્તૃદામા | — | ન્યૂ. સપ્લી. (સોનપુર); વૉટસન (૫૩૯, ૫૪૨); જૂમ્યુ (૫૦૫); શુક્લ ( ૨૪૩ ) |
| ૧૩૯ | ૨૧૭ | વિશ્વસેન | — | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૭]; સર્વાણિયા [૨૪૦]; ટેકચંદાની ( અનિલા–૧૩ ); પ્રિવેમ્યુ ( ૫૦૦૬, ૯૯૦૧ ) |
| ૧૪૦ | ૨૧૭ | — | ભર્તૃદામા | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૬]; સર્વાણિયા [ ૨૩૯ ]; વૉટ્સન ( ૫૪૧, ૫૬૦ ); પ્રિવેમ્યુ ( ૨૨૫૯૩ ). |
| ૧૪૧ | ૨૧૮ | વિશ્વસેન | — | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [ ૨૦૭]; પ્રિવેમ્યુ (૨૨૬૧૩); શુક્લ ( ૨૭૦ ). |
| ૧૪૨ | ૨૧૯ | વિશ્વસેન | — | -- | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૭]; સર્વાણિયા ( ? ) [૨૪૦] |
| ૧૪૩ | ૨૨૦ | ,, | — | — | સર્વાણિયા [સદર]; ટેકચંદાની (અનિલા-૧૪); પ્રિવેમ્યુ (૨૨૬૧૫-૨૨૬૧૭); શુક્લ (૨૭૨). |
| ૧૪૪ | ૨૨૦ | — | ભર્તૃદામા | — | સાંચી (સી. ૮૪૯–૮૫૦) (?) [૬૨]. |
| ૧૪૫ | ૨૨૧ | વિશ્વસેન | — | ૭૩૬ | સર્વાણિયા [સદર]; પ્રિવેમ્યુ (૯૯૦૨, ૫૯૯૦); શુક્લ (૨૭૪); વૉટ્સન (૫૮૦). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧૪૬ | ૨૨૨ | વિશ્વસેન | — | ૭૩૭-૭૩૮ | સર્વાણિયા [સદર]; કચ્છ (૧૪); વૉટ્સન (૫૭૪-૭૫, ૫૭૯, ૫૮૧); પ્રિવેમ્યુ (૫૯૯૧-૯૨, ૨૨૬૧૯; શુક્લ (૨૭૫-૭૭, ૨૭૯); ટેકચંદાની (૧/૪૯). |
| ૧૪૭ | ૨૨૩ | ,, | — | ૭૩૯ | સર્વાણિયા [સદર], વૉટ્સન (૫૭૭); શુક્લ (૨૮૦). |
| ૧૪૮ | ૨૨૪ | વિશ્વસેન | — | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૭]; સર્વાણિયા [સદર]. |
| ૧૪૯ | ૨૨૫ | ,, | — | ૭૪૧—૭૪૪ | સર્વાણિયા [સદર]; પ્રિવેમ્યુ (૯૯૦૩); દેવની મોરી (૨૫) [૧૧૧]. |
| ૧૫૦ | ૨૨૬ | ,, | — | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૭]; સર્વાણિયા [સદર]; વૉટ્સન (૫૮૭); પ્રિવેમ્યુ (૧૫૩૪૨); શુક્લ (૨૮૪-૨૮૫) |
| ૧૫૧ | ૨૨૬ | રુદ્રસિંહ—૨જો | — | — | સર્વાણિયા [૨૪૧]; વૉટ્સન (૬૮૮); પ્રિવેમ્યુ (૨૨૬૨૭). |
| ૧૫૨ | ૨૨૭ | ,, | — | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૭, ૫ટ્ટ–૬]; સર્વાણિયા [સદર]; ટેકચંદાની (અનિલા–૧૫); પ્રિવેમ્યુ (૨૨૬૨૮-૨૯, ૨૨૬૩૧). |
| ૧૫૩ | ૨૨૮ | ,, | — | — | સર્વાણિયા [સદર]; પ્રિવેમ્યુ (૨૨૬૩૩). |
| ૧૫૪ | ૨૨૯ | રુદ્રસિંહ-૨જો | — | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૭, ૫ટ્ટ-૭]; સર્વાણિયા [સદર] |
| ૧૫૫ | ૨૩૦ | ,, | — | ૭૭૦ | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૬૭૯); પ્રિવેમ્યુ (૨૨૬૩૫, ૨૨૬૩૭, ૫૯૯૭). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧૫૬ | ૨૩૧ | ,, | — | ૭૭૧ | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૬૯૬, ૬૯૮); ટેકચંદાની (અનિલા-૧૬); પ્રિવેમ્યુ (૯૯૦૫) |
| ૧૫૭ | ૨૩૨ | ,, | - | — | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૭૦૦) |
| ૧૫૮ | ૨૩૪ | ,, | — | — | સર્વાણિયા [સદર]; પ્રિવેમ્યુ (૨૨૬૩૮). |
| ૧૫૯ | ૨૩૫ | ,, | — | — | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૭૧૭); પ્રિવેમ્યુ (૨૨૬૩૯, ૨૨૬૪૧); શુક્લ (૩૦૭) |
| ૧૬૦ | ૨૩૬ | ,, | — | — | સર્વાણિયા [સદર]; પ્રિવેમ્યુ (૨૨૬૪૨) |
| ૧૬૧ | ૨૩૭ | રુદ્રસિંહ-૨જો | — | — | સર્વાણિયા [સદર]; પ્રિવેમ્યુ (૨૨૬૪૩). |
| ૧૬૨ | ૨૩૭ | યશોદામા-૨ | — | — | પ્રિવેમ્યુ (૨૨૬૪૭). |
| ૧૬૩ | ૨૩૮ | રુદ્રસિંહ-૨ | — | — | સર્વાણિયા [સદર]. |
| ૧૬૪ | ૨૩૮ | યશોદામા-૨ | — | — | સર્વાણિયા [૨૪૨] |
| ૧૬૫ | ૨૩૯ | ,, | — | — | જર્બોંબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૮]; સર્વાણિયા [સદર]. |
| ૧૬૬ | ૨૪૦ | ,, | — | ૭૯૪-૭૯૬ | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૭૪૨-૪૪); ગાંધી સ્મૃતિ (૨૪૫); જૂગ્યુ (૫૭૬); પ્રિવેમ્યુ (૫૦૨૪, ૨૨૬૪૯); શુક્લ (૩૩૧-૩૩૭). |
| ૧૬૭ | ૨૪૧ | ,, | — | — | સર્વાણિયા [સદર]; વૉટ્સન (૭૪૫-૭૪૬); પ્રિવેમ્યુ (૨૨૬૫૧-૫૨); શુક્લ (૨૩૮-૨૩૯). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧૬૮ | ૨૪૨ | ,, | — | — | જરોએસો, ૧૮૯૯ (૩૯૭); સર્વાણિયા [ સદર ]; વૉટ્સન (૭૪૭-૭૪૯); જૂમ્યુ (૫૮૨); પ્રિવેમ્યુ (૨૨૬૫૩); શુક્લ (૨૪૦-૨૪૧). |
| ૧૬૯ | ૨૪૩ | યશોદામા-૨ | — | ૮૦૫ | સર્વાણિયા [ સદર ]; વૉટ્સન (૭૫૦). |
| ૧૭૦ | ૨૪૪ | ,, | — | — | જરોએસો, ૧૮૯૯ [ ૩૯૭ ]; સર્વાણિયા [ સદર ]; શુક્લ (૩૪૩). |
| ૧૭૧ | ૨૪૫ | ,, | — | — | સર્વાણિયા [ સદર ]; વૉટ્સન (૭૫૨); શુક્લ (૩૪૪). |
| ૧૭૨ | ૨૪૬ | ,, | — | — | જરોએસો, ૧૮૯૯ [૩૯૭] (?) |
| ૧૭૩ | ૨૪૭ | ,, | — | — | સર્વાણિયા [ સદર ]; વૉટ્સન (૭૫૩); પ્રિવેમ્યુ (૧૫૩૫૫). |
| ૧૭૪ | ૨૪૯ | ,, | — | ૮૦૬ | — |
| ૧૭૫ | ૨૫૨ | ,, | — | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૮]; પ્રિવેમ્યુ (૨૨૬૫૭) |
| ૧૭૬ | ૨૫૩ | ,, | — | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [ ૨૦૮, ૫૬-૯ ]; પ્રિવેમ્યુ (૨૨૬૫૮). |
| ૧૭૭ | ૨૫૪ | ,, | — | — | જબૉબ્રારોએસો, ૧૮૯૯ [ ૨૦૮, ૫૬-૧૦ ]; સર્વાણિયા [ સદર ]; પ્રિવેમ્યુ (૨૨૬૫૯). |
| ૧૭૮ | ૨૭૦ | (?) | — | — | જન્યુસોઈ, પુ. ૨૬ [૨૩૩-૩૫], જેમાં ઇન્ડિયા મ્યુ. કલકત્તાના સંગ્રહનો નં. ૯૩૭નો સિક્કાનો નિર્દેશ છે. વધુ માટે જુઓ મહાનિબંધ [૧૮૩]. |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
| --- | --- | --- | --- | --- | --- |
| ૧૭૯ | ૨૭૦ | — | રુદ્રસેન-૩જો | ૮૧૨ | જબોંબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૯]; સર્વાણિયા [૨૪૨]; વૉટ્સન (૭૮૩-૮૪); જૂમ્યુ (૬૧૩, ૬૬૬); પ્રિવેમ્યુ (૨૨૬૬૨-૬૩, ૧૯૪૯૩). |
| ૧૮૦ | ૨૭૧ | — | ,, | — | જબોંબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૯]; જૂમ્યુ (૬૩૧); પ્રિવેમ્યુ (૧૨૬૬૪-૬૫); શુક્લ (૩૬૯). |
| ૧૮૧ | ૨૭૨ | — | ,, | — | જબોંબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૯], સર્વાણિયા [સદર]; જૂમ્યુ (૬૬૯); પ્રિવેમ્યુ (૨૨૬૬૬-૬૭). |
| ૧૮૨ | ૨૭૩ | — | ,, | — | જબોંબ્રારોએસો, ૧૮૯૯ [૨૦૯: પટ્ટ-૧૧]; સર્વાણિયા [સદર]; પ્રિવેમ્યુ (૨૨૬૬૯-૭૦). |
| ૧૮૩ | ૨૭૪ | — | રુદ્રસેન-૩જો | — | પ્રિવેમ્યુ (૨૨૬૭૧) (?). |
| ૧૮૪ | ૨૮૦ | — | ,, | — | જરોએસો, ૧૮૫૦, [૬૨, પટ્ટ-૨, નં. ૨૭, સીસું]; વૉટ્સન (૮૩૯); જૂમ્યુ (૬૦૬, ૬૩૨); શુક્લ ૩૭૦, ૩૭૧, ૫૩૩). |
| ૧૮૫ | ૨૮૧ | — | ,, | — | જરોએસો, ૧૮૫૦ [૬૨, સીસું] |
| ૧૮૬ | ૨૮૨ | — | ,, | — | ન્યૂ. સાપ્લી. (જૂનાગઢ). |
| ૧૮૭ | ૨૮૩ | — | ,, | — | જરોએસો, ૧૮૫૦ [૬૨, સીસું]; આર્કિ. ડીપા. ૧૯૩૫-૩૬ [૬૨, સીસું ?]. |
| ૧૮૮ | ૨૮૪ | — | ,, | ૮૮૯-૮૯૧ | ન્યૂ. સાપ્લી. (સોનપુર). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧૮૯ | ૨૮૫ | — | ,, | — | જરોએસો, ૧૮૯૯ [૪૯૩, પટ્ટ-૧૫, સીસું]; ન્યૂ. સપ્લી. (સોનપુર ?) (વસોજ ?), આર્કિ. ડીપા., ૧૯૩૫-૩૬ [૬૨] (સીસું) અને ૧૯૩૬-૩૭ [૧૮, સીસું ?]. |
| ૧૯૦ | ૨૮૬ | — | રુદ્રસેન–૩ | ૮૧૮-૮૨૦ | જૂમ્યુ (૫૯૬, ૬૧૮, ૬૩૫), વમ્યુ (૯૨૪); પ્રિવેમ્યુ (૧૮૮૨૮) |
| ૧૯૧ | ૨૮૭ | — | ,, | — | ન્યૂ. સપ્લી. (સોનપુર અને જૂનાગઢ) વૉટ્સન (૭૮૭, ૭૮૮, ૭૯૦); જૂમ્યુ (૬૨૩; ૬૫૯); ગાંધી સ્મૃતિ (૩૬૯-૪૩૯); શુકલ (૫૨૫, ૫૩૦) |
| ૧૯૨ | ૨૮૮ | — | ,, | — | જરોએસો, ૧૮૯૯ [૪૦૩, પટ્ટ-૨, નં. ૩૧, સીસું]; ન્યૂ. સપ્લી. (જૂનાગઢ) |
| ૧૯૩ | ૨૮૯ | — | ,, | — | જૂમ્યુ (૬૧૫; ૬૪૩, ૬૬૮). |
| ૧૯૪ | ૨૯૦ | — | ,, | — | ન્યૂ. સપ્લી. (જૂનાગઢ); વૉટ્સન (૮૦૫); વમ્યુ (સીસું) (૨૨-૨૩); જૂમ્યુ (૫૯૪, ૬૧૬, ૬૭૨); ટેકચંદાની (૧૨); પ્રિવેમ્યુ (૧૫૩૭૧-૭૨, ૨૨૬૭૮, ૫૦૨૭); શુકલ (૫૨૭, ૫૩૧). |
| ૧૯૫ | ૨૯૧ | — | રુદ્રસેન–૩ | — | ન્યૂ. સપ્લી. (જૂનાગઢ); પ્રિવેમ્યુ (૨૨૬૭૭); જૂમ્યુ (૬૦૮); આર્કિ. ડીપા. ૧૯૩૫-૩૬ [૬૨, સીસું]. |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૧૯૬ | ૨૯૨ | — | ” | ૮૩૮-૮૩૯ | જૂમ્યુ (૬૨૧, ૬૫૩); વમ્યુ (૯૨૪); પ્રિવેમ્યુ (૧૫૩૬૯); શુકલ (૩૭૭); આર્કિ. ડીપા. ૧૯૩૬–૩૭ [૧૮, સીસું]. |
| ૧૯૭ | ૨૯૩ | — | ” | ૮૪૫ | જૂમ્યુ (૫૯૭); પ્રિવેમ્યુ (૨૨૬૭૯). |
| ૧૯૮ | ૨૯૪ | — | ” | ૮૪૯-૮૫૨ | જરોએસો, ૧૮૫૦, [૬૨, ૫૬-૨, નં. ૩૨, સીસું] ગાંધી સ્મૃતિ (૧૩૨); શુકલ (૩૭૮) |
| ૧૯૯ | ૨૯૫ | — | ” | — | વૉટ્સન (૮૭૯). |
| ૨૦૦ | ૨૯૬ | — | ” | — | ન્યૂ. સપ્લી. (જૂનાગઢ); વમ્યુ (૯૨૪), (ક્વર નં. ૨૦, સીસું); પ્રિવેમ્યું (૨૨૬૯૦, ૫૦૪૧); શુકલ (૩૭૯). |
| ૨૦૧ | ૨૯૭ | — | રુદ્રસેન-૩ | — | ન્યૂ. સપ્લી. (જૂનાગઢ); પ્રિવેમ્યુ (૫૦૪૫); શુકલ (૩૮૦). |
| ૨૦૨ | ૨૯૮ | — | ” | ૮૫૩ | — |
| ૨૦૩ | ૨૯૯ | — | ” | — | જૂમ્યુ (૬૫૧૭); વમ્યુ (નંબર નથી); પ્રિવેમ્યુ (૧૫૩૬૨); શુકલ (૩૮૧-૮૨, ૫૩૭). |
| ૨૦૪ | ૩૦૦ | — | ” | — | જરોએસો, ૧૮૮૨, [૩૭૪], ૧૮૯૯ [૩૯૮]; ગાંધી સ્મૃતિ (નંબર નથી). |
| ૨૦૫ | ૩૦૧ | — | ” | — | ન્યૂ. સપ્લી. (સોનપુર) |
| ૨૦૬ | ૩૦૨ | — | ” | — | ગાંધી સ્મૃતિ (?) (૨૫૯) |
| ૨૦૭ | ૩૦૪ | — | સ્વા. સિંહસેન | ૯૦૪ | — |
| ૨૦૮ | ૩૦૫ | — | ” | — | પ્રિવેમ્યુ (?) (૧૫૪૧૧); આ સિક્કામાં વર્ષ કપાળની સામે છે. |
| ૨૦૯ | ૩૦૬ | — | ” | — | પ્રિવેમ્યુ (?) (૧૭૭૩૫). |

| ક્રમ | શક સંવતનાં વર્ષો | રાજા ક્ષત્રપ | રાજા મહાક્ષત્રપ | રેપ્સનનો નંબર | સંદર્ભ અને વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| ૨૧૦ | ૩૧૦ | — | રુદ્રસિંહ–૩ | — | પ્રિવેમ્યુ (?) (૧૧૫૭૦); રેપ્સન કેટલૉગ ઑફ કોઈન્સ, ફકરો ૧૨૯. |
| ૨૧૧ | ૩૧૨(?) | — | રુદ્રસેન– ૩(?) | — | ગિ. વ. આચાર્ય, સોનપુર નિધિના એક સિક્કા ઉપર આવું વાચન કરે છે (ન્યૂ. સપ્લી. પૃ. ૯૫–૯૬); જોકે આ વાચન સ્વીકાર્ય નથી. સંભવ છે કે રુદ્રસિંહ–૩જો હોય. |
| ૨૧૨ | ૩૧૪ | — | રુદ્રસિંહ–૩ | — | જન્યુસોઈ, પુ. ૧૨ [૧૧૮–૧૧૯] (સીસું). |
| ૨૧૩ | ૩૨૦ | — | ,, | — | શુક્લ (૩૮૯) |

ઉપર નિર્દિષ્ટ સંગ્રહો ઉપરાંત આ લેખકે ઇન્દોરના શ્રી શાન્તિલાલ પરદેશી, શ્રી રાજેન્દ્રકુમાર શેઠી અને શ્રી મહેતાબસિંઘના અંગત સંગ્રહમાંના સિક્કાઓની પણ જાતતપાસ કરી હતી, પરંતુ આ સિક્કાઓની કોઈ વ્યવસ્થિત નોંધ એમણે કરેલી ન હોઈ અહીં એમના સિક્કાઓની નોંધ લઈ શકાઈ નથી. આ ઉપરાંત અમદાવાદના શ્રી ગોધારીના અંગત સંગ્રહમાં ક્ષત્રપ સિક્કાઓ છે, પરન્તુ એમના યોગ્ય સહકારના અભાવને લઈ એમના સિક્કાઓની જાતતપાસ થઈ શકી ન હતી.*

---

* અંગત સંગ્રહમાંના સિક્કાઓ અને મ્યૂઝિયમમાં સંગૃહીત ક્ષત્રપ સિક્કાઓની જાતતપાસની સગવડ અને સહકાર આપવા માટે તે તે સદ્‌ગૃહસ્થો અને ક્યૂરેટરોનો હાર્દિક આભાર માનું છું.

# અણહિલવાડનો ચાવડા વંશ

**હરિપ્રસાદ શાસ્ત્રી**

ગુજરાતના ઇતિહાસમાં ચાવડા વંશ ઘણો જાણીતો છે. સોલંકી રાજ્યમાં ગુજરાતે જાહોજલાલીનો સુવર્ણકાલ અનુભવ્યો અને એ રાજ્યની રાજધાની ત્યાંના એ અગાઉના ચાવડા વંશના વનરાજે સ્થાપી હતી, તેથી કેટલાક પ્રાચીન ઇતિહાસકારો સોલંકી વંશના વૃત્તાંતની પહેલાં ચાવડા વંશનો વૃત્તાંત પણ આપતા. જૈન પ્રબંધોને આધારે લખાતો ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ આથી ચાવડા વંશથી શરૂ થતો. આ બંને રાજવંશોની રાજધાની અણહિલવાડ પાટણમાં હતી. આ પાટણ હાલ મહેસાણા જિલ્લામાં તાલુકાનું વડું મથક છે.

'ચાવડા' શબ્દનું સંસ્કૃત સાહિત્યમાં 'ચાપોત્કટ' તથા 'ચાવોટક' રૂપ પ્રયોજાતું. સંક્ષેપમાં એને 'ચાપ' પણ કહેતા.

આ કુલના બીજા પણ કેટલાક રાજવંશ થયા છે. જ્યોતિષાચાર્ય બ્રહ્મગુપ્તે 'બ્રહ્મસ્ફુટ સિદ્ધાંત' નામે ગ્રંથ શક વર્ષ ૫૫૦(ઈ. સ. ૬૨૮–૨૯)માં લખ્યો, ત્યારે ચાપવંશનો રાજા વ્યાઘ્રમુખ રાજ્ય કરતો હતો. બ્રહ્મગુપ્ત ભિલ્લમાલના આચાર્ય હોઈ, આ વંશની રાજધાની ભિલ્લમાલ હોવા સંભવે છે.[૧] તો વિ. સં. ૬૮૨(ઈ. સ. ૬૨૫)માં રાજ્ય કરતો ભિલ્લમાલનો રાજા વર્મલાત તેનો પુરોગામી હોવા સંભવે.[૨] ભિલ્લમાલને 'શ્રીમાલ' પણ કહેતા. હાલ એ દક્ષિણ રાજસ્થાનમાં ભીનમાલ તરીકે ઓળખાય છે.

નવસારીના ચાલુક્ય રાજા અવનિજનાશ્રય પુલકેશીના કલચુરિ વર્ષ ૪૯૦(ઈ. સ. ૭૩૯)ના

---

૧ આ ગ્રંથ ભિલ્લમાલમાં લખાયો એવો નિર્દેશ નથી, પરંતુ બ્રહ્મગુપ્ત ભિલ્લમાલકાચાર્ય હતા એ પરથી એવો સંભવ સૂચિત થાય છે.

શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી ધારે છે કે ત્યારે ભિલ્લમાલમાં ગુર્જર રાજ્ય જ હોવા સંભવે છે (ગુ. મ. રા. ઇ. પૃ. ૫૧), પરંતુ એ રાજ્યની રાજધાની મેડતામાંથી ભિલ્લમાલમાં ક્યારે ખસેડાઈ તે નિશ્ચિત નથી.

૨ વર્મલાતના એક સામંતનો વિ. સં. ૬૮૨નો શિલાલેખ વસંતગઢમાં મળ્યો છે. (એ. ઇ. પુ. ૯, પૃ. ૧૯૧). કવિ માઘના પિતામહ સુપ્રભદેવ ભિલ્લમાલમાં રાજા વર્મલાતના મંત્રી હતા એવું પ્રભાવકચરિત(પૃ. ૧૨૧)માં જણાવ્યું છે તે પરથી વસંતગઢના શિલાલેખમાં જણાવેલ વર્મલાત ભિલ્લમાલનો રાજા હોવાનું સંભવે છે.

ઈ. સ. ૬૪૧ના અરસામાં ચીની મહાશ્રમણ યુઆન શ્વાંગે ગુર્જરદેશની મુલાકાત લીધી, ત્યારે તેનું મુખ્યનગર ભિલ્લમાલ હતું ને ત્યાં કોઈ યુવાન ક્ષત્રિય રાજ્ય કરતો હતો. એ પરથી તે સમયે ગુર્જર રાજ્યની રાજધાની ત્યાં હોવાનું જણાય છે. તે અનુસાર ત્યાં ચાપ વંશની સત્તા ત્યારે લુપ્ત થઈ ગઈ ગણાય. કદાચ ત્યાંથી એ વંશના રાજાઓ પંચાસર ગયા હશે. (કાવ્યાનુશાસન., પ્રસ્તાવના, પૃ. ૧૦૯)

તામ્રપત્રમાં ચાવોટક રાજ્યનો ઉલ્લેખ આવે છે.[1] પૂર્વાપર સંબંધ પરથી એ રાજ્ય સૌરાષ્ટ્ર અને મેવાડની વચ્ચે આવ્યું હોવાનું સૂચિત થાય છે.[2] શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી ધારે છે તેમ એ પંચાસરનું ચાવડા રાજ્ય હોવા સંભવે છે.[3] આ રાજ્યનો સ્પષ્ટ ઉલ્લેખ કોઈ અભિલેખોમાં મળ્યો નથી, પરંતુ 'રત્નમાલ'માં વનરાજના પિતા સંબંધી જે ઉલ્લેખો આવે છે તે પરથી તેના પૂર્વજો પંચાસરમાં રાજ્ય કરતા એવું માલૂમ પડે છે. જૈન અનુશ્રુતિ વનરાજનો ઉછેર પંચાસર પાસે થયો હોવાનું જણાવે છે તે પરથી આ વાતને સમર્થન મળે છે. આ રાજ્યનો નાશ વનરાજના જન્મ પહેલાં, અર્થાત્ અનુશ્રુતિ પ્રમાણે ઈ. સ. ૬૯૬માં અને સંશોધિત સમયાંકન પ્રમાણે ઈ. સ. ૭૯૦ના અરસામાં થયો જણાય છે.[4] પરંતુ એ રાજ્ય ત્યાં ક્યારથી પ્રવર્તતું હતું એ જાણવા મળતું નથી. પંચાસર કચ્છના રણની પૂર્વે આવેલ વઢિયાર પ્રદેશમાં આવેલું છે.

એક ત્રીજા ચાપ વંશના રાજા વર્ધમાન(વઢવાણ)માં રાજ્ય કરતા હતા એવું એ વંશના રાજા ધરણીવરાહના શક વર્ષ ૮૩૬(ઈ. સ. ૯૧૪)ના તામ્રપત્ર પરથી જાણવા મળે છે.[5] એમાં જણાવેલા એના પૂર્વજો ત્યાં લગભગ ઈ. સ. ૮૦૦થી રાજ્ય કરતા હોવાનું જણાય છે.

ચાપોત્કટ (ચાવડા) કુલનો સૌથી જાણીતો રાજવંશ અણહિલવાડ પાટણનો છે. આ વંશની સત્તા ૧૯૬ વર્ષ પ્રવર્તી ગણાય છે, છતાં એના કોઈ અભિલેખ મળ્યા નથી તેમ જ સમકાલીન સાહિત્ય કે અભિલેખોમાં પણ એને લગતા ઉલ્લેખ મળ્યા નથી. જ્ઞાત અભિલેખોમાં એનો સૌથી પહેલો ઉલ્લેખ સોલંકી રાજા કુમારપાલના સમયની વિ. સં. ૧૨૦૮(ઈ. સ. ૧૧૫૧)ની વડનગર પ્રશસ્તિમાં આવે છે.[6] આ વંશના સ્થાપક વનરાજનો પહેલવહેલો ઉલ્લેખ વિ. સં. ૧૨૧૬(ઈ. સ. ૧૧૬૦)માં રચાયેલ 'નેમિનાહ ચરિઉ' નામે અપભ્રંશ કાવ્યની પ્રશસ્તિમાં આવે છે. અજયપાલ(ઈ. સ. ૧૧૭૨-૧૧૭૬)ના મંત્રી યશઃપાલે રચેલા 'મોહરાજ-પરાજય' નાટકમાં પણ વનરાજનો અને ચાપોત્કટોનો ઉલ્લેખ આવે છે. પ્રભાવકચરિત-(વિ. સં. ૧૩૩૪)માં વનરાજના ઉલ્લેખ મળે છે. આમ આ ચાવડા વંશને લગતા પ્રાચીન ઉલ્લેખ એ વંશના અંતથી (વિ. સં. ૯૯૮ કે ઈ. સ. ૯૪૨થી) બસો-ત્રણસો વર્ષ પછીના છે.

વનરાજે અણહિલવાડમાં સ્થાપેલા ચાવડા વંશના સર્વ રાજાઓને લગતો સળંગ વૃત્તાંત પહેલવહેલો મહામાત્ય વસ્તુપાલના સમયમાં રચાયેલ 'સુકૃતકીર્તિકલ્લોલિની' (ઈ. સ. ૧૨૧૧) તથા 'સુકૃતસંકીર્તન'-ઈ. સ. ૧૨૨૨ અને ૧૨૩૧ની વચ્ચે)માં મળે છે. આ રાજવંશને લગતી સાલવારી સાથેની વિપુલ માહિતી પહેલવહેલી 'પ્રબંધચિંતામણિ' (વિ. સં. ૧૩૬૧)માં

---

૧ सैन्धवकच्छेऽसौराष्ट्रचावोटकमौर्यगुर्जरादिराज्ये ।
મિરાશી, કો. ઇ. ઇ., પુ. ૪, લેખ નં. ૩૦)

૨ મૌર્ય રાજ્ય ત્યારે મેવાડમાં હોવાનું માલૂમ પડે છે (ક્લાસિકલ એજ, પૃ. ૧૬૧-૬૨)

૩ ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૫૧

૪ જુઓ આ લેખમાં આગળ.

૫ ઇ. એ., પુ. ૧૨, પૃ. ૧૯૦; ગુ. ઐ. લે. નં. ૨૩૬ (આ લેખનું ખરું વર્ષ ૮૩૬ છે.)

૬ એ. ઇ. પુ. ૧, પૃ. ૨૯૩; ગુ. આ. લે., નં. ૧૪૭.

મળે છે, જે વાઘેલા ચૌલુક્ય રાજયના અંત પછી થોડા વખતમાં લખાયેલી છે. સ્થવિરાવલી કે વિચારશ્રેણી, જે એની નજીકમાં લખાયેલી છે, તેમાં ય આ વંશની માહિતી આપી છે. પુરાણોમાં આ વંશનો વૃત્તાંત 'ધર્મારણ્યકથા'માં આવે છે, જે ચૌદમા શતકમાં રચાઈ લાગે છે.[1] પંચાસરના રાજા જયશિખરીનો વૃત્તાંત તો છેક ૧૭મા–૧૮મા સૈકામાં[2] લખાયેલ 'રત્નમાલ' નામે હિંદી કાવ્યમાં મળે છે.

સોલંકી કાલના ઉલ્લેખો પરથી ચૌલુક્ય (સોલંકી) વંશના સ્થાપક મૂલરાજે ચાપોત્કટ વંશ પાસેથી રાજસત્તા પ્રાપ્ત કરી હોવાનું, એ વંશનો સ્થાપક વનરાજ નાનપણમાં પંચાસર પાસે ઊછર્યો હોવાનું અને અણહિલપાટકની રાજધાની વનરાજે વસાવી હોવાનું સ્પષ્ટ થાય છે; પરંતુ એમાંથી વનરાજનાં માતાપિતા કે તેના મૂળ વતન વિશે કંઈ ચોક્કસ માહિતી મળતી નથી.

પ્રબંધચિંતામણિમાં તેની માતાનો ઉલ્લેખ આવે છે, પણ તેનું નામ આપ્યું નથી;[3] એના પિતાનો કંઈ ઉલ્લેખ આવતો નથી, પરંતુ એ સમયે તે હયાત ન હોય એવું સૂચિત થાય છે. પુરાતનપ્રબંધસંગ્રહ(૧૪મી સદી)માં આવેલા એક પ્રબંધમાં વનરાજ આંબાસણ ગામના ચામુંડે ત્યાંથી સગર્ભાવસ્થામાં કાઢી મૂકેલ પત્નીનો પંચાસરમાં મોટો થયેલ પુત્ર હોવાનું જણાવ્યું છે.[4] એમાં પણ એની માતાનું નામ જણાવ્યું નથી.

પદ્મપુરાણાન્તર્ગત મનાતી ધર્મારણ્ય કથામાં વળી એને કોશલ દેશના સૂર્યવંશી રાજા અગ્નિકેતુના ક્ષત્તા પુત્ર રજનીપુત્રને ધર્મારણ્યમાં થયેલ પુત્ર કહ્યો છે.[5] આમાં પણ વનરાજની માતાનું નામ આપ્યું નથી.

પંચાસરના ચાવડા રાજા જયશિખરીના મૃત્યુ બાદ થોડાક વખતમાં તેની રાણી રૂપસુંદરીને વનમાં વિ. સં. ૭૫૨(ઈ. સ. ૬૯૬)માં વનરાજ જન્મ્યો એવી હકીકત છેક 'રત્નમાલ'માં જ

---

૧ આ વૃત્તાંત પદ્મપુરાણન્તર્ગત ગણાતી ધર્મારણ્યકથામાં છે, સ્કન્દપુરાણન્તર્ગત ગણાતા ધર્મારણ્યોપાખ્યાનમાં નથી. ધર્મારણ્યકથાના અધ્યાય ૬૬માં વનરાજથી કુમારપાલ સુધીના રાજાઓની હકીકત આપી છે અને અધ્યાય ૬૮માં અલ્લાઉદ્દીન ખીલજીના સમયનો વૃત્તાંત આપેલો છે.

શ્રી. રામલાલ ચુનીલાલ મોદી એને વિક્રમ સંવતના પંદરમા સૈકામાં લખાઈ માને છે (સ્વ. રામલાલ ચુનીલાલ મોદી લેખસંગ્રહ, ભાગ ૧, પૃ. ૩૦).

૨ દુ. કે. શાસ્ત્રી, ગુ. મ. રા. ઇ., પૃ. ૫૩, ટી. ૧.

૩ જિનવિજય સંપાદિત આવૃત્તિ, પૃ. ૧૨.

૪ પૃ. ૧૨. આ અંબાસણ તે મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકાનું અંબાસણ હોવાનું જણાય છે.

૫ અ. ૬૬, શ્લો. ૩૭-૫૩.

'ક્ષત્તા' એટલે દાસીપુત્ર. રજનીપુત્ર સૈરેન્ધ્રીનો પુત્ર હતો. વિદુર પણ દાસીપુત્ર તરીકે 'ક્ષત્તા' કહેવાતા.

આ શબ્દને કેટલાક 'ક્ષતા' કે 'અક્ષતા' એવું વનરાજની માતાનું નામ સમજ્યા છે, પણ એ યથાર્થ નથી.

જોવા મળે છે.[1] જૈન અનુશ્રુતિઓ વનરાજના શૈશવને પંચાસર સાથે સાંકળે છે એ પરથી વનરાજના પિતા પંચાસરમાં રાજ્ય કરતા હોય અને એમની રાજસત્તા વનરાજના જન્મ સમયે લુપ્ત થઈ ગયેલી હોય એ અનુશ્રુતિ ઘણી સંભવિત ગણાય. તો એના પિતાનું નામ 'જયશિખરી' હોવાનું અને એ રાજા તથા એનું રાજ્ય કનોજના રાજાના આક્રમણનો ભોગ બની નાશ પામ્યું હોવાનું પણ અસંભવિત નથી.

ચાહડગઢથી જયપુર આવી વસેલ ચાસ-વંશના અને જયપુરથી ભિલ્લમાલ આવી વસેલ રાજા ભીમદેવ અને એની રાણી જશકુંવરબા તે વનરાજનાં માતાપિતા હોવા વિશેની વાત શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી ધારે છે તેમ દંતકથાત્મક જ લાગે છે.[2]

બીજો પ્રશ્ન છે પંચાસરનાં રાજ્યનો નાશ કરનાર કનોજના રાજાનો. પ્રબંધચિંતામણિમાં જણાવ્યું છે કે કન્યકુબ્જના રાજાએ પોતાની પુત્રી મહણિકાને પહેરામણીમાં ગૂર્જરદેશ આપેલો, તેની ખંડણી ઉઘરાવવા આપેલ પંચોળી ખંડણી લઈ કનોજ પાછો જતો હતો ત્યારે વનરાજે એને લાગ જોઈ સૌરાષ્ટ્ર ઘાટમાં મારી નાખ્યો, એનું ધન લઈ એ વનમાં વર્ષ સુધી છુપાઈ રહ્યો અને પછી વિ. સં. ૮૦૨માં અણહિલ્લપાટક વસાવી ત્યાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો.[3] અહીં કન્યકુબ્જ(કનોજ)ના એ રાજાનું નામ કે કુલ જણાવ્યું નથી.

પરંતુ જિનમંડન-કૃત "કુમારપાલ-પ્રબંધ'(વિ. સં. ૧૩૯૨)માં એ રાજા ભૂયડરાજ હોવાનું, બાલ વનરાજની માતા ભૂયડરાજના ભયથી પોતાના પુત્રને સાચવતી રાજપત્ની હોવાનું અને ભૂયડરાજ એ મૂલરાજ ચૌલુક્યનો પૂર્વજ હોવાનું જણાવ્યું છે.[4] પ્રબંધચિંતામણિમાં

---

૧ પૃ. ૧૦૧-૧૦૬.

રાસમાલામાં આ વૃત્તાંત આપવામાં આવ્યો છે ને તે સ્પષ્ટતઃ 'રત્નમાલ' પરથી લેવાયો છે. રાસમાલાની મૂળ અંગ્રેજી આવૃત્તિમાં આ રાજાના નામની જોડણી 'Jye Sheker' કરી છે. એમાં 'જયશેખર' રૂપ અભિપ્રેત લાગે છે. શ્રી. રસિકલાલ પરીખ (કાવ્યાનુશાસન, પ્રસ્તાવના, પૃ. ૧૦૫) તથા શ્રી. ક. મા. મુનશી (ગ્લો. ગુ., ભાગ ૩, પૃ. ૬૬) પણ આ રૂપ પ્રયોજે છે. રાસમાલાના હિંદી અનુવાદમાં પણ 'જયશેખર' રૂપ આપ્યું છે.

પરંતુ ગુજરાતી અનુવાદમાં એને બદલે 'જયશિખરી' રૂપ પ્રયોજ્યું છે ને 'રત્નમાલ'માં તે જ રૂપ બધે આપેલું છે. એમાં વળી આ નામનું તાત્પર્ય સમજાવતાં લખ્યું છે :—

**निज प्राक्रमसीं जयगिरि किन्हा, कवि आह्वय जयशिखरी दिन्हा ।** (પૃ. ૫૪).

'શિખરી'નો અર્થ ગિરિ(પર્વત) થાય છે, જ્યારે 'શેખર' એટલે તો કલગી, મુકટ કે શિખર.

૨ ગુ. મ. રા. ઇ., પૃ. ૫૬-૫૭.

૩ વનરાજાદિ પ્રબંધ (પૃ. ૧૨-૧૩).

એણે આ નવું નગર સરસ્વતી નદીના તટ પર લક્ખારામ નામે ગામ પાસે વસાવ્યું હતું (વિવિધતીર્થકલ્પ, પૃ. ૫૧).

૪ પૃ. ૧-૨.

અન્યત્ર ભૂયરાજનો કન્યકુબ્જ દેશના કલ્યાણકટકના રાજા તરીકે[૧] તેમ જ મૂલરાજ ચૌલુક્યના પૂર્વજ તરીકે[૨] ઉલ્લેખ આવે છે, પરંતુ ત્યાં એનો વનરાજ સાથેનો સંબંધ સ્પષ્ટ દર્શાવાયો નહોતો તે આ ગ્રંથને આધારે સ્પષ્ટ થાય છે.

'રત્નમાલ'માં ગુજરાત દેશના પંચાસરના રાજા જયશિખરીનો વધ કરનાર રાજા કન્યકુબ્જ દેશમાં કલ્યાણકટકમાં રાજ્ય કરતો ચુલુક્ય કે ચૌલુક્ય (સોલંકી) વંશનો રાજા ભુવડ હોવાનું અને એ રાજા મૂલરાજ ચૌલુક્યનો પૂર્વજ હોવાનું જણાવ્યું છે.[૩]

આ પરથી ભૂયરાજ, ભૂયડરાજ અને ભુવડ એ એક જ નામનાં રૂપ હોવાનું સ્પષ્ટ થાય છે. એ કનોજનો રાજા હતો, ચૌલુક્ય કુલનો હતો અને એણે ગૂર્જરભૂમિ પર સત્તા જમાવી હતી એટલું પણ આ બધા ઉલ્લેખો પરથી ફલિત થાય છે.

પરંતુ વિ. સં. ૭૫૨-૮૦૨ના અરસામાં કે તે પછી કનોજમાં ચૌલુક્ય કુલનો કોઈ રાજવંશ થયો હોય અને તેની સત્તા ગુજરાત પર પ્રસરી હોય એવું ઇતિહાસમાં ક્યાંય બંધબેસતું નથી.

ધર્મારણ્ય-માહાત્મ્યમાં કાન્યકુબ્જના આમ નામે રાજાએ પોતાની રત્નગંગા નામે કુંવરી બ્રહ્માવર્તના રાજાને પરણાવી એને ધર્મારણ્યમાંનું મોહેરક (મોઢેરા) ગામ આપ્યું હોવાનું અને એથી ત્યાંના બ્રાહ્મણોનો અધિકાર લુપ્ત થયો હોવાનું જણાવ્યું છે.[૪] એમાં આ વૃત્તાંતને વનરાજ સાથે સાંકળવામાં આવ્યો નથી, પરંતુ એ કન્યકુબ્જની કુંવરી મહણિકાને લગતા વૃત્તાંત સાથે ઠીક ઠીક સામ્ય ધરાવે છે. કાન્યકુબ્જના રાજા આમ વિશે 'પ્રભાવકચરિત'માં પણ ઉલ્લેખ આવે છે. એમાં એ મૌર્યકુલના રાજા યશોવર્માનો પુત્ર હતો, એનું બીજું નામ 'નાગાવલોક' હતું, એ મોહેરક સાથે સંબંધ ધરાવતો હતો અને એણે સૌરાષ્ટ્રમાં તીર્થયાત્રા કરી હતી એવું જણાવ્યું છે.[૫] 'નાગાવલોક' એ પ્રતીહાર વંશના રાજા નાગભટ બીજાનું બીજું નામ હતું, એ રાજાએ કનોજ જીતી લીધું હતું ને એણે આનર્ત (ઉત્તર ગુજરાત) પર સત્તા પ્રવર્તાવી હતી તેમ જ તેના વંશજોએ સૌરાષ્ટ્ર પર વર્ષો સુધી આધિપત્ય ધરાવ્યું હતું.[૬] એ પરથી કનોજનો રાજા આમ-નાગાવલોક તે ત્યાંના પ્રતીહાર વંશનો રાજા નાગભટ-નાગાવલોક બીજો હોવાનું સ્પષ્ટ થાય છે.[૭] કનોજમાં એ અગાઉ યશોવર્મા નામે યશસ્વી રાજા થઈ ગયો, પરંતુ આ રાજાને

---

૧ ભૂયરાજ-પ્રબંધ (પૃ. ૧૧).

૨ મૂલરાજ-પ્રબંધ (પૃ. ૧૫).

૩ પૃ. ૨૧-૨૨.

૪ ધર્મારણ્યોપાખ્યાન, અ. ૩૨; ધર્મારણ્ય કથા, અ. ૫૨.

૫ બપ્પભટ્ટિ-ચરિત (પૃ. ૮૦-૧૧૧).

૬ એજ ઑફ ઇમ્પીરિયલ કનૌજ, પૃ. ૨૪-૨૭.

૭ ગ્લો. ગુ., ભાગ ૩, પૃ. ૭૪.

'ભૂય' અને 'ભોજ' એક જ શબ્દમાં રૂપાંતર લાગે છે; 'ભૂયડ' ('ભુવડ') 'ભૂયદેવ' ('ભોજદેવ')નું રૂપાંતર લાગે છે.

એનો પુત્ર માની લેવામાં માત્ર કલ્પનાનો જ આધાર રહેલો લાગે છે, જે ઐતિહાસિક પ્રમાણોથી ખોટી ઠરે છે.

આમ વનરાજના સંબંધમાં કનોજના બે રાજાઓનો વિચાર કરવો પ્રાપ્ત થાય છે—ભૂયભૂયડ-ભુવડનો અને આમ-નાગાવલોક-નાગભટનો. આમાંનો ભૂયરાજ પણ પ્રતીહાર વંશનો હોય, તો એ ચૌલુક્ય કુલનો હોવાની અનુશ્રુતિ પણ અનૈતિહાસિક માનવી રહી. પ્રતીહારવંશના રાજાઓએ કનોજ પહેલવહેલું નાગભટ બીજાના સમયમાં કબજે લીધું હોઈ અને એના વંશજોની રાજધાની ત્યાં રહી હોઈ, કનોજનો રાજા ભૂયરાજ નાગભટનો કોઈ ઉત્તરાધિકારી હોવા સંભવે છે. આ ભૂયરાજ તે નાગભટનો પૌત્ર ભોજરાજ હોય એ તદ્દન સંભવિત છે.[1] તો પછી પંચાસરના પત્તન અને વનરાજના જન્મ સમયનો કનોજ-નરેશ તે ભૂયરાજ નહિ પણ આમ-નાગવલોક હોવો જોઈએ અને વનરાજના રાજ્યભિષેક સમયનો કનોજ-રાજ તે તેનો પૌત્ર ભૂયરાજ હોવો જોઇએ. પંચાસરનું પતન વનરાજના જન્મના વર્ષે થયેલું અને એને રાજસત્તા પચાસ વર્ષની વયે મળેલી એ અનુશ્રુતિ અનુસાર એ બે ઘટનાઓ વચ્ચે રહેલો પચાસ વર્ષનો ગાળો આ સંભવ સાથે બરાબર બંધ બેસે છે. આ પરથી એવું સૂચિત થાય છે કે કુમારપાલપ્રબંધ તથા રત્નમાલમાં પંચાસર રાજ્યના પતનના સંબંધમાં આમ-નાગાવલોકને બદલે ભૂયડ-ભુવડનું નામ મૂકી દેવાનો ગોટાળો થયેલો છે. પંચાસરના રાજા જયશિખરીને મારીને ગુજરાત પર સત્તા પ્રવર્તાવનાર કનોજનો રાજા આમ-નાગાવલોક અર્થાત્ નાગભટ બીજો હશે અને એણે પોતાની પુત્રી રત્નગંગા ગુજરાતના કોઈ બીજા રાજાને આપી હશે, જ્યારે એના પૌત્ર ભૂયરાજ-ભૂયડ-ભુવડે અર્થાત્ ભોજરાજા-ભોજદેવે પોતાની પુત્રી મહણિકાને કાંચળીમાં ગૂર્જર ભૂમિ આપી હશે અને એના સમયમાં વનરાજે કનોજની અધિસત્તા ઉથલાવી પાડી અણહિલપાટકમાં પોતાની સત્તા સ્થાપી હશે એવું આ સર્વ ઉલ્લેખોના સંકલન તથા સંશોધન પરથી ફલિત થાય છે.

ત્રીજો પ્રશ્ન છે વનરાજના જન્મ તથા રાજ્યાભિષેકના સમયનો. સામાન્યતઃ અણહિલપાટકની સ્થાપના અને વનરાજનો રાજ્યાભિષેક વિ. સં. ૮૦૨માં થયો હોવાનું અનેક ગ્રંથોમાં જણાવેલું છે.[2] વનરાજનો જન્મ એ પહેલાં પચાસ વર્ષ પર થયો હોવાનું પ્રબંધચિંતામણિ જણાવે છે અને રત્નમાલ સ્પષ્ટતઃ જયશિખરી-ભુવડનું યુદ્ધ[3] તથા વનરાજનો જન્મ વિ. સં. ૭૫૨માં[4] થયો હોવાનું જણાવે છે. વળી અણહિલવાડમાં વનરાજે સ્થાપેલા ચાવડા વંશની

---

૧ ગ્લો. ગુ., ભાગ ૩, પૃ. ૭૪.

૨ દા૦ ત૦ પ્રબંધચિંતામણિ, પુરાતનપ્રબંધસંગ્રહ, વિવિધતીર્થકલ્પ, કુમારપાલપ્રબંધ, ધર્મારણ્ય કથા, ગૂર્જર રાજવંશાવલી ઇ.માં. વિચારશ્રેણીમાં વિ. સં. ૮૦૨ને બદલે ૮૨૧નું વર્ષ આપ્યું છે. એ અનુસાર એમાં આ વંશના દરેક રાજાનો રાજ્યકાલ ૧૯ વર્ષ મોડો આપ્યો છે અને ચાવડા વંશનો અંત વિ. સં. ૧૦૧૭માં બતાવ્યો છે, પરંતુ સોલંકી વંશનો આરંભ વિ. સં. ૯૯૮માં થયો હોવાનું નિશ્ચિત હોઈ ચાવડા વંશનો અંત પણ વિ. સં. ૯૯૮માં થયો હોવાનું જ સ્વીકાર્ય છે. આ અનુસાર વિચારશ્રેણીમાંની સાલવારી કરતાં પ્રબંધચિંતામણિમાંની સાલવારી વધારે લક્ષમાં લેવા જેવી ગણાય.

૩ પૃ. ૪૨.

૪ પૃ. ૧૦૬.

સત્તા કુલ ૧૯૬ વર્ષ પ્રવર્તી અને એ વંશનો અંત તથા એની જગ્યાએ ચૌલુક્ય વંશનો આરંભ વિ. સં. ૯૯૮માં થયો એવું પણ અનેક ગ્રંથો જણાવે છે.[1] એમાં ચૌલુક્ય વંશનો આરંભ વિ. સં. ૯૯૮માં થયો એવું એ વંશના સિદ્ધરાજ જયસિંહદેવના શિલાલેખ પરથી સિદ્ધ પણ થયું છે.[2] પરંતુ વનરાજના જન્મ તથા રાજ્યાભિષેક અંગે આપેલાં આનુશ્રુતિક વર્ષ કનોજની ઇતિહાસ-સિદ્ધ સાલવારી સાથે બંધ બેસે એમ નથી. વિ. સં. ૭૫૨ (ઈ. સ. ૬૯૫-૯૬)માં તો કનોજમાં બહુ તો યશોવર્માનું રાજ્ય પ્રવર્ત્યું હોય જ્યારે પ્રતીહાર રાજા નાગભટ બીજાનું રાજ્ય ત્યાં તો ઈ. સ. ૭૮૩ પછી પ્રસર્યું, એવી રીતે વિ. સં. ૮૦૨(ઈ. સ. ૭૪૬)માં પણ ત્યાં પ્રતીહારોનું રાજ્ય પ્રવર્ત્યું ન હોય, જ્યારે પ્રતીહાર ભોજદેવનું રાજ્ય તો ઈ. સ. ૮૩૬થી શરૂ થયું.

અનુશ્રુતિમાં જણાવેલી સાલવારી સ્વીકારવી હોય, તો કનોજના કહેવાતા આ રાજાઓ ત્યારે ખરેખર ગુર્જરદેશમાં સત્તા ધરાવતા પ્રતીહારો હોય અને આગળ જતાં તે વંશના રાજાઓ કનોજના રાજાઓ તરીકે જાણીતા થયા હોઈ પછીના સાહિત્યમાં ભૂલથી આ રાજાઓનેય કનોજના રાજા માની લેવામાં આવ્યા હોય એવો સંભવ શ્રી. રસિકલાલ પરીખે સૂચવ્યો છે.[3] પરંતુ ત્યારે ગુર્જરદેશના પ્રતીહારોએ ઉત્તર ગુજરાત પર સત્તા પ્રવર્તાવી હતી એવું ઐતિહાસિક રીતે પ્રતિપાદિત કરવાને પ્રબળ પ્રમાણની અપેક્ષા રહે છે. વળી ભિલ્લમાલને બદલે કનોજનો ગોટાળો થયો માનીએ, તોપણ એમાંના ભૂયરાજ તથા આમરાજને પ્રતીહારવંશના કોઈ ચોક્કસ રાજાઓ તરીકે ઓળખવા મુશ્કેલ છે.[4] શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી જયશિખરી-ભુવડના યુદ્ધની વાત કપોલકલ્પિત માને છે અને પંચાસરના રાજ્યનો નાશ ઈ. સ. ૭૨૪માં સિંધના અરબોએ કર્યો હોવાનું ધારે છે.[5] પરંતુ કનોજના આમરાજ અને ભૂયરાજને લગતા વ્યક્તિનિર્ણયોને લગતાં ઉપર જણાવેલાં સૂચન એટલાં બંધબેસતાં લાગે છે કે એ વ્યક્તિનિર્ણયો અનુસાર અનુશ્રુતિમાંની મુખ્ય વિગતોને સ્વીકારીને એમાંની અસંગત સાલવારીને તદનુસાર સુધારવી ઘટે.

જયશિખરીનો વધ કરનાર કનોજનરેશ પ્રતીહાર રાજા નાગભટ બીજો (લગભગ ઈ. સ. ૭૮૫–૮૩૪) હોય, તો એ ઘટના વિ. સં. ૭૫૨ (ઈ. સ. ૬૯૬) કરતાં અને વનરાજે જેની ગુજરાત પરની સત્તા ઉથલાવી પાડી તે કનોજનરેશ પ્રતીહાર ભોજરાજ (લગભગ ઈ. સ. ૮૩૬–૮૮૫) હોય, તો એ ઘટના વિ. સં. ૮૦૨ (ઈ. સ. ૭૪૬) કરતાં લગભગ ૯૦ થી ૧૩૫ વર્ષ જેટલી મોડી બની હોવી જોઈએ. અનુકાલીન અનુશ્રુતિઓમાં કેટલીકવાર પ્રાચીન કાલના સંદર્ભમાં

---

૧ પ્રબંધચિંતામણિ, કુમારપાલપ્રબંધ, મિરાતે અહમદી, રત્નમાલ, ગુર્જરરાજવંશાવલી ઇત્યાદિ.

૨ ઇ. એ., પુ. ૫૭, પૃ. ૨૩૪.

૩ કાવ્યાનુશાસન, પ્રસ્તાવના, પૃ. ૧૦૮.

૪ તાતનો અનુજ તથા અનુગામી ભોજ તે ભૂય હોઈ શકે એવું નામસામ્ય પરથી સૂચવી શકાય, પરંતુ એણે પોતાની સત્તા ઉત્તર ગુજરાત પર પ્રસારી હોવાનો કોઈ ઉલ્લેખ ઉપલબ્ધ નથી.

૫ ગુ. મ. રા. ઇ., પૃ. ૫૫.

એક સંવતને બદલે બીજા સંવતનો ગોટાળો થાય છે.[1] એ અનુસાર અહીં શક-સંવતને બદલે વિક્રમ સંવતનો ગોટાળો થયો હોવાનું ધારીએ, તો ૧૩૪ વર્ષનો તફાવત બંધ બેસે.[2] આ અનુસાર વનરાજનો જન્મ વિ. સં. ૭૫૨ (ઈ. સ. ૬૯૬)ને બદલે શ. સં. ૭૫૨ (ઈ. સ. ૮૩૦)માં અને એનો રાજ્યાભિષેક વિ. સં. ૮૦૨ (ઈ. સ. ૭૪૬)ને બદલે શ. સં. ૮૦૨ (ઈ. સ. ૮૮૦)માં થયો ગણાય. તો એ બંને બનાવ અનુક્રમે નાગભટ બીજાના અને ભોજના રાજ્યકાલ સાથે બરાબર બંધ બેસે.

પરંતુ આમાં એક મોટી મુશ્કેલી આવે છે. ચાવડા વંશનો અંત અને સોલંકી વંશનો આરંભ વિ. સં. ૯૯૮ (ઈ. સ. ૯૪૨)માં થયો હોવાનું નિશ્ચિત છે. આથી ચાવડા વંશની નીચલી મર્યાદા અફર રહે છે. પરિણામે ચાવડા વંશના કુલ શાસનકાલનાં અનુશ્રુતિમાં જણાવેલાં ૧૯૬ વર્ષમાંથી ૧૩૪ જેટલાં વર્ષ ઓછાં કરવાં પડે; અર્થાત્ ચાવડા વંશનું રાજ્ય એકંદરે ૧૯૬ વર્ષ નહિ, પણ ફક્ત ૬૨ વર્ષ ચાલ્યું એમ ગણાય.[3]

અનુશ્રુતિ અનુસાર એકલા વનરાજે જ ૫૯ કે ૬૦ વર્ષ રાજ્ય કર્યું કહેવાય છે.[4] એ ૫૦ વર્ષની વયે ગાદીએ આવ્યો એ જોતાં એણે એટલાં બધાં વર્ષ રાજ્ય કર્યું હોય એ ભાગ્યે જ સંભવિત ગણાય. કદાચ એણે ૬૦ વર્ષનું રાજ્ય નહિ, પણ એટલાં વર્ષનું આયુષ્ય ભોગવ્યું હોય તો નવાઈ નહિ.

વનરાજના પુત્ર યોગરાજે ૧૭, ૩૫ કે ૯ વર્ષ રાજ્ય કર્યું એવા ઉલ્લેખો આવે છે.[5] વનરાજનો રાજ્યકાલ ૧૦ વર્ષ જેટલો ટૂંકો હોય, તો યોગરાજનો રાજ્યકાલ ૩૫ વર્ષ જેટલો લાંબો હોય એ વધારે સંભવિત ગણાય.

યોગરાજના ઉત્તરાધિકારીઓની બાબતમાં બે ભિન્ન અનુશ્રુતિઓ ઊતરી આવી છે. એ આ પ્રમાણે છે :—

---

૧ જેમ કે વલભી-ભંગના વર્ષ ૮૪૫ની બાબતમાં વિક્રમ સંવતને બદલે વીર સંવતનો (હ. ગં. શાસ્ત્રી, મૈત્રક-કાલીન ગુજરાત, પૃ. ૧૫૭–૫૮).

૨ હ. ગં. શાસ્ત્રી, "ધી પ્રોબ્લેમ ઑફ ધી ક્રોનોલૉજી ઑફ ધી ચાવડા કિંગ્ઝ", પ્રોસીડિંગ્ઝ એન્ડ ટ્રાન્ઝેક્શન્સ ઑફ ધી ઑલ-ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સ, સેવન્ટીન્થ સેશન, પૃ. ૪૨૫–૨૮)

૩ સિદ્ધરાજ જયસિંહના સમયનો સાંભર શિલાલેખ (ઇ. એ., પુ. ૫૭, પૃ. ૨૩૪).

૪ સામાન્યત: ૬૦ વર્ષની સંખ્યા આપવામાં આવે છે (જુઓ આ લેખમાં આગળ). પ્રબંધચિંતામણિમાં આપેલી એક અનુશ્રુતિમાં એને બદલે આવી વિગતો જણાવી છે:—

રાજ્યાભિષેક—વિ. સં. ૮૦૨ વૈશાખ સુદ ૨, સોમવાર,

રાજ્યકાલ—વર્ષ ૫૯, માસ ૨, દિન ૨૧ (!)

કુલ આયુષ—વર્ષ ૧૦૯, માસ ૨, દિન ૨૧

૫ વિગતો માટે જુઓ લેખમાં આગળ.

(૧)

| | સુકૃતકીર્તિ-કલ્લોલિની | સુકૃતસંકીર્તન | પ્રબંધ-ચિંતામણિ[1] | વિચારશ્રેણી | ધર્મારણ્યકથા |
|---|---|---|---|---|---|
| ૧ | વનરાજ | વનરાજ | વનરાજ—૫૯ વર્ષ | વનરાજ—૬૦ | વનરાજ—૬૦ |
| ૨ | યોગરાજ | યોગરાજ | યોગરાજ—૧૭ વર્ષ | યોગરાજ-૯ (૧૦) | યોગરાજ—૯ |
| ૩ | રત્નાદિત્ય | રત્નાદિત્ય | રત્નાદિત્ય—૩ વર્ષ | રત્નાદિત્ય—૩ | રત્નાદિત્ય—૩ |
| ૪ | વૈરિસિંહ | વૈરિસિંહ | વૈરસિંહ—૧૧ વર્ષ | વૈરસિંહ—૧૧ | વીરસિંહ—૧૦ |
| ૫ | ક્ષેમરાજ | ક્ષેમરાજ | ક્ષેમરાજ—૩૮ વર્ષ | ક્ષેમરાજ—૩૯ | ક્ષેમરાજ—૨૯ |
| ૬ | ચામુંડરાજ | ચામુંડરાજ | ચામુંડરાજ—૧૩ વર્ષ | ચામુંડરાજ—૨૭ | ચામુંડ—૧૩ |
| ૭ | આહડ | આહડ | આગડ—૨૬ વર્ષ | ઘાઘડ—૨૯ (૨૭) | ઉઘડ—૨૭ |
| ૮ | ભૂભટ | ભૂભટ | ભૂયગડ—૨૭ વર્ષ | સામંતસિંહ—૧૯ | ભુવડ— |
| | | | ૮ રાજા—૧૯૦ વર્ષ | ૮ રાજા—૧૯૬ | |

(૨)

| | પ્રબંધચિંતામણિ | કુમારપાલ-પ્રબંધ | મિરાતે અહમદી | રત્નમાલ | ગૂર્જરરાજ-વંશાવલી |
|---|---|---|---|---|---|
| ૧ | વનરાજ—૬૦ | વનરાજ—૬૦ | વનરાજ—૬૦ | વનરાજ—૬૦ | વનરાજ—૬૦ |
| ૨ | યોગરાજ—૩૫ | યોગરાજ—૩૫ | યોગરાજ—૩૫ | જોગરાજ—૩૫ | યોગરાજ—૩૫ |
| ૩ | ક્ષેમરાજ—૨૫ | ક્ષેમરાજ—૨૫ | ક્ષેમરાજ—૨૫ | ખેમરાજ—૨૫ | ક્ષેમરાજ—૨૬ |
| ૪ | ભૂયડ—૨૯ | ભૂયડરાજ—૨૯ | પૃથુરાજ—૨૯ | ભુવડ—૨૯ | ભૂહડરાજ—૨૯ |
| ૫ | વૈરિસિંહ—૨૫ | વૈરસિંહ—૨૫ | વજેસિંગ—૨૫ | વૈરસિંહ—૨૫ | વયરસિંઘ—૨૫ |
| ૬ | રત્નાદિત્ય—૧૫ | રત્નાદિત્ય—૧૫ | રાવતસિંગ—૧૫ | રત્નાદિત્ય—૧૫ | રત્નાદિત્ય—૧૫ |
| ૭ | સામંતસિંહ—૭ | સામંતસિંહ—૭ | સાવતસિંગ—૭ | સામંતસિંહ—૭ | સામંતસિંહ—૭ |
| | ૭ રાજા—૧૯૬ | ૭ રાજા—૧૯૬ | ૭ રાજા—૧૯૬ | ૭ રાજા—૧૯૬ | ૭ રાજા—૧૯૬ |

આમ એક અનુશ્રુતિ આ વંશમાં કુલ ૮ રાજા જણાવે છે, જ્યારે બીજીમાં એને બદલે ૭ રાજા જણાવ્યા છે. વળી એ બે યાદીઓમાં ૬ નામ સરખાં છે, જ્યારે એકમાંનાં 'ચામુંડરાજ'

---

૧ આ અનુશ્રુતિ આ ગ્રંથની અમુક પ્રતિઓમાં આપી છે. તેમાં વર્ષ ઉપરાંત માસ અને દિવસની ય વિગતો જણાવી છે. આમાં સ્પષ્ટતઃ કેટલાક પાઠદોષ રહેલા છે.

આપેલી વિગતો પરથી માસ અમાન્ત ગણાતા લાગે છે, પરંતુ વર્ષ ચૈત્રાદિ, આષાઢાદિ કે કાર્તિકાદિ ગણાતું તે નક્કી કરવું મુશ્કેલ છે. રાજ્યકાલની વિગતો (કૌંસમાં સૂચવેલ પાઠશુદ્ધિ સાથે) આ પ્રમાણે છે :

અને ‘ આહડ ’ બીજીમાં નથી અને બીજીનું ‘ સામંતસિંહ ’ પહેલીમાં ‘ ભૂભટ ’ને બદલે આપેલું છે.[1] આમ વનરાજ, યોગરાજ રત્નાદિત્ય, વૈરસિંહ, ક્ષેમરાજ અને ભૂભટ-સામંતસિંહ એ ૭ રાજાઓનાં નામ બંને યાદીઓમાં આવે છે. બીજી યાદીમાં તો પછી ભૂયડ અને સામંતસિંહ એ બે જુદા ગણાવ્યા છે તે એક જ રાજાનાં બે નામ હોઈ શકે. એવી રીતે ‘ ચામુંડરાજ ’ અને ‘ આહડ ’ પણ એ છમાંના કોઈ રાજાઓનાં બીજાં નામ હોઈ શકે. યોગરાજ પછીના રાજાઓના ક્રમની બાબતમાં પણ ઘણો તફાવત પડે છે; તેમ જ તેમના રાજ્યકાલનાં વર્ષોની સંખ્યામાં પણ ઘણો ફેર રહેલો છે. ચાવડા વંશનો આનુશ્રુતિક સમયપટ સંશોધિત સમયાંકન પ્રમાણે ઘણો લાંબો પડતો હોઈ, યોગરાજના વંશજોના રાજયકાલની અલ્પતમ વર્ષસંખ્યા સ્વીકારવી ઇષ્ટ ગણાય. છતાં આ વંશના છેલ્લા રાજા સામંતસિંહના સંબંધમાં આપેલી, એણે પોતાની બહેન લીલાદેવીના કરાવેલા વિવાહની તથા એના ભાણેજ મૂલરાજ વડે થયેલ એની સત્તાના ઉન્મૂલનની અનુશ્રુતિ સ્વીકારીએ, તો સામંતસિંહના રાજ્યકાલને ૭ વર્ષ જેટલો ટૂંકો ન ગણતાં, એને માટે ૧૯ વર્ષની સંખ્યા તો સ્વીકારવી જ જોઈએ. આ ગણતરીએ ચાવડા રાજાઓની સંભવિત વંશાવલી અને એમના સંભવિત રાજ્યકાલ નીચે પ્રમાણે સૂચવી શકાય :

| | |
|---|---|
| ૧ વનરાજ—૧૦ વર્ષ | ૪ વૈરિસિંહ—૧૦ વર્ષ |
| ૨ યોગરાજ—૩૫ વર્ષ | ૫ ક્ષેમરાજ—૨૫ વર્ષ |
| ૩ રત્નાદિત્ય—૩ વર્ષ | ૬ ભૂયડ-સામંતસિંહ—૧૯ વર્ષ |

આમાં રાજાઓની સંખ્યા ૭ કે ૮ને બદલે ૬ની રહે છે અને તેઓનો કુલ રાજ્યકાલ

| રાજા | વર્ષ | માસ | દિન |
|---|---|---|---|
| વનરાજ | ૫૯ | ૨ | ૨૧ (૧) |
| યોગરાજ | ૧૭ | ૧ | ૧ (૨) |
| રત્નાદિત્ય | ૩ | ૩ | ૪ |
| વૈરસિંહ | ૧૧ (૧૬ ચૈ., ૧૭ આ. કા.) | ૭ | ૨ |
| ક્ષેમરાજ | ૩૮ (૩૭ ચૈ., ૩૬ આ., ૩૭ કા.) | ૩ | ૧૦ (૨૦) |
| ચામુંડરાજ | ૧૩ (૬) | ૪ | ૧૬ કે ૧૭ (૧૮) |
| આગડ | ૨૬ (૨૫ કા.) | ૧ (૧૦) | ૨૦ (૨૧) |
| ભૂયગડ | ૨૭ (૨૬ આ. કા.) | ૬ | ૫ |
| કુલ | ૧૯૦ (૧૮૯ આ.) | ૨ | ૭ (૧૩) |

૧ સામાન્યતઃ સામંતસિંહની જેમ ભૂભટને પણ મૂલરાજનો માતુલ જણાવવામાં આવે છે. વિચારશ્રેણી પહેલી અનુશ્રુતિને અનુસરતી હોવા છતાં ભૂભટને બદલે ‘સામંતસિંહ’નું નામ આપે છે. આ પરથી આ બે નામોથી એક જ રાજા સૂચિત થતો જણાય છે.

૨ એમાં લીલાદેવીના વિવાહ વખતે સામંતસિંહ રાજા હતો અને લીલાદેવીનો પુત્ર મૂલરાજ પુખ્ત વયનો થઈ મામાને મારી રાજા થયો ત્યાં સુધી ય એ જ રાજા હતો એવું જણાવ્યું છે.

૧૯૬ને બદલે ૧૦૨ વર્ષનો આવે છે.[૧] આ ગણતરીએ ચાવડા વંશનો આરંભ વિ. સં. ૯૯૮–૧૦૨=વિ. સં. ૮૯૬ (ઈ. સ. ૮૪૦)ના અરસામાં થયો ગણાય. એ કનોજના પ્રતીહાર રાજા ભોજના રાજ્યકાલ (લગભગ ઈ. સ. ૮૩૬ થી ૮૮૫) સાથે બરાબર બંધ બેસે. એવી રીતે વનરાજનો જન્મ વિ. સં. ૮૯૬ પહેલાં ૫૦ વર્ષ પર અર્થાત્ વિ. સં. ૮૪૬ (ઈ. સ. ૭૯૦)ના અરસામાં થયો ગણીએ તો પંચાસરના રાજ્યનો નાશ પણ કનોજના પ્રતીહાર નાગભટ બીજાના રાજ્યકાલ (લગભગ ઈ. સ. ૭૮૬ થી ૮૩૪) સાથે બરાબર બંધ બેસી રહે.

છેલ્લે, ચાવડા વંશના છેલ્લા રાજા સામંતસિંહના બનેવી રાજિના કુલનો પ્રશ્ન વિચારીએ. સુકૃતસંકીર્તનમાં ચાપોત્કટ વંશના છેલ્લા રાજા ભૂભટનું રાજ્ય એના ચૌલુક્ય ભાગિનેય મૂલરાજે નિર્મૂળ કર્યાનું જણાવ્યું છે. પ્રબંધચિંતામણિ જણાવે છે કે કન્યકુબ્જના રાજા ભૂયરાજના વંશજ મુંજાલદેવના પુત્ર રાજ અથવા રાજિને સામંતસિંહે પોતાની બહેન લીલાદેવી પરણાવી, એનો પુત્ર મૂલરાજ મોટો થતાં સામંતસિંહનું સામ્રાજ્ય વૃદ્ધિ પામતું રહ્યું. મદોન્મત્ત અવસ્થામાં એ રાજા ભાણેજને પોતાની ગાદીએ બેસાડતો અને નશો ઊતરી જતાં એને ગાદી પરથી ઉઠાડી મૂકતો. આથી ચાપોત્કટોનું દાન ઉપહાસપાત્ર ગણાતું અને કુમાર મૂલરાજની રોજ વિડંબના થતી. આથી કંટાળીને મૂલરાજ, એક વાર મદિરોન્મત મામાએ પોતાને ગાદીએ બેસાડ્યો ત્યારે તેને મારી નાખીને, સાચે જ રાજા થઈ ગયો.[૨] કુમારપાલપ્રબંધમાં પણ રાજને કનોજના ભૂયડરાજનો વંશજ કહ્યો છે, પરંતુ એમાં ભૂયડરાજ–કર્ણાદિત્ય–ચંદ્રાદિત્ય–સોમાદિત્ય–ભુવનાદિત્ય–રાજ એવી વંશાવલી જણાવી છે.[૩] જયસિંહસૂરિકૃત કુમારપાલભૂપાલચરિત્ર (ઈ. સ. ૧૩૬૭)-માં વળી મધૂપદ્મ નગરના રાજા સિંહવિક્રમના વંશમાં ૮૭ પેઢી પછી રામ–સહજરામ–દંડક્ક–કાંચિક વ્યાલ–રાજિ–મૂલરાજ થયા એવો અન્વય આપ્યો છે.[૪] ધર્મારણ્યકથામાં ચાવડા વંશના છેલ્લા રાજાને તેના ભાણેજ મૂલડ સોલંકીએ માર્યો અને પછી પોતે રાજા થયો એટલી જ વાત કરી છે.[૫] રત્નમાલમાં કુમારપાલ પ્રબંધની જેમ ભુવડ–કર્ણ–ચંદ્રાદિત્ય–સોમાદિત્ય–ભુવનાદિત્ય–રાજ–મૂલરાજ એવી વંશાવલી આપી છે.[૬] આમ મૂલરાજના પૂર્વજો સંબંધી મુખ્યતઃ બે ભિન્ન અનુશ્રુતિઓ જોવા મળે છે. એકમાં એને કનોજના રાજા ભૂયરાજ–ભૂયડરાજ–ભુવડનો વંશજ કહ્યો છે, પરંતુ કનોજના એ રાજાનો ઉપર જણાવેલો વ્યક્તિનિર્ણય જોતાં આ વાત સંભવિત નથી, કેમ કે ભૂયરાજ (ભોજરાજ) તો પ્રતીહાર વંશનો હતો, જ્યારે રાજ અને મૂલરાજ ચૌલુક્ય વંશના હતા. વળી એ ભૂયરાજ–ભૂયડરાજના વંશજોમાં મુંજાલદેવ કે કર્ણાદિત્ય,

---

૧ આ ગણતરીએ રાજા દીઠ ૧૭ વર્ષનો સરાસરી રાજ્યકાલ આવે.

૨ મૂલરાજ-પ્રબંધ (પૃ. ૧૫-૧૬).

૩ પૃ. ૨.

૪ સર્ગ ૧.

૫ અ. ૬૬, શ્લો. ૬૬–૯૭.

૬ પૃ. ૨૨.

ચંદ્રાદિત્ય, સોમાદિત્ય અને ભુવનાદિત્ય નામે રાજાઓ પણ થયા નથી.[1] મૂલરાજના પિતા રાજિનું નામ મૂલરાજના તામ્રપત્રમાં આવે છે[2] અને એ નામ ઉપર જણાવેલા સર્વ ગ્રન્થોમાં પણ આપેલું છે. એના યુવરાજ ચામુંડરાજના તામ્રપત્રમાં વળી કાંચિવ્યાલનો ઉલ્લેખ આવે છે.[3] આ પરથી જયસિંહસૂરિએ જણાવેલી અનુશ્રુતિનો છેવટનો ભાગ ઐતિહાસિક હોવાનું સૂચિત થાય છે. એમાં જણાવેલ મધૂપદ્મ નગરનું સ્થળ અને એની સાથેના સંબંધની ઐતિહાસિકતા નક્કી કરવી મુશ્કેલ છે,[4] પરંતુ એમાં ક્યાંય કનોજના રાજા ભૂય કે ભૂયડનો ઉલ્લેખ આવતો નથી એ ખાસ નોંધપાત્ર છે. રાજિના પૂર્વજો પ્રતીહાર સામ્રાજ્યમાંના ગૂર્જરદેશમાં શાસન કરતા હશે એવું શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી ધારે છે[5] તે તદ્દન સંભવિત છે અને એને લઈને આગળ જતાં એમને કનોજના ભૂયરાજના વંશજ માની લેવામાં આવ્યા લાગે છે. એ પરથી વળી કનોજના એ રાજાઓને ચાલુક્ય માની લીધા લાગે છે! પરંતુ વસ્તુતઃ રાજિ અને મૂલરાજ ચૌલુક્ય કુલના હતા, જ્યારે આમ અને ભૂય-ભૂયડ–ભુવડ પ્રતીહાર વંશના હતા. રાજિ ભૂયરાજના વંશજનો સામંત હોવા સંભવે છે, પરંતુ એ એનો સીધો વંશજ હોઈ શકે નહિ.

આમ અણહિલપાટકના ચાપોત્કટ વંશને લગતી અનુશ્રુતિઓમાં કેટલીક મહત્ત્વની માહિતી સમાયેલી છે, જ્યારે એમાંની કેટલીક વિગતો ભૂલભરેલી હોવાનું માલૂમ પડે છે.

---

૧ શ્રી. મુનશી આ સંદર્ભમાં કર્ણાદિત્યનો સમાવેશ કરતા નથી, ચંદ્રાદિત્ય અને સોમાદિત્યને એક ગણી મહેન્દ્રપાલ તરીકે ઓળખાવે છે અને 'ભુવનાદિત્ય'ને બદલે 'ભૌમાદિત્ય' જણાવી એને તથા મુંજાલદેવને મહીપાલ તરીકે ઓળખાવે છે. પરંતુ પછી રાજિ પ્રતીહારકુલનો ન હોવાથી એને મહીપાલનો પુત્ર ન માનતાં એ એનો દૌહિત્ર કે જમાઈ હોય એવી કલ્પના કરે છે (ગ્લો. ગુ., ભાગ ૩, પૃ. ૭૩–૭૫). શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી જણાવે છે તેમ અહીં શ્રી. મુનશીએ 'દંતકથાનો મેળ બેસાડવા માટે ઇતિહાસ સહી ન શકે તેટલી કલ્પના કરી છે' (ગુ. મ. રા. ઇ., પૃ. ૧૩૮). શ્રી. મુનશી તો કુમારપાલભૂપાલ-ચરિત્રમાંના સહજરામને ભોજ, દંડકને મહેન્દ્રપાલ અને કાંચિકવ્યાલને મહીપાલ તરીકે ઓળખાવી આ બધી અનુશ્રુતિઓનો મેળ મેળવવા મથે છે. આ સર્વ સમીકરણોમાં માત્ર 'ભુવનાદિત્ય' અને 'મહીપાલ'નાં પૂર્વપદ પર્યાયવાચક ગણાય.

૨ મૂલરાજનું કડી તામ્રપત્ર, સં. ૧૦૪૩ (ઇ. એ., પુ. ૬, પૃ. ૧૮૦; ગુ. ઐ. લે., નં. ૧૩૭).

૩ ગુ. ઐ. લે. નં. ૧૩૬ અ; ભારતીય વિદ્યા (ગુજ.), પૃ. ૧, પૃ. ૧ થી .

૪ અહીં 'મધૂપદ્મ' તે મથુરા માટે અભિપ્રેત હશે?

૫ ગુ. મ. રા. ઇ., પૃ. ૧૩૯–૧૪૩.

# શ્રીચિત્રકૂટે કુમારવિહારમ્ ?

મધુસૂદન ઢાંકી, પ્રકાશ બાપ્ના

ચિતોડગઢના પ્રાચીન દેવાલય-સમુદાયના સર્વેક્ષણ દરમિયાન અમને ત્યાંના સમિદ્ધેશ્વર મહાદેવના મન્દિરની સમસ્યાઓ વિષે ઝીણવટભરી તપાસ કરવાનો અવસર સાંપડેલો. એ સમયે પ્રાપ્ત થયેલી કેટલીક મહત્ત્વની નવી માહિતીને આધારે એ સુપ્રસિદ્ધ દેવમન્દિરના ઇતિહાસ, સમયાંક, તેમજ સમ્પ્રદાય-નિર્ણય અંગે હવે નિઃશંક, નિશ્ચયપૂર્વક કહી શકાય તેમ છે. સમિદ્ધેશ્વરના એ મન્દિરનું વિગતે વર્ણન પણ કોઈ પ્રસિદ્ધ થયેલ લેખમાં ઉપલબ્ધ ન હોઈ એ પાસાને પણ આ લેખમાં આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે.

સમિદ્ધેશ્વરનું પશ્ચિમાભિમુખ મન્દિર વિશ્વવિખ્યાત જયસ્તમ્ભ( વાસ્તવમાં કીર્તિસ્તમ્ભ )-ની નૈઋર્ત્યે અને કુમ્ભશ્યામજી અને મીરાંબાઈના મન્દિરથી અગ્નિકોણમાં ડુંગરની ધારથી થોડું દૂર સ્થિર થયેલું છે. મન્દિરને પીઠ તેમ જ મણ્ડોવરયુક્ત શિખરબંધ મૂલપ્રાસાદ અને એના મોઢા આગળ સંવરણાયુક્ત ગૂઢમણ્ડપ જોડેલો છે. ગૂઢમણ્ડપને ફરતાં ત્રણે દિશામાં ભદ્રભાગે ચોકીઆળાં કરેલાં છે. મૂલપ્રાસાદનો વ્યાસ લગભગ ૩૯ ફીટ ૬ ઇંચ જેટલો છે; ગૂઢમણ્ડપ ચોકીઆળા સાથે ૬૦ ફીટ પહોળો છે; જ્યારે સમગ્ર મન્દિરની લંબાઈ ૭૫ ફીટ ૯ ઇંચ જેટલી છે. એ રીતે સૌરાષ્ટ્રના સેજકપુરના નવલખા મન્દિરથીયે આ મન્દિર કદમાં મોટું છે.

તલચ્છન્દ દૃષ્ટિએ મૂલપ્રાસાદ પંચાંગી ગણવો જોઈએ; અને એ કારણસર એનાં મુખ્ય ત્રણ અંગો—ભદ્ર, પ્રતિરથ અને કર્ણની વચ્ચે એક એક કોણિકા કરી અંગવિસ્તાર ત્રણને બદલે પાંચનો કરેલો છે. ઊર્ધ્વચ્છન્દમાં વિગતે જોઈએ તો રત્નાંકિત ભિટ્ટ, જાડયકુમ્ભ, કર્ણિકા, અન્તરપત્ર, છજ્જિકા, ગ્રાસપટ્ટી, ગજથર અને નરથરાદિ ઘાટવિન્યાસવાળી પીઠ, એના ઉપર રૂપાલંકાર વિભૂષિત મણ્ડોવર અને માથે શૃંગ, ઉરઃશૃંગ, પ્રત્યંગ, તિલક, તમંગ અને મૂલશૃંગના ક્રમથી શોભતું ૬૧ અણ્ડકનું જાલમય ઉત્તુંગ શિખર શોભી રહ્યું છે.[૧] મન્દિર સ્પષ્ટતયા સોલંકીયુગમાં પશ્ચિમ ભારતમાં જન્મેલી અને પ્રચાર પામેલી મારુગુર્જર-શૈલીનું—એની બીજી અવસ્થાનું—એક પ્રશસ્ય ઉદાહરણ રજૂ કરે છે.

ગુર્જરેશ્વર મહારાજ કુમારપાળનો અજમેરના અર્ણોરાજ પર જય મેળવી કરેલી ચિત્રકૂટ-યાત્રા સમયનો સમિદ્ધેશ્વર મહાદેવને અનુલક્ષીને આદેશાયેલા ગ્રામદાનને લગતો ઈ. સ. ૧૧૫૧ના તુલ્યકાલીન વર્ષનો શિલાલેખ[૨] આ મન્દિરના ગૂઢમણ્ડપમાં લગાવેલો હાલ જોવામાં આવે છે. આ

---

૧ અહીંના શિખરમાં નવીનતા એ છે કે પંક્તિઓમાં શૃંગોની સંખ્યા ક્રમશઃ ઘટવાને બદલે સરખી જ રાખવામાં આવી છે, અને તરંગોની બહુલતા જોવા મળે છે.

૨ જુઓ KILHORN, EPIGRAPHIA INDICA, Vol. II, 422, LIST No. 279.

મન્દિરનો જીર્ણોદ્ધાર ઈ. સ. ૧૪૨૯ (વિ. સ. ૧૪૮૫)માં મેવાડના ગુહિલવંશી રાણા મોકલજીએ કરાવ્યાનો શિલાલેખ પણ ગૂઢમણ્ડપમાં મોજૂદ છે.[૧]

રાણા મોકલજીના સમયથી સમિદ્ધેશ્વરના મન્દિર તરીકે મનાતું આવતું આ દેવાલય વસ્તુતયા જૈનમન્દિર છે. આ મન્દિરની પીઠના નરથરમાં કંડારેલ કેટલાંક જૈન રૂપાંકનો અંગેની ધ્યાનાકર્ષક નોંધ લેવાનો યશ પંડિત અમ્બાલાલ પ્રેમચંદ શાહને ફાળે જાય છે.[૨] એમનું અવલોકન અહીં ઉદ્ધૃત કરવાથી હકીકત સ્પષ્ટ બનશે. (મીરાંબાઈના મન્દિરથી) "આગળ મોકલરાણાનું મંદિર છે, જેને સમિદ્ધેશ્વરનું મંદિર પણ કહે છે. ભોજરાજે બંધાવેલું ત્રિભુવન-નારાયણનું મંદિર આ કે બીજું એ જાણવાનું રહે છે. મોકલરાણાએ તો જીર્ણોદ્ધાર કરાવ્યો હશે." "આ મન્દિરના પાછલા ભાગમાં જૈન મૂર્તિઓ કોરેલી છે જેમાં એક મૂર્તિના હાથમાં મુહપત્તિ છે. મન્દિરની બહાર ડાબી બાજુએ દીવાલમાં તીર્થંકર ભગવાનને અભિષેક કરાવતા હોય એવા કળશ સાથેના ઇન્દ્રોની આલેખનાપૂર્વકની જિનમૂર્તિઓ છે. એ જ દીવાલ પર કંઈક આગળ એક જૈનાચાર્યની મૂર્તિ કોરેલી છે. તેમના હાથમાં મુહપત્તિ છે, ડાબા હાથમાં પુસ્તક છે, સામે સ્થાપનાચાર્ય છે, તેની સામે સાધુ, શ્રાવક, શ્રાવિકા, ઉપદેશ સાંભળી રહ્યાં હોય એવો ઘટનાપ્રસંગ આલેખેલો છે. તેથી આગળ એક બીજા જૈનાચાર્યની મૂર્તિ કોરેલી છે, તેમની સામે ઠવણી છે, સામે બેઠેલા રાજવી ઉપદેશ શ્રવણ કરી રહ્યા છે. એથી આગળ એક રાજા ગુરુવંદના નિમિત્તે મોટા આડંબર સાથે વાજિંત્રાદિપૂર્વક સંઘ સાથે આવી રહ્યા હોય એવું સૂચન કરતો પ્રસંગ આલેખેલો છે. એથી આગળ મુકુટધારી ઇન્દ્ર જિનેશ્વર ભગવાનને અભિષેક માટે ખોળામાં ધરીને બેઠા હોય એવો ભાવ આલેખ્યો છે, એક સ્થળે એક જૈનાચાર્ય બગલમાં ઓઘો અને હાથમાં મુહપત્તિ લઈને ઊભા હોય એવી આકૃતિ બતાવી છે. આ બધા પ્રસંગોમાં મોટે ભાગે જિનેશ્વરના કલ્યાણક ભાવોની આલેખના સ્પષ્ટ વરતાય છે."[૩]

આ બધા પ્રસંગો અગાઉ અમે કહ્યું તેમ મૂલપ્રાસાદના નરથરમાં જોવામાં આવે છે. પંડિત અમ્બાલાલ પ્રેમચંદ શાહે નોંધેલા સ્નાનાભિષેકનો પ્રસંગ મૂલપ્રાસાદના દક્ષિણ પ્રતિરથના નરથરમાં આલેખાયેલો છે, જે અહીં ચિત્ર નં. ૨માં જોઈ શકાય છે. ગૂઢમણ્ડપના નૈર્ઋત્ય પ્રતિરથે પીઠની રૂપધારામાં પદ્માસનસ્થ જિનમૂર્તિ તેમ જ દક્ષિણ ચોકીની પૂર્વ દિશાની રૂપધારામાં પણ પદ્માસનસ્થ પાર્શ્વનાથ અને બાજુમાં ગોમુખ યક્ષની આસનસ્થ મૂર્તિનું (ચિત્ર નં. ૫) તેમ જ મૂલપ્રાસાદના અગ્નિ દિશાના દક્ષિણ પ્રતિરથમાં મહાવીર અને હરિણગમેષીદેવનું દશ્ય જોવા મળે છે, પણ એથીયે મહત્ત્વનાં પ્રમાણો તો પ્રાસાદ અને મણ્ડપના કુમ્ભો પર અને જઙ્ઘામાં કંડારેલ જૈન યક્ષીઓ અને વિદ્યાદેવીઓની પ્રતિમાઓથી મળી રહે છે. અમ્બિકા, ચક્રેશ્વરી (ચિત્ર નં. ૪), અજિતા ? (ચિત્ર નં. ૨) અને નિર્વાણી જેવી યક્ષીઓ ઉપરાંત રોહિણી વજ્રાંકુશી (ચિત્ર નં. ૩), વૈરોટ્યા અને અચ્છુપ્તા સમી વિદ્યાદેવીઓ તેમ જ

---

1 COUSENS, HENRY, PROGRESS REPORT OF THE ARCHAEOLOGICAL SURVEY OF INDIA, 1904, p. 127.


૨ 'જૈનતીર્થ સર્વસંગ્રહ', ભાગ બીજો (અમદાવાદ, ૧૯૫૩), પૃ. ૩૪૨-૪૩.

૩ એજન.



ચિત્ર નં. ૧

સમિદ્ધેશ્વરના મંદિર( કુમારવિહાર ? )નું અગ્નિકોણથી સમગ્ર દર્શન.




ચિત્ર નં. ૨

મૂલ પ્રાસાદના અગ્નિભાગે કુમ્ભ પર સ્થિત યક્ષી નિર્વાણી અને યક્ષી અજિતા (?); નિર્વાણીની નીચે નરથરમાં જિનજન્મકલ્યાણક.




ચિત્ર નં. ૩

વિદ્યાદેવી વજ્રાંકુશી, કુમ્ભ, મૂલ પ્રાસાદ, દક્ષિણ પ્રતિરથની દક્ષિણ બાજુ.



ચિત્ર નં. ૪

યક્ષી ચક્રેશ્વરી, કુમ્ભ, ગૂઢમણ્ડપનો પાછલો પ્રતિરથ, દક્ષિણ દિશાની દક્ષિણ બાજુ.



ચિત્ર નં. ૫

નરથરમાં જિનપાર્શ્વનાથ અને ગોમુખ યક્ષ, દક્ષિણ ચોકીઆળું, ગૂઢમણ્ડપ, પૂર્વ દિશા.

સરસ્વતી (રૂપાન્તરે વાગ્દેવી) અને કપર્દિયક્ષનાં રૂપાંકનો અહીં કુમ્ભ અને જંઘામાં કંડારેલ જોવા મળે છે જેની સ્થાન-વિગત લેખને અન્તે તાલિકામાં બતાવેલ છે. ગૂઢમણ્ડપનું પશ્ચિમનું (એટલે કે મુખ્ય) પ્રવેશદ્વાર તો નૂતન છે, જ્યારે ઉત્તર અને દક્ષિણ ચોકીઆળાનાં દ્વારોમાં ઉત્તરંગો બદલી નાખ્યા છે પણ શાખાઓ પુરાણી છે, જેમાં ફરી એક વાર યક્ષી-વિદ્યાદેવીઓનાં (ખણ્ડિત) રૂપાંકનો જોવા મળે છે. આ સિવાય શિખરની શુકનાસમાં કોઈ યક્ષી અને ત્રણે બાજુની ભદ્રની રથિકાઓમાં ઉત્તર દિશાથી ગણતાં અનુક્રમે યક્ષી નિર્વાણી, બ્રહ્મશાન્તિ યક્ષ[1] અને વિદ્યાદેવી અચ્છુપ્તા[2] જોવા મળે છે.

એમ જણાય છે કે રાજા મોકલના સમયમાં (પૂર્વે થયેલ અલ્લાઉદ્દીન ખીલજીના આક્રમણ બાદ) ખણ્ડિત, અપૂજ પડેલ આ જિનાલયને શિવાલયમાં પરિવૃત્ત કરવામાં આવ્યું હોય: એમ કરતી વખતે જિનમંગલમૂર્તિવાળા ઉત્તરંગો અને મુખ્ય દ્વારો પલટી નાખવામાં આવ્યાં હોય તેમ લાગે છે. રાણા મોકલના સ્થપતિએ ગૂઢમણ્ડપની અષ્ટાંશની પુનર્રચના કરી જણાય છે. તેમાં અષ્ટાંશના વિકર્ણના ચાર સ્તમ્ભો વધારે પુરાણા, મહદ્અંશે મોઢેરાના સૂર્ય-મન્દિરના ગૂઢમણ્ડપના જેવી કારીગરીવાળા લાગે છે.[3] બાકીના સ્તમ્ભો તો સોલંકીયુગમાં કુમારપાળના સમયના મન્દિરોમાં જોવા મળતા સ્તમ્ભો જેવા જ હોઈ એ વિષે કંઈ વિશેષ કહેવાનું રહેતું નથી.

કઝિન્સે આ મંદિરને ૧૧મી શતાબ્દીનું માન્યું છે,[4] પણ સારાયે મંદિરની કારીગરી

---

૧ યક્ષના હસ્તોમાં અનુક્રમે વર, પુસ્તક, છત્ર અને કમણ્ડલુ ધારણ કરેલાં છે.

૨ અચ્છુપ્તા અને બ્રહ્મશાન્તિયક્ષની રથિકા નીચે પ્રહારના કણ્ઠમાં જિનપ્રતિમાઓ વિરાજમાન છે.

૩ ગેરિકે જેની Archaeological Survey of India Annual Reports Vol. XXIII પૃષ્ઠ ૧૨૦ પર નોંધ લીધી છે તે આ સ્તમ્ભો જણાય છે.

4 Araswi, 1904, p. 128. આ રહ્યા કઝિન્સના ઉદ્ગારો : " The older pillars in the hall and porches are of the same type as those in temple. of Vimal Sāh at Mt. Abu and at Modhera. The work on the exterior walls of the temple is much superior to that on the later temples on the hill, of Rāṇā Kumbha's time. There is more finish about the mouldings and a freer and more natural force of the images which are carved with better proportions." " I have no hesitation in ascribing the original temple to the eleventh century. ".

રાણા કુમ્ભાના સમયનાં મન્દિરોના કંડાર કરતાં આનું કામ ચઢિયાતું હોવા છતાં મોઢેરાના સૂર્યમન્દિર (ઈ. સ. ૧૦૨૭) અને એનાં પચાસેક વર્ષ પછીથી બંધાયેલા રંગમણ્ડપની કારીગરીની તુલનામાં આ મન્દિરનું રૂપકામ અને સુશોભન-અંકન નિશ્ચયતયા ઊતરતી કક્ષાનું છે. ગૂઢમણ્ડપમાં જીર્ણોદ્ધારકોએ દાખલ કરેલ (ત્રિભુવનનારાયણપ્રાસાદ ?) ચાર સ્તમ્ભો બાદ કરીએ તો બાકીના એકે મોઢેરાના કે આબુના વિમલશાહના મન્દિરની ચાહિલ્લે બંધાવેલ નવચોકીના સ્તમ્ભો સાથે સમતા કરતા હોય તેમ જણાતું નથી. કઝિન્સનું અવલોકન આ બાબત પૂરતું ઉપલકિયું જણાય છે.

સ્પષ્ટતયા કુમારપાળના સમયનાં લક્ષણો બતાવે છે.[1] અપવાદરૂપે મોકલયુગની સંવરણા, પેલા ચાર પુરાણા સ્તમ્ભો, અને ગૂઢમણ્ડપની ઉપર અગ્નિખૂણે રથિકાઓમાં જીર્ણોદ્ધારકોએ ગોઠવેલ યોગેશ્વર શિવ, યોગનારાયણ અને વૈકુણ્ઠવિષ્ણુની ૧૧મી શતાબ્દીના પ્રારમ્ભકાળની પ્રતિમાઓ જવા દઈએ તો સમસ્ત મન્દિરમાં શૈલીની એકરૂપતા છે. આ મન્દિર અવન્તિપતિ ભોજે ચિત્રકૂટમાં બંધાવેલ ત્રિભુવનનારાયણનું મન્દિર હોવા માટે કોઈ જ પ્રમાણ નથી. ઉપર કહી તે શૈવ-વૈષ્ણવ મૂર્તિઓ અને ગૂઢમણ્ડપના ચાર પુરાતન સ્તમ્ભો (એની શૈલી અગ્યારમા શતકના પહેલા ચરણની હોવાને કારણે) ત્રિભુવનનારાયણપ્રાસાદના મૂળ હિસ્સાઓ હોવાની શક્યતા છે; પણ મન્દિર પોતે તો શ્વેતામ્બર જૈન સમ્પ્રદાયનું અને તે પણ બારમા શતકના ત્રીજા ચરણથી વધારે પ્રાચીન નથી જ.

આ મન્દિરના કારાપક વિષે હવે વિચાર કરીએ. મન્દિર કુમારપાળના સમયનું છે. કદમાં તારંગાના કુમારવિહાર કરતાં અર્ધું, પણ જાલોર (જાબાલિપુર)ના કુમારવિહારનું સમકક્ષ છે. શૈલીમાં પણ એ સૌ વચ્ચે ઘણું સામંજસ્ય છે. ગૂઢમણ્ડપની ઉત્તર ચોકીનો વિતાન બિલકુલ તારંગાના અજિતનાથના મન્દિરના વિતાનો જેવો જ છે. ચિત્રકૂટના દણ્ડનાયક આલિગે આ જિનાલય બંધાવ્યું હોય કે પછી સ્વયં કુમારપાળે એ નિર્માણ કરાવ્યું હોય. શત્રુંજય, ગિરનાર, ઈલદુર્ગ (ઈડર), તારંગા, અર્બુદાચલ અને જાલોરના કાંચનગિરિગઢ જેવાં પર્વતીય સ્થાનો પર કુમારવિહારોનું નિર્માણ કરાવનાર રાજા કુમારપાળ ચિત્રકૂટ પર જિનમન્દિર ન કરાવે તે કેમ બને? સમિદ્ધેશ્વરનો એનો પ્રશસ્તિ લેખ એને ચિત્રકૂટની પ્રાકૃતિક શોભાથી મુગ્ધ થયેલો બતાવે છે જ. આ સ્થાનની રમણીયતાથી આકર્ષાઈ એણે અહીં ઈ. સ. ૧૧૫૧ પછી કયારેક જૈન-મન્દિર બનાવ્યું હોય તો એ સમ્ભવ કાઢી નાખવા જેવો નથી. આ મન્દિર જેમ ત્રિભુવનનારાયણનું નથી તેમ સમિદ્ધેશ્વરનું પણ નથી જ. એનાં જૈન રૂપાંકનોના કારણે એ જિનાલય છે; મન્દિરની શૈલી મારુગુર્જર છે; ને સમય બારમા શતકનું ત્રીજું ચરણ જણાય છે. સારોયે ઠસ્સો રાજનિર્મિત-પ્રાસાદ જેવો, ભવ્યતાદ્યોતક, જાજ્વલ્યમાન છે; એ કુમારવિહાર જ હશે, હોઈ શકે.[2]

તો પ્રશ્ન એ ઊઠે છે કે સમિદ્ધેશ્વરનું મન્દિર કયું? કુમારપાળ જેવો રાજવી જે મન્દિરને ગ્રામદાન કરે તે મન્દિર પુરાતન અને કદાચ વિશાળ અને પ્રશસ્ય હોવાની સંભાવના છે. આવું કોઈ શિવાલય અત્યારે ચિતોડગઢમાં જોવા મળતું હોય તો તે કુમ્ભશ્યામજીનું મન્દિર. આઠમા શતકના

---

૧ કુમારપાળના સમયની સ્થાપત્ય શૈલીનાં લક્ષણોની ચર્ચા માટે જુઓ DHAKY M. A., "The Chronology of the Solanki Temples of Gujarat", JOURNAL OF THE MADHYA PRADESH ITIHAS PARISHAD, NO. 3, Bhopal, 1961, pp. 59-60.

૨ એક દશકા પહેલાં શ્રી હરિશંકર પ્રભાશંકર શાસ્ત્રી અને આ લેખના પ્રથમ લેખક 'કુમારપાલ અને કુમારવિહારો' એ શીર્ષકયુક્ત એક લેખ તૈયાર કરી રહ્યા હતા, એ સમયે કુમારપાળે જે જે સ્થળોએ જિનાલયો બંધાવેલાં તે સૌની શિલાલેખો, ગ્રન્થપ્રશસ્તિઓ, પ્રબન્ધો અને તીર્થમાળાઓ પરથી એક વિસ્તૃત નોંધ તૈયાર કરેલી. તેમાં ચિત્રકૂટના કુમારવિહારની નોંધ કરી હોવાનું બરોબર સ્મરણ છે. દુર્ભાગ્યે એ મૂળ સૂચિ આ લેખ લખતી વેળાએ બહુ શોધ કરવા છતાં હાથ નથી લાગી તેમ જ કુમારવિહારને આનુષંગિક મૌલિક સાધન-ગ્રન્થો લેખકો પાસે મોજૂદ નથી. એટલે ચિતોડના 'કુમારવિહાર' ઉપર આખરી શબ્દ કહેવો બાકી રાખી દેવો પડ્યો છે.

આરમ્ભે ગ્રહપતિ રાજા માનભંગે સૂર્યમન્દિર (હાલનું કાલિકામન્દિર) તેમ જ ત્રિપુરવિજયનું મન્દિર કરાવેલું. તેમાંનું ત્રિપુરવિજયનું મન્દિર એ જ આ કુમ્ભશ્યામનું મન્દિર લાગે છે.[1] રાણા કુમ્ભાએ આ મંદિરનો પંદરમા શતકના ત્રીજા ચરણમાં જીર્ણોદ્ધાર કરાવેલો, જીર્ણોદ્ધાર કરતી વખતે નવું શિખર કરાવ્યું છે. મણ્ડપને સૂર્યમન્દિરના મણ્ડપ જેવું સપાટ છાદન હતું તે કાઢી સ્તમ્ભો નવેસર ગોઠવીને માથે સંવરણા કરાવી છે. ગર્ભગૃહની મૂળ (શૈવ) દ્વારશાખા બદલી નાખી છે તેમ જ ગર્ભગૃહનાં ભદ્ર-ખત્તકોમાં મૂળ પ્રતિમાઓને સ્થાને વરાહ ઇત્યાદિની પ્રતિમાઓ બેસાડાવી દીધી છે; પણ ગૂઢમણ્ડપમાં દક્ષિણ ભીંતે ચોડેલી કલ્યાણસુન્દરની તકતી તેમ જ મૂલપ્રાસાદના પાછળના વેદીબન્ધના કુમ્ભ પરનું પાર્વતી-પરિણયનું દશ્ય, અને ગર્ભગૃહના દિક્પાલોની શિવ સાથેની સદ્ઘાટ મૂર્તિ બતાવે છે કે કુમ્ભશ્યામનું મંદિર મૂળે શિવમન્દિર હતું; અને એના પુરાણા ભાગની શૈલી આઠમા શતકના પૂર્વાર્ધની હોઈ, સૂર્યમન્દિર જેવા જ આયોજનનું (પણ સહેજ મોટું) આ ભવ્ય શિવાલય ગુહિલોના મૂળપુરુષ બાપ્પા રાવળના પુરોગામી રાજા માનભંગનું બનાવેલું હતું એમાં કોઈ શંકા નથી; અને એ જ મન્દિર મધ્યયુગમાં સમિદ્ધેશ્વરના નામથી પરિચયમાં હશે. કુમારપાળે જેને મહત્ત્વ આપ્યું હોય તે આ જ મન્દિર હોવાનો અને તેથી જ તે સમિદ્ધેશ્વરનું મન્દિર હોવાનો પૂર્ણ સમ્ભવ છે. તો સમિદ્ધેશ્વરના એ અસલ મન્દિરની સન્નિધિમાં બંધાયેલ જિનમન્દિર કુમારવિહાર હશે? સમિદ્ધેશ્વરનો કુમારપાળનો શિલાલેખ આ જિનાલયનું શિવાલયમાં પરિવર્તન કરતી વખતે બેસાડવામાં આવ્યો હોય તેમ લાગે છે. કુમારપાળે કરાવેલ જિનમન્દિરોમાંનાં બહુ જ થોડાં બચ્યાં છે. કેટલાંકનો એના અનુગામી અજયપાળે નાશ કરાવેલો તો બાકીનાં મુસ્લિમ આક્રમણોમાં નાશ પામ્યાં છે. ચિતોડના આ જિનાલય —જે કુમારવિહાર હોવાનો પૂર્ણ સમ્ભવ છે—ને સોલંકીયુગના મધ્યાહ્ન સમયના સ્થાપત્ય અને જૈન પ્રતિમાવિધાનના અભ્યાસ માટે મહત્ત્વનું સીમાચિહ્ન માનવું જોઈએ.

---

૧ જુઓ અગ્રવાલ, શ્રી રત્નચંદ્ર, "ચિતૌડ કા એક અપ્રકાશિત શિલાલેખ", રાજસ્થાન ભારતી (બિકાનેર), ગ્રંથ. ૯/૨ પૃ. ૩૦-૩૧. શિલાલેખમાં, કીર્તિર્ભાસપ્રભ ચા ત્રિપુરવિજયં" એવો ઉલ્લેખ આવે છે જેમાં "કીર્તિર્ભાસપ્રભ"થી સૂર્યમંદિર અને "ત્રિપુરવિજય"થી શિવમન્દિરનું સૂચન નીકળે છે એવી અમારી માન્યતા છે.

## ચિત્રકૂટના સમિદ્ધેશ્વર ( કુમારવિહાર ? ) મન્દિર પરની દેવમૂર્તિઓની વિતરણ-વ્યવસ્થાદર્શક તાલિકા

| સ્થળ | દિશા-ઉપદિશા | બાજુ | અઙ્ગ | ઘાટડુ | પ્રતિમા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|
| ગૂઢ મણ્ડપ | વાયવ્ય | પશ્ચિમ | આગળનો કર્ણ | રૂપધારા | પદ્માસનસ્થ જિન | — |
| ,, | ,, | ,, | ,, | કુમ્ભ | યક્ષી ચક્રેશ્વરી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | સરસ્વતી | — |
| ,, | ,, | ઉત્તર | ,, | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | ખણ્ડિત દેવીમૂર્તિ | — |
| ,, | ,, | પશ્ચિમ | આગળનો પ્રતિરથ | કુમ્ભ | ખણ્ડિત દેવીમૂર્તિ | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | કપર્દી યક્ષ | આયુધક્રમ: માલા, શૂલ, નાગ, ×; વૃષવાહન. |
| ,, | ,, | ઉત્તર | ,, | કુમ્ભ | યક્ષી નિર્વાણી | ........... |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | ,, | ચોકીઆળું | દ્વારશાખા | ........... | ઉત્તરઙ્ગ બદલાવેલ : રૂપસ્તમ્ભમાં ખણ્ડિત પક્ષીઓ. |
| ,, | ઉત્તર | ,, | પાછળનો પ્રતિરથ | કુમ્ભ | ખણ્ડિત મૂર્તિ | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | પૂર્વ | ,, | કુમ્ભ | કોઈ વિદ્યાદેવી | આયુધક્રમ: માલા, અઙ્કુશ, વજ્રઘણ્ટા, અને બીજપૂરક. |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | ઉત્તર | પાછળનો કર્ણ | કુમ્ભ | ખણ્ડિત મૂર્તિ | — |
| ,, | , | ,, | ,, | જંઘા | દેવીમૂર્તિ | આયુધક્રમ: ×, કમલ, માલા, ×. |
| ,, | ,, | પૂર્વ | ,, | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |

| સ્થળ | દિશા-ઉપદિશા | બાજુ | અંગ | ઘાટડુ | પ્રતિમા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|
| ગૂઢમણ્ડપ | ઉત્તર | પૂર્વ | પાછળનો કર્ણ | જંઘા | ક્ષેત્રપાલ ? | આયુધક્રમઃ માલા, ત્રિશૂલ, ખટ્વાઙ્ગ, ×. |
| કપિલા | ” | ઉત્તર | આગળનો કર્ણભદ્ર | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ” | ” | ” | ” | જંઘા | સરસ્વતી | — |
| ” | ” | ” | પાછળનો કર્ણભદ્ર | કુમ્ભ | વીણાધારિણી સરસ્વતી | — |
| ” | ” | ” | ” | જંઘા | ખણ્ડિત દિક્પાલમૂર્તિ | — |
| મૂલપ્રાસાદ | ઉત્તર | પશ્ચિમ | આગળનો કર્ણ | કુમ્ભ | સરસ્વતી | — |
| ” | ” | ” | ” | જંઘા | અપ્સરા | — |
| ” | ” | ઉત્તર | ” | કુમ્ભ | વિદ્યાદેવી ( રોહિણી ? ) | આયુધક્રમઃ ×, બાણ, ચાપ, ×. |
| ” | ” | ” | ” | જંઘા | અપ્સરા | — |
| ” | ” | ” | ભદ્ર | કુમ્ભ | યક્ષા અજિતા ? | આયુધક્રમઃ અક્ષમાલા, અઙ્કુશ, પાશ, અને કલશ. |
| ” | ” | ” | ” | જંઘાખત્તક | ................. | હાલ ખાલી પડ્યો છે. |
| ” | ” | ” | પ્રતિરથ | કુમ્ભ | વૈરોટ્યા | આયુધક્રમઃ વરદાક્ષ, નાગ, નાગ અને બીજપૂરક. |
| ” | ” | ” | ” | જંઘા | અપ્સરા | — |
| ” | ” | પૂર્વ | ” | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ” | ” | ” | ” | જંઘા | અપ્સરા | — |
| ” | ” | ” | પાછળનો પહેલો કર્ણ | કુમ્ભ | વિદ્યાદેવી રોહિણી ? | આયુધક્રમઃ માલા, બાણ, ચાપ અને કલશ. |
| ” | ” | ” | કર્ણ | જંઘા | ગજારૂઢ દિક્પાલ કુબેર | — |
| ” | પૂર્વ | ” | | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ” | ” | ” | ” | જંઘા | દિક્પાલ ઈશ | — |

| સ્થળ | દિશા-ઉપદિશા | બાજુ | અઙ્ગ | ઘાટડુ | પ્રતિમા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|
| મૂલપ્રાસાદ | પૂર્વ | ઉત્તર | પાછળનો પહેલો પ્રતિરથ | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | પૂર્વ | ,, | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | ,, | ભદ્ર | કુમ્ભ | ખણ્ડિતમૂર્તિ | — |
| ,, | ,, | ,, | ,, | ખત્તક | ........... | પબાસણ પડેલું છે. |
| ,, | ,, | ,, | પાછળનો બીજો પ્રતિરથ | કુમ્ભ | સરસ્વતી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | દક્ષિણ | ,, | નરથર | જન્મકલ્યાણક | જુઓ ચિત્ર નં. ૨ |
| ,, | ,, | ,, | ,, | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | પૂર્વ | પાછળનો કર્ણ | કુમ્ભ | યક્ષી અજિતા ? | આયુધક્રમ: વર, અઙ્કુશ, પાશ, કમલ; જુઓ ચિત્ર નં. ૨ |
| ,, | ,, | ,, | ,, | જંઘા | દિક્પાલ ઇન્દ્ર | — |
| ,, | દક્ષિણ | દક્ષિણ | ,, | કુમ્ભ | કપર્દી યક્ષ | આયુધક્રમ: વર, શૂલ, નાગ અને કમલ. |
| ,, | ,, | ,, | ,, | જંઘા | દિક્પાલ અગ્નિ | — |
| ,, | ,, | પૂર્વ | પાછળનો પ્રતિરથ | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | દક્ષિણ | ,, | કુમ્ભ | વિદ્યાદેવી વજ્રાંકુશી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | ,, | ભદ્ર | કુમ્ભ | વિદ્યાદેવી અચ્છુપ્તા | આયુધક્રમ: ×, ખડ્ગ, ખેટક; ×, અશ્વવાહના. |

| સ્થળ | દિશા-ઉપદિશા | બાજુ | અઙ્ગ | ઘાટડુ | પ્રતિમા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|
| મૂલપ્રાસાદ | દક્ષિણ | દક્ષિણ | ભદ્ર | જંઘા-ખત્તક | ......... | ખાલી |
| ,, | ,, | ,, | આગળનો પ્રતિરથ | કુમ્ભ | શ્રી વાગ્દેવી | કમલ-પુસ્તક-ધારિણી દેવી-મૂર્તિ નીચે 'શ્રી વાગ્દેવી' એમ વંચાય છે. |
| ,, | ,, | ,, | પ્રતિરથ | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | પશ્ચિમ | ,, | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| કપિલી | ,, | દક્ષિણ | પ્રથમ કર્ણભદ્ર | કુમ્ભ | ખણ્ડિત મૂર્તિ | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | દિક્પાલ યમ | — |
| ,, | ,, | ,, | દ્વિતીય કર્ણભદ્ર | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | ખણ્ડિત મૂર્તિ | — |
| ,, | ,, | પૂર્વ | પાછળનો કર્ણ | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | દક્ષિણ | ,, | કુમ્ભ | ખણ્ડિત મૂર્તિ | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | યક્ષી અમ્બિકા | — |
| ગૂઢમણ્ડપ | ,, | પૂર્વ | પાછળનો પ્રતિરથ | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા નાગવેલ | અલસા કન્યાઃ નીચે 'નાગવેલ' નામ કોતરેલું વંચાય છે. |
| ,, | ,, | દક્ષિણ | ,, | નરથર | પદ્માસનસ્થ જિનમૂર્તિ | જુઓ ચિત્ર નં. ૪. |
| ,, | ,, | ,, | ,, | કુમ્ભ | યક્ષી ચક્રેશ્વરી | ,, |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | ,, | ચોકીઆળું | પીઠનો પૂર્વ દિશાનો નરથર | પાર્શ્વનાથ અને ગોમુખ યક્ષ | ચિત્ર નં. ૫. |

| સ્થળ | દિશા-ઉપદિશા | બાજુ | અઙ્ગ | થાટ્ટુ | પ્રતિમા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|
| ગૂઢમણ્ડપ | દક્ષિણ | દક્ષિણ | ચોકીઆળું | દ્વારશાખા | વજ્રાંકુશી રૂપસ્તમ્ભમાં | ઉત્તરંગ બદલાવેલો છે |
| ,, | ,, | ,, | આગળનો પ્રતિરથ | કુમ્ભ | સરસ્વતી ઈત્યાદિ દેવીઓ | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | અપ્સરા | — |
| ,, | ,, | પશ્ચિમ | ,, | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | શક્ર | — |
| ,, | ,, | દક્ષિણ | આગળનો કર્ણ | કુમ્ભ | વિદ્યાદેવી રોહિણી ? | આયુધક્રમઃ ? બાણ, ધનુષ્ય, બીજપૂરક |
| ,, | ,, | ,, | ,, | જંઘા | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | પશ્ચિમ | ,, | કુમ્ભ | યક્ષી નિર્વાણી | — |
| ,, | ,, | ,, | ,, | જંઘા | ખણ્ડિત દેવીમૂર્તિ | — |

# વાઘેલાકાલીન ગુજરાતની મહેસૂલપદ્ધતિ

નવીનચન્દ્ર આચાર્ય

વાઘેલા સમયનાં મળી આવતાં દાનપત્રોનો વિષય ભૂમિદાન હોવાથી એમાં જમીનને લગતા કેટલાક ઉલ્લેખો મળી આવે છે. રાજ્યની તમામ જમીન કાયદેસર રીતે રાજ્યની માલિકીની ગણાતી. રાજ્ય તરફથી દાનમાં મળેલી જમીનનો ભોગવટો કરવાનો અધિકાર કબજો ધરાવનારનો હતો. આમ છતાં સામાન્ય રીતે જમીનની માલિકી રાજાની ગણાતી.

જમીનની માલિકી વિષેના કેટલાક ઉલ્લેખો 'લેખપદ્ધતિ'માંથી મળી આવે છે. જો જમીનની માલિકી શંકાસ્પદ જણાય તો તેવી જમીનની હરાજી કરવામાં આવતી. નુકસાની ભોગવનાર જમીનનો ભોગવટો કરનારે કોર્ટમાં શ્રી ધર્માધિકરણ પાસે જઈ પોતાની માલિકી લેખપત્ર તેમ જ સાક્ષીઓની મદદ વડે સાબિત કરવી પડતી. જો અધિકારીને સર્વ દાખલાઓ તપાસતાં યોગ્ય જણાય તો તે તેની તરફેણમાં હુકમ કાઢતો.[1] આવો હુકમ મેળવવા માટે એકલા સાક્ષીઓ રજૂ કરવા તેટલું પૂરતું ન હતું, પણ દાનપત્ર રજૂ કરવાં પડતાં. દાનપત્ર વગરની જમીનનો ભોગવટો એ જમીનમાલિકી સાબિત કરવા માટે પૂરતો મનાય નહિ.

## ભોગવટો :

સામાન્ય રીતે રાજ્યની તમામ ભૂમિ કરપાત્ર ગણાતી પણ રાજા તરફથી દાનમાં મળેલી જમીન કરમુક્ત ગણાતી.[2] જમીનનો આ પ્રકારનો ભોગવટો "ધર્મદેયસ્થિતિ"ના નામે ઓળખાતો. આ ધર્મદેય દેવાલયને અપાયું હોય તો "એ દેવદેય સ્થિતિ"ના નામે ઓળખાતો અને જો બ્રાહ્મણને આપેલું હોય તો "બ્રહ્મદેય સ્થિતિ"ના નામે ઓળખાતો. તો કોઈ દેયભૂમિની અંદર, અગાઉ આપેલા દેવદેયને બ્રહ્મદેયને ભૂમિનો સમાવેશ થતો હોય તો તેમાં અગાઉ આપેલી ભૂમિની ગણતરી થતી નહિ.[3] આવી ભૂમિ સર્વ પ્રકારના કરથી મુક્ત રહેતી. આવી ભૂમિનો ભોગવટો સૂર્ય, ચંદ્ર, સમુદ્ર, ભૂમિ, નદી, અને પર્વત ટકે ત્યાં સુધી કરવાનો ઉલ્લેખ કેટલેક ઠેકાણે કરવામાં આવ્યો હોય છે.[4]

## જમીનની માપણી :

ભૂમિદાનમાં જ્યારે ક્ષેત્ર, વાપી, કે કૂવાનું દાન દેવામાં આવ્યું હોય ત્યારે દાનપત્રમાં માપ જણાવવામાં આવતું. આ અભિલેખોમાં જમીનનું દાન આપતા કેટલી જમીનનો ટુકડો દાનમાં

---

૧ લેખપદ્ધતિ, પૃ. ૨૩.

૨ આચાર્ય ગિરજાશંકર વ., 'ગુજરાતના ઐતિહાસિક લેખો', નં. ૧૭૦, ૨૦૨.

૩ पूर्व प्रदत्त देवदाय ब्रह्मदायवर्ज......ગુ. ઐ. લે., ૧૬૦, ૧૭૦.

૪ અર્જુનદેવના વિ. સં. ૧૩૨૦ના લેખમાં તો મિલકત ખરીદીને તેની આવક પણ ચંદ્ર મહો અને તારાઓનું અસ્તિત્વ હોય ત્યાં સુધી ભોગવવાનું જણાવ્યું છે. ગુ. ઐ. લે., ૨૧૭.

આપ્યો તે બતાવવા જમીનનું ચોક્કસ માપ જણાવવામાં આવતું. ભીમદેવ રજાનાં અને વીસલ-દેવનાં દાનપત્રો ઉપરથી જણાય છે કે તે વખતે જમીનની માપણી "હલવાહ"માં કરવામાં આવતી. આ:શબ્દનો અર્થ જમીનનું માપ એવો કરવામાં આવતો.[૧] હર્ષના સમયમાં પણ હળની લંબાઈ ઉપરથી જમીન મપાતી,[૨] પણ હળનું માપ કેટલું તે નોંધવામાં આવ્યું નથી. આ પ્રથા હર્ષ પછીના સમયમાં પણ ચાલુ રહેલી જણાય છે. ચૌલુક્ય સમયમાં અને વાઘેલા સમયમાં પણ આ જ પ્રથા પ્રચલિત હોય એમ લાગે છે. આ "હલવાહ" ઉપરાંત બીજી રીતે પણ જમીનની માપણી થતી જોવામાં આવે છે. ટિ માણાના મેહર જગમલ્લના તામ્રપત્રમાં ભૂમિ-માટેનું માપ "પાથ" આપવામાં આવ્યું છે.[૩] સંભવ છે કે આ પણ એક જમીનનું માપ હશે.

આ ઉપરાંત જમીનના માપ માટે 'લેખપદ્ધતિ'માંથી "વિશોપક" શબ્દ મળી આવે છે. આ શબ્દનો અર્થ "વીઘું" હોય એમ શ્રી. શ્રીગોંડેકર માને છે.[૪]

## મહેસૂલ તેમ જ અન્ય કરવેરા :

રાજ્યની મુખ્ય આવક જમીન ઉપર લેવાતા કરમાંથી થતી. આ ઉપરાંત વાહનવેરા, જકાત, રસ્તા ઉપરનો કરવેરો, યાત્રાળુવેરો, દારુ અને બિનવારસી મિલકત દ્વારા આવક થતી.

## મહેસૂલ :

સોલંકી સમય દરમ્યાન પરાપૂર્વથી ગ્રામ્યજનો (ખેડૂતો) પાસેથી જમીનનું મહેસૂલ રાજ્ય એકઠું કરતું એમ અભયતિલકગણિએ દ્વયાશ્રયમાં જણાવ્યું છે.[૫] આપણા સમયમાં પણ આ જ પ્રમાણે ખેડૂતો પાસેથી મહેસૂલ વસૂલ કરવામાં આવતું. રાજા પોતાનો રાજભાગ કાપણીના સમયે અધિકારીઓ મારફતે વસૂલ કરતો.[૬]

'લેખપદ્ધતિ' ઉપરથી જણાય છે કે આ સિવાય બીજી રીતે પણ મહેસૂલ વસૂલ કરવામાં આવતું. 'લેખપદ્ધતિ'માં જણાવેલ ગ્રામપટ્ટક પ્રમાણે સરકાર અને વ્યક્તિ વચ્ચે થયેલા કરાર મુજબ મહેસૂલ વસૂલ કરવામાં આવતું.[૭] આ પદ્ધતિ હાલની રૈયતવારી પદ્ધતિને કેટલેક અંશે

---

૧ મોનીઅર વિલિયમ્સ: સંસ્કૃતઅંગ્રેજી—શબ્દકોષ.

૨ સાલેતોર, 'લાઇફ ઇન ધી ગુપ્ત એઇજ', પૃ. ૩૫૯.

૩ सूनवद्वीपार्श्वे वहमाना वहमान भूमिदत्त पाथ ५५ पंचवशात्,

વિલસનકોષ, એક પથક = ૨૪૦ સ્કવેર ફીટ.

૪ 'લેખપદ્ધતિ', પૃ. ૧૦૬, એક વીંઘા, ૨૦ વસા.

૫ 'દ્વયાશ્રય', સર્ગ ૩, શ્લોક ૧૮.

૬ એજન, સર્ગ ૩., શ્લોક ૨

પ્રાચીન સમયમાં મહેસૂલ રોકડ રકમ કે અન્ય વસ્તુઓ આપીને ભરવામાં આવતું. મોટે ભાગે ઉત્પન્ન થયેલ માલ જ આપવામાં આવતો. આ રાજભાગ ઉત્પાદનનો ૧/૩ ભાગ હશે.

સાલેતોર, હિન્દુ એડમિનિસ્ટ્રેટિવ ઇન્સ્ટિટચુશન,' પ્ર. ૨; પૃ. ૧૬૩

૭ 'લેખપદ્ધતિ', પૃ. ૮-૯

મળતી આવે છે. આ પટ્ટકમાં "પંચકુલ" અને "ગોદા" નામના માણસ વચ્ચે થયેલ કરાર આપવામાં આવ્યો છે. આ એક વર્ષનો કરાર છે. "ગોદા" પંચકુલને ઇનામ તરીકે ૨૧૬ દ્રમ અને બીજા પરચૂરણ ખર્ચ પેટે ૪૦ દ્રમ આપે. આ ઉપરાંત મહેસૂલ આપવું પડતું, માંગલિક પ્રસંગોએ વેરો આપવો પડતો.

આ વેરો વર્ષમાં ત્રણ હપ્તે ભરવામાં આવતો. પહેલો હપ્તો ભાદરવા મહિનામાં, બીજો હપ્તો કાર્તિક માસમાં અને ત્રીજો હપ્તો અક્ષયતૃતીયા ઉપર લેવામાં આવતો.[1] આમ વાર્ષિક મહેસૂલ ત્રણ હપ્તે રાજ્યમાં ભરવું પડતું. 'લેખપદ્ધતિ'માં જણાવ્યા પ્રમાણે દરેક હપ્તો ભર્યા પછી "શ્રીકરણ" એટલે કે રાજ્યના નાણાંખાતાને ખબર આપવી પડતી. સામાન્ય રીતે એમ હોઈ શકે કે દરેક વિભાગના માણસો પોતાના વિભાગની યા ખાતાની શાખાને ખબર આપે. આથી રાજ્યને પોતાની ચોક્કસ આવકનો ખ્યાલ આવી જાય, અને અધિકારીઓ મહેસૂલની આવકમાં ગોટાળા કરતા અટકી જાય.

આ ઉપરાંત બીજી પણ એક પદ્ધતિ અસ્તિત્વ ધરાવતી હતી એમ 'લેખપદ્ધતિ' ઉપરથી જણાય છે. 'લેખપદ્ધતિ'માં આપેલ "સમકરઉદ્ધ" ગ્રામ પટ્ટકમાં લખ્યું છે કે ગામડાનું મહેસૂલ ઉચ્ચક નક્કી કરવામાં આવતું. આ પછી ગામડાના લોકોને અન્ય કર ભરવાના રહેતા નહિ. આ પ્રકારના કરને "સમકરઉદ્ધ" ગ્રામ પટ્ટકના નામે ઓળખવામાં આવતો. આમાં ગામડાના લોકોને ૪૦૦૦ દ્રમ કર પેટે આપવાના નક્કી કરવામાં આવતા. આ કરાર મહામંડલેશ્વરના હાથ નીચેના પંચકુલ અને વ્યક્તિ વચ્ચે થતો.[2]

'લેખપદ્ધતિ' અનુસાર જણાય છે કે રાજ્યનું મહેસૂલ જમીનની જાત પ્રમાણે નક્કી થતું. જુદી જુદી જાતનું જમીનમહેસૂલ જુદું જુદું અંકાતું, અને રાજ્યના અધિકારીઓ મારફતે ઉઘરાવવામાં આવતું. "ગ્રામસંસ્થા" નામના પત્રમાં જણાવ્યા પ્રમાણે અધિકારી અને તેનું પંચકુલ જમીનની જાત પ્રમાણે મહેસૂલ નક્કી કરતા.[3]

મહેસૂલનો દર નીચે પ્રમાણે હોવાનો સંભવ 'લેખપદ્ધતિ' પરથી જણાવે છે:[4]

૧. સમકર ભૂમિ ઉપરનો કર દરેક વિંશોપકે ૨૪ દ્રમ

૨. પોયલ ભૂમિ ઉપર દરેક વિંશોપકે ૨૦ દ્રમ

૩. ખેડાયા વગરની ઉદ્ધખિલ ભૂમિ ઉપર દરેક વિંશોપકે ૧૬ દ્રમ

૪. બહારથી આવીને રહેલા ખેડૂતની ખેડાણ માટેની જમીન ઉપર દરેક વિંશોપકે ૧૦ દ્રમ

૫. અનાડિયક[5] ઉપર ૩ દ્રમ

---

૧ એજન, પૃ. ૯

૨ 'લેખપદ્ધતિ', પૃ. ૧૦

૩ એજન, પૃ. ૧૬

૪ એજન, પૃ. ૧૬

૫ અનાડિયક ભૂમિ એટલે માલ વેચવા માટે ગાડાં ઊભાં રાખવાની જગા, જ્યોસરી, 'લેખપદ્ધતિ', પૃ. ૧૦૭.

કેટલીક ખેડાતી ન હોય પણ ઉપયોગમાં લેવાતી હોય તેવી ગોચરની જમીન ઉપરનો કર અધિકારી પોતે જમીન જોઈને નક્કી કરતો હોય એમ લાગે છે. આવી જમીનો ઉપરના કર નીચે પ્રમાણે લેવાના હોય એમ 'લેખપદ્ધતિ' પરથી લાગે છે :[૧]

૧. ગાયો અને તેઓ ચરાવવા માટે ૨ દ્રમ

૨. બળદને ચરાવવા માટે ૧ દ્રમ

૩. ઘેટાંબકરાં ચરાવરાં માટે ½ દ્રમ

૪. ખેતીમાં ઉપયોગમાં લેવાતો હોય તેવા બળદોને ચરાવવા માટે કર લેવાતો નહિ.

ઉપર જણાવેલ પત્રોમાં એક વિ. સં. ૮૦૨ અને બીજું સમય વગરનું છે. આવી જ પ્રથા ચૌલુક્ય સમયમાં પણ હોવાનું અભયતિલકગણિ, 'દ્વયાશ્રય'માં જણાવે છે.[૨] આથી આપણા સમયમાં પણ આ પ્રથા ચાલુ હોવાનો સંભવ રહે છે.

ઉપર્યુક્ત સંવત વગરના જણાવેલ પત્રમાં જુદા જુદા ગુનાઓ માટે નીચે પ્રમાણે દંડની રકમ લેવાની જણાવવામાં આવી છે :[૩]

૧. કોઈનું માથું ફોડવા માટે ૬ દ્રમ

૨. બીજાની માલિકીની જમીન ખેડવા માટે ૬ દ્રમ

૩. ચામડાની ચોરી કરવા માટે ૩ દ્રમ

૪. અનાજના ખેતરમાં ઢોરને ચરાવવા માટે ૧ દ્રમ

૫. આજ્ઞાના ભંગ બદલ ૫ દ્રમ.

### અન્ય કરવેરા :

**શુલ્ક :**—આ નાકાવેરો છે. આ કરવેરા દ્વારા રાજ્યને સારી આવક થતી. 'લેખપદ્ધતિ'માં વિ. સં. ૧૨૩૮ના "માર્ગાક્ષરાણિ" પત્રમાં જણાવ્યું છે કે "સીસમથી ભરેલાં ૪૮ ગાડાં તથા બળદો ઉપર લાદેલ કોથળા ઉપર ૪ દ્રમ નાકાવેરો આવ્યો." આ પહોંચ પંચકુલ તરફથી આપવામાં આવી હતી.[૪]

### યાત્રાળુવેરો :

સોમનાથમાં મૂળરાજના સમયથી યાત્રાળુઓ પાસેથી યાત્રાળુવેરો લેવાતો હતો. તે સિદ્ધરાજ જયસિંહના સમયમાં તેની માતા મીનળદેવીના અતિ આગ્રહથી કાઢી નાખવામાં આવ્યો.

---

૧ 'લેખપદ્ધતિ', પૃ., ૧૬

૨ 'દ્વયાશ્રય', સર્ગ ૩, શ્લોક ૧૮

૩ 'લેખપદ્ધતિ', પૃ. ૧૬.

૪ એજન, પૃ. ૧૪.

આ ઇતિહાસમાં જાણીતી વાત છે. વાઘેલા સમયમાં યાત્રાળુ પાસેથી કોઈ પણ જાતનો યાત્રાળુ-વેરો લેવાતો હોય એમ જાણવા મળતું નથી. આબુ ઉપરના વિમલવસહિમાંથી મળી આવેલા સારંગદેવના સમયના સંવત ૧૩૫૦ના લેખમાં જણાવ્યું છે કે રાજના અધિકારીઓએ યાત્રાળુઓ પાસેથી કંઈ પણ કર લેવો નહિ. ચડતા અગર ઊતરતા યાત્રાળુની કોઈ પણ ચીજ ખોવાય તો તેને માટે આબુના ઠાકોરોએ પોતાની જવાબદારી ગણી તે નુકસાની ભરપાઈ કરી આપવી.[૧] લેખમાં આ મંદિરના નિભાવ માટે નજીકનાં ગામડાંઓનાં વેપારી ઉપર કરવેરા નાખ્યાનો ઉલ્લેખ છે. આ જોતાં એમ લાગે છે કે રાજ્ય યાત્રાળુઓ પાસેથી કોઈ પણ જાતનો કર લેતું નહિ હોય. આ ઉપરાંત તેમના માલસામાનના રક્ષણની જવાબદારી લેતું હશે તેમ જ તીર્થસ્થાનોના મંદિરના નિભાવ માટે યોગ્ય કાળજી રાખતું હશે.

### દારુના વેચાણ ઉપર કર :

કુમારપાળે પોતાના સમય દરમ્યાન દારુ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. તેના વિરોધમાં દારુના વેચાણમાંથી રાજ્યને ઘણી આવક થાય છે તેમ જણાવવામાં આવ્યું હતું,[૨] પણ તે તરફ કુમારપાળે ધ્યાન આપ્યું ન હતું. ત્યાર પછી ગાદીએ આવનાર રાજવીઓએ દારુબંધી ચાલુ રાખી કે કાઢી નાખી તે જાણવા મળતું નથી.

### વેચાણવેરો :

મળી આવતા અભિલેખો પરથી જણાય છે કે રાજ્યમાં કેટલેક ઠેકાણે વસ્તુઓ વેચનાર તેમ જ ખરીદનાર બંને પાસેથી કર લેવાતો. આ કરવેરા પ્રાચીન ધાર્મિક ગ્રંથોને અનુસરીને જ લેવાતા. વાઘેલા સમયમાં જાણવા મળે છે તે અનુસાર કરની રકમ વસ્તુઓમાં તેમ જ રોકડ રકમોમાં લેવાતી.

માંગરોળની સોઢડી વાવમાંથી મળેલા કુમારપાલના સમયના લેખમાં મંદિરના નિભાવ માટે રાજ્ય પોતે દેવભાગ તરીકે પ્રજા પાસેથી આ પ્રકારનો કર ઉઘરાવે છે એમ જણાય છે. વાઘેલા સમયમાં પણ આ જ પ્રમાણે રાજ્યની આવકમાંથી દેવભાગ તરીકે રકમ કાઢવામાં આવતી હશે કે કેમ તે જાણવા મળતું નથી, પણ મંદિરની પૂજા માટે જુદા જુદા સંઘોની અનુમતિ લઈ કર નાખવામાં આવતા હોવાના ઉલ્લેખ સારંગદેવના અનાવડામાંથી મળેલા લેખ પરથી જાણવા મળે છે કે "પાલનપુરના પેથડ નામના મુદ્રાધિકારીએ કૃષ્ણના મંદિરની પૂજા માટે બ્રાહ્મણો, મહાજનો,

---

૧ ગુ. ઐ. લે., ૨૨૩ અ.

૨ મોહપરાજય, અંક ૯

૩ માંગરોળના સોઢડી વાવના લેખમાં નીચે પ્રમાણેનું લખાણ જોવા મળે છે :

શ્રી સહજીગેશ્વર મહાદેવની કાયમ પંચોપચાર પૂજા માટે માંગરોળની દાણ માંડવીમાં પ્રતિ દિવસ કાર્ષાપણ ૧ તથા ખુશ્કી જકાતની ઉપજમાંથી પ્રતિ દિવસ કાર્ષાપણ ૧, પોઠિયાની છાટ ઉપર કાર્ષાપણ ૧, દાણા ભરેલા ગાડા ઉપર કાર્ષાપણ ૪, ગર્દભની છાડ ઉપર કાર્ષાપણ અર્ધો, નાગરવેલના પાનના ભાર ભરેલા ઊંટ ઉપર કાર્ષાપણ ૨ા, પાન ભરેલી ગાડી ઉપર ખેતર દીઠ ૧ દ્રમ, મીઠાના અગરમાં ખૂંટી ખરાળી અને હાસા પ્રત્યે કાર્ષાપણ ૧ લેવો. આ પ્રમાણે ચોરવાડ અને બળેજમાં પણ લેવું. આ સઘળો દેવભાગ છે, અને તે ભવિષ્યના રાજાઓએ પાળવો અને માન્ય રાખવો.".

સોની, કંસારા નાવિકો, વગેરેના સંઘોની મંજૂરીથી મજીઠની એક ધડી દીઠ વેચનાર તરફથી ½ દ્રમ, હીંગની એક ધડી દીઠ વેચનાર તેમ જ ખરીદનાર તરફથી ૧ દ્રમ, દરેક અનાજનાં ગાડાં દીઠ અમુક દ્રમ, ઘીના એક ઘડા ઉપર વેચનાર તરફથી ૧ પળી ઘી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું.[૧]

સારંગદેવના સમયની દેવપટ્ટન પ્રશસ્તિમાં જણાવ્યું છે કે ત્રિપુરાન્ત કે અમુક મિલકત ખરીદીને તેની આવક સાથે તે મંદિરના ઉપહાર અર્થે આપી તેમાંની કેટલીક દુકાનો મંદિરમાં પૂજા માટે કાયમ ફૂલ આપવાં એ શરતે માળીઓને આપી. ચૈત્ર અને ભાદ્રપદ પૂર્ણિમાના ઉત્સવ માટે દરેક દુકાનદારે ૧ દ્રમ આપવાનું જાહેર કર્યું. આ ઉપરાંત કેટલાક વેપારીઓએ સોપારી, પાન વગેરે શિવરાત્રિ ઉત્સવ પ્રસંગે પ્રજા માટે આપવાનું જણાવ્યું. આ સર્વ ત્રિપુરાન્તકે રાખેલ દુકાનો રાખનારા હતા, પણ આ જે કાંઈ દ્રવ્ય આપવામાં આવતું તે તેની આવકરૂપે નહિ પણ રાજ્યનો કર લેવાનો જે હક્ક હતો તેનો ઉપયોગ કરીને લેવામાં આવતું હોય એમ જણાય છે. લેખમાં જણાવેલ "ચાર્તુજાતક" શબ્દનો અર્થ રાજ્યનો સ્થાનિક ઉચ્ચ અધિકારી એમ શ્રી અ. કુ. મજુમદાર જણાવે છે. અને આ રીતે ત્રિપુરાન્તક આ ચાર્તુજાતક (સ્થાનિક અધિકારી) અને ત્રિપુરાન્તક વચ્ચે થયેલ કરાર પ્રમાણે મંદિરની પૂજા માટે આ કર લેવાતો હોવાનો સંભવ છે.[૨]

આ ઉપરથી એમ જણાય છે કે મંદિરોના નિભાવ માટે પ્રજાના વેપારી વર્ગ પાસેથી આવા કરવેરા રૂપે ફાળો ઉઘરાવવાની ધર્મગુરુઓને રાજ્યે સત્તા આપી હશે. અગર આવી રીતે જો વેપારીઓ બારોબાર ધર્મગુરુઓને રકમ આપે તો તેમાં રાજ્યની સંમતિ હશે. આવી રકમ રાજ્યની તિજોરીમાંથી જતી નહિ હોય છતાં પણ સંભવ છે કે રાજ્ય તરફથી આવાં મંદિરોના નિભાવ માટે કેટલુંક દ્રવ્ય આપવામાં આવતું હશે અને એ રકમ પ્રજા પાસેથી કરવેરારૂપે એકઠી કરાતી હશે.[૩]

---

૧ ગુ. ઐ. લે., ૨૨૩

૨ ગુ. ઐ. લે.; ૨૨૨.

૩ આ નિબંધ ગુજરાત સાહિત્ય પરિષદના દિલ્હી અધિવેશનમાં (૧૯૬૭) ઇતિહાસ અને પુરાતત્ત્વવિભાગમાં વાચન માટે રજૂ કરેલો તેની સાભાર નોંધ લઉં છું.

# જીવણદાસકૃત 'મહીમાહાત્મ્ય'

યોગીન્દ્ર જ. ત્રિપાઠી

અખાની સન્તપરંપરામાં સન્ત જીવણદાસ જ્ઞાનમાર્ગી કવિ થઈ ગયા. અખાના સીધા શિષ્ય લાલદાસના એ શિષ્ય—એ હકીકત જંબુસર પાસે કહાનવા ગામ નજીક આવેલી 'બંગલા'ની અખાની ગુરુગાદીના વંશવૃક્ષમાં મળે છે એટલું જ નહીં, પણ મારી પાસે જીવણદાસની જે હસ્તપ્રત–લુણાવાડા પાસેના શિમળિયા ગામેથી મળેલી છે—જે સ્થળે જીવણદાસે જીવતાં સમાધિ લીધી હોવાનું કહેવાય છે અને જે સ્થળ 'ચેતનચોતરો' નામે હજી પણ જાણીતું છે—તે પ્રતમાં જીવણદાસની અનેક કૃતિઓના અન્તમાં, એમના ગુરુ લાલદાસનું નામ આવે છે; એટલું જ નહીં પરન્તુ મારા પિતા सागर—જગન્નાથ દામોદરદાસ ત્રિપાઠી સંપાદિત 'સન્તોની વાણી' (ઈ. સ. ૧૯૨૦)માં પ્રસિદ્ધ થયેલી લાલદાસની કૃતિઓમાંની કેટલીક આ હસ્તપ્રતમાં સાંપડે છે.

આ હસ્તપ્રતમાં જીવણદાસની ચૌદ કૃતિઓ મળે છે, જેમાં અકલરમણ (રચ્યાસાલ સં. ૧૮૩૬), જીવનરમણ (રચ્યાસાલ સં. ૧૮૨૪) અને જીવનગીતા* (રચ્યાસાલ સં. ૧૮૧૯) કડવાં ૧ થી ૨૦—મોટી અને મહત્ત્વની કૃતિઓ કહી શકાય.

આ ઉપરાન્ત મહીમાહાત્મ્ય, સાખી, કક્કો, ચાતુરીઓ, પદો, ધોળ, આનન્દલીલા અને હરિનો વિવાહ પ્રમાણમાં નાની પણ પ્રાસાદિક કૃતિઓ કહી શકાય.

જીવનગીતાની રચનાસાલ સં. ૧૮૧૯ છે, અકલરમણની રચ્યાસાલ સં. ૧૮૩૬ છે અને અખેગીતાની રચ્યાસાલ સં. ૧૭૦૫ છે એ દૃષ્ટિએ આ કવિનો કવનકાળ સં. ૧૮૧૯ થી સં. ૧૮૩૬ સુધીનો જણાતાં, એ અખાનો પ્રશિષ્ય છે, એ આ દૃષ્ટિએ પણ નિઃશંક છે.

'મહીમાહાત્મ્ય' એમણે સાત કડવાંમાં રચ્યું છે અને એની રચનાસાલ સં. ૧૮૩૬ મૂળ હસ્તપ્રતમાં આપેલી છે, જે આ કૃતિના અન્તમાં, મૂળમાં છે તે પ્રમાણે જ આપી છે.

જીવણદાસે 'મહીમાહાત્મ્ય' કેમ રચ્યું એ પ્રશ્નનો ઉત્તર પણ સ્પષ્ટ છે કે લુણાવાડા તાલુકાના મહીસાગરના કિનારે આવેલા ખાનપુર ગામના એ ખડાયતા વણિક અને એમણે આખું જીવન મહીસાગરને કિનારે જ ગાળ્યું. એટલુંજ નહીં પણ એમને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું તે પણ એ જ મહીસાગરના સામે કાંઠે આવેલા શિમળિયા ગામે પધારેલા લુણાવાડા તાલુકાના વીરપુર ગામના સન્ત શ્રી લાલદાસના બોધ વડે.

---

* 'કહાનવા બંગલો'ની હસ્તપ્રતોના ભંડારમાંથી હમણાં જ મને 'જીવનગીતા'ની આખી કૃતિ એક હસ્તપ્રતમાં મળી છે, જે સાદ્યન્ત શિમળિયાની હસ્તપ્રતમાંની જીવનગીતા સાથે મળે છે.

એક એવી પણ લોકવાયકા ત્યાંના પ્રદેશમાં ચાલે છે કે ખાનપુરના આ સન્ત જીવણદાસે લગ્ન નહિ કરેલું અને એમના નાના ભાઈ થોભણ અને એમની પત્ની સાથે એ રહેતા. લાલદાસના સન્તસમાગમ પછી એ દરરોજ રાત્રે મહીસાગર તરીને સામે કાંઠે લાલદાસનો સન્તસમાગમ સાધે અને પરોઢિયે ગૂપચૂપ પાછા આવીને સૂઈ જાય. એવામાં એક દિવસ થોભણની પત્નીને આ વાતની ખબર પડતાં, એણે પોતાના પતિ થોભણને જીવણદાસની પાછળ ચિકિત્સા જોવા મોકલ્યા. આ સમયે જીવણદાસને પાણી પર ચાલવાની શક્તિ પ્રાપ્ત થયેલી; એટલે ભર ચોમાસામાં એ તો સામે કિનારે ચાલ્યા ગયા અને થોભણ એની રાહ જોતા આ કાંઠે બેસી રહ્યા. પરોઢે જીવણદાસ પાછા આવ્યા ત્યારે એમણે થોભણને જોયો અને પોતાની સાધના અને સિદ્ધિ પોતાનો નાનો ભાઈ જાણી ગયો એ એમને ન ગમ્યું અને તે જ પળે એમણે ઘેર પાછા ન ફરવાનો નિશ્ચય કર્યો. એ પાછા ગયા શિમળિયા અને પોતાના ગુરુ લાલદાસને, જીવતાં સમાધિ લેવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો. ઘેર વૃદ્ધ માતાને આ વાતની ખબર પડતાં એ દોડી આવ્યાં અને પોતાનું મૃત્યુ થાય ત્યારે મોટા પુત્ર તરીકે જીવણદાસે જ અગ્નિસંસ્કાર કરવો જોઈએ અને ત્યાં સુધી એમણે સમાધિ ન લેવી એવી વિનંતી કરી પણ જીવણદાસે તો સચોટ ઉત્તર આપ્યો; "મા, થોભણને કહેજો કે તમારા અગ્નિસંસ્કાર વખતે 'મોટાભાઈ', 'મોટાભાઈ' કરીને ત્રણ બૂમો પાડે અને હું જ્યાં હઈશ ત્યાંથી અગ્નિસંસ્કાર કરવા જરૂર આવીશ."

કહેવાય છે કે માતાનો અગ્નિસંસ્કાર કરવા માટે એ સૂક્ષ્મદેહે આવેલા અને પોતે આપેલા વચન પ્રમાણે અગ્નિસંસ્કાર કરેલો.

કડવાંનો સંખ્યાનિર્દેશ દરેક કડવાને અંતે, મૂળમાં આપેલો છે, તે ફેરવીને પ્રત્યેક કડવાની શરૂઆતમાં આપ્યો છે. કૃતિની ભાષા અને જોડણી શકય તેટલે અંશે એટલે કે મૂળ શબ્દ સમજી પણ ન શકાય એટલી હદે લહીઆએ વિકૃત ન કર્યો હોય તેટલે અંશે હસ્તપ્રતમાં છે તેવાં જ રાખ્યાં છે.

મને ખ્યાલ છે ત્યાં સુધી ગુજરાતી ભાષામાં મહીમાહાત્મ્ય રચનાર જીવણદાસ સૌ પ્રથમ કવિ જ છે અને એ દષ્ટિએ પણ આ કૃતિ મહત્ત્વની છે.

**॥ શ્રીગણેશાય નમઃ ॥**

મહીમાતમ લખુ છે

(રાગ ધનાસી)

**[ કડવાં ૧ ]**

ગુણપત્ય સરસત્ય પાયે લાગુ આપો વાણી સાર,
વરદાન એહેવું આપજો કરું મહીમાતમ વિસ્તાર. ૧

સદ્દગુરુની ક્રીપા થકી હાવે આરંભ્યો એ ગ્રન્થ,
ચોધારો અરથ લાગસે જહાં જેમ જોસે પંથ. ૨

મહી ઉપર વીસ્તા(ર) કરો પણ ચોધારો અરથ થાયે,
જેહને જેહવી સમજણ હસે તે તમ જોસે મનમાંએ. ૩

જે જમ કરીને ધારસે તેહને તેહવું ફલ થાએ,
જેહવો ભાવ તેવી સીધી જેહવો જુએ તેહવો મહીમાય. ૪

એક અરથ મહી પરથવી બીજો અરથ મહી તીરથ,
ત્રીજે અરથ મહી કલેવર ચોથો તે સ્બદે અરથ. ૫

અરથ ચોધારો લાગસે એક ઉપર મંડાણ,
મુલ આંકાર જેહને જડે તે પદ પામે નીરવાણ. ૬

નીરવાણ પદ જેહને જડે તેહેને મલે સદ્દગુરુ સત્ય,
મહીમાંહે પેચાણસે જડસે જો સદ્દગુરુ વત: ૭

ચાર જુગની તારણ માતા કલીજુગમાં વીસેક,
નેહે ચલ મહી ઉપર જુએ તો મલે અવનાસી એક: ૮

ભાવે મહી મહે આસ્તન કરસે લેસે ચરણામરત,
એકોતેર સત્ય ઓધરે જો મન ખરૂ હોએ સત્ય. ૯

બ્રહ્મા વીષ્ણુ શિવ શક્ત્ય મહીમાં તે પુરો વાસ,
નવ નાથ ચોરાસી સીધ મહીમાં તે સહસ્ત્ર અઠ્યાસ. ૧૦

અડસઠ તીરથ મહીમાંહે મધે ને તે આવે માંએ,
દરસણ કરતાં કોટ જનમનાં પાતક પરલે થાએ. ૧૧

મહીમાતમનો મહીમા મોટો વીસવાસ હોએ મનમાંએ,
સાંસો સર પર ના રહે જીવત મુગત્ય ફલ થાએ. ૧૨

જુગમાંહે અનંત તીરથ એના ધરમનો નાંહી પાર,
મહીસમાન કોએ નથી તમો જાણજો નીરધાર. ૧૩

કંઈ સાધ મહીસે નેપન્યા થયા સીધ મહી પરતાપ,
મહીમાં એ પેચાણસે તેહને મલસે આપોઆપ: ૧૪

નદી નવસેં નવાંણુ પણ ચાર જુગ્યે નામ એક,
પણ મહીતણાં નામ જુજુઆં તે કુણ કરે વિવેક. ૧૫

કંઈ દુષ્ટ જન મહાપાતકી ભળતાં હતાં અજાણ,
રામા વઈકુંઠ તે ગઆ તે કેતાં કરુ વખાણ. ૧૬

કંઈ જુગકે રાજી હોતા બંધાણા ક્રમ,
કલીજુગમાં મહીસ્થકા થઆ પુરણ બ્રહ્મ. ૧૭

પુરણ બ્રહ્મ ભરપુર સઘલે નીરંતર ગેમી રહ્યા,
પણ રમણ રચના બહુ કરે તે ભેદ કો વિરલે લહ્યા. ૧૮

મહીમાં લીલા કરે છે તેણે મહી પેદા કરી,
મહીસ્થકી જુગમાં નમેડો એમ સ્વે કહે છે સીહરિ. ૧૯

પુરણ બ્રહ્મ સઘલે જ સરખો મહીમાંહે વીસેક છે,
પ્રેમસખી જીવન કહે એ આદ પુરુસ તો એક છે. ૨૦

## [કડવાં ૨]

(ઢાલ)

એક તણો કહું વીવેકજી—કાં ભરમે ભુલે રે, તનમાં દેખજી. ૧
આપોઆપે રે એકલા રહા આ ભેદ તો કો સુરીનરે લહા. ૨
દુજું દુખ રે ભવબંધન ગયું ધ્યાન ધરણીસું રે ધારી રહો. ૩
બે એ બે મન જો રાખો નાયાં તે તો આવે અગમ ઘરમાંએ. ૪
ત્રીજે તાપ ત્રીગુણનો ગઓ રંગરંગીલા સાથે રહો. ૫
ત્રણ ત્રવેણી ઉતરા પાર જહાં ખેલે ગોવંદ ખેલ અપાર. ૬
ઘટમાં દેખ્યા સારંગપાણ ચોથે ચોથું પદ તે પરમાણ. ૭
ચિત્ત ચતુર્ભુજ ચરણે રહો અગમનિગમ કો અરથ જ લહો. ૮
પાંચે બાંધી બંધ બસ કીઆ પાંચ પચવીસકા તત્ત્વ જ લહા. ૯
તત્વે તત્ત્વ લહે જેહ આપે ઈશ્વિર થાવે તેહ. ૧૦
છઠે છઠા શ્રીહરિ આપે આપે હોએ અજપાજાપ. ૧૧
છઠાકા જો મરમ જ લહે આપે ઈશ્વર હો કર રહે. ૧૨
સાતમું છે સુનપર ગામ અટલ અમરાપર તેહેનું નામ. ૧૩
અક્ષરાતીત તો ભેલો રહું અગમનિગમકા ભેદ જ લહું. ૧૪
આ અષ્ટકમલ પ્રર જાએ સુરતા નુરતમાં સમાએ. ૧૫
આઠે ઘટમાં ઉદઆ સુર તા પર ચન્દ્ર રહા ભરપુર. ૧૬
નુમે નીરમલ ધ્યાન જ ધરે તે નર કુલ પાછો નવ ફરે. ૧૭
નીરમલ ચિતે ધરસે ધાન આપે થઈ રહેસે ભગવાન. ૧૮
દસમે દુખ દારિદ્ર ગઓ દસધાકો મર્મ જ લહો. ૧૯
દસે કાલ આંટી ગહરી કહે જીવન સદ્‌ગુરુએ કીરપા કરી. ૨૦

## [કડવાં ૩]

(ઢાલ)

એક થકી અનંત થઆ અને ધરા અનંત અવતાર,
ઘટ ઘટમાંહે રહા વ્યાપી ગેબી વીશ્વાધાર. ૧
અવતાર તો ચોવીસ થયા તેમ દ્દેદસ પરમાણ,
એક દસા છે દસની પણ જુજુઆં બંધાણ. ૨

દસ અવતાર થયા ચાર જુગે બાંધ્યાં જુજુઆં ધામ,
અવતાર કેરો ટેક રાખે ધારે છે નીજ નામ. ૩

અવતારે જે ધરમ બાંધ્યા તે કયમ મીથ્યા થાય,
જેહને વારે જે થયા તેહેનો તે જશ કહેવાય. ૪

જે જે અવતાર જ્યમ થયા ત્યમ ત્યમ બાંધ્યો ધરમ,
અવતાર સીધી રમણુ કરે તે કો ના જાણે મરમ. ૫

રમણુ માહામત્યસું કારણુ ધરે જુગમાંએ,
પોતાનું કરી ધામ બાંધ્યાં તે તીરથ કહેવાએ. ૬

અવતારકેરી જાયગ દુજી પણુ સરવની મતી એક,
રમણુ કરે સીધાંતમાં પણુ બતાવે અનેક. ૭

આપ આપણું તીરથ બાંધ્યાં તાંહાં તેજ થાએ સહી,
નવ અવતાર થઈ ગઆ દસમે તે તીરથમાંહી, ૮

એ નવનો સરદાર કહીએ દસમો અવતાર,
એની લીલા કેરો પાર ના આવે મુગત્યનો ભંડાર. ૯

કંઈ જુગકેરા જીવ હોએ સાંસે ભરા અપાર,
એક પલમાં દેવગત્ય કરે પછે તે થાએ નિજ તાર. ૧૦

માટે એ સરદાર કહીએ દેવકેરા દેવ,
મહી ઉપર વિસ્તાર કરે સુરીજન ઇછે સેવ. ૧૧

સરવ તીરથનું સરદાર કહીએ ત્યેં મહી જ કીધી સત્ય,
કલજુગમાંહે મહીસે મુગતી રહે એની મત્ય. ૧૨

કલીજુગમાહે મહી જ મોટી સરવ તીરથ એકહાર,
મહી ઉપર ધામ બાંધો દસમે અવતાર. ૧૩

મહીમાંહે અવતાર લીધો મહીમાંહે રમા જદુવીર,
મહીમાં વીસ્તાર કરો ધન ધન મહીકો તીર. ૧૪

ધન ધન સમાનાં માનવી ધન ધન મહીકો તીર,
ધન ધન પંખીજનને ધન ધન પીવન નીર. ૧૫

મહીકેરૂ નીર નીરમલ પાપી પાવન થાએ,
ભાવેસું ભજન કરે તો ફરી ના આવે ગર્ભમાંય. ૧૬

જેમાં રમ્યા નકલંક સ્વામી તેમાં નાતાં કલંક કયમ રહે,
માતા ઉદર આવે નહીં જો મહીમાહે અરથ જ લહે. ૧૭

મહીમાંહે પેચાણુ કરે તો જાણે સઘલા દેવ,
મહીમાહે છે જીવનમુગતી આદ્ય પુરુસની સેવ. ૧૮

મહીમાંહે સ્નાન કરતાં કોટ તીરથ ફલ થાએ,
ફરી ફરી ગર્ભવાસ ના આવે દાસ જીવણ ગુણ ગાએ. ૧૯

## [ કડવાં ૪ ]

બુધસાગર કહે સ્વામી તમને કહું,
બુધ કરૂં છું પણ ભેદ નવ લહું. ૧

સ્વામી સમજાવો હાવે દયા કરી,
શીશ એ મારૂં રહું ચરણે ધરી. ૨

પ્રેમદયાલ સ્વામી જી છો તમે,
કીપા કરી કહોને રે પુછું છું અમે. ૩

અવતાર દસ તે કહોને કેમ થયા,
મહી ઉપર કેઈ રીતે રહ્યા. ૪

મહી તો એક છે રે આરા જુજુઆ,
કીએ આરે રે મનોહર હુઆ. ૫

એંધાણ અમને રે ખરૂં બતાવીએ,
જે થકી રે અમે નરભે થઈએ. ૬

નકલંક નામ તે કોહોને કેમ ધરૂં,
એ સંગ રમતાં કારજ કીયું સર્યું. ૭

ઉથામના થાપન તે કીઓ કર્યો,
દુષ્ટ કાલંગો તે કહો કેમ હર્યો. ૮

જગમાં ગ્યાન તે કીઓ વરતાવીઓ,
પાપી જન તે શરણે કેમ આવીઓ. ૯

જુગમાંહે તે ધરમ કીયો કર્યો,
પ્રેમીજને તે દરસન કેમ કર્યો. ૧૦

જુગમાંહેથી અસત કેમ મેટીઓ,
સત્યસ્વરૂપ તે કમ કરી ભેટીઓ. ૧૧

કલજુગના માનવીમાં સાંસો વસે,
તે સાંસો તે કેમ કરી ગયો હસે. ૧૨

સાંસે ભરાણું મન તે કેમ ઠરે,
ભવમાં ભૂલા તે કારજ કેમ સરે. ૧૩

કાલે ખાધા તે કહો કયેમ બાહાવડે,
પરબોધ ના લાગે તે અધવચ પડે. ૧૪

તે અવતાર કેમ પરમાણુસેં,
પહેલુણી વાત હીઆમાં આણુશે. ૧૫

સુણે તવ રાખે પછે દૂર જ કસ્સે,
વસી અગોચર તહેને કયેમ ઠરસે. ૧૬

મહી તીરથમાં કયેમ કરી ના લસે,
મન ગયું અલગું તે કયેમ વાલસે. ૧૭

ઊલટી રહેણી તે કયેમ ધારસે,
કામક્રોધને રે કયેમ કરી વારસે. ૧૮

એનો વારો તે કયેમ પ્રવર્તશે,
સહુનું કારજ કયેમ કરી સરશે. ૧૯

બુધસાગર કહે અરજ કરૂં તમને,
દયા કરીને સ્વામી કહીએ અમને. ૨૦

## [ કડવાં ૫ ]

(ઢાળ)

વળતાં તે સદ્‌ગુરુ બોલીઆ કહું બુધસાગર ઉપાય,
કંઈ થઈ ગયા કંઈ થઈ જશે તે કહું નકલંક મહિમાય. ૧

નકલંક કહીએ કલંકરહિત જે મલે તેહને તેવું કરે,
સર થકી દોષ ઉતાર દે કંઈ જુગનું પાતક હરે. ૨

અયોનિ પશ્ચિમથી પ્રગટ્યા વહાલે મહીકેરો મહિમા કર્યો,
વેણે સ્વર પધારીઆ તાંહાં સરવનો કારજ સર્યો. ૩

વેણ ઉપર ધામ બાંધ્યો સોહં કેરે પારે,
સહેજ સિંહાસન વિરાજીઆ હરિ દસમે અવતારે. ૪

તાંહાં નોબત અનહંદ ગરગડે નારદ નાચે તાનમાં,
દેવસભા પૂરણ ભરી ઉર્વશી આવે માનમાં. ૫

આસન પૂરી પુરાધી બેઠા વરતાવે બ્રહ્મજ્ઞાન,
ત્રિગુણાતીત શું રંગ લાગ્યો બેઠા તે શબ્દવિમાન. ૬

દશધા ભક્તિ પ્રગટ કરીને ઉતાર્યો શિરભાર,
ચામદષ્ટિ થઈ પરી કરી દેવદષ્ટિ નિજ તાર. ૭

કલજુગ ઉથાપી થાપ્યો સતજુગ પ્રીતે વહેલુણી પરવરી,
બ્રહ્મધાટ ઉપર લીલા કરે છે પૂરણ પ્રગટ શ્રીહરિ. ૮

તત્ત્વજ્ઞાન તે દાસને આપી જીવત મુગત તેને કરી,
અગમ નિગમના ભેદ સુજાવ્યા જુગ સ્યામની આણ જ ફરી. ૯

અમર મંત્ર આપકે પોતાના દાસ અમર કર્યા,
સદેહીએ વૈકુંઠ દેખાડયું અમરાપુરમાં તે ઠર્યા. ૧૦

સુરત પહોંચાડી તુરતમાં શનમુની ધ્યાન ધરાવીઓ,
ધનુર્વિદ્યાના ભેદ આપી કારણ સરવ હરાવીઓ. ૧૧

પ્રેમભક્તિ ઉદે કરી ઘટઘટ પ્રેમ વધારીઓ,
નિરન્તરમાં નિરખ્યા નરહરિ વ્હાલે તે કારજ સારીઓ. ૧૨

ચાર આરા છે મહી જ માંહે હરિ પાંચમે આરે રહ્યા,
તે ભેદ વિરલાને જડે હરિ વેદ તો નિગમ કહે. ૧૩

હરિ અગમ ધરસે આવી આ શબ્દ સંજ્ઞા સઘળે ફરે,
સાંસા કેરૂં મૂલ ખેદે સત્ય સત્ય જુગમાં કરે. ૧૪

શબ્દ ભલકા લાગશે કૈં જુગનાં કર્મ ભાગશે,
એમ અન્યોન્ય નિર્મલ થાશે તેહના ઘરમાં હરિ જાગશે. ૧૫

જ્યમ જ્યમ થશે સહુ સામના ત્યમ ત્યમ કાલંગો નાઠો ફરે,
એમ સતજુગ વરતશે પછે કાલંગો તે શું કરે. ૧૬

પછે કાલંગાને મોહન હરશે સત્યજુગ સઘલે થશે,
મરણ જીવન જે ભાગશે સરગમાં આવાગમન થશે. ૧૭

જ્યમ કોરે છાણું બાળતાં બળે ત્યાં મન નિર્મળ થશે,
એમ કરતાં છાણું બળી રહ્યું કેવળ બ્રહ્મ રહ્યા એ. ૧૮

અવતાર તો ગેબી થયો કાલંગાને દીધો દંડ,
તે મધ્યે સતજુગ કર્યો પછે વ્યાપશે નવખંડ. ૧૯

એમ રે સતજુગ થયો જ્યારે સદ્‌ગુરુગમ જ લહ્યો,
પ્રેમ સખી જીવન કહે દસમો અવતાર પૂરણ ભયો. ૨૦

## [ કડવાં ૬ ]

( ઢાલ )

હવે કહું લીલા શ્રી મહારાજતણી,
અર્ધાંગના જપે છે તમો માહરા ધણી. ૧

કરીએ લીલા તે એકાન્તમાં,
મહીતટ ઉપર ખેલો ખાંતમાં. ૨

વનસ્થલમાં હે હવે રમણ કીજે,
દાસ જાણીને રે આલિંગન દીજે. ૩

વચન સુણીને રે મનોહર હરખીઆ,
ગોપીજને રે પૂરણ નિરખીઆ. ૪

શ્યામ સખી રે ત્યાંહાં રમણ કરે,
ઉર ઉપર લઈને રે કર કંઠે ધરે. ૫

અગોચર લીલા મહી ઉપર માંડી,
રમણ રસનામાં કરે ધારી ડાંડી. ૬

ડાંડીનો પાર જે વિરલાને જડે,
હરિસંગ રમતાં રે અનહદ ગરગડે. ૭

મોરલી વગાડે અતિ ગુમાનમાં,
ઉર્વશી રે નાચે તાનમાં. ૮

સુરત નુરતની રે ઝડ લાગી રહી,
ગીત જ ગાવે ગોપી સન્મુખ રહી. ૯

અલવ કરે છે રે ગોપી ઉર પર ધરી,
ચુંબન દે છે હરિ હેતે કરી. ૧૦

પ્રેમસખી કહે મનોહર ચિત્ત ધરો,
ગુપ્ત કરી લીલા તે જાહેર કરો. ૧૧

અર્ધાંગના કહે છે મનોહરવદના,
કુંઆરા કુંઆરી રે આપણ આદ્યનાં. ૧૨

હરિ આફણિયે રે મનોહર આવીઆ,
આવ્યા તેહેવા માહરે મન ભાવીઆ. ૧૩

અમે નથી પરણ્યાં હરિ વિવાહ કરી,
મન સાબુદ કરી હું તમને વરી. ૧૪

હવે હું કહું તે તમે હરિ! કરો,
ધામ ઉપર રે મને પ્રગટ વરો. ૧૫

ગુપ્ત કરી લીલા તે કુણ જાણુશે,
જાહેર કરો તે જુગ પરમાણુશે. ૧૬

વચન કહ્યાં તે વ્હાલે શ્રવણુ ધર્યાં,
ગોપીનાં વચન તે સહુ પ્રમાણુ કર્યાં. ૧૭

તે સમે વહાલે કલા જાહેર કરી,
ગોપી ઇચ્છાવર પ્રગટ વરી. ૧૮

જુગમાં કારણુ વહાલે રમત્ય કરી,
સહુની દૃષ્ટિ તે તેમાં ઠરી. ૧૯

ઉલટી રીતે રમ્યા બહુ ભાતમાં,
દાસ જીવન કહે છે ખેલ્યા ખાંતમાં. ૨૦

## [ કડવા ૭ ]

( ચોપાઈ )

વ્રજમંડલ પર લીલા માંડી મહી જ કેરે પાર,
વ્રજ નારીને વૃંદાવનમાં ખેલાવ્યા નિજ તાર. ૧
પ્રેમસખીની પ્રીતશું વહાલે અખંડ રાસ વનમાં કર્યો,
ઘર તજીને જે ગોપી આવી તેહેનાં કારજ તાંહાં સર્યો. ૨
ગોપી મલી સહુ એકઠી પણ વ્હાલાનું તન નવ ઠર્યું,
જેણે નવાંશું સ્નેહ બાંધ્યો ભલું તેહેનું કારજ કર્યું. ૩
વશીકરણ એમાં ઘણું મને ભુરકી નાંખી વશ કરી,
કામણગારે કામનીનાં વ્હાલો પેરે પેરે લે મન હરી. ૪
એ અજાતિ છે આદ્યનો હરિ નફટ લંપટ છે ઘણો,
એક વચનમાં વશ કરે છે પિયુ પરદેશી અમતણો. ૫
છાયા નાંખી સંસારમાં હરિ પ્રેમસખી મન હરે,
ગોપીજન રહેણી રહે તો આપસરીખી તાંહાં કરે. ૬
જ્યમ જ્યમ મોહન ત્રેહ વધારે ત્યમ ત્યમ સખી આવે ઘણી,
સમરથ એવા શ્યામજી આશાં પૂરે સહુકો તણી. ૭
હરિ મહીમાંહે લીલા કરે છે વિવિધ કેરા રંગમાં,
જ્યાંહાં જ્યમ જેવું હરિ ત્યાંહાં તેહેવું રહે પ્રેમસખીના સંગમાં. ૮
પ્રેમસખીના પ્રેમશું હરિ ક્ષણ અળગા નવ રહે,
કઠણ વચન કહે પ્રેમદા તે સરળ હરિ સુધાં કહે. ૯
અવળાનું સવળું કરે એ ભક્તવત્સલ છે હરિ,
દાસ પોતાના જાણીને દાસ આગળ આધીનતા કરી. ૧૦
પ્રેમ સખી કહે તે હરિ કરે દાસ ઉપર સન્મુખ જુએ,
ટેક છોડે પોતાતણો પણ બાનાની પત ના ખુએ. ૧૧
પરથમ ગોપીએ શીશ સોંપ્યું અને વળી સમાર્પ્યું તન,
માહરૂં તાહરૂં તે સમર્પ્યું વળી વિશેષ સોંપ્યું મન. ૧૨
પરજાળ હરિવશ થઈ જ ગોપી પછે ગોપીવશ મોહન થયા,
ત્યારે પ્રેમસખીશું પ્રીત બાંધી પછે હાથ જોડીને રહ્યા. ૧૩
સખી કહે તે હરિ કરે જો ખરો હોય વિશ્વાસ,
ભક્તવત્સલ ભૂધરો પૂરે સંકટમાં આશ. ૧૪
માટે ધીરજ ધારણ રાખજો સમર મનોહરથ છે ખરો,
મનસા વાચા કર્મણાએ શીશ હરિચરણે ધરો. ૧૫

તરણ તારણ શ્યામજી ગર્ભનિવારણ છે હરિ,
તનમનધનને સોંપીએ નિશ્ચે ભક્તિ કરજો ખરી. ૧૬

પ્રેમભક્તિ ઉદય થશે ત્યારે મોહન ધારણ આપશે,
પછે આપસરખા કરે હરિ પોતે અમરાપરમાં થાપશે. ૧૭

પ્રેમસખી જીવન કહે મનોહર ! આશા તાહરી,
આ જુગમાંહે શામળા ! લજ્જા તે રાખો આહેરી. ૧૮

સ્વત ૧૮૩૬ના અખન સુદ ૬ લખુ છે

સમપુરણ

# પારસી–ગુજરાતી બોલીના કેટલાક શબ્દો

મધુસૂદન પારેખ

[**નોંધ :**—પારસી-ગુજરાતી બોલીના આ શબ્દો પારસી નવલકથાઓમાંથી તારવ્યા છે. તેમના અર્થ બેસાડવામાં તેમ જ તે અરબી કે ફારસી છે તે નક્કી કરવામાં ડૉ. છોટુભાઈ નાયક ઘણા સહાયભૂત થયા હતા. ડૉ. ભોગીલાલ સાંડેસરાએ પણ આ કાર્યમાં કીમતી મદદ કરી હતી; પરંતુ સદ્‌ગત ભાષાશાસ્ત્રી શ્રી. જહાંગીર ઈ. અંજાણાએ આમાંના ઘણા શબ્દોના અર્થ કરી આપ્યા છે. સહુનું અહીં કૃતજ્ઞભાવે સ્મરણ કરું છું.

મધુસૂદન પારેખ]

## અ

| | | |
|---|---|---|
| અકસર | — | કોઈ વેળાએ જરૂર |
| અકર-વકર | — | બેચેની |
| અખ(ખ્ખ)ઈ રહ્યા | — | સાજા રહો (અક્ષય) |
| અગરગચ્યો | — | ગામડિયો, અબુધ (simpliton) |
| અછાત | — | ઝાટકો |
| અંજાનો | — | અજાણ્યો |
| અજગેબી | — | કુદરત તરફથી અણધારી મદદ |
| અટકાર | — | ઓડકાર |
| અડુખરા | — | મૂરખ |
| અડગરો | — | બેવકૂફ (Idiot) |
| અઢો(ધો)ર | — | આધેડ |
| અતેરું | — | ઘેલછા, વધારે પડતું |
| અજીક | — | બાજુમાં–પાસે |
| અસ્તાવું | — | વેવિશાળ તૂટવું (વિવાહ પછી પતિના મૃત્યુને કારણે ?) |
| અતિયાપાત | — | (અતિ આફત ઉપરથી) સત્યાનાશ |
| અથોરનાન | — | જરથોસ્તી ધર્મને લગતું |
| અદરકદર | — | દયામાયા |
| અધાંધર | — | વધારે પડતું સ્વાત્રત (To make a lot of fuss) |
| અણુકો | — | છણુકો |
| અનીધીક | — | અણીની પળે (At the critical moment) |
| અનધન | — | અનિશ્ચિત |

અનીથીપની — પૂરેપૂરી–( Complete )
અનમનિયા — નાદુરસ્ત તબિયત; બેચેની
અપટ — મૂર્ખ
અબ(પ)થર — પીડા, વાંધો
અફરઘાનિયું — ધૂપદાની જેવું વાસણ
અબુજારુસ — મોટી દાઢીવાળો
એબીયલ — બેડોળ ( ugly )
અફરાતફરી — આકુળ-વ્યાકુળતા, દોડધામ–ગભરામણ
અ(હ)ખેરો — પુણ્યસંચય–( Participation in good thing )
અભીત્રી — અણગમો
અમોરો — અંબોડો
અભરમચી — અદેખાઈ
અભઇજી — શેઠાણી–બાઈસાહેબ
અમસા — પોતીકા
અયાસી ( અરૂબી ) — આળસુ
અયેવાન ( ફા. ) — વિશાળ દિવાનખાનું ( A big spacious room )
અલવલ — ઇજા
અલ્લકસે — છાનોમાનો
અવારુ — મોઢું
અવકરા — અગવડ–આપદા
અરીમધરીમ — અલમસ્ત
અચ્છુ — અચ્છા, ભલે
અરાસ — પડખે
અરીભીરી — કટોકટી
અસરાફ ( અરબી ) — સદ્‌ગૃહસ્થ
અંસેમસે — જાણીજોઈને કોઈને વાગે તેમ બોલવું, (intentionally)
અસીકું — અણગમતું ( Dislike )
અંધ્યારું — દસ્તુર

## આ

આંકોશ — અંકુશ
આગળી — ડાગળી
આંજુ — આંસુ
આઈતો — મફતનો મળેલો
આછું મીઠું કરવું — ઈંડું, બદામ વગેરે ફોડીને સ્વાગત કરવાની વિધિ

| | | |
|---|---|---|
| આજુજી | — | આજીજી |
| આજવેર | — | આજસુધી |
| આઝોરદે | — | સંતાપ કરવો |
| આથરું | — | અથાણું |
| આમડગુચડ | — | ગૂંચવાઈ ગયેલું |
| આસીબાયલા | — | ડરપોક, કાયર, બાયલા |
| આસાએશ (ફા.) | — | આરામ |
| આળસ આવવી | — | વિચાર આવવો |
| આશોદોદ | — | બક્ષિસ (મોબેદને) |
| આબ(ભ) રખોધામાં પડવું | — | ચિંતાભરી પ્રતીક્ષા |

## ઇ

| | | |
|---|---|---|
| ઇચમજી | — | ટચાક |
| ઇત્તર | — | વરણાગી (who thinks a lot of himself) |
| ઇતરાટ | — | ઠાઠમાઠ |

## ઉ

| | | |
|---|---|---|
| ઉખરો | — | વધી ગયેલો |
| ઉજબબ | — | મૂર્ખ (ઉઝબેગ ઉપરથી) |
| ઉધરભાવ | — | ઉછેર |
| ઉભાઈ જવું | — | ખૂબ નાખુશ થવું |
| ઉલથાય | — | ઊંઠા ભણાવવા |
| ઉલ ગબરડી | — | વાતચીતમાં ગુલાંટો મારી સાચી વાત ન કરવી તે |
| ઉલખેડો | — | અધીરો ઉતાવળો |
| ઉટકીચુટકી | — | આડીઅવળી—ખરીખોટી |

## એ

| | | |
|---|---|---|
| એખરો | — | અક્કલ વગર વધેલો |
| એજમતી | — | રામબાણ |
| એતેફાક | — | અકસ્માત |
| એબલગામણો | — | ગંદો, ખોડવાળો |
| એલાર પેલાર | — | ઈધર ઉધર |
| એવણ | — | એ |
| એબાદતગાહ | — | અગિયારી |
| એબિયલ | — | બેડોળ—ગંદું |

## ઓ

| | | |
|---|---|---|
| ઓખર | — | અટક |
| ઓજજા | — | "ઓત્તારી" જેવા આશ્ચર્યવાચક શબ્દો |
| ઓદિન | — | શયતાન |
| ઓજરખા(ખ્વા)હી | — | કાલાવાલા |
| ઓઘાતી પોઘાતી | — | મહત્ત્વની વ્યક્તિ |
| ઓજપ | — | અંધકાર—છાયા |
| ઓંજિયો | — | વાંઝિયો. |
| ઓડાની | — | અક્કલ વિનાનો |
| ઓસ્તવાર | — | ( well-set-up ) |

## ક

| | | |
|---|---|---|
| કકરા પાડેલું | — | ખૂબ ઉકાળેલું |
| કગલવું | — | કાલાવાલા કરવા ( ગળગળા થવું ) |
| કલાહોલ | — | કોલાહલ |
| કલાબકોર | — | કલશોર |
| કલ્લો | — | ચહેરો |
| કળસ આવવું | — | તંગ થવું |
| કદખુદાઇ ( ફા. ) | — | સગાઈ |
| કરસળી | — | કળશિયો ઉપરથી ?–લોટી |
| કસરેવજી | — | ખટપટિયો |
| કસકુનમ | — | ખરાબ સ્ત્રી |
| કહરેલ | — | ચીડિયું ( irritable ) |
| કલેશી | — | કજિયાળી |
| કાકાચાન | — | બદમાશ |
| કારમંખી | — | કાળમુખી |
| કાયતાન | — | તાકાત |
| કાનાસોરી | — | છૂપી રીતે વાત સાંભળવી |
| કાભા ( કનીજ ) | — | ખરાબ સ્ત્રી |
| કનીજ ( ફા. ) | — | ગુલામડી |
| કાની | — | પેઠે |
| કાજવસ્તારા | — | લગ્નમાં જોડાં ( ચોકઠાં ) ગોઠવનાર |
| કાંકડા | — | કાંકરા |
| કાંસીકુસીને | — | very grudgingly |
| કુડલો–( કુથલો ) | — | લંબાણથી લખેલા પત્રો, થોથાં |

કેનેસ્ટી — candle stick ઉપરથી ?
કોઠાં ભોપવાં ( ટીકવા ) — મોં તાકવાં
કોકટ — ઝઘડાખોર
કોટક — કૌતુક ઉપરથી
કોમીસ્તા — નાસ્તો
કોમરાદ — કમિશન મારી ખાવું

## ખ

ખભડ(ર)વું — ચીડાવું
ખરવસતર — ઉદ્ધત
ખરી ખંખારીને — આખાબોલા થઈને ( outspoken )
ખરવાયા તોડવા — કંઇને કંઇ બહાના કાઢી ઝઘડા કરવા
ખતારાત — ખટપટ
ખતીખતીને — ભાર દઈ ને
ખાઉકરડું — ચીરડાઉ
ખાખાવરખો — કંગાલ–ઉડાઉ
ખાંચો — મુદત–ગાળો
ખાચરે — કુટુમ્બના અર્થમાં
ખાંખ મારવી — બડાશ મારવી
ખાંડીમૂડી — ખૂબ પ્રમાણમાં
ખેજાલત — ભાડું લાગવું–બેઅદબી
ખેમાણુ( ન ) — તમાશો

## ગ

ગન્તગદા — અકિંચન
ગરદા પેચ કરવો — દાબી દેવો–ટીપી નાંખવો
ગરાર(ડ) — ખૂબ ઊંચો–મોટો (Huge size)
ગરિયાન — સદરા ઉપરનું ધર્મચિહ્ન
ગરંધિયો — પારસી સ્ત્રીઓમાં વપરાતો અપશબ્દ–મૂર્ખ–ગમાર
ગલબો — હુમલો
ગાલગલોચ — અપશબ્દ
ગીનીસ — નિંદા, ટીકા
ગુડા ( રા ) — ટાંટિયા ( ગુરા ગગરવા )
ગુલબાન — તહોમત
ગેટકું — નાનું બાળક ( ઘેટું ઉપરથી ? )
ગોધિયારું — ગરબડ–ધમાલ

ગોયા — ઘણું ખરું
ગોરસી કરવી — તહેનાતમાં રહેવું
ગોલા લડાઈ — બહારનાને બતાવવા માટેની લડાઈનો દેખાવ
ગોટી નીકળ્યો — ગાળ જેવો શબ્દ, ગોટી એ એક જાતની ગળે નીકળતી ગાંઠ છે. એ નીકળે ત્યારે બરાબર ખવાતું નથી. બાળકને ધમકાવતી વખતે પણ આ શબ્દ વપરાય છે.
ગૌહર — રત્ન
ગંગેટાઈ જવું — ગભરાઈ જવું, મુંઝાઈ જવું
ગંધાર — ગંધાતો
ગુંતાયેલા — ગૂંથાયેલા
ગુંગસ( જ ) — મુંગોમંતર

## ઘ

ઘટમદાર — ઘાટીલું
ઘવડખવડમાં પડવું — મૂંઝવણમાં પડવું
ઘરીતોબારીતો — નવોજૂનો; પરિચિત
ઘે(ઘે)સારણું — મૃત દેહને ઘરમાંથી બહાર લઈ જતાં મોબેદોની છેલ્લી ક્રિય.
ઘેર શોભત — ઘરની શોભા જેવી
ઘોર કરવો — વિચાર કરવો
ઘનનસલ — પત્તો

## ચ

ચકભમ થઈ જવો — બુદ્ધિ બહેર મારી જવી (ચિત્તભ્રમ ઉપરથી ?)
ચગરું — ચકોર
ચકુનમ — આઘાત, ઘાત, બોધપાઠ, ચમકારો
ચોકલેટ — ઈતર જેવો
ચેકેપાઈ — અશક્ત
ચેંગાપેંગા થવું — ( To pretend to be something )
ચેકુસ — નાના છોકરા માટેનો શબ્દ
ચદનચાઉ — લાડઘેલો ( Misbehaving child )
ચદણચેરો — ચેનચાળા કરનારો
ચાલુ મૂકવું — ચાલતી પકડવી
ચીચોડા — રૂપિયા
ચીલ્લો ચડવો — ભવાં ચડવાં
ચીરડાઉ — ચીડિયો
ચુનોચરા — બહુ જ ચર્ચા

| | | |
|---|---|---|
| ચાવાચીવી | — | નકામી ચર્ચા (Unnecessary discussion) |
| ચરત કરવાં | — | ચરિત્ર કરવાં |
| ચેઆઉં પેઆઉં | — | નાનું બચ્ચું |
| ચલકતી આંઈચાંઈ | — | ધનદોલત–વૈભવ |
| ચોટ્ટે ખુશાલ | — | હરામખોર |
| ચોરિયામાર | — | આખાબોલો ( very outspoken ) |
| ચાંસ મારવી | — | ઉચાપત કરવું |
| ચરવાયેલું | — | ખૂબ ચર્ચાયેલું ( Much discussed ) |
| ચમટો | — | દુઃખ, આઘાત |
| ચશ્મચોર | — | બેશરમ, હરામખોર |
| ચવીત્રી | — | અટકચાળો–અળવીતરી |
| ચપો | — | ચૂપ રહો |
| ચહેરેનમૂન | — | સુંદર |
| ચદારમ | — | અવસાનના ઓથા સમયની ક્રિયા |
| ચહેલમહેલ | — | મોજમજા |

### છ

| | | |
|---|---|---|
| છોકરવન | — | નાની ઉંમર |
| છીંઠી પડવું | — | તકરાર કરવી |
| છાંડો | — | મિલકત–પૈસો |
| છોટા હાજરી ( અરબી ) | — | નાસ્તો |
| છીલપીલ કાઢવી | — | મોંઢામોંઢ ઉઘાડા પાડવા |
| છાલોપાલો | — | વેંઢું |
| છતરીપતરી ધોઈ નાખવી | — | બીધા વગર આબરુ કાઢવી |

### જ

| | | |
|---|---|---|
| જ( ઝ )ડકુ | — | ઝડપી |
| જુદદીન ( અરબી ) | — | પરધર્મી |
| જીઠરાપીઠરા | — | વેરવિખેર |
| જીનહાર | — | બિલકુલ |
| જભોલાઈ જવું | — | જીર્ણ થઈ જવું ( To be worn ort ) |
| જબરાન ( અરબી ) | — | જબરદસ્તી |
| ઝારુસ | — | મોટી દાઢીવાળો |
| જીભરુ | — | જીવ આપું ( પારસી સ્ત્રીઓ પુરુષો માટે બોલે છે. ) |
| જીવેજાન | — | સદાકાળ ( Life time ) |
| જોભરવું | — | ગળચવું |

### ઝ

ઝીપલાવવું — ઝંપલાવવું
ઝેણુ — બુદ્ધિ
ઝંઝેરી કાઢવું — હડધૂત કરવું

### ટ

ટચકા કરવા — મજા કરવી—ચાળા પાડવા
ટા ( તા ) કોધડી કરવી — મરી જવું
ટીન પાટચા — તુચ્છ ( ટીન પોટ ઉપરથી )
ટટણુખાર — ટટાર
ટાંગણુ — નાનું છોકરું
ટચાકરી ભાર — જરાપણુ

### ઠ

ઠેડાવ — ઠરાવ

### ડ

ડમકવું — મોટાઈ બતાવવી, (To show one's importance)
ડપટ પડવું — મૂંગા થઈ જવું
ડપચર — નકામી વસ્તુઓનો જથ્થો
ડહવારો — બૂમાબૂમ
ડાહ્યોડોરો — ડાહ્યોડમરો
ડોળો ખોવાવો — નજરમાં આવવું ( To have one in eye )
ડાંએ બાંએ થવું — ડાબાજમણી થવું, ખસી જવું
ડોંગો — સુદૃઢ ( Well-built )
ડાંગરવું — જમવું—ખાવું—આરામ કરવો
'ડોન્ટ કેર ' કરવો — પડતો મૂકવો
ડખાર મેલવી — રાડ પાડવી

### ઢ

ઢણુક માંડવા — ચાળા, તોફાન, ઢોંગ
ઢાંખરો — બુઢ્ઢો
ઢકેલા — ધક્કા

### ત

તસ — થૂંકદાની, લગ્નમાં હાથ ધોવાના વાસણુને " તસ " કહે છે
તરો — ગાયનું વિધિસર તૈયાર કરેલું મૂતર

| | | |
|---|---|---|
| તરારો કરવો | — | ગુસ્સો કરવો |
| તરોતાજી | — | તાજી (Fresh and green) |
| તબેહ | — | ટેવ, સ્વભાવ |
| તજુમલ | — | ઘણી તૈયારી કરવી |
| તરી આરુ તાહરુ કરવું | — | સામાને રડાવી પોતાનું કામ કઢાવી લેવું |
| તરિયાપાવ | — | ખૂબ તકરાર કરવી. (go to extreme in quarreling) |
| તાલ્યારોળ | — | ધમાલ, શોરબકોર |
| તીરકસ (ફારસી) | — | વધારે અજવાળું આવવા માટે બારીનું મોટું બાકું (Embrosure) |
| તાલુકો | — | સંબંધ |
| તાજુમતવાજ | — | ખૂબ આદરસત્કાર |
| તાસા સેકાવાં | — | બિલાડાં બોલવાં |
| તાનાજાની | — | મેણાંટોણાં |
| તામોશ કરવું | — | સહન કરવું |
| તિલ્લોરી | — | લીલાલહેર (plenty) |
| ત્રીમત્રાક | — | સુઘડ, ટાપટીપવાળું (To be neat in dress) |
| તીફા | — | ત્યાં |
| તાસવીસ (અરબી) | — | વેદના–ગભરામણ |
| તી (ટી) કરીગેપ | — | દષ્ટિની ખામી |
| તી–ટીકરી | — | આંખ |
| તુલીક | — | સુધી |
| તુંભા | — | તમા |
| તુરો (અરબી) | — | કલગી (સરતારો) |
| તુલોતવીલ | — | સવિસ્તર |
| તેં (ટેં) હકરાઈ | — | અહંકાર |
| તોડકું (તોરકું ?) | — | કપાળ |
| તંતો(ટંટો)સવું | — | અંધારામાં ફાંફા મારવા–આંગળીથી ફંફોળવું |
| તાબરા પરવા | — | હસ્તમેળાપ વખતનો તાળીનો અવાજ |

## થ

| | | |
|---|---|---|
| થવસ | — | થઈશ |

## દ

| | | |
|---|---|---|
| દાદાર (ફા.) | — | ભગવાન |

| | | |
|---|---|---|
| દુક્તી (સ્ત્રી) | — | છોકરી માટે તિરસ્કારવાચક શબ્દ |
| દાદા | — | બદમાશ સ્ત્રી |
| દધ | — | દઢ |
| દબુચા | — | ડૂચા—ડબૂચા |
| દરાન—દમશેદ | — | મરણ પછીની ક્રિયાઓ |
| દરાન | — | દરૂની રોટલી મૃત્યુ પછી બનાવાય છે |
| દલેદસરી | — | દળદર |
| દાળ દાઝવી | — | નાખુશ થવું (To be annoyed) |
| દાળ દોધી | — | મામુલી વસ્તુ (Not worth taking care of) |
| દાણો પાડવો | — | પુર્નઃલગ્ન (વિધવાનાં) |
| દાર વાટલો કરવો | — | હેરાડી મેલવું |
| દુરવંદ | — | પરકોમ—પરધર્મી |
| દૂર દરાઝ (ફારસી) | — | દૂર દૂરની |
| દુવાગો (ફારસી) | — | શુભેચ્છક |
| દોત્રી | — | વોહિત્રી |
| દેવેનામદેવ | — | શયતાન |

## ધ

| | | |
|---|---|---|
| ધચી | — | મૂર્ખ |
| ધોંડાભોઠ | — | પથરા જેવો (આવડત વિનાનો) |
| ધનધન ઘોરી | — | ભભકાનો દેખાવ કરનાર (One who pretends to be well-off) |
| ધરતફડી | — | ખોટી ધમાલ |
| ધધુખર | — | ધમાલ |
| ધરાંપરાં | — | ખૂબ હેત બતાવવું |
| ધમોલા | — | ઘોલધપાટ |
| ધાઈપડું | — | Uninvited guest માટે (આમંત્રણ વિના જમી પડવું) |
| ધુખરાયેલું | — | નાખુશ—નારાશ Displeased sort of. |
| ધોતાલ | — | કંઈ કસ ન હોવા છતાં દેખાવ કરનાર માટે |
| ધેફર (ઢે) | — | ઢેફાં |

## ન

| | | |
|---|---|---|
| નરણુ | — | નણંદ |
| નમાનો | — | નરમ |
| નસોસ | — | દુઃખી |
| નયાગાનો (ફારસી) | — | પૂર્વજો |

નપેતર ( ફારસી ) — નફારુ
નભરવશ — બેફિકર—નિર્ભય
નસાબંદા — નશો કરનાર
નસકોરાં કરવાં — મોં ચડાવવું
નાખ્યું હાંકવું — ડીંગ લગાવવી
નાખતી કરવી — નમતું જોખવું-સમાધાનનું વલણ દાખવવું
નિર્દોષી — નિર્દોષતા
નીસ્તી — ( Non-being ) ઉપરથી બિનહસ્તી
નુછવું — લૂછવું
નોકોઠાં — કાંઈ દાદ ન મળવી
નાધકલી — નાની
નાશોગોશો — સંતાકૂકડી
નાલ્લો — નાનો
નાપેકાર — તુચ્છ ( worthless )
નીરજ ગેળવવા — જાણીજોઈને ચીડવવું
નોશ કરવું — છાંટો પાણી કરવાં
નોશાકરી — નવસારીના વતની
નેહેસ્ત — નકામો ( wretched )

## પ

પજરવું — ધીમે ધીમે બળવું
પતરી જવું — ફરી જવું
પન્ચી — લુચ્ચો
પસ ગવત — આપ મેળે. ( of its own accord )
પખીન — પેઠે
પટપટવું — ધીમે ગણગણવું
પરસ્વાર્થી — પરમાર્થી
પેદરો — આળસુ
પાદે ( ડે ) ફરાક — ચોખ્ખેચોખ્ખુ કહી દેવું
પાસબાની ( ફારસી ) — રક્ષણ
પિંજન પાટલો — એકની એક વાત કહ્યા કરવી
પુગા — પહોંચ્યા
પુરવીણ — પ્રવીણ
પેચવન — કાવાદાવા કરનારા
પેશાની ( ફારસી ) — કપાળ ( fore head )

| | | |
|---|---|---|
| પેગામચી | — | ટપાલી |
| પોદ્દાં | — | છોકરાઓ |
| પોત્યાદાસ | — | ધોતિયાં પહેરનાર ( હિન્દુ માટે મશ્કરીવાચક શબ્દ ) |
| પચકરી | — | પીચકારી. |
| પેવશ | — | પ્રવેશવું. ( to enter ). |

### ફ

| | | |
|---|---|---|
| ફજુ ( અરબી ) | — | ગપ્પી |
| ફરેકાર | — | મોઢું |
| ફગલાઈ જવું | — | મોં પડી જવું |
| ફલકસુર | — | રૂપવતી સ્ત્રી ( મશ્કરીવાચક શબ્દ ) Jestingly used about a good looking woman |
| ફાસ્ટ જવું | — | ફાવે તેમ–વિવેક વિના વર્તવું |
| ફુકરાજી | — | તોછડાઈ–તુમાખી |
| ફુટિયા | — | દોઢિયાં |
| ફાંદિયા( ડચા ? ) | — | પગથિયાં |
| ફેરાવન | — | ધાર્યું કરનાર ( wilful ) |
| ફટાઉ | — | વિફરેલી, બેશરમ |

### બ

| | | |
|---|---|---|
| બતેતર ( ફા ) | — | નઠારું ( worse ) |
| બરખેલાફ ( ફા ) | — | બેકાબુ |
| બતંગ | — | તંગ |
| બફેણું | — | અથાણાને મળતી વસ્તુ |
| બહારવન | — | આવતી કાલથી જ |
| બરપાથવું ( ફારસી ) | — | ઉત્પન્ન થવું |
| બસારત ( ફારસી ) | — | આગાહી |
| બનામે ઇઝદ | — | પ્રભુનું નામસ્મરણ ( મશ્કરીમાં ખૂબ સશક્ત માણસને માટે પણ વપરાય છે ) |
| બબરચો | — | તમાચો |
| બઈએર–( બૈયર ) | — | પત્ની |
| બરડો નાંખવો | — | આડા પડવું |
| બખિયો અમળાવવો (ફારસી) | — | ચીમટો ભરવો |
| બાંગડી | — | બંગડી |
| બાજ કરવી | — | સમછરીની ક્રિયા |
| બુરજીગર ( ફારસી ) | — | ખેડૂત |

| | |
|---|---|
| બુમલો | — માછલીની એક જાત |
| બેહલી ભગત | — બગભગત |
| બોલી દરાજ | — વાક્પટુ |
| બોંહોસીલી | — જિદ્દી |
| બપાઈ | — દાદી. |
| બટંબે | — દેશનિકાલ—જેલમાં |
| બજા લાવવું ( ફારસી ) | — પાર પાડવું, અમલ કરવા માટે |

## ભ

| | |
|---|---|
| ભખરાવું | — ગૂંચવાઈ જવું ( to become confused ) |
| ભબીખાવું | — ખૂબ ધમકાવી કાઢવું |
| ભેંસ્યો | — ચશ્મા |
| ભસ્તેગિયો | — મરી ગયો ( ગાળના અર્થમાં ) |
| ભાર ચપામણી | — માન માગવું |
| ભાથરો | — અંબોડો |
| ભાભડભુંજો | — પિંજરા જેવો. ( Something contemptible ) ( તિરસ્કારવાચક શબ્દ ) |
| ભાતિયું | — ભાથું |
| ભોનું | — ભાણું |
| ભોંસિયું | — પોલીસના માણસ |
| ભારે છેડે થયેલી | — સગર્ભા |
| ભાવટા પાડવા | — ચાળા પાડવા |
| ભેસ ૨૭ | — મળતાવડો |

## મ

| | |
|---|---|
| મક્કાર | — બદમાશ ( cunning ) |
| મબાદા | — May it not be |
| મનશ્ની, ગવસ્ની, કુવસ્ની | — Thought speech action |
| મમઈ | — માની મા ( દાદી ) |
| મસકલી | — મીઠું મીઠું બોલનારી |
| માથાબાનું | — માથું ઢાંકવા માટે પારસી સ્ત્રીઓ સફેદ કકડો બાંધે છે તે |
| માઝનદરાન | — જાલીમ |
| માથે વાંસે થવું | — સારસંભાળ લેવી |
| માહેતમ | — વિલાપ |
| મકતુલ | — જેનું બલિદાન આપવાનું છે તે ( one who is to be sacrificed ) |

| | | |
|---|---|---|
| મુક્તાદ (ત) | — | પારસીઓમાં વર્ષના શ્રાદ્ધના અઢાર દિવસ |
| મેજરૂ | — | મિજલસો |
| મિસિબાબા | — | કુંવારી છોકરી માટેનો શબ્દ |
| મિનાતાના ( અરબી ) | — | મેણાટોણા. |
| મીનીગો | — | મીંઢો. |
| મોરચુ-મોરચુ | — | સ્વાદ વગરનું |
| મોતેબરી | — | ચોખા |
| મુગાસીના સૈરવવા | — | જાણી જોઈને માઠું લાગે તેવું વર્તન દાખવવું |

## ર

| | | |
|---|---|---|
| રદન પાટલો | — | એકની એક વાત |
| રન પાડવું ( ફારસી ) | — | ધાંધલ મચાવવું |
| રવાન | — | શબ. |
| રીજારડી પીંજારડી | — | હલકી જાતની તુચ્છ ( રેંજીપેજી ઉપરથી ) |
| રામશની | — | લગ્નના દિવસે ખુશાલી કરવી |
| રીસગંદી | — | નિંદા |
| રુમડી | — | રકમ |
| રૂઠાં કુઠાં | — | રઝ્યાંખઝ્યાં |
| રુસઈને | — | રીસાઈને |
| રુખસારા ( ફારસી ) | — | ગાલ |
| રૂસવા થવું | — | બદનામ થવું |
| રીમન | — | શબ. |
| રોખરું | — | ધમાલ. |
| રંજુસ ( ફારસી ) | — | દિલગીર |
| રાહઘાટ | — | તાલ |
| રોંહસો | — | ગુસ્સો |

## લ

| | | |
|---|---|---|
| લગ્ન ખાવાં | — | લગ્ન માણવા |
| લબ્ભાસ | — | ડંફાસ |
| લતરાજ | — | આંજી નાખે તેવી વાતો, વાગ્જાળ |
| લીંગેલ | — | દારૂ પીને ભાન ભૂલેલો, પીધેલો |
| લોપણુ | — | ઝોકાં |
| લબત્રાં લેવાં | — | ઝઘડા કરવા |
| લુત્રી | — | બોલકણી-વાચાળ |

લાહેર — વકીલ ( લોથર ઉપરથી )
લાહરો — ઉત્તેજન
લેહકી — પવનની લહેર

### વ

વંકારો — ટેબલનું ખાનું
વરમાન — નાનું બાળક મૃત્યુ પામેલું હોય તેને માટેનો શબ્દ
વળુ — વાર્તાનું વસ્તુ ( plot )
વટારવું — નામ દેવું—બોલાવવું
વટ્ટીજવું — છટકી જવું
વહેંચી લેવું — તકરાર થવી
વંજો માપવો — નાસી જવું
વંચવૈયા — વાંચક.
વાજ વરવું — ત્રાસી જવું, થાકી જવું
વાહરું — તરંગ
વીનીશન — જાળિયા જેવું. ( Venetian Blind ઉપરથી )
વિજોરું લેવું — તકરાર થવી
વેસ્ટા — દિવાસળી
વેહજા — તરંગ, ફાંટ ( cruze )
વેહા — વિવાહ

### શ

શુકર ગુજાર થવું — આભારી થવું
શ્યાનસલુક — ડાહ્યો-વિવેકી, ડાહ્યાડમરો
શેહારી — ચતુર

### સ

સક્કાર (લ) — વહેલી સવાર
સધિયારો — દિલાસો
સરકશી ( ફારસી ) — માથાભારે, ( To become head strong )
સમમળકમ — મૂંગો મંતર
સરોપરો — શેહશરમ્
સદ્કે ( અરબી ) — કુરબાન્
સરભોગ — બેફિકર
સરગરદાન — નરાતાલ
સરોચશ્મ — પૂરેપૂરું કબૂલ

| | | |
|---|---|---|
| સચકારો કરવો | — | મડદાની ક્રિયા કરવી |
| સગુણ | — | શુકન. |
| સાટેપાટે | — | સાટું ( Interchange of daughters ) |
| સારી કાંની | — | સારી પેઠે |
| સાલ પામરી | — | શાલમાં લપેટી જોડા મારવા |
| સીનાસેરવલાં | — | જાણી જોઈને માઠું લાગે તેમ વર્તવું |
| સલ્લા | — | સલાહ |
| સીપલી | — | ઢોંગી |
| સીપટી | — | સીસોટી |
| સીહા | — | અંધાર |
| સુંગારા લેવા | — | વાતનો ગલ લેવો |
| સુધલો | — | ભાન |
| સુક્કા પલાવ. ( ફારસી ) | — | દમ વિનાનું ભોજન |
| સજદો કરવો | — | મૃત્યુ પછીના છેલ્લા પ્રણામ કરવા |
| સોરટચો | — | પાતળો છોકરો |
| સંસારી હાલત | — | સગર્ભા |
| સાંબુ | — | સામે |
| સંસારો | — | અણુસારો |
| સાથો | — | વેશ |
| સહરાગત | — | વધારે પડતું, અત્યુક્તિ |

## હ

| | | |
|---|---|---|
| હડકાતી કાઢવું | — | હડધૂત કરવું |
| હબતી જવું | — | હબકી જવું |
| હાદેસા ( અરબી ) | — | મુશ્કેલી–આફત |
| હમનબર્દ | — | હરીફ |
| હરણફાળ થવું | — | ગભરાઈ જવું |
| હવરકુટો | — | માથાફોડ |
| હવાડી ખાવું | — | અંગ પર ધસી જઈ મોટેથી લડવું |
| હાય સોસારા | — | નિશ્વાસ |
| હીન પરતી | — | હીણુ લાગે તેવું |
| હુલવેલ્યો | — | ઉતાવળિયો |
| હુલ્લરાઈ કરવી | — | અવિચારી વર્તન કરવું ( To act roughly ) |
| હેફ | — | શરમ |
| હેરયું લેવું | — | વિદાય લેવી |
| હેફાજત | — | સંભાળ |

| | | |
|---|---|---|
| હેજગારી | — | તકલીફ-વેઠ |
| હોવાર નિવાર કરવું | — | સંબંધ તોડી નાખવા |
| હંબાઠજી | — | શેઠાણી |
| હોજાતોજી | — | મારામારી |
| હોરમત | — | ઇજ્જત |
| હેણુ | — | નકામી (હીણું ઉપરથી) |
| હળુસે | — | છાનું |

# કુદરતી અને રાસાયણિક ખાતરો

બી. એમ. જાની

કૃષિશાસ્ત્રે માનવસંસ્કૃતિના આધારસ્તંભ તરીકે ઘણો અગત્યનો ફાળો આપ્યો છે અને ખાતર કૃષિક્ષેત્રે મહત્ત્વનો ભાગ ભજવતું હોઈ તેના વિશેનું જ્ઞાન ઘણું જ આવશ્યક બને છે. પુરાતત્ત્વવિદોના મત પ્રમાણે લગભગ બાર હજાર વર્ષો પૂર્વે માણસે ખેતીની શરૂઆત કરેલી, પરંતુ તેના પાયામાં કોઈ વૈજ્ઞાનિક જાણકારી વિના ફક્ત ભરણપોષણનો જ હેતુ હતો. વર્ષો જતાં ખેડૂતો પ્રાણીઓનાં મળ-મૂત્ર અને ઘાસ વગેરેનો ખાતર તરીકે ઉપયોગ કરતાં શીખ્યા કે જે અત્યારે પણ વપરાશમાં છે જ. જેમ જેમ વિશ્વમાં વિજ્ઞાન ટેક્નોલોજીનો વિકાસ થતો ગયો તેમ તેમ પ્રાણ સમા કૃષિક્ષેત્રે પણ મહત્ત્વના ફેરફારો થયા અને પરિણામે વિવિધ પ્રકારનાં કુદરતી અને રાસાયણિક ખાતરો અસ્તિત્વમાં આવ્યાં.

વનસ્પતિ પણ પ્રાણીની માફક સજીવ હોવાથી તે હવા, પાણી અને જમીનમાંથી પોતાનો ખોરાક મેળવે છે. પ્રાણીઓ અને વનસ્પતિ માટેનાં જરૂરી પોષક તત્ત્વો (Essential nutritional elements) મહદ્ અંશે સમાન હોઈ, વનસ્પતિ પર ગુજારો કરતાં પ્રાણીઓ માટે એક હકીકત અગત્યની બને છે કે વનસ્પતિને જરૂરી પોષક તત્ત્વો તેને મળવાં જ જોઈએ; નહીંતર પ્રાણીઓમાં તે એક યા બીજા પ્રકારની ખામીમાં પરિણમે છે.

વનસ્પતિને પોષણ માટેનાં તત્ત્વોની જાણ માટે આ પ્રમાણેની ત્રણ જરૂરિયાતો જાણવી આવશ્યક બને છે: ૧. તત્ત્વની અછતથી વનસ્પતિની વાનસ્પતિક અથવા તો પ્રજનનની વૃદ્ધિ અશક્ય બને છે કે નહીં? ૨. તત્ત્વની અછતના પરિણામે વનસ્પતિમાં જે રોગચિહ્ન (Symptom) થાય છે તેને તે જ તત્ત્વ પૂરું પાડવાથી અદૃશ્ય થાય છે કે નહીં? અને ૩. તત્ત્વ સીધી કે આડકતરી રીતે પોષણમાં ભાગ ભજવે છે કે નહીં?

અત્યાર સુધીના જ્ઞાન પ્રમાણે સોળ તત્ત્વો વનસ્પતિના પોષણ માટે આવશ્યક ગણાય છે. વનસ્પતિ કાર્બન, હાઇડ્રોજન અને ઓક્સીજન હવા અને પાણીમાંથી મેળવે છે. આ ત્રણ તત્ત્વો વનસ્પતિના વજનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાન્ય રીતે લીલી વનસ્પતિ પ્રકાશ-સંશ્લેષણની ક્રિયા દ્વારા હવામાંથી સીધો જ કાર્બન અને ઓક્સીજન તેમ જ જમીનના પાણીમાંથી સીધી યા આડકતરી રીતે હાઇડ્રોજન મેળવે છે. તદુપરાંત નાઇટ્રોજન, ફોસ્ફરસ, પોટાશિયમ, કેલ્શિયમ, મેગ્નેશિયમ અને સલ્ફર જેવાં તત્ત્વોનો ઉપયોગ વનસ્પતિ વધુ પ્રમાણમાં કરે છે અને તેથી તેઓ 'ગુરુત્તત્ત્વો' (Macronutrients) તરીકે ઓળખાય છે; જ્યારે લોહ, મેંગેનીઝ, બોરોન, મોલીબ્ડીનમ, તાંબુ, જસત અને કલોરીન જેવાં તત્ત્વો ઓછા પ્રમાણમાં ઉપયોગમાં લેવાતાં હોવાથી તેઓ 'લઘુતત્ત્વો' (Micronutrients) તરીકે ઓળખાય છે. આ બન્ને પ્રકારનાં તત્ત્વો વનસ્પતિ જમીનમાંથી મેળવે છે. હવે આ તત્ત્વો વનસ્પતિના પોષણમાં કેવી રીતે મહત્ત્વનો ભાગ ભજવે છે તેનો વિચાર કરીએ.

૧. **નાઇટ્રોજન** (Nitrogen): એ દરેક સજીવ કોષનું આવશ્યક ઘટક છે અને તે પ્રોટીન તથા હરિતદ્રવ્ય(chlorophyll)નો ભાગ છે. તે વનસ્પતિને આછો લીલો રંગ આપે છે. તેનાથી પર્ણ અને પ્રકાંડની વૃદ્ધિ થાય છે અને તે વનસ્પતિની ઝડપી વૃદ્ધિ માટે જવાબદાર છે, તેમ જ ધાન્યવનસ્પતિઓમાં પ્રોટીનનો વધારો કરે છે. નાઇટ્રોજનની અછતને પરિણામે વનસ્પતિની વૃદ્ધિ કુંઠિત (Stunted) બને છે અને તેનો રંગ પીળાશ પડતો થઈ જાય છે તેમ જ તે જલદી પરિપકવ થતી હોઈ દાણાઓ પોચા થાય છે અને પરિણામે પાક ઓછો ઊતરે છે. ફળ આપતાં વૃક્ષોમાં નાઇટ્રોજનના પોષણની ખામીઓને લીધે પર્ણો વહેલાં ખરી પડે છે અને ફળ તેનો મૂળ રંગ ધારણ કરી શકતું નથી. જો વનસ્પતિને જરૂરિયાત કરતાં વધારે નાઇટ્રોજન આપવામાં આવે તો તેની વાનસ્પતિક વૃદ્ધિમાં વધારો થાય છે અને પરિપકવતાનો સમય લંબાય છે. પર્ણો જાડાં બને છે અને ઘટ્ટ લીલો રંગ ધારણ કરે છે. વધારે નાઇટ્રોજનના પરિણામે વનસ્પતિની રોગ તરફની અવરોધકતા (Resistance to disease) ઘટે છે અને પરિણામે કેટલીક ફૂગ તેના પર આક્રમણ કરે છે. વળી નાઇટ્રોજનના વધુ પ્રમાણને લીધે જવ, બટાટા, શેરડી વગેરેના પાકની જાત (Quality) ઊતરતી રહે છે. ઘાસચારા માટે વપરાતી વનસ્પતિમાં નાઇટ્રોજનનું વધારે પોષણ લાભદાયી છે કારણ કે તેનાથી વનસ્પતિ રસદાર (Succulent) બને છે.

વનસ્પતિ હવામાંનો નાઇટ્રોજન ઉપયોગમાં લઈ શકતી નથી અને તેથી તેને જમીનમાં રહેલા નાઇટ્રોજન પર આધાર રાખવો પડે છે. વળી શુદ્ધ સ્વરૂપમાં નાઇટ્રોજનનું શોષણ થઈ શકતું નહીં હોવાથી તેનું હાઇડ્રોજન અથવા તો ઓકસીજન સાથે સંયોજન થઈ રાસાયણિક પદાર્થોમાં પરિવર્તન થવું જોઈએ. હવામાં રહેલો સંયોજિત નાઇટ્રોજન કે જે એમોનિયા અને નાઇટ્રોજનના ઓકસાઇડ્ઝ ધરાવે છે તેને જમીનમાં સ્થાનાંતર કરવા માટે વરસાદ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રોટીનના વિભાજનને પરિણામે નાઇટ્રોજન અને વીજળિક—વિસર્જન(Discharges)ને પરિણામે નાઇટ્રોજનના ઓકસાઇડ્ઝ ઉત્પન્ન થાય છે.

જમીનમાં રહેલાં કેટલાંક જીવાણુંઓ (Bacteria) નાઇટ્રોજનના સ્થાપન (Fixation) માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. આ જીવાણુંઓ વનસ્પતિ અને પ્રાણીઓના કાર્બનિક પદાર્થોનો ખોરાક માટે ઉપયોગ કરે છે અને પરિણામે કાર્બન ડાયોક્સાઈડ, પાણી અને એમોનિયા જેવાં સાદાં તત્ત્વો છૂટાં પડે છે. આ એમોનિયા જમીનના 'હ્યુમસ'(Humus)ના એક ઘટક તરીકે મહત્ત્વનો ભાગ ભજવે છે. તદુપરાંત શિંબી (Leguminous) જાતની વનસ્પતિઓના મૂળમાં બેસિલસ રેડિસિકોલા (Bacillus radicicola) નામનાં જીવાણુઓ સમૂહમાં રહી 'સહજીવન' (Symbiosis) ગાળે છે અને વનસ્પતિના કાર્બોહાઇડ્રેટ્સમાંથી શક્તિ મેળવી હવામાંના નાઇટ્રોજનનું સ્થાપન કરે છે.

૨. **ફોસ્ફરસ** (Phosphorus): આ તત્ત્વ ન્યુકિલક ઍસિડ અને ફોસ્ફો-પિડિડ્ઝનું ઘટક છે. વનસ્પતિની પ્રારંભિક વૃદ્ધિ સમયે વધારે ફોસ્ફરસ પ્રજનન અવયવોના સ્થાપન માટે મહત્ત્વનો ભાગ ભજવે છે. વળી તે વનસ્પતિના મૂળની વૃદ્ધિને ઝડપી બનાવે છે અને પરિણામે બીજાંકુરનું ઝડપથી સ્થાપન થાય છે. ફોસ્ફરસને પરિણામે ધાન્યવનસ્પતિઓ વહેલી

પરિપક્વ થાય છે, કારણ કે પુષ્પોત્પત્તિ અને બીજનો વિકાસ ઝડપી બને છે. તેનાથી ધાન્ય વનસ્પતિઓની જાત પણ સુધરે છે. વળી શિંબી વનસ્પતિને ફોસ્ફરસનું પોષણ આપવાથી મૂળમાં રહેલાં જીવાણુંઓ સક્રિય બને છે અને પરિણામે વાતાવરણમાં રહેલા નાઇટ્રોજનનું સ્થાપન ઝડપથી થાય છે. તે વનસ્પતિના કોષવિભાજનમાં તેમ જ ચરબી અને આલ્બ્યુમીન( Albumen )ની પેદાશમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ફોસ્ફરસની અછતને પરિણામે વનસ્પતિનાં પર્ણો ભૂખરો-લીલો રંગ ધારણ કરે છે અને તેની વૃદ્ધિ અને પાકમાં ઘટાડો થાય છે.

૩. **પોટાશિયમ** ( Potassium ) : આ તત્ત્વ વનસ્પતિનું ઘટક નથી પરંતુ તેનાથી છોડમાં રોગ તરફની અવરોધકતા વધે છે અને ધાન્યવનસ્પતિઓનાં વાનસ્પતિક અંગોને મજબૂત બનાવે છે. તેનાથી દાણાની પુષ્ટતા ( Plumpness ) વધે છે. સ્ટાર્ચ અને શર્કરાઓની પેદાશ અને સ્થાનાંતર માટે આ તત્ત્વની ઘણી જ જરૂરિયાત હોઈ બટાટા, સક્કરિયાં, ગાજર, કેળાં, સૂરણ વગેરે માટે તેનો વધારે ઉપયોગ કરવામાં આવે છે. પ્રોટીનની પેદાશમાં મદદરૂપ થાય છે અને શિંબી અને બીજી ધાન્યવનસ્પતિઓમાં 'શિયાળુ-કડણાઈ' ( Winter hardiness ) લાવે છે. તે કોષમાં રહેલા પાણી અને ઉત્સ્વેદનની ક્રિયા પર નિયંત્રણ રાખે છે. વળી તે ડાયાસ્ટેઝ ( Diastase ) જેવા ઉત્સેચકો( Enzymes )ની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. હરિતદ્રવ્યના વિકાસ માટે પોટાશિયમ મહત્ત્વનો ભાગ ભજવે છે. પોટાશિયમની ઊણપને કારણે વનસ્પતિ 'પાંડુરોગ'( Chlorosis )નો ભોગ બને છે અને પરિણામે પર્ણો પીળાં થઈ જાય છે.

૪. **કેલ્શિયમ** ( Calcium ) : આ તત્ત્વ કોષદિવાલનું ઘટક હોઈ વનસ્પતિનાં અંગોની નક્કરતા ( Stiffness ) વધારે છે. વનસ્પતિના મૂળની ઝડપી વૃદ્ધિ માટે તે જવાબદાર છે. વનસ્પતિમાં ઉત્પન્ન થતા ઝેરી પદાર્થો જેવા કે કાર્બનિક ઍસિડ્ઝના તટસ્થીકરણ ( Neutralization )ના 'પાયા' ( Base ) તરીકે મહત્ત્વનો ભાગ ભજવે છે. વળી તે નાઇટ્રોજન જેવાં પોષક તત્ત્વો મેળવવા માટે વનસ્પતિને મદદરૂપ થાય છે. કેલ્શિયમથી દાણાનું ઉત્પાદન વધે છે.

૫. **મૅગ્નેશિયમ** ( Magnesium ) : આ તત્ત્વ હરિતદ્રવ્યનું ઘટક હોઈ પર્ણના લીલા રંગ માટે તે જવાબદાર છે. તેલિબિયાંનાં તેલ અને ચરબીની પેદાશ મૅગ્નેશિયમ તત્ત્વને લીધે ઝડપી બને છે. વળી વનસ્પતિના એક અંગમાંથી બીજા અંગમાં થતા સ્ટાર્ચના સ્થાનાંતરમાં પણ આ તત્ત્વ મદદ કરે છે. મૅગ્નેશિયમની ઊણપને લીધે વનસ્પતિ પાંડુરોગનો ભોગ બને છે અને પર્ણો પીળાં થઈ જાય છે. તંબાકુ, બટાટા અને શેરડીમાં આ તત્ત્વની ઊણપ ઘણું નુકસાન સર્જે છે કારણ કે તેનાથી પર્ણો પીળાં થઈ ખરી પડે છે.

૬. **સલ્ફર** ( Sulphur ) : આ તત્ત્વ હરિતદ્રવ્યની પેદાશમાં મદદરૂપ થાય છે, અને છોડની વાનસ્પતિક વૃદ્ધિને ઝડપી બનાવે છે. વનસ્પતિનાં ઘણાં પ્રોટિનોના ઘટક તરીકે સલ્ફર મહત્ત્વનો ભાગ ભજવે છે. મૂળની વૃદ્ધિ તેમ જ બીજના ઉત્પાદનને ઝડપી બનાવે છે. વળી તેનાથી શિંબી વનસ્પતિની ગાંઠ( Nodule )નું ઉત્પાદન પણ ઝડપી બને છે.

૭. **બોરોન** ( Boron ) : આ તત્ત્વ જમીનના પોટાશિયમ અને કેલ્શિયમ વચ્ચેના ગુણોત્તર પર નિયંત્રણ રાખે છે, અને તેથી વનસ્પતિ તેના મૂળ દ્વારા કેલ્શિયમનું શોષણ કરે છે

ત્યારે તેમાં અગત્યનો ભાગ ભજવે છે; કારણુ કે તેનાથી કેલ્શિયમ દ્રાવ્ય સ્વરૂપમાં રહે છે. વળી તે નાઇટ્રોજનના શોષણમાં પણ મદદ કરે છે. બોરોનની ઉણપને કારણે વનસ્પતિની વૃદ્ધિનો દર ઘટે છે, પર્ણોમાં કરચલીઓ (curling) પડે છે અને તે આછો લાલાશ રંગ ધારણ કરે છે તેમ જ પ્રકાંડ પોલું બને છે.

૮. **મેંગેનિઝ** (Manganese): લોહતત્ત્વની માફક મેંગેનિઝ પણ હરિતદ્રવ્યની પેદાશમાં મદદ કરે છે. વળી તે વનસ્પતિકોષોની ઓકસણવી-વિઓકસણવી (oxidation-reduction)ની પ્રક્રિયાઓમાં ઉત્તેજક (Catalyst) તરીકે કાર્ય કરે છે. કેટલીક વખત વનસ્પતિને આ તત્ત્વ પૂરું પાડવાથી ઓછી હવાથી અસ્તિત્વ ધરાવતી વિકૃત અસરો મંદ પડે છે. વાલ, વટાણા, ઘઉં, જવ, ઓટ વગેરે વનસ્પતિઓમાં આ તત્ત્વની ઉણપને લીધે પર્ણો ધીમે ધીમે પીળાં અને કરચલીવાળાં થઈ જઈ ખરી પડે છે. કેલ્શિયમ તત્ત્વના ઓછા પ્રમાણ સાથે જો આ પ્રમાણ ઘણું જ વધારે હોય તો તે વનસ્પતિમાં ઝેરી (Toxic) અસરો પેદા કરે છે.

૯. **લોહ** (Iron): લોહ હરિતદ્રવ્યનું ઘટક નહીં હોવા છતાં પણ તેની પેદાશમાં તે મદદરૂપ છે અને તે કારણે આ તત્ત્વની ઉણપને પરિણામે વનસ્પતિને પાંડુ રોગ થાય છે. આ તત્ત્વ વનસ્પતિના વિકાસ માટે જરૂરી એવી ઓકસણવી-વિઓકસવણવી (Oxidation-reduction)ની પ્રક્રિયાઓ માટે જવાબદાર એવો ઉત્સેચકોને મદદ કરે છે. હરિતકણો (Chloroplasts)ના પ્રોટિનના સંયોગીકરણ (Synthesis) માટે આ તત્ત્વ જરૂરી છે.

૧૦. **જસત** (Zinc): આ તત્ત્વ વનસ્પતિની અગત્યની ચયાપચયની ક્રિયાઓ (Metabolic activities)ના ઉત્સેચકો માટે જરૂરી છે, કારણ કે તે વૃદ્ધિકારક ઉત્સેચકો (Growth hormones)ની પેદાશમાં મદદરૂપ બને છે. વળી કેટલીક વનસ્પતિઓની પ્રજનન-ક્રિયાઓમાં પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રકાશસંશ્લેષણની ક્રિયામાં કાર્બનડાયોક્સાઈડના પરિપાચન (Assimilation)માં પણ આ તત્ત્વ મહત્ત્વનો ભાગ ભજવે છે. ફળ આપતાં વૃક્ષો જસતની ઉણપને લીધે રોગોનાં ભોગ બને છે. વળી જરૂર કરતાં ઘણા વધારે જસતના પોષણને પરિણામે વનસ્પતિમાં ઝેરી અસરો પણ પેદા થાય છે.

૧૧. **મોલીબ્ડીનમ** (Molybdenum): વનસ્પતિની ઓકસણવી-વિઓકસણવી પ્રક્રિયાઓમાં ભાગ ભજવતા ઉત્સેચકોની પેદાશ માટે આ તત્ત્વ ઘણું લાભદાયી છે. શીંગી વનસ્પતિઓમાં નાઇટ્રોજનની સ્થાપનક્રિયામાં પણ આ તત્ત્વ મહત્ત્વનો ભાગ ભજવે છે, કારણ કે જીવાણુંઓને આ તત્ત્વ જરૂરી છે. વળી નાઇટ્રોજનના પરિપાચન માટે આ તત્ત્વ ઉપયોગી છે.

આ ઉપરાંત સોડિયમ (Sodium), કોબાલ્ટ (Cobalt), આયોડિન (Iodine), સ્ટ્રોન્ટિયમ (Strontium) અને ફ્લોરિન (Flourine) જેવાં તત્ત્વો કે જે આવશ્યક નહીં પરંતુ ઉપયોગી છે અને તેથી જ્યારે દ્રાવ્ય સ્વરૂપમાં વનસ્પતિને આ તત્ત્વો લભ્ય હોય છે ત્યારે તે વૃદ્ધિ અને વિકાસ માટે લાભદાયી નીવડે છે.

હવે વનસ્પતિને આ આવશ્યક તત્ત્વોની શા માટે જરૂર પડે છે અને તેઓનું કેવી રીતે શોષણ થાય છે તે વિચારીએ.

વનસ્પતિને જરૂરી પોષકતત્ત્વો જમીનમાંથી ઘણી રીતે નષ્ટ પામે છે અને તે કારણોસર જ વનસ્પતિને વધારાનાં ખાતરોની જરૂર પડે છે. જ્યારે વનસ્પતિ પરિપક્વ થયા બાદ પાક લઈ લેવામાં આવે છે ત્યારે તેની સાથે ઘણાં પોષક તત્ત્વો દૂર થાય છે. આ રીતથી નાશ પામતાં પોષક તત્ત્વો કોઈ પણ રીતે અટકાવી શકાય નહીં, કારણ કે વનસ્પતિ અને પ્રાણીઓ તેઓનો ઉપયોગ કરે છે. વળી ઉદ્યોગોમાં પણ વનસ્પતિનો ઉપયોગ થાય છે. આ જાતના નુકસાનને જો થોડુંક પણ ઓછું કરવું હોય તો સારામાં સારો ઉપાય એ છે કે વનસ્પતિનાં વાનસ્પતિક અંગોને યોગ્ય રીતે જમીનમાં નાખી દેવાં જોઈએ. ઘઉં, મકાઈ, જવ, શેરડી, મગફળી અને કપાસ દરેક એકમ દીઠ નાઇટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશિયમને કેટલા પ્રમાણમાં જમીનમાથી દૂર કરે છે તે કોઠા નં. ૧માંથી સ્પષ્ટ થાય છે.

## કોઠો ૧

## અગત્યની વનસ્પતિઓ મારફતે નાશ પામતાં પોષક તત્ત્વોનું પ્રમાણ

| વનસ્પતિનું નામ | એકર દીઠ પાકનું ઉત્પાદન ( પાઉન્ડમાં ) | એકર દીઠ વાનસ્પતિક અંગો દ્વારા નાશ પામતાં તત્ત્વો ( પાઉન્ડમાં ) | | |
|---|---|---|---|---|
| | | નાઇટ્રોજન ( N ) | ફોસ્ફરસ ( $P_2O_5$ ) | પોટાશિયમ ( $K_2O$ ) |
| ઘઉં | ૨,૦૦૦ | ૫૨ | ૨૬ | ૬૦ |
| મકાઈ | ૨,૪૦૦ | ૧૦૨ | ૪૨ | ૯૩ |
| જવ | ૨,૨૦૦ | ૪૮ | ૨૬ | ૧૧૨ |
| શેરડી | ૪૦ ટન | ૧૦૫ | ૬૩ | ૩૧૫ |
| મગફળી | ૧,૭૦૦ | ૭૦ | ૨૦ | ૪૦ |
| કપાસ | ૪૦૦ | ૨૭ | ૧૫ | ૪૦ |

તદુપરાંત પાણીમાં દ્રાવ્ય એવાં પોષક તત્ત્વો વરસાદ તેમ જ સિંચાઈના પાણીના સંપર્કમાં આવે, ત્યારે અપક્ષાલન ( Leaching ) દ્વારા તેઓનો નાશ થાય છે. વળી પવન અને પાણી મારફતે પણ જમીનના ભાગોનું સ્થાનાંતર થાય છે અને તેથી પણ પોષક તત્ત્વો નાશ પામે છે. આ ઉપરાંત નાઈટ્રોજન તત્ત્વનું રાસાયણિક પરિવર્તન થઈ નાઈટ્રેટ બને છે અને તેમાંથી ' એલીમેન્ટલ નાઇટ્રોજન 'ના સ્વરૂપે વાયુમાં રૂપાંતર થઈ તે ઊડી જાય છે.

ઉપર્યુક્ત કારણોસર સમય પસાર થવાની સાથોસાથ જમીનમાં રહેલાં વનસ્પતિનાં પોષક તત્ત્વોનું પ્રમાણ ઘટે છે. આ ઘટાડો વનસ્પતિની વૃદ્ધિ અને પાક માટે નુકસાનકારક ન નીવડે

તે માટે ખાતરોનો ઉપયોગ કરવામાં આવે છે કે જેથી જમીનમાં પોષક તત્ત્વોનું જરૂરી પ્રમાણ જળવાઈ રહે. મોટા ભાગની વનસ્પતિઓ પોતાનાં મૂળ દ્વારા પોષક તત્ત્વોનું શોષણ કરે છે જેને 'મૂળીય પોષણ' (Root uptake of nutrition) કહેવામાં આવે છે. આ રીતમાં તત્ત્વોનું 'આયન' (Ion) સ્વરૂપમાં શોષણ થાય છે. આ ઉપરાંત કેટલીક વનસ્પતિ પર્ણછિદ્રો દ્વારા પણ પોષક તત્ત્વોનું શોષણ કરે છે અને તેથી આ રીતને 'પર્ણીય પોષણ' (Foliar nutrition) કહેવામાં આવે છે.

કોઈ પણ કુદરતી અથવા કૃત્રિમ (Artificial) પદાર્થ કે જે જમીનને ફળદ્રૂપ બનાવે છે તેને 'ખાતર' (Manure) કહેવામાં આવે છે; જ્યારે કોઈ પણ કૃત્રિમ ખાતર કે જે નાઇટ્રોજન, ફોસ્ફરસ અથવા તો પોટાશિયમમાંનું એક અથવા વધારે તત્ત્વો ધરાવે છે તેને 'ફર્ટીલાઇઝર' (Fertilizer) કહેવામાં આવે છે. હવે આપણે નિમ્નલિખિત અગત્યનાં ખાતરો અને ફર્ટીલાઇઝર્સનો અભ્યાસ કરીએ :

(૧) કદયુક્ત કાર્બનિક ખાતરો (Bulky Organic Manures):

- (ક) છાણિયું ખાતર (Farmyard manure)
- (ખ) લીલું ખાતર (Green manure)
- (ગ) ગટર ખાતર (Compost or Sewage manure)
- (ઘ) પ્રાણીદેહજન્ય ખાતર (Slaughter-house waste manure)

(૨) ફર્ટીલાઇઝર્સ :

- (ક) નાઇટ્રોજનયુક્ત ફર્ટીલાઇઝર્સ
- (ખ) ફોસ્ફરસયુક્ત ફર્ટીલાઇઝર્સ
- (ગ) પોટાશિયમયુક્ત ફર્ટીલાઇઝર્સ
- (ઘ) મિશ્ર ફર્ટીલાઇઝર્સ

## (૧) કદયુક્ત કાર્બનિક ખાતરો :

આ જાતનાં ખાતરોમાં પોષક તત્ત્વોનું પ્રમાણ ઓછું હોય છે પરંતુ તેઓ કાર્બનિક તત્ત્વોનો જથ્થો વધારે ધરાવે છે. વળી આ ખાતરોમાં પોષક તત્ત્વોનું પ્રમાણ ઘણું ઓછું હોવાથી એકર દીઠ તેઓના જથ્થાનું પ્રમાણ ઘણું વધારે રાખવામાં આવે છે. આ જાતનાં ખાતરો જમીનમાં નાખવાથી જમીનની ભૌતિક સ્થિતિમાં પણ સુધારો થાય છે, કારણ કે તેનાથી જમીનનાં 'હ્યુમસ'માં વધારો થતાં પાણી ગ્રહણ કરવાની શક્તિ વધે છે. આ ઉપરાંત આ ખાતરો જમીનનાં જીવાણુંઓ માટે ખોરાક પૂરો પાડે છે અને તેના પરિણામે જમીનમાં રહેલાં જીવાણુંઓ સેલ્યુલોઝ જેવાં અગ્રાહ્ય તત્ત્વોને નાઇટ્રોજનનાં તત્ત્વોમાં રૂપાંતરિત કરે છે તેથી વનસ્પતિને તે લભ્ય બની શકે.

### (ક) છાણિયું ખાતર :

પાળતું જાનવરોના વણ વપરાયેલા ઘાસચારા અને મળમૂત્રમાંથી આ ખાતર બને છે. છાણિયા ખાતરમાં મુખ્યત્વે નાઇટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશિયમ હોય છે. ભિન્ન ભિન્ન પ્રાણીઓનાં છાણમૂત્રમાં ઉપરોક્ત તત્ત્વોનું પ્રમાણ જુદું જુદું હોય છે કારણ કે પ્રાણીની ઉંમર તેમ જ તેના ખોરાકની જાત અને પ્રમાણ પર આધાર રાખે છે. જો પ્રાણીના ખોરાકમાં પ્રોટીન વધારે હોય તો તેના છાણમાં નાઇટ્રોજનનું પ્રમાણ વધારે હોય છે. વળી દૂધ અને ઉન આપનાર પ્રાણીઓ, બીજાં પ્રાણીઓ કરતાં ખોરાકમાંથી ઘણાં પોષક તત્ત્વોનું શોષણ કરે છે અને તેથી તેઓનાં છાણમાં પોષક તત્ત્વોનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. કોઠો નં. ૨ બળદ, ગાય, ઘોડો, ઘેટું અને ડુક્કરનાં મળ-મૂત્રમાં નાઇટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશિયમની ટકાવારી દર્શાવે છે.

**કોઠો ૨**

**પ્રાણીઓનાં મળ-મૂત્રમાં નાઇટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશિયમ તત્ત્વોના પ્રમાણની સરેરાશ ટકાવારી**

| પ્રાણીનું નામ | | નાઇટ્રોજન (N) | ફોસ્ફરસ ($P_2O_5$) | પોટાશિયમ ($K_2O$) |
|---|---|---|---|---|
| બળદ અને ગાય | છાણ | ૦.૪ | ૦.૨ | ૦.૧ |
| | મૂત્ર | ૧.૦ | નહિવત્ | ૧.૪ |
| ઘેટું | છાણ | ૦.૮ | ૦.૫ | ૦.૫ |
| | મૂત્ર | ૧.૪ | ૦.૦૫ | ૨.૧ |
| ઘોડો | છાણ | ૦.૬ | ૦.૩ | ૦.૪ |
| | મૂત્ર | ૧.૪ | નહિવત્ | ૧.૩ |
| ડુક્કર | છાણ | ૦.૬ | ૦.૫ | ૦.૪ |
| | મૂત્ર | ૦.૪ | ૦.૧ | ૦.૫ |

સામાન્ય રીતે પ્રાણીઓનાં છાણ અને મૂત્રમાં નાઇટ્રોજન અને પોટાશનું પ્રમાણ અર્ધું-અર્ધું હોય છે; જ્યારે ફોસ્ફરસનું પ્રમાણ છાણમાં ઘણું વધારે હોય છે. જો છાણ અને મૂત્રનો વ્યવસ્થિત યોગ્ય રીતો દ્વારા સંગ્રહ કરવામાં ન આવે તો તેઓમાંનાં પોષક તત્ત્વો સૂર્યપ્રકાશ તેમ જ વરસાદનાં પરિબળોથી વાયુસ્વરૂપમાં પરિવર્તન પામી નષ્ટ થાય છે. મૂત્ર જ્યારે પાણીના સંપર્કમાં આવે છે ત્યારે તે વાયુસ્વરૂપે એમોનિયાના રૂપમાં નાશ પામે છે. વળી છાણના ઉકરડાને લાંબા સમય સુધી ખુલ્લો રાખવામાં આવે છે ત્યારે સૂર્યની ગરમીથી અને વરસાદના પાણીથી નાઇટ્રોજન અને ફોસ્ફરિક એસિડનાં તત્ત્વો નાશ પામે છે. આ રીતે છાણિયા ખાતરનાં તત્ત્વો બેદરકારીથી નષ્ટ ન થાય તે માટે કૃષિકારોએ વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા તેની માવજત કરવી જોઈએ.

## (ખ) લીલું ખાતર :

લીલી ધાન્યવનસ્પતિઓ અને વનસ્પતિનાં લીલાં અંગોને જમીનમાં દાટવાથી તેનાં પોષક તત્ત્વો જમીનની ફળદ્રૂપતામાં વધારો કરે છે. આ માટેની ભિન્ન ભિન્ન રીતોમાં કેટલીક વખત મુખ્ય પાકની સાથે જ ખાતર તરીકે ઉપયોગમાં લેવાનારી વનસ્પતિની વાવણી કરવામાં આવે છે, જ્યારે બીજી રીતમાં ઝાડ અને ક્ષુપ ( Shrub )ની લીલી ડાળીઓને જમીનમાં દાટવામાં આવે છે. પહેલી પદ્ધતિમાં શણ ( *Crotalaria Juncea* ), ઇક્કડ *Sesbania aculeata* ), મગામઠી ( *Phaseolus trilobus* ) અને ગવાર ( *Cyamopsis tetragonoloba* ) જેવી વનસ્પતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. માદરે ( *Gliricidia maculata* ), શેવરી, અગથિયો ( *Serbania sp.* ) અને કરંજ ( *Pongamia pinnata* ) બીજી પદ્ધતિ માટે વધુ ઉપયોગી છે. આ ઉપરાંત ભાંગ ( *Cannabis sativa* ), સહદેવી ( *vernonia cineria* ), જુવાર ( *Sorghum vulgare* ) મકાઈ ( *Zea mays* ), સૂર્યમુખી ( *Helianthus annus* ) શરપંખો ( *Tephrosia sp.* ), બેહડા, અર્જુનસાદડ ( *Terminalia sp.* ), કુયાડિયો ( *Cassia tora* ) વગેરેનો પણ ઘણો ઉપયોગ થાય છે. સામાન્ય રીતે ઝડપી વૃદ્ધિ અને રસદાર અંગો ધરાવતી વનસ્પતિઓ લીલા ખાતર માટે ઉપયોગી પુરવાર થઈ છે.

લીલા ખાતરના ઉપયોગથી જમીનમાં કાર્બનિક તત્ત્વોનો ઉમેરો થતાં જીવાણુઓની કાર્ય-પદ્ધતિ ઝડપી બને છે. વળી તેનાથી જમીનની ભૌતિક સ્થિતિ સુધારતાં તેના કણો વચ્ચે પાણીનો સંગ્રહ સારી રીતે થઈ શકે છે અને તેથી પોષક તત્ત્વો અપક્ષાલનથી નાશ પામતાં નથી. શણ અને બીજી શિંબી કુળની વનસ્પતિઓનાં લીલાં ખાતરો નાઇટ્રોજન, ફૉસ્ફૉરસ, કૅલ્શિયમ, પોટાશિયમ, મૅગ્નેશિયમ અને લોહ જેવાં અગત્યનાં પોષક તત્ત્વો પૂરાં પાડે છે. આમ હોવા છતાં પણ લીલા ખાતરના સંપૂર્ણ લાભ માટે વરસાદની ખાસ આવશ્યકતા રહે છે, કારણ કે તેની અછતને પરિણામે વનસ્પતિ અંગો યોગ્ય રીતે કહોવાતાં નથી અને તેથી જમીનમાં નુકસાનકારક જીવાણુઓનાં ઉપદ્રવ વધી જતાં વનસ્પતિ ઘણા રોગોનો ભોગ બને છે.

## (ગ) ગટર ખાતર :

મનુષ્યો અને પાળતું પ્રાણીઓની પાચનક્રિયાઓ લગભગ સરખી હોવાથી મનુષ્યનાં મળ-મૂત્ર પણ પોષકતત્વો ધરાવે છે. મોટાં શહેરોમાં મળ-મૂત્ર નુકશાનકારક હોઈ ગટરયોજના મારફતે તેઓનો નિકાલ કરી ખાતર તરીકે વાપરવામાં આવે છે. છાણિયા ખાતરની સરખામણીમાં આ ખાતર કાર્બનિક તત્વો અને પોટાશિયમ ઓછાં ધરાવે છે, પરંતુ તેનામાં નાઇટ્રોજન અને ફૉસ્ફરસનું પ્રમાણ ઘણું વધારે હોય છે. સામાન્ય રીતે ગટરખાતરમાં નાઇટ્રોજન, ફૉસ્ફરસ અને પોટાશનું પ્રમાણ અનુક્રમે ૧.૫ થી ૩.૫, ૦.૮ થી ૪.૦ અને ૦.૩ થી ૦.૬ ટકા ( શુષ્ક વજન પ્રમાણે ) હોય છે. ઓટ, જુવાર, મકાઈ, શેરડી, કોબી, ફ્લાવર, બટાટા, રીંગણા, ભીંડા વગેરે માટે આ ખાતર ઘણું ઉપયોગી છે.

ગટરખાતર તૈયાર કરવા માટે ઘણી કાળજીપૂર્વકનું વ્યવસ્થિત તંત્ર અગત્યનું છે કારણ કે તેના અભાવે માખીઓ અને જંતુઓનો ઉપદ્રવ વધી જતાં માનવતંદુરસ્તીને ઘણી હાનિ પહોંચે

છે. વળી ટમેટા, લસણ, ડુંગળી, મૂળો, ગાજર વગેરે માટે આ ખાતર વાપરવું જોઈએ નહીં કારણ કે તેનાથી રોગ ફેલાવાનો સંભવ છે.

### (ધ) પ્રાણીદેહજન્ય ખાતર :

કતલખાનાઓમાં પ્રાણીઓની કતલ બાદ રુધિર, બિનઉપયોગી માંસ, અને હાડકાંનો પણ ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે સૂકાઈ ગયેલું રુધિર ૧૦ થી ૧૨ ટકા નાઇટ્રોજન અને ૧ થી ૨ ટકા ફોસ્ફોરિક એસિડ ધરાવે છે; જ્યારે માંસમાં તેઓ અનુક્રમે ૧૦.૫ અને ૨.૫ ટકાના પ્રમાણે હોય છે. આ ઉપરાંત અખાદ્ય માછલીઓનો પણ ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. માછલીમાંથી બનાવેલું ખાતર આશરે ૪ થી ૧૦ ટકા નાઇટ્રોજન, ૩ થી ૯ ટકા ફોસ્ફરસ અને ૦.૩ થી ૧.૫ ટકા પોટેશિયમ ધરાવે છે. વળી માંસની સાથે સંલગ્ન હાડકાંનો પણ ખાતર તરીકે ઉપયોગ કરી શકાય છે. ઉપરોક્ત બધાં જ ખાતરોને સૂકવ્યા બાદ ઝીણો ભૂકો કરવામાં આવે છે અને તે પછી વાવણી પહેલાં તેનો ખાતર તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આ ખાતરો વનસ્પતિને ઘણી ઝડપથી પોષકતત્ત્વો પૂરાં પાડે છે.

### (૨) ફર્ટિલાઇઝર્સ

આ કૃત્રિમ રાસાયણિક ખાતરો છે કે જેઓ નાઇટ્રોજન, ફોસ્ફેરસ અને પોટેશિયમ ધરાવે છે. કૃષિક્ષેત્રે પ્રગતિશીલ દેશોમાં આ ખાતરોનો વૈજ્ઞાનિક પદ્ધતિએ ઘણો ઉપયોગ થાય છે.

### (ક) નાઇટ્રોજનયુક્ત ફર્ટિલાઈઝર્સ

એક એકરદીઠ ઉગાડવામાં આવેલા પાકમાં લગભગ ૫૦ થી ૨૦૦ રતલ નાઇટ્રોજન હોય છે. આ જથ્થો જમીન દ્વારા જ વનસ્પતિને પ્રાપ્ત થવો જોઈએ કારણ કે વાતાવરણનો મુક્ત નાઇટ્રોજન વનસ્પતિને લભ્ય નથી. નાઇટ્રોજન તત્ત્વ માટે નીચે પ્રમાણેનાં ફર્ટિલાઈઝર્સ અગત્યનાં છે.

### (૧) સોડિયમ નાઇટ્રેટ :

આ ફર્ટિલાઇઝર 'ચીલિયન નાઇટ્રેટ' તરીકે ઓળખાય છે, કારણ કે ચીલી વિસ્તારમાંથી તેનો જથ્થો કુદરતી રીતે પ્રાપ્ય છે. એમોનિયાના સંયોગિકરણથી પણ તે બનાવી શકાય છે. સોડિયમ નાઇટ્રેટમાં નાઇટ્રોજન 'નાઇટ્રેટ' સ્વરૂપે હોય છે અને તેથી વનસ્પતિને ઝડપથી લભ્ય બને છે. આ ફર્ટિલાઇઝર પાણીમાં દ્રાવ્ય હોવાથી અવક્ષેપન મારફતે નષ્ટ થવાની સંપૂર્ણ શકયતા છે, તેથી વર્ષાઋતુ દરમ્યાન ઘણી કાળજીપૂર્વક તેનો ઉપયોગ કરવો જોઈએ. રવિપાક માટે તેનો ઉપયોગ ઘણો હિતાવહ છે. વનસ્પતિનાં પર્ણો પર આ ખાતરના કણો ન પડે તેની ખાસ કાળજી રાખવી જોઈએ કારણ કે તેનાથી પર્ણોને નુકશાન થાય છે. કપાસ અને કેટલાંક કંદમૂળ માટે આ ફર્ટિલાઇઝર ઘણું જ લાભદાયી છે.

### (૨) એમોનિયમ સલ્ફેટ :

આ ફર્ટિલાઇઝર ૨૦ થી ૨૧ ટકા નાઇટ્રોજન ધરાવે છે અને તે મુખ્યત્વે જીપ્સમ તથા કોલસામાંથી બનાવવામાંથી આવે છે. ફર્ટિલાઇઝર ઘણી ઝડપથી કેલ્શિયમનું સ્થાનાંતર કરે છે અને તેથી અવક્ષેપનનું અવરોધક છે. સામાન્ય રીતે વાવણીના સમયે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

નત્રલ જીવાણુએ તેને નાઇટ્રેટના રૂપમાં ફેરવે છે અને ત્યાર બાદ વનસ્પતિ તેનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત તેમાં લગભગ ૨૪ ટકા સલ્ફર હોવાથી વનસ્પતિને આ તત્ત્વ પણ સહેલાઇથી મળી રહે છે.

## (૩) એમોનિયમ નાઇટ્રેટ :

એમોનિયા અને ઓક્સિજનની પ્રક્રિયાથી આ ફર્ટિલાઇઝર બનાવવામાં આવે છે. તે લગભગ ૩૩ થી ૩૫ ટકા નાઇટ્રોજન ધરાવે છે અને તેથી ખેતી માટે ઘણું ઉપયોગી છે. આમ હોવા છતાં પણ તે ઘણી ઝડપથી ભેજ-શોષણ કરે છે તેમ જ અગ્નિ સાથે જલદ હોવાથી તેનો ઉપયોગ ઘણી સાવચેતીપૂર્વક કરવો જોઈએ.

## (૪) એમોનિયમ ફોસ્ફેટ :

આ ફર્ટિલાઇઝર લગભગ ૧૨ ટકા નાઇટ્રોજન અને ૬૨ ટકા ફોસ્ફરસ ધરાવે છે. એમોનિયા અને ફોસ્ફોરિક એસિડના યોગ્ય પ્રમાણના સંયોજનથી તે બનાવી શકાય છે.

## (૫) કેલ્શિયમ નાઇટ્રેટ :

આ પ્રકારના ફર્ટિલાઈઝરમાં એક મહત્ત્વનો ગુણ એ છે કે તે પાણીમાં સહેલાઈથી દ્રાવ્ય છે અને તેના નાઇટ્રેટના સ્વરૂપમાં નાઇટ્રોજન હોવાથી વનસ્પતિને સહેલાઈથી પ્રાપ્ત થાય છે. તેનું બીજું ઘટક એવું કેલ્શિયમ તત્ત્વ પણ જમીનના બંધારણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

## (૬) કેલ્શિયમ સાયનેમાઇડ :

ચુના અને કોલસા વચ્ચેની ઘણા ઊંચા ઉષ્ણતામાને પ્રક્રિયા દ્વારા આ ફર્ટિલાઈઝર બનાવી શકાય છે. તેનાં લગભગ ૨૧ ટકા નાઇટ્રોજન હોય છે; પરંતુ આ નાઇટ્રોજન વનસ્પતિને ઉપયોગી થાય તે પહેલાં જમીનના જીવાણુંઓ સૌ પ્રથમ તેને યુરિયા અને ત્યાર બાદ એમોનિયા અને પછીથી નાઈટ્રેટમાં રૂપાંતરિત કરે છે.

## (૭) યુરિયા :

આ પ્રમાણમાં ઘણું સસ્તું ફર્ટિલાઈઝર છે. આર્દ્રતાગ્રાહી ( Anhydrous ) એમોનિયા અને કાર્બનડાયોક્સાઈડ વાયુ વચ્ચે ઊંચે દબાણે ઉદ્દીપક ( Catalyst )ની હાજરીમાં પ્રક્રિયા થવાથી યુરિયા ફર્ટિલાઈઝર બને છે. યુરિયામાં સામાન્ય રીતે ૪૪ થી ૪૬ ટકા નાઇટ્રોજન હોય છે. જમીનમાં તે ઘણી ઝડપથી એમોનિયમ કાર્બોનેટ અને ત્યાર બાદ એમોનિયા તથા નાઇટ્રેટમાં રૂપાંતર પામે છે, અને તેમાંથી બીજી નુકશાનકારક ઉપપેદાશો ઉત્પન્ન થતી નથી. આ ઉપરાંત ૩ થી ૬ ટકાવાળા યુરિયા દ્રાવણનો છંટકાવ પણ ઘણો લાભદાયી છે કારણ કે પર્ણોની મદદથી તેનું શોષણ થાય છે.

## (૮) એમોનિયમ ક્લોરાઈડ :

આ સફેદ સ્ફટિકમય ફર્ટિલાઈઝર ૨૪ થી ૨૬ ટકા નાઈટ્રોજન ધરાવે છે. આ ફર્ટિલાઈઝરની બનાવટમાં એમોનિયા અને સોડિયમ ક્લોરાઈડની પ્રક્રિયાથી સોડિયમ બાયકાર્બોનેટ અને એમોનિયમ ક્લોરાઈડ બનાવવામાં આવે છે જેને દ્રાવણમાંથી છૂટા પાડવામાં આવે છે. એમોનિયમ ક્લોરાઇડ મહદ્ અંશે એમોનિયમ સલ્ફેટ જેવા ગુણો ધરાવે છે.

## (૯) કેલ્શિયમ એમોનિયમ નાઇટ્રેટ :

આ ફર્ટિલાઇઝર કેલ્શિયમ કાર્બોનેટ અને એમોનિયમ નાઈટ્રેટનું મિશ્રણ છે. ઉપર્યુક્ત પ્રથમ પદાર્થની હાજરીના પરિણામે બીજાની આર્દ્રતાગ્રાહ્યશક્તિ ( Hygroscopicity ) ઘટે છે. આ ઉપરાંત કેલ્શિયમ કાર્બોનેટની હાજરીને લીધે આ ફર્ટિલાઈઝર તટસ્થ ( Neutral ) બને છે અને તેથી અમ્લીય ( Acidic ) કે આલ્કીય ( Alkaline ) જમીન માટે તે વાપરી શકાય છે. વળી તેમાંથી ૮ ટકા જેટલું આવશ્યક તત્ત્વ કેલ્શિયમ પણ મળી રહે છે. તે પાણીમાં દ્રાવ્ય છે અને ઘણી જાતના પાક અને જમીન માટે અનુકૂળ છે.

## (૧૦) એમોનિયમ સલ્ફેટ નાઇટ્રેટ :

આ ફર્ટિલાઈઝર લગભગ ૨૬ ટકા નાઇટ્રોજન ધરાવે છે, જેમાંનો ૭૩ ટકા નાઇટ્રોજન અને ૨૭ ટકા એમોનિયમ સ્વરૂપે હોય છે. આ ફર્ટિલાઇઝર મુખ્યત્વે એમોનિયમ સલ્ફેટ જેવા ગુણો ધરાવે છે અને વધુમાં તેનો ચોથા ભાગ નો નાઇટ્રોજન નાઇટ્રેટ સ્વરૂપે હોઈ, વનસ્પતિને તે સહેલાઈથી દ્રાવ્ય છે અને અપક્ષાલનનું અવરોધન છે. આ ફર્ટિલાઈઝર જમીનને અમ્લીય બનાવે છે અને તેથી તેના તટસ્થીકરણ ( Neutralization ) માટે કેલ્શિમમ કાર્બોનેટની જરૂર પડે છે.

## (ખ) ફોસ્ફરસયુક્ત ફર્ટિલાઈઝર્સ

આ ફર્ટિલાઇઝર્સના ફોસ્ફરસ તત્ત્વને 'ફોસ્ફરસ પેન્ટા-ઓક્સાઇડ' ( $P_2O_5$ )ની ટકાવારી (percentage)ના રૂપમાં દર્શાવવું જોઈએ; પરંતુ રૂઢિગત રિતે તેને 'ફોસ્ફોરીક એસિડ' તરીકે ઓળખવામાં આવે છે. ફોસ્ફરસ તત્ત્વનું દહન કરવામાં આવે છે ત્યારે તે ફોસ્ફરસ પેન્ટા-ઓક્સાઇડમાં રૂપાંતરિક થાય છે જે પાણીમાં દ્રાવ્ય થતાં મેટાફોસ્ફોરિક એસિડ અને ઓર્થો-ફોસ્ફોરિક એસિડ બને છે. આ બન્ને એસિડો મોનોકેલ્શિયમ, ડાયકેલ્શિયમ અને ટ્રાયકેલ્સિયમ નામના ત્રણ ક્ષારો (Salts) ઉત્પન્ન કરે છે. પ્રથમ ક્ષાર પાણીમાં સહેલાઈથી દ્રાવ્ય હોઈ વનસ્પતિને ઝડપથી પ્રાપ્ત બને છે; જ્યારે બીજો ક્ષાર પાણીમાં દ્રવ્ય નથી, પરંતુ સાઇટ્રિક એસિડ જેવા મંદ ઓસડમાં દ્રાવ્ય છે અને ત્રીજો ક્ષાર જલદ ધાતુકીય ઓસિડમાં દ્રાવ્ય હોવાથી વનસ્પતિને સહેલાઈથી લભ્ય નથી. નીચે પ્રમાણેનાં ત્રણ ફોસ્ફરસયુક્ત ફર્ટિલાઇઝર્સ ખેતી માટે ઘણાં અગત્યનાં છે.

## (૧) સુપરફોસ્ફેટ :

રૉકફોસ્ફેટ અને સલ્ફ્યુરિક એસિડની પ્રક્રિયાથી ફોસ્ફોરિક એસિડ બને છે જેથી ટ્રાયકેલ્શિયમ ફોસ્ફેટ સાથે પ્રક્રિયા થવાથી પાણીમાં દ્રાવ્ય એવું મોનોકેલ્શિયમ ફોસ્ફેટ બને છે. તેને સૂકવવાથી અને ઘન બનાવવાથી પાણી દૂર થાય છે અને પરિણામે સુપરફોસ્ફેટ બને છે જેમાં આશરે ત્રણ ભાગ જીપ્સમ ($CaSO_4$) અને બે ભાગ મોનોકેલ્શિયમ ફોસ્ફેટ હોય છે. મોનોકેલ્શિયમ ફોસ્ફેટ પાણીમાં દ્રાવ્ય હોઈ વનસ્પતિના મૂળ દ્વારા તેનું શોષણ થાય છે. વધારે આમ્લિય પ્રમાણ ધરાવતી જમીનમાં મોનોકેશિલ્યમ ફોસ્ફેટ, ડાયકેલ્શિયમ અને ત્યારબાદ ટ્રાયકોલ્શિયમ ફોસ્ફેટમાં પરિર્વતન પામે છે. ઘણી વધારે આમ્લિયના ધરાવતી જમીન માટે સુપરફોસ્ફેટ ફર્ટિલાઇઝર

વાપરવું લાભદાયી નથી કારણ કે તે અદ્રાવ્ય સ્વરૂપમાં પરિવર્તન પામતું હોઈ વનસ્પતિને અપ્રાપ્ય બને છે. વળી જમીનના કણો વચ્ચે તે પ્રસરણ પામતું નહીં હોઈ, વનસ્પતિના મૂળની ઊંડાઈ સુધી જ તેને નાખવું જોઈએ; નહિ તો તેનો દુર્વ્યય થાય છે.

આ ઉપરાંત રોકફોસ્ફેટના ઝીણા કણોનો પણ ફર્ટિલાઇઝર તરીકે ઉપયોગ થઈ શકે છે, વળી રોકફોસ્ફેટમાં ફોસ્ફોરિક એસિડ ઉમેરવાથી 'ટ્રીપલ સુપરફોસ્ફેટ' ફર્ટિલાઇઝર બને છે કે જેમાં સુપર ફોસ્ફેટ કરતાં લગભગ ત્રણગણો ફોસ્ફરસ પેન્ટા-ઓકસાઇડ હોવાથી તે વધારે લાભદાયી બને છે.

### (૨) બેઝિક સ્લેગ :

કાચુ લોહ ( Pig iron ) કાર્બન, સલ્ફર, મેગેનિઝ, સિલિકોન અને ફોસ્ફરસ ધરાવે છે. સ્ટીલ બનાવવા માટે કાચા લોહને ઘણા ઊંચા ઉષ્ણતામાને ગરમ કરવામાં આવે છે અને તેથી તેમાં રહેલા ફોસ્ફરસની ચૂના સાથે પ્રક્રિયા થવાથી ઉપપેદાશ રૂપે ભૂખરા કાળા રંગનો ફોસ્ફરસ પેન્ટા-ઓક્સાઇડ બને છે. આ બેઝિક સ્લેગમાં મોટા પ્રમાણમાં કેલ્શિયમ ઓક્સાઈડ પણ હોવાથી આમ્લિયતા ધરાવતી જમીન માટે પણ તે લાભદાયી બને છે. આ ફર્ટિલાઇઝરને જમીનના કણો સાથે બરોબર મિશ્ર કરવું જોઈએ કારણ કે તેના કણોનું પ્રસરણ ઘણું જ ઓછું થાય છે.

### (૩) બોનમીલ :

કતલખાનામાં કતલ કરેલાં પ્રાણીઓનાં હાડકાંમાં ૨૦ થી ૨૫ ટકા ફોસ્ફરસ અને પેન્ટા-ઓકસાઈડ પણ હોય છે. ત્રણથી ચાર ટકા નાઇટ્રોજન ઉપરાંત સૂકાં હાડકાંનો, વરાળમાં ગરમ કર્યા બાદ અથવા તો ગરમ કર્યા વગર, ઝીણો ભૂકો કરવામાં આવે છે અને ત્યાર બાદ ફર્ટિલાઈઝર તરીકે તેનો ઉપયોગ કરવામાં આવે છે. બોનમીલનો ફોસ્ફોરિક એસિડ સાઈટ્રેટ-દ્રાવ્ય હોઈ ડાયકેલ્શિયમ ફોસ્ફેટ અને ટ્રાયકેલ્શિયમ ફોસ્ફેટમાં ઝડપથી પરિવર્તન પામતો હોઈ, વધારે આમ્લિયતા ધરાવતી જમીન માટે આ ફર્ટિલાઈઝર ઘણું ઉપયોગી છે.

## (ગ) પોટાશિયમયુક્ત ફર્ટિલાઈઝર્સ :

વનસ્પતિને પોટાશિયમ તત્ત્વ પૂરું પાડવા માટે આ ફર્ટિલાઈઝર્સનો ઉપયોગ કરવામાં આવે છે. પોટાશિયમ ઓક્સાઈડ ( $K_2O$ )ના રૂપમાં તેને દર્શાવવામાં આવે છે. નિમ્નલિખિત બે ફર્ટિલાઈઝર્સ વનસ્પતિ માટે ઘણાં જ ઉપયોગી છે.

### (૧) પોટાશિયમ ક્લોરાઈડ :

તે 'મ્યુરિયેટ ઑફ પોટાશ' તરીકે પણ ઓળખાય છે. આ ફર્ટિલાઈઝરમાં ૮૦ થી ૯૬ ટકા પોટાશિયમ ક્લોરાઈડ અને આશરે ૬૦ ટકા પોટાશિયમ ઓકસાઈડ હોય છે. પોટાશિયમ ક્લોરાઈડ અને સોડિયમ ક્લોરાઈડ જેવાં ખનિજ દ્રવ્યોમાંથી તે બનાવવામાં આવે છે. પાણીમાં તે સહેલાઈથી દ્રાવ્ય છે અને જમીનમાં નાખવાથી પાણીની હાજરીમાં તેનુ $K^+$ અને Cl આયનોમાં આયનીકરણ થાય છે અને ત્યાર બાદ વનસ્પતિના મૂળદ્વારા તેનું શોષણ થાય છે.

**( ૨ ) પોટાશિયમ સલ્ફેટ :**

કલોરાઈડ વગરનું આ મહત્ત્વનું ફર્ટિલાઈઝર છે. તેમાં સામાન્ય રીતે ૪૮ થી ૫૨ ટકા પોટાશિયમ ઓકસાઈડ હોય છે. લેંગબીનાઈટ ( Langbeinite-potash mineral—$K_2OS_4$. $2MgSO_4$ )ને પાણીમાં ઓગાળ્યા બાદ સંકેન્દ્રિત પોટાશિયમ કલોરાઈડ ઉમેરવાથી પોટાશિયમ સલ્ફેટના અવક્ષેપ ( Precipitates ) પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત પોટાશિયમ કલોરાઇડમાં જલદ સલ્ફ્યુરિક એસિડ ઉમેરવાથી પણ પોટાશિયમ સલ્ફેટના અવક્ષેપો બનાવી શકાય છે. આ ફર્ટિલાઇઝર પણ પાણીમાં દ્રાવ્ય છે અને તે $K^+$ અને $SO_4$_ આયનોમાં વિભાજિત થાય છે.

## ( ઘ ) મિશ્ર ફર્ટિલાઈઝર્સ

આ જાતનાં ફર્ટિલાઇઝર્સ વનસ્પતિને નાઇટ્રોજન અને ફોસ્ફરસ એમ બે જાતનાં તત્ત્વો પૂરાં પાડે છે. તેમાં નાઇટ્રોજન તત્ત્વ નાઇટ્રેટ અને એમોનિકલ તેમ જ ફોસ્ફરસ તત્ત્વ ફોસ્ફરસ પેન્ટા-ઓકસાઇડના રૂપમાં હોય છે. આ પ્રકારનાં ફર્ટિલાઇઝર્સ ઉત્પાદનની દૃષ્ટિએ વધારે કિંમતી હોવા છતાં પણ વનસ્પતિને વધારે પ્રમાણમાં પોષક તત્ત્વો પૂરાં પાડતાં હોવાથી પરિણામે લાભદાયી થાય છે. નાઇટ્રોફોસ્ફેટ અને એમોનિયમ ફોસ્ફેટ નામનાં ફર્ટિલાઇઝર્સ ખેતી માટે ઘણાં જ ઉપયોગી છે.

**( ૧ ) નાઇટ્રોફોસ્ફેટ :**

રોકફોસ્ફેટમાં નાઇટ્રિક એસિડ અને ફોસ્ફોરિક એસિડનું મિશ્રણ નાખવાથી પ્રક્રિયાને પરિણામે ફોસ્ફોરિક એસિડ, મોનોકેલ્શિયમ ફોસ્ફેટ, કેલ્શિયમ નાઇટ્રેટ અને હાઇડ્રોફલોરેટ ( HF ) ઉત્પન્ન થાય છે. ત્યાર બાદ આ મિશ્રણમાં પ્રવાહી એમોનિયા નાખવાથી છેવટે ડાય-કેલ્શિયમ ફોસ્ફેટ, મોનોકેલ્શિયમ ફોસ્ફેટ, એમોનિયમ નાઇટ્રેટ અને કેલ્શિયમ ફ્લોરેટ બને છે. આ ક્રિયામાં ફોસ્ફોરિક એસિડને બદલે સલ્ફ્યુરિક એસિડ પણ વાપરી શકાય છે.

**( ૨ ) એમોનિયમ ફોસ્ફેટ :**

આ ફર્ટિલાઈઝર ત્રણ શ્રેણીઓ ધરાવે છે :

( અ ) મોનોએમોનિયમ ફોસ્ફેટ–૧૧ ટકા નાઇટ્રોજન અને ૪૮ ટકા ફોસ્ફેરિક ઍસિડ, ( બ ) ડાયએમોનિયમ ફોસ્ફેટ—૨૧ ટકા નાઈટ્રોજન અને ૫૪ ટકા ફોસ્ફોરિક ઍસિડ અને ( ક ) નીચી કક્ષાનો એમોનિયમ ફોસ્ફેટ–૧૬ ટકા નાઇટ્રોજન અને ૨૦ ટકા ફોસ્ફોરિક ઍસિડ. એમોનિયાની ફોસ્ફોરિક ઍસિડ સાથે પ્રક્રિયા થવાથી મોનોએમોનિયમ અને ડાયએમોનિયમ ફોસ્ફેટ ફર્ટિલાઈઝર્સ બનાવી શકાય છે. ઉપર્યુક્ત રીત પ્રમાણે જ નીચી કક્ષાનું એમોનિયમ ફોસ્ફેટ ફર્ટિલાઈઝર પણ બનાવી શકાય છે. આ ઉપરાંત રોક ફોસ્ફેટમાં એમોનિયમ સલ્ફેટ અને જલદ સલ્ફ્યુરિક ઍસિડ નાખવાથી પણ એમોનિયમ ફોસ્ફેટ ઉત્પન્ન કરી શકાય છે. આ ફર્ટિલાઈઝર્સ ભેજશોષક નહીં હોવાથી લાંબા સમય માટે તેઓનો સંગ્રહ કરી શકાય છે. તેઓ જમીનમાં આમ્લિયતા ઉત્પન્ન કરતાં હોવાથી લગભગ ૧૦૦ રતલ એમોનિયમ ફોસ્ફેટની સાથોસાથ ૮૬ રતલ કેલ્શિયમ કાર્બોનેટ વાપરવું હિતાવહ છે.

વિવિધ પ્રકારનાં ખાતરો અને ફર્ટિલાઈઝર્સમાં વનસ્પતિ માટેનાં પોષક તત્ત્વોનું પ્રમાણ જાણવા માટે કોઠા નં. ૩ની માહિતી ઘણી જ ઉપયોગી થઈ પડશે.

## કોઠો ૩

## વિવિધ ખાતરો અને ફર્ટિલાઈઝર્સમાં નાઇટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશિયમ તત્ત્વોના પ્રમાણની ટકાવારી

| | ખાતર અથવા ફર્ટિલાઈઝરનું નામ | નાઇટ્રોજન | ફોસ્ફોરિક એસિડ | પોટાશ |
|---|---|---|---|---|
| | **ખાતરો** | | | |
| ૧ | એરંડીનો ખોળ | ૪.૩ | ૧.૮ | ૧.૩ |
| ૨ | કપાસનો ખોળ | ૩.૯ | ૧.૮ | ૧.૬ |
| ૩ | કરંજનો ખોળ | ૩.૯ | ૦.૯ | ૧.૨ |
| ૪ | મહુડાનો ખોળ | ૨.૫ | ૦.૮ | ૧.૮ |
| ૫ | લીમડાનો ખોળ | ૫.૨ | ૧.૦ | ૧.૪ |
| ૬ | કસુંબાનો ખોળ | ૪.૯ | ૧.૪ | ૧.૨ |
| ૭ | ઊંડી અથવા પુન્નાનો ખોળ | ૩.૬ | ૧.૫ | ૨.૦ |
| ૮ | નાળિયેરનો ખોળ | ૩.૦ | ૧.૯ | ૧.૮ |
| ૯ | મગફળીનો ખોળ | ૭.૩ | ૧.૫ | ૧.૩ |
| ૧૦ | જાંબુનો ખોળ | ૪.૯ | ૧.૬ | ૧.૯ |
| ૧૧ | અળશીનો ખોળ | ૫.૫ | ૧.૪ | ૧.૩ |
| ૧૨ | તલનો ખોળ | ૬.૨ | ૨.૦ | ૧.૨ |
| ૧૩ | સૂકું રુધિર | ૧૦.૦ | ૧.૫ | ૧.૦ |
| ૧૪ | માછલીનું ખાતર | ૪.૦ થી ૧૦.૦ | ૩.૦ થી ૯.૦ | ૦.૩ થી ૧.૫ |
| ૧૫ | છાણિયું ખાતર | ૦.૫ થી ૧.૫ | ૦.૪ થી ૦.૮ | ૦.૫ થી ૧.૯ |
| ૧૬ | ગટર ખાતર | ૦.૪ થી ૨.૦ | ૦.૩ થી ૧.૦ | ૦.૭ થી ૧.૫ |
| ૧૭ | લીલું ખાતર | ૦.૫ થી ૦.૭ | ૦.૧ થી ૦.૨ | ૦.૬ થી ૦.૮ |
| | **ફર્ટિલાઇઝર્સ** | | | |
| ૧૮ | એમોનિયમ કલોરાઇડ | ૨૫.૦ | — | — |
| ૧૯ | એમોનિયમ સલ્ફેટ | ૨૦.૫ | — | — |

| ખાતર અથવા ફર્ટિલાઈઝરનું નામ | | નાઇટ્રોજન | ફોસ્ફોરિક ઍસિડ | પોટાશ |
|---|---|---|---|---|
| ૨૦ | એમોનિયમ સલ્ફેટ નાઇટ્રેટ | ૨૬.૦ | — | — |
| ૨૧ | એમોનિયમ નાઇટ્રેટ | ૩૩.૦ થી ૩૫.૦ | — | — |
| ૨૨ | કેલ્શિયમ સાયનેમાઇડ | ૨૧.૦ | — | — |
| ૨૩ | એમોનિયમ ક્લોરાઇડ | ૨૪.૦ થી ૨૬.૦ | — | — |
| ૨૪ | કેલ્શિયમ એમોનિયમ નાઇટ્રેટ | ૨૦.૫ | — | — |
| ૨૫ | એમોનિયમ સલ્ફેટ નાઇટ્રેટ | ૨૬.૦ | — | — |
| ૨૬ | યુરિયા | ૪૬.૦ | — | — |
| ૨૭ | એમોનિયમ ફોસ્ફેટ | ૧૨.૦ | ૬૨.૦ | — |
| ૨૮ | એમોનિયમ ફોસ્ફેટ સલ્ફેટ | ૧૨.૦<br>૧૬.૦ | ૨૦.૦ | — |
| ૨૯ | બોનમીલ ( કાચું ) | ૩.૦ થી ૪.૦ | ૨૦.૦ થી ૨૫.૦ | — |
| ૩૦ | બોનમીલ (વરાળમાં પકવેલું) | ૧.૦ થી ૨.૦ | ૨૫.૦ થી ૩૦.૦ | — |
| ૩૧ | સુપર ફોસ્ફેટ (સીંગલ) | — | ૧૬.૦ થી ૨૦.૦ | — |
| ૩૨ | સુપર ફોસ્ફેટ ( ડબલ ) | — | ૩૦.૦ થી ૩૫.૦ | — |
| ૩૩ | સુપર ફોસ્ફેટ (ટ્રીપલ) | — | ૪૫.૦ થી ૫૦.૦ | — |
| ૩૪ | પોટાશિયમ ક્લોરાઇડ | — | | ૫૦.૦ થી ૬૦.૦ |
| ૩૫ | પોટાશિયમ સલ્ફેટ | — | | ૪૮.૦ થી ૫૨.૦ |

ખાતરો અને ફર્ટિલાઈઝર્સ વિશેની ઉપરોક્ત વિસ્તૃત માહિતી કૃષિકારો માટે ઘણી અગત્યની અને ઉપયોગી છે. આમ હોવા છતાં પણ દરેક કૃષિકારે મહત્ત્વની એક બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે કોઈ પણ ખાતર અથવા ફર્ટિલાઈઝરનો ઉપયોગ કરતાં પહેલાં જમીનની જાત અને પાકને અનુકૂળ ખાતર અથવા ફર્ટિલાઈઝરના પ્રમાણ તેમ જ તેઓના ઉપયોગની રીતો વિષેની સંપૂર્ણ માહિતી મેળવી લેવી જોઈએ; નહિતર તેઓનો ઉપયોગ યોગ્ય વળતરમાં પરિણમી શકતો નથી.

# ગ્રન્થાવલોકન

**અનંતકળા :** લેખક : સ્વામી આનંદ, બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ-૧, કિંમત રૂપિયા દસ.

પ્રસ્તાવનામાં લેખક પોતે જ જણાવે છે તેમ 'ચિંતન, નિરીક્ષણ અને અવલોકન'ના પરિપાક રૂપે નીપજેલા નિબંધો, લેખકે પોતાના 'આતમશાહ'ને અહીં ભેટ ધર્યા છે. જેમણે ગુજરાતનાં સામયિકોમાં સ્વામી આનંદનું ગદ્ય વાંચ્યું છે તેમને સૌને એમાં એમનો નિજાનંદી, સ્વસ્થ અને મસ્ત રણકો સંભળાયો હશે. Style is the man એ સૂત્ર આ સંગ્રહના લેખોમાં સંપૂર્ણપણે ચરિતાર્થ થાય છે. નર્મદની જેમ એમનાં લખાણોને કોઈ વંદો કે નિંદો એની એમને પડી નથી. એ તો 'આતમશાહ'ના ચીંધ્યા માર્ગે સ્વસ્થપણે જિંદગી બસર કરી રહ્યા છે. આ લખાણોમાં લેખક હંમેશાં મન, વચન અને કર્મથી જાણે ગતિશીલ રહીને 'સાધુ તો ચલતા ભલા'ના મુક્તિમંત્રના માર્ગે ચાલ્યા છે એટલું જ નહિ, ચરણોની ગતિ સાથે એમના ચિંતને પણ જાણે તાલ મિલાવ્યો હોય તેમ આ લખાણોમાં પહાડ ચઢતા યાત્રીએ પદે પદે કરેલું વનશ્રીસૌન્દર્યદર્શન અનુભવાય છે.

'અનંતકળા'નું પહેલું લક્ષણ છે ભાષાનો નિરાડંબર અને અભિવ્યક્તિની એક તાઝગીભરી સુષમા. અહીં અઢાર જેટલા લેખોમાં સ્વામી આનંદનું શ્રદ્ધાન્વિત પ્રબુદ્ધ માનવ તરીકેનું વ્યક્તિત્વ ભાવકને ગમી જાય એ રીતે રજૂ થયું છે.

જેના પરથી પુસ્તકનું નામ યોજાયું છે તે 'અનંતકળા' લેખમાં સ્વામી સવાલજવાબ દ્વારા 'સત્યંજ્ઞાનમનંતં'ના સાચા સ્વરૂપની મીમાંસા રજૂ કરી વિભુ પાસે માનવી કેટલો વામણો છે તે સમજાવે છે. 'માનવતાનું મેરુપદ'માં તેમણે ગાંધીજીની કાર્યપ્રવૃત્તિના પરિણામ રૂપ નવાં મૂલ્યોને ઇતિહાસ-દૃષ્ટિએ અવલોકયાં છે તો 'સનાતન અને સંસારવ્યાપી' એ લેખમાં શિષ્ટ સાહિત્યસર્જન પાછળની universal theme વાળી રંગસૃષ્ટિની વાત કરી છે.

અહીં ચિંતન કે નિરીક્ષણ એકલું જ નથી પણ અવલોકન પણ છે, જે 'આળાં હૈયાં' જેવો વાર્તાસંગ્રહ કે 'વ્યાસ વાલ્મીકિના વારસ' જેવાં તાઝગીભર્યાં પુસ્તકસમીક્ષણો દ્વારા લેખકની બહુશ્રુતતાનો પરિચય કરાવે છે.

'અહિંસામાં અનન્ય નિષ્ઠાવાળો કોઈ ગાંધીજન કે સાધુજન દુનિયા સામે નહિ પણ દુન્યવી અહંકાર સામે આત્મોત્સર્ગનું એલાન કરે' તો એ પગલું ધર્મ્ય છે કે? આ પ્રશ્નની વિચારણા કરતાં 'મરણ યજ્ઞ'માં તેમણે એ વસ્તુનો વિરોધ કરી પ્રવર્તમાન મતપ્રવાહથી વિરુદ્ધ સ્થિતિ સ્વીકારી છે. એ જણાવે છે: 'આજના માનવીની બુદ્ધિ તો સાતમે આસમાને જઈ પૂગી છે. એનું એને ઘમંડ પણ ખાસ્સું છે. છતાં પોતાના હાથે ઊભા કરેલા આ અણુ અસ્ત્રોના ભસ્માસુરથી આજે એ પોતે જ છળી ઊઠયો છે. તેનાથી બચવા એ મરણિયા પ્રયાસ કરશે, આપઘાતનાં અંધોળ નહિ જ કરે.'

આવી જ તાઝગીભરી અને સ્વસ્થ વિચારણા એમણે 'ગુરુસંસ્થા અને ભક્તિ' વિષે કરી છે: "મારી નજરમાં આપણી સંસ્કૃતિના સાહિત્યમાં સૌથી શ્રેષ્ઠ ગુરુશિષ્યનો કલાસિકલ દાખલો કૃષ્ણઅર્જુનનો છે. એ સાચા ગુરુશિષ્ય હતા, છતાં જીવનભર મિત્રને નાતે રહ્યા, અને એ જ નાતે જીવનના તમામ વહેવારો એમણે કર્યા." ××× "માણસે કેવળ પોતાનાં જ મન, બુદ્ધિ પર મુસ્તાક રહેવું ને કોઈનો જ બોલ માથે ન ચડાવવો એમાં ડહાપણ નથી, જોખમ પણ છે, એવો સંસારના ડાહ્યા લોકોનો જે નિર્ણય છે, તેનું આ ગુરુપદ કે ગુરુ નામની સંસ્થા પ્રતીક છે."

'સંદર્ભલોપ' નામના લેખ દ્વારા એમણે કરેલી ઈશાવાસ્ય ઉપનિષદના ૯ થી ૧૪ મંત્રોના અર્થોની અચોક્કસાઈ વિષેની એમની વિચારણા ખૂબ મૌલિક હોવા સાથે સ્વસ્થ છે. જે એમને હૈયે 'ચોટદૂક' ન બેસે તેને એ નહિ જ સ્વીકારવાના અને એવો સ્પષ્ટ એકરાર પણ કરવાના. આ એમની વિશેષતા છે.

'અનંતકળા'ના લેખો પાછળ સ્વામી આનંદના સમર્થ શ્રદ્ધાપૂત અને સત્ત્વશીલ વ્યક્તિત્વનાં દર્શન થાય છે. દૃષ્ટિપૂત થયા વિનાનું કશું પણ એમને અગ્રાહ્ય છે એ વાત એમણે પોતાના લેખો દ્વારા જોરશોરથી કહી છે અને એ રીતે બીજાને પ્રેરણા પણ આપી છે કે સત્યનું અન્વેષણ કરનારે સત્યથી કશું જ ઓછું કરવું જોઈએ નહિ.

સ્વામી આનંદના ગદ્યમાં અનેક વિલક્ષણતાઓ છે જેનો એકરાર તો એમણે પુસ્તકમાં 'લખાવટ અને જોડણી' એ શીર્ષક હેઠળ કર્યો જ છે. એમના ગદ્યને વિશિષ્ટતાની એક વિશેષ મહોર વાગી છે એમના આગવા શબ્દપ્રયોગોની. આવા અનેક શબ્દો આ પુસ્તકમાં પણ છે, જેમકે, હરોબરી, ધાલાવેલી, ઝદોઝદ, દાળોવાટો, ચોટદૂક, સમણાસમણ, ન્યામત વગેરે. આ પુસ્તકની પૃષ્ઠસંખ્યા ૨૪૦ જોતાં દસ રૂપિયા જેટલી કિંમત કઠે તેવી છે ખરી. આપણે આશા રાખીએ કે સ્વામી આનંદ જેવા સત્ત્વશીલ જીવનમીમાંસક તરફથી આપણને ભવિષ્યમાં પણ આ પ્રકારની ચિંતનપ્રેરક સામગ્રી મળતી રહેશે.

**ભાઈલાલ પ્ર. કોઠારી**

* * *

**દી. બ. નર્મદાશંકર મહેતા [સ્મારક ગ્રન્થ]**: સંપાદકો: ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશોધર મહેતા.: પ્રાપ્તિસ્થાન: ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ: પૃ. ૧૪+૧૬+૩૪૪.

સૂર્યની આસપાસ પરિભ્રમણ કરતા તેજસ્વી ગ્રહોની જેમ શ્રેયસ્સાધક અધિકારી વર્ગ (સ્થાપના ઈ. સ. ૧૮૮૨)માં સ્વયંપ્રકાશ શ્રીમન્નૃસિંહાચાર્યજીના શિષ્યમંડળમાં અનેક ઉચ્ચ કોટિના વિદ્વાનો થઈ ગયા. વર્ગના આચાર્ય પુરુષોએ તથા અનેક વિદ્વાન સાધકોએ તત્ત્વજ્ઞાનના સાહિત્યમાં તથા સંસ્કારજીવનમાં ફાળો આપ્યો છે.

ત્રણ વર્ષ પછી જેમની શતાબ્દી-જયન્તી આવે છે એ શ્રી નર્મદાશંકર મહેતા (ઈ. સ. ૧૮૭૧-૧૯૩૯) સંબંધી સ્મારક ગ્રન્થ પ્રકટ કરીને સંપાદકોએ સાચું તર્પણકાર્ય કર્યું છે.

ડૉ. રાધાકૃષ્ણન્ અને શ્રી મોરારજીભાઈ દેસાઈ જેવા અગ્રણી રાષ્ટ્રીય નેતાઓથી માંડી સર્વશ્રી ક. મા. મુનશી, કાકાસાહેબ, વિજયરાય વૈદ્ય, ડૉલરરાય માંકડ, રામપ્રસાદ બક્ષી, અનંતરાય રાવળ, હીરાબહેન પાઠક, પ્રો. દાવર, પ્રતાપરાય મોદી વગેરે પ્રથમ પંક્તિના વિદ્વાનોએ જેમની મેધાશક્તિને પંડિત યુગના મહારથી, ગોવર્ધનયુગના સ્મરણીય સારસ્વત, જ્ઞાનગગનના ગરુડ, વિશિષ્ટ તાત્પર્યગામી દૃષ્ટિસંપન્ન તત્ત્વચિંતક વિવેચક, સમન્વયદૃષ્ટિવાળા ઇતિહાસકાર, ઋષિ નર્મદ, વ્યવહારકુશળ વિદ્યાપુરુષ, Philosopher Administrator...વગેરે વિરલ બિરૂદોથી બિરદાવી છે એ 'વેદાન્તમાર્તણ્ડ' નર્મદાશંકરભાઈનું વ્યક્તિત્વ અમૂલ્ય હીરા જેવું હતું.

ઉચ્ચ પ્રકારની વહીવટી કાર્યક્ષમતા માટે—આઈ. સી. એસ. થયા વગર જ—બ્રિટિશ સરકાર તરફથી 'દીવાન બહાદુર'ના ઇલ્કાબનું બહુમાન મેળવનાર સ્વદેશાભિમાની નર્મદાશંકરભાઈ માટે, વિઠ્ઠલભાઈ પટેલ અને સરદાર વલ્લભભાઈ જેવા સ્વાતંત્ર્યસંગ્રામના સેનાનીઓ અપૂર્વ આદર ધરાવતા એટલું જ નહીં પણ તેમનાં સલાહ–સૂચનો માગતા–સ્વીકારતા. ઇંગ્લેન્ડ ગયેલા શ્રી વિઠ્ઠલભાઈને તા. ૯-૬-૧૯૨૭ના રોજ શ્રી મહેતાએ—તે સમયની કૉંગ્રેસની કાર્યપદ્ધતિ, પાર્લામેન્ટરી કમિશન, હિંદુમુસ્લિમઐક્ય, દેશી રિયાસતો વગેરે સળગતા પ્રશ્નો પર સ્વચ્છ, સ્પષ્ટ અને દીર્ઘદૃષ્ટિદ્યોતક પ્રકાશ નાખતા—અંગ્રેજીમાં લખેલા પત્રમાંથી તેમની વિચક્ષણ બુદ્ધિ, વેધક દૃષ્ટિ, દેશભક્તિ, સ્પષ્ટવક્તૃત્વ અને પ્રભાવશાળી વ્યક્તિત્વની પ્રતીતિ થાય છે.*

એક તરફથી 'સ્થાનિક સ્વરાજ્યના નિષ્ણાત' અને 'અમદાવાદના વિધાયક' નર્મદાશંકરભાઈએ અમદાવાદ અને મુંબઈમાં ચીફ ઑફિસર અને કમિશ્નર તરીકે તથા ખંભાતના દીવાન તરીકે બજાવેલી સફળ સેવાઓને આ ગ્રન્થમાં અંજલિઓ અપાઈ છે, તો બીજી બાજુ, આ બધી ગળાબૂડ પ્રવૃત્તિઓની વચ્ચે રહીને પણ સદ્‌ગુરુ શ્રીમન્નૃસિંહાચાર્યજીના વિનમ્ર સાધક-શિષ્ય તરીકે યોગ, સાધન, ચિંતન ઉપરાંત પ્રશસ્ય સાહિત્ય-સંશોધન અને સર્જન કરીને ધર્મ-તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તેમણે જે અપૂર્વ કહી શકાય તેવો વિપુલ ફાળો આપ્યો છે તેની જુદા જુદા વિવેચકોએ સંક્ષેપમાં પણ સુયોગ્ય રીતે સમાલોચના કરી તેમને ભાવભરી અંજલિ આપી છે.

૨૫ વર્ષની વયે નર્મદાશંકરભાઈને મુંબઈ વિદ્યાપીઠનું સુજ્ઞ ગોકુલજી ઝાલા વેદાન્ત પારિતોષિક જે 'વેદાન્તસિદ્ધાન્તભેદ' (મૂળ અંગ્રેજીમાં) માટે મળ્યું હતું તેની ૧૯૦૨ અને ૧૯૦૯માં પ્રસિદ્ધિ થઈ હતી. ત્યાર બાદ સં. ૧૯૭૦ના માર્ગશીર્ષના 'વસન્ત'માં આપણા તત્ત્વજ્ઞાનનો સંપૂર્ણ સંકલિત ઇતિહાસ રચાતો નથી એ ભાવની આચાર્ય આનંદશંકરે કરેલી ટીકા-ટકોરને

---

* 1 "India requires a combination of Mahatma Gandhi's self-control in speech and Patel's timely hammering on the public platform. Mere use of speech without right action is an abuse of our logos."

2 "The present body of the Government of India Act, 1919......is an ASHTAVAKRA.—"

3 "Hindu—Muslim problem is a question of internal policy and not of external one...The communal electorate must go at the earliest opportunity," P. 320, 321, 323 ].

અનુલક્ષીને તેમના જ વિદ્યાર્થી નર્મદાશંકરભાઈએ સને ૧૯૧૯ના અરસામાં બીડું ઝડપ્યું અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના આમંત્રણના પ્રત્યુત્તર રૂપે '**હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ**' બે દળદાર ગ્રન્થોમાં પ્રગટ થયો. પ્રો. દાસગુપ્તા અને ડૉ. રાધાકૃષ્ણનનાં પુસ્તકો તો છેક ૧૯૨૩માં પ્રસિદ્ધ થયાં છે, તે હકીકત નર્મદાશંકરભાઈની ઉપરોક્ત બન્ને કૃતિઓની મૌલિકતા અને ઉપયોગિતા સૂચવે છે.

પંડિતયુગના ગણ્યાગાંઠ્યા સાક્ષરોએ છૂટાછવાયા લેખો અને એકાદ બે કૃતિઓ દ્વારા દર્શનસાહિત્યની મર્યાદિત પ્રમાણમાં સેવા કરી છે. તેમાંય શ્રી મણિલાલ દ્વિવેદી જેવાઓએ તો વકીલ કે મિશનરી બનીને કલમ ઉપાડી છે. ધ્રુવ સાહેબ કે ગોવર્ધનરામ જેવી પર્યેષક દૃષ્ટિ બહુ થોડાની. સ્વધર્મસંરક્ષકનો ઐકાન્તિક સ્વાંગ અને સાંપ્રદાયિક અભિનિવેશ ધારણ કર્યા સિવાય, સ્વતંત્ર સત્યાન્વેષિણી તટસ્થ તાત્ત્વિક દૃષ્ટિથી (અંગ્રેજી અનુવાદોના જ આધારે નહીં પણ), સંપ્રાપ્ત સંસ્કૃત ગ્રંથોનું મર્મગ્રાહી પરિશીલન કરીને હિંદ તત્ત્વજ્ઞાનનો સંપૂર્ણ કડીબદ્ધ ઇતિહાસ ભારતમાં સૌથી પ્રથમ વાર આપીને નર્મદાશંકરભાઈએ સમસ્ત દર્શનસાહિત્યની તથા ગુર્જર ગિરાની અપૂર્વ અને અમૂલ્ય સેવા બજાવી છે. ખાસ કરીને વૈદિક અને બૌદ્ધ-જૈન વિચાર-ધારાઓના પરસ્પર પડેલા પ્રભાવ સંબંધમાં શ્રી નર્મદાશંકરભાઈએ પરંપરાપ્રાપ્ત ઐકાન્તિક અભિપ્રાયોથી પર રહીને, કેવળ જ્ઞાનસિદ્ધાંતને જ અનુલક્ષીને નીડરતાથી સ્પષ્ટપણે પોતાના નિર્ણયો પ્રકટ કર્યા. પ્રવર્તમાન ભ્રમોનું નિરસન કરીને તેમણે ચિંતનક્ષેત્રની ચુસ્ત વાડાબંધી તોડી નાખી અને ભારતીય દર્શનનો પૂર્વાપર ક્રમપ્રભાવ તથા વિકાસ પારખીને સળંગ કડીબદ્ધ અભ્યાસ કરવાની નવી કેડી પાડી. આ એમનું મહત્ત્વનું પ્રસ્થાન કહી શકાય. ત્રણેય દર્શન-શ્રેણીની સરિતાઓ ભારતવર્ષના ઊંચાનીચા સર્વ પ્રદેશોને પાવન કરતી એક જ પ્રવૃત્તિ હોવાની તેમણે પહેલી જ વાર ઘોષણા કરી અને જણાવ્યું કેઃ

"બ્રાહ્મણોના, બૌદ્ધોના અને જૈનોના વિચારોનો જેઓ સમન્વય કરી જાણતા નથી તેને મારી અલ્પ મતિ તત્ત્વજ્ઞ કહી શકતી નથી, પરંતુ ધર્માંધ કહે છે." *

પ્રત્યેક ગ્રંથકારનો તેના પૂર્વજ સાથે સંબંધ બતાવવો અને તત્કાલીન દર્શનાન્તરના પ્રતિપાદનથી એના ઉપર થયેલી સ્વીકાર યા વિરોધ રૂપ અસર પણ નજરે પડે તો પ્રકટ કરવી એ ધ્રુવ સાહેબના આદર્શનું પરિપૂર્ણ પરિપાલન નર્મદાશંકરભાઈએ કર્યું છે. તેથી જ તુલનાત્મક વિચાર રજૂ કરતાં ડૉ. પી. એમ. મોદી લખે છે કેઃ

"ડૉ. રાધાકૃષ્ણન્ ખરું જોતાં ઇતિહાસ લખતા નથી, પરંતુ દર્શનોની રજૂઆત કરે છે," વળી "પ્રો. દાસગુપ્તા અને ડૉ. રાધાકૃષ્ણન જેવા વિદ્વાનો કરતાં મુ. નર્મદાશંકરભાઈએ ભારતીય તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં ઉદ્ભવેલાં દર્શનોનો ઐતિહાસિક ક્રમ વધુ સારી રીતે જાળવ્યો છે, તેમ જ ઐતિહાસિક હકીકતો પણ કેટલીક એવી રજૂ કરી છે કે જે સારા વિદ્વાનોએ નોંધી નથી."[1]

---

* હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ; લેખકની મૂળ પ્રસ્તાવના, પૃ. ૩૨

૧ પૃ. ૫૨, ૫૪

'હિંદ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' જેવા શ્રી મહેતાના મૌલિક પ્રતિભાદ્યુતિથી આલોકિત થયેલા બીજા બે ગ્રન્થમણિ તે **'શાક્ત સંપ્રદાય'** અને **'ઉપનિષદ્ વિચારણા'** છે. મૌલિક અર્થઘટન અને તટસ્થ નિરપેક્ષ સર્વગ્રાહી તાત્પર્યગામી દૃષ્ટિ અને ઐતિહાસિક પદ્ધતિથી વર્ણન-ચિંતનના સમન્વયપૂર્વક વિવેચન કરવાની રીત આ બે ગ્રન્થોને પણ ગૌરવવન્તા બનાવે છે. શ્રી ડોલરરાય માંકડ નોંધે છે તેમ વિદ્વાનોમાં લગભગ અસ્પૃશ્ય રહેલા 'શકિતવાદ' વિષયના તલસ્પર્શી અભ્યાસગ્રન્થમાં નર્મદાશંકરભાઈએ તારવેલાં કેટલાંક તાત્પર્યનિર્ણયો તથા દૃષ્ટિબિંદુઓ અભ્યાસીઓ માટે નવા પ્રદેશનાં દ્વારો ખુલ્લાં કરી આપે છે. યોગીશ્વર શ્રીમન્નૃસિંહાચાર્યજીના માર્ગદર્શન હેઠળ મેળવેલ મંત્રતંત્રાદિના જ્ઞાન-અનુભવનો સારો લાભ 'શાકત સંપ્રદાય'ને મળેલો હોવાનું જણાય છે. એ ગ્રન્થમાં તેમણે પહેલી જ વાર શક્તિવાદનો ક્રમબદ્ધ ઇતિહાસ તથા તેના સિદ્ધાંતોનો બધા ધર્મોમાં કયા ક્રમે કેવી રીતે સત્કાર થયો અને ગુજરાતી સાહિત્ય પર પણ તેની કયારે કેવી અસર થઈ તે વિષેની વિસ્તૃત માહિતી તાત્ત્વિક આલોચનાસહ આપી છે.

ઔપનિષદિક વિચારોની પર્યેષક બુદ્ધિથી પરીક્ષા કરી તેના પ્રતિપાદ્ય વિષયોની ('ઉપનિષદ્ વિચારણા'માં) ૨૩ પ્રકરણોમાં શ્રી મહેતાએ જે રીતે સમાલોચના કરી છે તેમાં પણ તેમની વિશિષ્ટ દૃષ્ટિ તરી આવે છે. વેદાનુસાર અને વેદબાહ્ય દર્શનોનો સંબંધ, ઉપનિષદ્કાળની સામાજિક અને રાજકીય સ્થિતિ; ઉપનિષદ્વિદ્યાએ યુરોપ–અમેરિકામાં પ્રસરીને ત્યાંની તત્ત્વ-વિચારણા પર પાડેલો પ્રભાવ; પાયથાગોરસ, પ્લેટો, એરિસ્ટોટલ, સ્પિનોઝા, કેન્ટ, હેગલ વગેરેની વિચારધારા સાથે ઉપનિષદ્વિદ્યાની તુલના; તથા ઉપનિષદ્ સાહિત્યના મુખ્ય પ્રવર્તકો મંત્રદ્રષ્ટા ઋષિઓના ક્ષર-અક્ષર વ્યકિતત્વનું સુરેખ ચરિત્રચિત્રાંકન...વગેરેના નિરૂપણમાં; તથા અન્યત્ર છપાયેલાં અખો, ગોવર્ધનરામ, દયારામ, મણિભાઈ દ્વિવેદી, કવિ બાલ રાજચંદ્ર બીજા ઘણા ગંભીર વિષયો પરનાં વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનોમાં પણ શ્રી મહેતાની ઉદારતા, સમન્વયવૃત્તિ, શાસ્ત્રીયતા, સ્પષ્ટવક્તૃત્વ, તાટસ્થ્ય આદિ ગુણોથી અલંકૃત મૌલિક પ્રતિભાની પ્રતીતિ થાય છે. 'ઉપનિષદ્ વિચારણા'ના પૃ. ૨૩૮ ઉપર લેખકે કરેલું સૂચન ચિન્ત્ય છે :

"મૂલ ઉપનિષદ્ સાહિત્યનો અભ્યાસ કર્યા પછી જ ન્યાયપ્રસ્થાન એટલે બ્રહ્મસૂત્રનો અભ્યાસ કરવો યોગ્ય છે. હાલનો ક્રમ અવળો છે, અને તેથી ઉપનિષદોના મર્મો જેવા જોઈએ તેવા સ્ફૂટ થતા નથી."

ઉપર જણાવેલ ગ્રન્થત્રિપુટી ઉપરાંત 'અખાકૃત કાવ્યો' 'સુપ્રજનન શાસ્ત્ર' 'સંધ્યાકર્મ-વિવરણ' પણ તેમની સુપ્રસિદ્ધ કૃતિઓ છે. આ ત્રણેય ગ્રન્થોના હિન્દી તથા અંગ્રેજી અનુવાદો પ્રસિદ્ધ કરવાની હિમાયત સર્વ શ્રી મુનશી, મોરારજીભાઈ, કાકાસાહેબ વગેરેએ કરી છે તે યોગ્ય છે.

આ ઉપરાંત શ્રેયસ્સાધક વર્ગના 'સદુપદેશશ્રેણી' અને 'મહાકાલ' પત્રોમાં જ પ્રસિદ્ધ થયેલા શ્રી નર્મદાશંકરભાઈના સો ઉપરાંત લેખો; ઉપરાંત બીજાં વ્યાખ્યાનો, પ્રસ્તાવનાઓ, પ્રવેશકો તથા અંગ્રેજીમાં અને સંસ્કૃતમાં લખાણો અને અવલોકનો મળી બીજા લગભગ સવાસો લેખો ૨૩-૮-૧૯૭૧ (શતાબ્દિદિન) સુધીમાં,—શ્રી યશોધરભાઈ દ્વારા અથવા તેમના સહકારથી ગુજરાત વિદ્યાપીઠ જેવી સાહિત્યસંસ્થાઓ દ્વારા—ગ્રન્થાવલિ રૂપે પ્રકટ કરવામાં આવે તો સાચું ઋષિપૂજનનું કાર્ય થયું ગણાશે.

આજને તબક્કે તો વર્તમાન ગુજરાતને વડીલ પેઢીના એક સમર્થ સાક્ષર અને તપસ્વી તત્ત્વચિંતકના વ્યક્તિત્વનો સંક્ષિપ્ત પરિચય કરાવતા આ સ્મારકગ્રન્થના પ્રકાશન માટે સંપાદકો અને પ્રકાશક અભિનંદનના અધિકારી બને છે.

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

* * *

**શ્રી પાતંજલયોગદર્શનમ્:** ભાષાન્તરકર્તા : સ્વ. પ્રો. જેકિસનદાસ જેઠાભાઈ કણિયા : પ્રકાશક : ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ. પૃ. ૬૬+૫૩૬, મૂલ્ય રૂ. ૭–૫૦

વર્તમાન પેઢીના વાચકો પૈકી બહુ ઓછાઓને ખ્યાલ હશે કે આજથી પોણોસો વર્ષ પહેલાં બ્રહ્મનિષ્ઠ શ્રીમન્નૃસિંહાચાર્યજીસ્થાપિત શ્રેયસ્સાધક અધિકારી વર્ગના અનેક વિદ્વાનોએ વિપુલ સાહિત્ય સર્જ્યું છે. અફસોસની વાત તો એ છે કે તેમાંનું મોટા ભાગનું સાહિત્ય વર્ગ-સંચાલિત અનેક માસિકોમાં દટાયેલું પડયું છે...અને એ માસિકોની ફાઈલો આજે દુષ્પ્રાપ છે.

એ વર્ગના લેખકોમાં શ્રીમાન્ વિશ્વવંદ્ય (છોટાલાલ માસ્તર સાહેબ), દી. બ. નર્મદાશંકર મહેતા, શ્રી જેકિસનદાસ કણિયા, શ્રી નગીનદાસ સંઘવી, શ્રી કૌશિકરામ મહેતા અગ્રસ્થાન ભોગવે છે. સ્વતંત્ર ભારતની સુપ્રીમ કોર્ટના પ્રથમ ન્યાયમૂર્તિ શ્રી હરિલાલ કણિયાના પિતા શ્રી જેકિસનદાસ કણિયાનું યોગ અને વેદાન્ત વિષયનું પરિશીલન ઊંડું અને તલસ્પર્શી હતું.

'બ્રહ્મસૂત્ર અથવા બ્રહ્મમીમાંસા,' 'વેદાન્તપરિભાષાવ્યાખ્યા,' 'સિદ્ધાન્તદર્શનમ્,' 'આંતરમનના અદ્‌ભુત ચમત્કારો,' 'શ્રી યોગસાર,' 'શ્રી ઘેરણ્ડસંહિતા,' 'સદ્‌ગુરુ કોણ હોઈ શકે? ગૃહસ્થ કે સંન્યાસી,' 'અવતારમીમાંસા,' 'પ્રતીકોપાસના' જેવા સંખ્યાબંધ વિષયો પરની પ્રગલ્ભચિંતનાત્મક લાંબી લેખમાળાઓ પોણોસો વર્ષ પહેલાં 'મહાકાલ,' 'યમદંડ,' 'સદુપદેશશ્રેણી' વગેરે શ્રેયસ્સાધક અધિકારી વર્ગનાં સામયિકોમાં છપાયેલી પડી છે, એ ગ્રન્થમાળા રૂપે પ્રકટ થાય તો શ્રી કણિયાની પાંડિત્યપ્રભાથી આલોકિત પ્રૌઢ ગૌરવાન્વિત વાગ્મિતાનું યથાર્થ મૂલ્યાંકન થઈ શકે.

'રોગ હજાર અને ઔષધ બાર'નું સૂત્ર પ્રચારમાં લાવી બાયોકેમિક ચિકિત્સા પદ્ધતિ 'જીવનરસાયણવિદ્યા' વિશેનું ગુજરાતીમાં પ્રથમ પુસ્તક શ્રી જેકિસનદાસ કણિયાએ લખ્યું હતું. ભાવનગર કૉલેજના સંસ્કૃતના પ્રોફેસર અને પ્રથમ પંક્તિના પંડિતોમાંના એક તરીકે ખ્યાતિ પામેલા કણિયાનાં અગાધ વિદ્વત્તા અને જીવન-સાધનાના કીર્તિકલાપ સમી દળદાર ગ્રન્થરૂપે પ્રકટ થયેલી તેમની અપૂર્વ કૃતિ 'શ્રી પાતંજલયોગદર્શનમ્' છે. તેમાં તેમની પ્રતિભા અને તેમનું મનનપૂર્ણ પાંડિત્ય પૂર્ણસ્વરૂપે પ્રકાશી ઊઠ્યાં છે. સને ૧૮૯૫માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલ ગુજરાત વિદ્યાસભા)એ તેમની પાસે મૂળ સંસ્કૃત પરથી 'પાતંજલયોગદર્શનમ્'નું સટીક ભાષાંતર કરાવ્યું હતું. ૧૮૯૯માં શ્રેયસ્સાધક અધિકારી વર્ગ તરફથી તેની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ હતી; અને હાલમાં ગુજરાત વિદ્યાસભા તરફથી તેનું ત્રીજું સંસ્કરણ પ્રકટ કરવામાં આવ્યું છે. આ હકીકત જ તે મહાન ગ્રન્થની અપૂર્વતા, ગુણવત્તા અને ઉપયોગિતાની તથા તેના કર્તાની ઉચ્ચ પ્રતિની પ્રતિભાની પ્રતીતિ કરાવે છે.

આ ગ્રન્થની વિશિષ્ટતા એ છે કે આ પ્રકારનો આ પ્રથમ જ (હજુ પણ અદ્વિતીય) ગ્રન્થ છે. આવા દુર્ગમ ગ્રન્થબોધને સમજવામાં અધિકારી વાચકોને થોડી ઘણી પણ સુગમતા થાય તે માટે લેખકે દ્વિતીય આવૃત્તિ વખતે (૧૮૯૯) ૬૦ પાનનો વિદ્વત્તાપ્રચુર 'યોગસૂત્રભૂમિકા'નો નિબંધ જોડયો છે તે તેની બીજી મહત્ત્વપૂર્ણ વિશિષ્ટતા છે આ લેખને જ સ્વતંત્ર પુસ્તિકા રૂપે પ્રકટ કરવામાં આવે તો તે એક ઉપયોગી કૃતિ તરીકે અવશ્ય પ્રતિષ્ઠા પામે તેમ છે. તેમાં તેમણે ટૂંકાણમાં પણ, શાસ્ત્રીય સમાલોચનાની પદ્ધતિએ જ; પ્રાપ્તવ્ય-કર્તવ્ય-જ્ઞાતવ્યનો નિર્ણય, વેદનું ઈશ્વરપ્રણીતત્વ અને અપૌરુષેયત્વ, અણુ-વ્યક્તિરૂપ સંસારના પદાર્થોનું પ્રકૃતિ, વિકૃતિ, પ્રકૃતિ-વિકૃત અને ત્રણેયથી પૃથક્—ચતુર્વિધ વર્ગીકરણ, ગુણત્રયનું સ્વરૂપકાર્ય, અસંખ્ય પુરુષોના પાંચ પ્રકાર, વિવેકખ્યાતિ અને વિવેકસાક્ષાત્કાર માટે સંપ્રજ્ઞાતયોગ, પ્રમાણાદિની ચર્ચા, કાર્યકારણસંબંધે આરંભવાદ, પરિણામવાદ અને વિવર્તવાદ, જગતના સ્વરૂપ સંબંધી ભિન્ન ભિન્ન મતાનુસાર સમજૂતી...વગેરે કૂટ વિષયો પર વેધક પ્રકાશ નાખીને, પાતંજલયોગસૂત્રના વિષયોની ભૂમિકા માટે વાચકને તૈયાર કર્યો છે.

પતંજલિ બુદ્ધ પૂર્વે કે બુદ્ધ પછી એ વિષયની પણ લેખકે સંક્ષિપ્ત આલોચના કરી છે. પતંજલિનાં સૂત્રો પરનાં વિવિધ વ્યાખ્યાનો, (વ્યાસરચિત?) ભાષ્યો, તે તે દુર્બોધ ભાષ્યો પરની વાચસ્પતિમિશ્રની અને વિજ્ઞાનભિક્ષુની ટીકાઓ વગેરે સંબંધી થોડી માહિતી આપી છે. ભોજવૃત્તિ અથવા રાજમાર્તંડની ટીકાનું (સૂત્ર સહિત) અંગ્રેજીમાં ઉત્તમ ભાષાન્તર ડૉ. રાજેન્દ્રલાલ મિત્રે કર્યું છે તેનો પણ લેખકે નિર્દેશ કરેલો છે.

યોગશાસ્ત્રના પ્રમાણ-પ્રમેયાદિવિષયક સિદ્ધાંતોના અર્થનું પ્રતિપાદન ગ્રન્થકારે આ યોગાનુશાસન ગ્રન્થથી કર્યું છે. ગ્રન્થ સૂત્રરૂપે રચાયેલો હોવા છતાં, તેમાં ૧૯૪ સૂત્રોની અવિચ્છિન્ન યથાર્થ સંકલના રહેલી છે. તે સૂત્રોને ચાર વિભાગમાં વહેંચી નાખ્યા છે. (૧) સમાધિપાદમાં ૫૧ સૂત્રો છે. (૨) સાધનપાદમાં ૫૫ સૂત્રો છે. (૩) વિભૂતિપાદમાં ૫૪ સૂત્રો છે અને (૪) કૈવલ્યપાદમાં ૩૪ સૂત્રો છે.

આ ચારેય વિભાગોના આલેખનમાં પતંજલિનું મૂળ સંસ્કૃત સૂત્ર આપીને, તેના સૂત્રાર્થ અર્થશઃ સમજાવવા લેખકે વિવિધ ભાષ્યો પરના પોતાના ઊંડા અભ્યાસને આધારે, વિશદતાપૂર્વક સફળ વિવેચન કર્યું છે. જ્યાં જ્યાં ભિન્ન મત કે અભિપ્રાયને અવકાશ હોય ત્યાં તેમણે ટિપ્પણ અને ફૂટનોંધનો ઉપયોગ કર્યો છે.

યોગીવર્ય શ્રીમન્નૃસિંહાચાર્યજીએ જેમને 'વિદ્યાધર' ઉપનામ આપ્યું હતું તે શ્રી જેકિસનદાસ કણિયાનું, શ્રેયસ્સાધક અધિકારી વર્ગ દ્વારા ગુજરાતી તત્ત્વજ્ઞાનના સાહિત્યમાં કરેલું પ્રદાન વર્ગને અને સર્વને ગૌરવ અપાવે એવું છે, એની તત્ત્વ-સાહિત્યના ઇતિહાસકારે નોંધ કરવી જ રહી.

લવકુમાર મ. દેસાઈ

* * *

**ખંભાતનો અકીક ઉદ્યોગ :** લેખક : શ્રી નર્મદાશંકર ત્ર્યંબકરામ ભટ્ટ; પ્રકાશક : શ્રી ખંભાત અકીક ઉદ્યોગ સહકારી મંડળી લિ. ખંભાત: પૃ. ૭૩+૧૦; નવ રંગીન ચિત્રો સહિત.

ગુજરાતના પ્રાચીન ઉદ્યોગો પૈકી પાટણનાં પટોળાં, સૂરતનું જરીકામ અને સંખેડાનું લાખકામ જેમ સુપ્રસિદ્ધ છે તેમ ખંભાતનો પ્રાચીન અકીક ઉદ્યોગ જગપ્રસિદ્ધ છે. દક્ષિણ ગુજરાતમાં ઝઘડિયા અને લીમ્બોદરાનો પ્રદેશ પ્રાચીન અવશેષોની શિલ્પસમૃદ્ધિ માટે ઘણો પ્રખ્યાત છે. તે પ્રદેશના રતનપુરમાંથી મુખ્યત્વે ભૂરા રંગમાં મળી આવતો અકીકનો કાચો પથ્થર વલભીપુર મોકલાતો અને વલભીનું પતન થતાં તેનો અકીકનો ઉદ્યોગ ખંભાતે સંભાળ્યો. ખંભાતમાં અકીકના પથ્થરને કાર્લાનો પથ્થર કહે છે. પ્રાચીન સમયથી આ ઉદ્યોગની પરંપરા ચાલે છે તેની નોંધ પ્લીની નામના ઇતિહાસકારે કરી છે કે, ભરૂચ બંદરેથી અકીકની સુંદર વસ્તુઓ પરદેશમાં નિકાસ થતી હતી. પ્રાચીન ગુજરાત અને ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં આ એક નોંધપાત્ર ઘટના કહી શકાય. ખંભાતના મુખ્ય ત્રણ ઉદ્યોગો–અકીક, ઝવેરાત અને કાપડ. તેમાં અકીક ઉદ્યોગે દુનિયામાં ખંભાતને કીર્તિ અપાવી છે. જગતભરમાં ખંભાત જ એકમાત્ર અકીકનું સ્થાન છે. ખંભાતના ઇતિહાસ પર અનેક રીતે પ્રકાશ પાડનાર આ લેખકે આ કુટિર ઉદ્યોગ માટે જાતમાહિતી મેળવી આ પુસ્તિકામાં વિસ્તૃત છણાવટ કરી છે. દુનિયાના તમામ દેશોમાં, ખંભાતમાં બનતા અકીકના સુંદર અલંકારોએ સ્થાન મેળવ્યું છે. ખંભાતનો આ ઉદ્યોગ ભારતમાં ખૂબ મૂલ્યવાન છે, અને તેમાંથી બનતી કલામય ચીજો ભેટ આપવા લાયક હોય છે. દુનિયાનાં મોટાં સંગ્રહસ્થાનોમાં અકીકમાંથી બનેલી વસ્તુઓ કલાના નમૂના તરીકે મૂકવામાં આવે છે.

અકીકનો પથ્થર ભૂતપૂર્વ રાજપીપળા સ્ટેટ (જિ. ભરૂચ)ના રતનપુરમાંથી તેમ જ ખંભાતની આસપાસ ૧૨૦ માઇલના વિસ્તારમાંથી જમીન નીચેના કઠણ પડમાંથી ભૂરા રંગમાં મળે છે. પરદેશમાં તે મુખ્યત્વે બ્રાઝીલ, યુરૂગ્વે, યુનાઇટેડ સ્ટેટ્સ અને સકસોની, સીસીલી વગેરે દેશોમાંથી મળે છે.

જમીનમાંથી મળેલા અકીકના પથ્થરોના કુદરતી રંગમાં સૂર્યતાપ, ભઠ્ઠીતાપ આપી જુદા જુદા ઘાટમાં તે પૉલિશ સાથે કેવી રીતે તૈયાર થાય છે તેની વિસ્તૃત માહિતી શરૂઆતનાં ૨૪ પાનામાં લેખકે ચિત્રો સહિત આપી છે. આ ઉદ્યોગમાં મુખ્યત્વે પાટીદાર, રજપૂત, મુસલમાન, બારૈયા, રાણા, ચુનારા, વાઘરી, કોળી જ્ઞાતિઓના લોકો કારીગરો તરીકે કામ કરે છે. અકીકની ભસ્મ કરવાની વિધિ તથા ઔષધ તરીકે અકીકની ઉપયોગિતા વિશે સુસ્પષ્ટ માહિતી લેખકે પૃ. ૪૯ થી ૫૪માં આપી છે. અકીકની અનેક જાતો (પૃ. ૪૫) તથા અકીકના જુદા જુદા રંગો કરવા માટેની માહિતી લેખકે પૃ. ૫૭ થી ૬૧માં આપી છે.

અકીકને રત્ન તરીકે ઓળખવામાં આવે છે. રત્ન હોવાથી લોકો તે દાગીનામાં મઢાવે છે. ઝવેરાતની ૮૪ જાતોની નામાવલિ લેખકે પૃ. ૬૨ થી ૬૪માં આપી છે. રાશિ પ્રમાણે પહેરવાનાં રત્નોનાં નામ તથા તે પહેરવાથી થતા લાભાલાભની માહિતી પણ તેમણે પૃ. ૬૫ થી ૬૭માં આપી છે.

પુસ્તકના અંતે લેખકે અકીકના દેશપરદેશના મુખ્ય વેપારીઓ તેમ જ પેઢીઓની નામાવલિ આપી છે તે તે ક્ષેત્રમાં રસ ધરાવતી વ્યક્તિઓ અને વેપારી પેઢીઓને ઉપયોગી થઈ પડશે. આ નાનકડી પુસ્તિકામાં લેખકે સંદર્ભગ્રન્થોની સૂચિ આપી છે તે અકીકના પ્રાચીન ઉદ્યોગના અભ્યાસીઓને સહાયરૂપ થશે.

આ કુટિર ઉદ્યોગની વિસ્તૃત માહિતી આપવા બદલ લેખક અને પ્રકાશક અભિનંદનને પાત્ર છે.

**નવીન એન. શાહ**

* * *

## સાભાર સ્વીકાર

૧ **રામમનોહર લોહિયા :** લે. શ્રી બી. જે. કાપડી, પ્ર. સંનિષ્ઠ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ–૧; પૃ. ૪૪; કિંમત રૂા. ૨–૦૦

૨ **ચિત્રકલા ભાગ-૧-૨ :** પ્રયોજક : શ્રી હરિપ્રસાદ જાની, પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ–૧; પૃ. ૮૮, (ભા-૧), પૃ ૧ થી ૧૦૭ (ભા-૨), કિંમત રૂા. ૨=૦૦ અને ૨=૫૦ ન.પૈ.

૩ **પૂર્ણતાનો પંથ :** લે. સ્વામી રામકૃષ્ણાનંદ, અનુવાદક—નિરંજન ઉપાધ્યાય, બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ–૧, પૃ. ૧૬, કિંમત રૂા. ૦૦=૫૦ ન.પૈ.

૪ **શેક્સ્પીઅરની નાટ્યકથાઓ :** લે. ડૉ. મધુસૂદન પારેખ, પ્ર. કુમાર કાર્યાલય લિમિટેડ, અમદાવાદ, પૃ. ૨૩૪, કિંમત રૂા. ૪=૦૦.

૫ **કચ્છ એવોર્ડ :** લે. શ્રી નાનુભાઈ નાયક, પ્ર. સાહિત્ય સંગમ, સૂરત ૨, પૃ. ૧૬૮, કિંમત રૂા. ૨=૦૦.

૬ **અમેરિકી ગાંધી ડૉ. માર્ટિન લ્યુથર કિંગ :** લે. શ્રી નાનુભાઈ નાયક, પ્ર. સાહિત્ય સંગમ, સૂરત–૨, પૃ. ૧૬૮, કિંમત રૂા. ૨=૦૦.

૭ **ક્રેમલીનની રાજકુમારી સ્વેતલાના :** પ્ર. સાહિત્ય સંગમ, સૂરત–૨, પૃ. ૧૮૧, કિંમત રૂા. ૨=૦૦ (કાચું પૂઠું) રૂા. ૪=૦૦ (પાકું પૂઠું).

૮ **સ્વપ્નલોક ભા. ૧–૨ :** લે. શ્રી નાનુભાઈ નાયક, પ્ર. સાહિત્ય સંગમ, સૂરત–૨, પૃ. ૩૨૫ + ૩૧૦ કિંમત રૂા. ૯=૦૦.

૯ **જીવન અને રસાયણ :** લે. ડૉ. ન. મુ. શાહ, પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ–૧, પૃ. ૬૦, કિંમત રૂા. ૧=૫૦.

૧૦ **નવલાં દરશન :** લે. સ્વામી આનંદ, પ્ર. બાલગોવિંદ પ્રકાશન, અમદાવાદ–૧, પૃ. ૨૩૮, કિંમત રૂા. ૧૦=૦૦.

**૧૧ મશાલ :** લે. ચંદ્રકાન્ત બક્ષી, પ્ર. સાહિત્ય સંગમ, સૂરત, પૃ. ૨૭૨, કિંમત રૂા ૭=૦૦.

**૧૨ આલંબન :** લે. હસિત હ. બૂચ, પ્ર. સાહિત્ય સંગમ, સૂરત, પૃ. ૨૭૨, કિંમત રૂા. ૭=૦૦.

**૧૩ અંચલગચ્છ દિગ્દર્શન :** પ્રયોજક: શ્રી પાર્શ્વ, પ્રકાશક: શ્રી મુલુંડ અંચલગચ્છ જૈનસમાજ, મુલુંડ, પૃ. ૬૪૪, કિંમત રૂા. ૧૫=૦૦.

**૧૪ સ્વાસ્થ્ય દર્શન :** લે. ડૉ. આર. એમ. ભટ્ટી તથા બીજાં; પ્ર. રજીસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર; પૃ. ૨૭૨; કિંમત રૂા. ૨૦=૦૦.

## શ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ, અમદાવાદ, તરફથી ભેટ મળેલ પુસ્તકો

૧ **પ્રભુ-પ્રાર્થના :** નિત્ય-નિયમ, પ્ર. જયંતિલાલ અમૃતલાલ શાહ, ૧૯ દીપક, અચલેશ્વર સોસાયટી, મણિનગર, અમદાવાદ—૮; પૃ. ૬૪.

૨ **ભક્તિ-કાવ્યો :** સંપાદક તથા પ્રકાશક: સ્વામી નૃસિંહગિરિ મણિગિરિ મહેતા, પૃ. ૩૦; કિંમત રૂા. ૦=૧૫ ન.પૈ.

૩ **અમૃતબિંદુ :** પ્ર. સદ્‌વિચાર પરિવાર વતી હરિલાલ વિ. પંચાલ, ૨૬૯૭ દરિયાપુર, ટાવર પાછળ, અમદાવાદ—૧; પૃ. ૩૨.

૪ **નિત્ય-પાઠમાળા :** પ્ર. જયંતિલાલ અમૃતલાલ શાહ, ૧૯ દીપક, અચલેશ્વર સોસાયટી, મણિનગર, અમદાવાદ—૮; પૃ. ૩૨; કિંમત રૂા. ૦=૨૦ ન.પૈ.

५ **अमृतबिंदु :** रचयिता-आचार्य तुलसी और मुनि नथमल, प्र. सद्विचार परिवारके लिए हरिलाल वि. पंचाल, २६९७, दरियापुर टावरके पीछे, अहमदाबाद—१; पृ. ३२.

6 **Amritbindu :** Published by Harilal V. Panchal for sadvichar parivar, 2697, Behind Dariapur Tower, Ahmedabad-1; Pages 32.

7 **Way to Divine Life :** Author Shri P.P. Sheth, Pub. by Manohar C. Parikh, C/o Parikh Brothers, 12 Horniman Circle, Fort, Bombay-1; Pages-108, Price 50=0 n.p.

૮ **પ્રકાશની કેડી :** પ્રવક્તા : મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ "ચિત્રભાનુ" પ્ર. પુનિત પ્રકાશન મંદિર, મણિનગર, અમદાવાદ—૮; પૃ. ૧૫૬; કિંમત રૂા. ૧=૦૦.

૯ **રોગ અને આરોગ્ય:** લે. ડો. હરકિશનદાસ ગાંધી, પ્ર. પુનિત પ્રકાશન મંદિર, મણિનગર, અમદાવાદ–૮; પૃ. ૧૫૬; કિંમત રૂા. ૧=૨૦ ન પૈ.

૧૦ **દીર્ઘાયુષ્ય અને આરોગ્ય:** લે. ડૉ. મહાદેવપ્રસાદ; પ્ર. ઠૌ. જયન્તિ ઠાકોર, નવરંગપુરા, અમદાવાદ–૯; પૃ. ૧૬૪; કિંમત રૂા. ૨=૦૦.

૧૧ **શ્રી** હરિરાયજી મહાપ્રભુકૃત **બડે શિક્ષાપત્ર:** અનુવાદક : ગો. વા. મોહનલાલ વિઠ્ઠલદાસ ગાંધી; પ્ર. નિ. ગો. શ્રી પદ્માવતી માજી મહારાજ પુષ્ટિમાર્ગીય પાઠશાળા, પાટણ (ઉ. ગુ.), પૃ. ૧૦૦; કિંમત રૂા. ૦=૨૫ ન.પૈ.

૧૨ **મનની કેળવણી :** પ્રવકતા : મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી "ચિત્રભાનુ" પ્ર. સદ્‌વિચાર પરિવાર, અમદાવાદ–૧; પૃ. ૩૨; કિંમત ૦=૨૫ ન.પૈ.

૧૩ **દક્ષિણનાં તીર્થો:** લે. તારાચંદ્ર અડાલજા, પ્ર. પુનિત પ્રકાશન મંદિર; પૃ. ૨૧૨; કિંમત રૂા. ૨=૦૦.

૧૪ **ગઝલમાં ગીતા :** લે. સંતોકલાલ માણેકલાલ ભટ્ટ, પ્ર. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ (ટાઇલ્સવાળા), ખાડિયા, ચાર રસ્તા, અમદાવાદ; પૃ. ૭૪; કિંમત રૂા. ૦=૬૨ ન. પૈ.

૧૫ **બંધન અને મુક્તિ:** પ્રવક્તા : મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી "ચિત્રભાનુ", પ્ર. સદ્‌વિચાર પરિવાર, અમદાવાદ–૧; પૃ. ૪૮; કિંમત ૦=૩૫.

૧૬ **કલ્યાણકુંજ–ભાગ–૨:** લે. શિવ, અનુવાદક: પુનિતપદરેણુ; પ્ર. 'પુનિત' પ્રકાશન મંદિર, અમદાવાદ–૮; પૃ. ૧૨૦; કિંમત રૂા. ૧=૦૦.

૧૭ **અધ્યાત્મ માર્ગદર્શન:** ભાગ ૧–૨–૩–૪: લે. સ્વામી ચિદાનંદ સરસ્વતી, પ્ર. પુનિત પ્રકાશન મંદિર, મણિનગર, અમદાવાદ ૮; પૃ. ૧૨૨; કિંમત રૂા. ૧=૦૦, ૧=૨૦ ન.પૈ.; ૧=૨૦ ન.પૈ.; ૧=૨૦ ન.પૈ.

૧૮ **આવતી કાલના નાગરિકો:** પ્રવકતા : મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી, "ચિત્રભાનુ," પ્ર. સદ્‌વિચાર પરિવાર, અમદાવાદ–૧; પૃ. ૩૨; કિંમત રૂા. ૦=૨૫ ન.પૈ.

૧૯ **શ્રી ભકિતનિકુંજ:** લે. પ્ર. કૃષ્ણશંકર શાસ્ત્રી, નડિયાદ; પૃ. ૨૬૪; કિંમત રૂા. ૨=૫૦.

૨૦ **ઇતિહાસનાં અજવાળાં:** લે. કાલિદાસ મહારાજ, પ્ર. પુનિત પ્રકાશન મંદિર, અમદાવાદ–૮; પૃ. ૧૪૪; કિંમત રૂા. ૧=૨૦.

21 **The Song of the Eternal Wisdom:** by Shri Occhavlal Gordhandas Shah, Khadia char Rasta, Ahmedabad–1; P. 30.

૨૨ **જીવન અને રસાયણ:** લે. ડો. ન. મુ. શાહ, પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ–૧; પૃ. ૬૦; કિંમત રૂા. ૧=૫૦ ન.પૈ.

૨૩ **પ્રેમધર્મ**: લેખક તથા પ્રકાશક : શ્રી નારાયણભાઈ જે. બ્રહ્મભટ્ટ, પૃષ્ઠાંક ૧૧૩; કિંમત રૂા. ૧=૨૫ ન.પૈ.

૨૪ **સુખી જીવનનું રહસ્ય**: લે. શ્રી જનાર્દનદાસ, પ્ર. સદ્‌વિચાર પરિવાર, અમદાવાદ-૧; પૃ. ૩૯; કિંમત રૂા. ૦=૩૦ ન.પૈ.

૨૫ **હરિના લાડીલા**: વિવિધ લેખકો, સં. 'પુનિતપદરેણુ', પ્ર. પુનિત પ્રકાશન મંદિર, અમદાવાદ-૮; પૃ. ૧૯૦; કિંમત રૂા. ૧=૫૦.

# સ્વાધ્યાય

પુસ્તક ૫ : અંક ૪ ઑગસ્ટ, ૧૯૬૮

જન્માષ્ટમી વિ. સં. ૨૦૨૪

## અનુક્રમ

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | પ્રિયકામ શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા ... ... | ... ૪૩૭–૪૬૨ |
| ૨. | ભાગવત ધર્મ અને પાંચરાત્ર સંપ્રદાય—કેશવરામ કા. શાસ્ત્રી | ... ૪૬૩–૪૭૭ |
| ૩. | પશ્ચિમી ક્ષત્રપોની સાલવારી—રસેશ જમીનદાર ... | ... ૪૭૮–૪૯૮ |
| ૪. | અણહિલવાડનો ચાવડા વંશ—હરિપ્રસાદ શાસ્ત્રી ... | ... ૪૯૯–૫૧૦ |
| ૫. | શ્રીચિત્રકૂટે કુમારવિહારમ્ ?—મધુસૂદન ઢાંકી, પ્રકાશ બાપના | ... ૫૧૧–૫૨૦ |
| ૬. | વાઘેલાકાલીન ગુજરાતની મહેસૂલપદ્ધતિ—નવીનચન્દ્ર આચાર્ય | ... ૫૨૧–૫૨૬ |
| ૭. | જીવણદાસકૃત ‘ મહીમાહાત્મ્ય ’—યોગીન્દ્ર જ. ત્રિપાઠી ... | ... ૫૨૭–૫૩૭ |
| ૮. | પારસી-ગુજરાતી બોલીના કેટલાક શબ્દો—મધુસૂદન પારેખ | ... ૫૩૮–૫૫૪ |
| ૯. | કુદરતી અને રાસાયણિક ખાતરો—બી. એમ. જાની ... | ... ૫૫૫–૫૬૯ |
| ૧૦. | ગ્રન્થાવલોકન : | |
| | ૧. અનંતકળા ... ... ... ... | ... ૫૭૦–૫૭૧ |
| | ૨. દી. બ. નર્મદાશંકર મહેતા [ સ્મારક ગ્રંથ ] ... | ... ૫૭૧–૫૭૫ |
| | ૩. શ્રી પાતાંજલ યોગદર્શનમ્ ... ... ... | ... ૫૭૫–૫૭૬ |
| | ૪. ખંભાતનો અકીક ઉદ્યોગ ... ... ... | ... ૫૭૭–૫૭૮ |
| | ૫. સાભાર સ્વીકાર ... ... ... | ... ૫૭૮–૫૮૧ |

જ્યોતિ

## પાવર બીલમાં બચાવ

પંપ રચના, પાણીની આવક, ટકાઉ-પણું અને ચાલુ ખર્ચની દ્રષ્ટિએ **જ્યોતિ** વર્ટીકલ ટરબાઈન પંપ ભારતભરમાં અગ્રીમ સ્થાને છે.

૪" થી ૨૪" વ્યાસના નલકૂપ માટે સુયોગ્ય.
કાર્યશક્તિઃ કલાકે ૪,૦૦,૦૦૦ ગેલન પર્યંત.
ચઢાવઃ ૩૦૦ ફૂટ સુધી.




*Quality is our Creed*

**જ્યોતિ લિમિટેડ, વડોદરા-૩**

JY-884-GJ EVEREST

Shilpi bob 10A/67 Guj.




# બૅન્ક ઑફ બરોડા આપની બધી સમસ્યાઓનો ઉકેલ શોધવા હંમેશાં તત્પર છે.

## આજે જ અમારે ત્યાં ચાલુ ખાતું ખોલાવો!

આપ પ્રવૃત્તિશીલ છો. ઑફિસનું કામ, ઘરની સમસ્યાઓ, ધંધાના પ્રવાસ, સામાજિક જવાબદારીઓ. એક હજારને એક વસ્તુઓ ઉપર આપે ધ્યાન આપવાનું હોય છે. રોજિંદા અંગત કાર્યો માટે સમય રહેતો નથી—જેમ કે વીમાના હપ્તાઓ, ઘરનું ભાડું, કલબના બીલો, બાળકોની શાળાની ફી આપવાની યા ડીવીડંડ તેમજ અન્ય રકમો એકઠી કરવાની હોય.

આવી નાનામાં નાની સમસ્યાનો કાળજીપૂર્વક ઉકેલ કરે છે બૅન્ક ઑફ બરોડા; આજે જ અમારે ત્યાં ચાલુ ખાતું ખોલાવો—અલબત્ત, આપને ચેકબુક તો મળશે જ. કોઇપણ જાતની રકમ ચૂકવવા માટે ચેક પધ્ધતિ સૌથી સારી છે. બીલો ચૂકવ્યાની સાબિતિ અને રોજિંદા ખર્ચાઓની નોંધ.


ચિર સમૃધ્ધિનું પ્રતીક

**ધી બૅન્ક ઑફ બરોડા લિમિટેડ**

(સ્થાપના: ૧૯૦૮) રજી. ઑફિસ: માંડવી, વડોદરા. ભારત અને વિદેશોમાં ૩૦૦થી વધુ શાખાઓ.

તમારી નજીકની શાખામાંથી અમારી મફત પુસ્તિકા "સેવા કરવા સદા તત્પર"ની નકલ માગો.

# વધુ ઉજ્જ્વળ ભાવિની ચાવી
## -દેના બેંકમાં બચત ખાતું



બચત ખાતું ........................ વ્યાજ ૩½%

સગીર બચત ખાતું .................. વ્યાજ ૩½%

રિકરિંગ ડિપોઝિટ .................. ચક્રવૃદ્ધિ વ્યાજ ૫¼% થી ૭%

**૧૩ રાજ્યોમાં ૧૮૫થી વધુ શાખાઓ દ્વારા દેશની સેવા બજાવે છે**

કુલ વર્કિંગ ફંડ
**રૂ. 1 અબજ 10 કરોડથી**
વધુ

**દેના બેંક લિમિટેડ**
રજિસ્ટર્ડ ઑફિસ: દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ,
૧૭, હૉર્નિમેન સર્કલ, કોટ, મુંબઈ-૧

પ્રવીણચંદ્ર વ. ગાંધી,
ચેરમેન

DB/G/96





# શરદી? દુખાવો? દર્દ?




# રુબેક્સ

## નવીન શીઘ્ર આરામદાયક ઈલાજ





# રુબેક્સ એટલે જ રાહત

રુબેક્સ એવી અસરકારક દવા છે કે જે શરદી, દુખાવો અને દર્દ જલદીથી મટાડે છે.

રુબેક્સ લાંબા અનુભવયુક્ત સંશોધનનું પરિણામ છે. એમાં ૭ આવશ્યક દવાઓ યોગ્ય પ્રમાણમાં રહેલી છે, તેથી જ તે વધુ કાર્યશક્તિ ધરાવે છે અને સત્વર આરામ આપે છે.

રુબેક્સ સુગંધિત છે અને બાળકોની કોમળ ત્વચા માટે પણ સૌમ્ય છે.

રુબેક્સ લગાડવાથી બળતરા થતી નથી, ડાઘ પડતા નથી કે ચામડી ચીકણી થતી નથી; એ ચામડીમાં જ શોષાઈ જાય છે અને ફક્ત સુવાસ રહે છે.

બે સાઈઝમાં મળે છે —
૨૦ ગ્રામની બાટલી અને ૬ ગ્રામના ટીન.

**રુબેક્સ** એટલે જ રાહત,

ઉત્પાદક: હોમ્યો, એલેમ્બિક કેમિકલ વર્કસ કંપની લિમિટેડનો વિભાગ, વડોદરા

everest/379a/ACW gj

*With best compliments from*

# RAINBOW TEXDYES CORPORATION

*Manufacturers & Exporters of Coal Tar Dyes*

ARTEXSOLS ( R )
( Solubilised Vat Dyes )

ARTEXGENS ( R )

ARTEX FASTS ( R )
( Stabilised Azoics )

ARTEX VATS ( R )
( Vat Dyes )

ARTEX VAT PASTES
( Superafix Pastes )

ARTEX VAT M/F POWDERS
( Colloidal Vat Powders )

ARTEZOLS
( Reactives Dyes )


ARTEX PIGMENTS
( Printing Pigment Emulsions )

( R ) REGISTERED TRADE MARKS

**Pratapnagar Road,**
**BARODA-4.**

Grams : " **RAINBOW** "

Phone : 3762, 3036



એક દીવાથી બીજો દીવો પેટાય છે... એક નાનકડી જ્યોત ઘર આખામાં અજવાળું કરી મૂકે છે...
આપ રોજ એક એક પૈસો કે એક એક રૂપિયો બચાવતા જાઓ તો એ નાનકડી બચતમાંથી મોટી રકમ બનીને રાષ્ટ્રનાં ઉપયોગી કાર્યોમાં મદદરૂપ થાય છે.
નાની બચત
નાનેરા પ્રયાસોનું મોટેરું પરિણામ
ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત

## શ્રી સયાજી સાહિત્યમાલા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **કહેવત કથાનકો**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૫૦ |
| ૨ | **પ્રો. ત્રિ. ક. ગજ્જરની જીવનકથા**—ડૉ. અશ્વિન ત્રિવેદી અને બીજા | ૪=૭૫ |
| ૩ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૪ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૬=૮૦ |
| ૫ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૩=૦૦ |
| ૬ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ, દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૩=૦૦ |
| ૭ | **મીરાંબાઈ—એક મનન**—ડૉ. મંજુલાલ મજમુદાર | ૬=૭૫ |
| ૮ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૦=૦૦ |
| ૯ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૪=૨૫ |
| ૧૦ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૪=૦૦ |
| ૧૧ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૮=૫૦ |
| ૧૨ | **માનવસર્જિત વસ્તંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૮=૦૦ |
| ૧૩ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૨=૪૦ |
| ૧૪ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૬=૦૦ |
| ૧૫ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા** | ૭=૦૦ |
| ૧૬ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૭=૦૦ |
| ૧૭ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૫=૬૦ |
| ૧૮ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૨=૦૦ |
| ૧૯ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૪=૫૦ |

## શ્રી સયાજી ગ્રામવિકાસમાલા

| | | |
|---|---|---|
| ૧ | **ઘઉં**—શ્રી માર્તંડ શિવભદ્ર પંડ્યા | ૩=૦૦ |
| ૨ | **આબાદીને માર્ગે**—શ્રી. કેશવલાલ વ્યાસ | ૧=૭૫ |
| ૩ | **લોકનાટ્ય અને ગામડું**—શ્રી. જશવંત ઠાકર | ૧=૨૦ |
| ૪ | **ગુજરાતની જમીનો અને તેનું સંરક્ષણ**—શ્રી. કાન્તિલાલ સી. પટવા | ૨=૩૦ |
| ૫ | **સમાજશિક્ષણ**—શ્રી. શાન્તિલાલ શાહ | ૨=૮૦ |

પ્રાપ્તિસ્થાન :

**યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ,**

**રાજમહેલ દરવાજા પાસે, રાજમહેલ રોડ,**

**વડોદરા**



'બાલગોપાલ સ્તુતિ'નું એક પાનું

( આશરે પંદરમો સૈકો )

[ બોસ્ટન મ્યૂઝિયમ ઑફ ફાઇન આર્ટ્સના સૌજન્યથી ]